ajit bhiimdev (Gujarati Edition - saahitya ,



અનુક્રમણિકા

સોમનાથના સમુદ્રકિનારે

Chapter 1

અજિત ભીમદેવ

સોમનાથના સમુદ્રકિનારે

સોમનાથથી પશ્ચિમ તરફ દોઢ-બે જોજન દૂર કેટલાક ભયંકર ખડકો સમુદ્રમાં આવેલા છે. પોતાની અણનમ જાતને જલનિધિમાં ટટ્ટાર રાખીને એ એવી તો ગવિષ્ઠ રીતે ત્યાં ઊભા છે કે કોઈ પણ મુસાફરની આંખ એમના તરફ આકર્ષાયા વિના રહે નહિ.

સામે પડેલા અફાટ જલસાગરને જાણે એ કાંઈ ગણતા જ ન હોય તેમ એ સીધા, ઊંચા, અણનમ, ગર્વભર્યા, અડગ ઊભા છે. વર્ષો થયાં એ ટાઢ તડકો, વરસાદ, વાવાઝોડાં, આંધી, તોફાન બધું સહે છે. ખળભળતો સમુદ્ર એના ઉપર જલના લોઢ ઉપર લોઢ ઠાલવે છે. રાત ને દિવસ, ચોવીસે ઘડી ને સાઠે પળ. પણ એ ખડક નમતા નથી, કદી નમવાના પણ નથી.
એ ભયંકર ખડક ઉપરઊભું રહેવું એ પણ જેવીતેવી કસોટી નથી. એની નીચેની ગુફાઓમાંથી ને આસપાસની કંદરાઓમાંથી મોટા અવાજ સાથે સમુદ્રનાં પાણી ધસી આવે છે. એને માથે ફીણના ગોટેગોટા ઉડાડી મૂકે છે. પણ એક પળમાં પાછા કોરા ધાકોર થયેલા ખડકો નિષ્ઠુર ઉપેક્ષાભર્યું અટ્ટહાસ્ય કરતા સંભળાય છે !
એ સ્થાન નિર્જન છે. ત્યાં આસપાસ કોઈની વસ્તી નથી. ત્યાં વસ્તી થાય તેમ પણ નથી. ત્રાડ પાડતા સિંહની ગર્જના જેવાં સમુદ્રનાં મોજાં જ્યાં પળે પળે ડારતાં હોય ત્યાં કોઈ માનવને વસવાનું મન ન થાય તે સ્વાભાવિક છે. એટલે એટલો એ પ્રદેશ, જાણે નધણિયાતો છે. એને વિષે લોકવાયકા તો એવી ચાલતી હતી કે મહારાજ યોગરાજના વખતમાં ત્યાં પ્રસિદ્ધ ચાંચિયો

માનભોમ ચાવડો રહેતો હતો. ને હજી પણ એની કંદરા ઓટ હોય ત્યારે દેખાય છે. આટલી આ ભૂમિ ઉપર માનભોમનો શાપ છે. એ નિર્જન રહેવાની, એ નિષ્ઠુર લાગવાની !
એ ભયંકર સ્થાનમાં વિક્રમ સંવત ૧૦૧૮ના માગશર વદ આઠમ-નોમની સંધ્યાએ એક માણસ ઊભો હતો.
તેનો દેખાવ લૂંટાઈ ગયા જેવો હતો. તે ઠીંગણો, કાંઈ કઢંગો, અનાકર્ષક, સામાન્ય માણસ જેવો માણસ જણાતો હતો. છેટેથી જોનારને લાગે કે એ કોઈક મુસાફર-વેપારી હશે. એનાં કપડાં પણ એવાં જ મેલાં હતાં. માથે વીંટાળેલું ફાળિયું ધૂળભર્યું હતું. પણ એણે જાણી જોઈને આવો વેશ પહેર્યો હશે તેમ લાગે; કારણ કે એની મુખમુદ્રામાંથી, વધારે ઉચ્ચ સ્થિતિ એણે દેખી છે, એ સ્પષ્ટ થઈ જતું હતું. એ ખડક ઉપર ઊભો હતો, અને સચિત જણાતો હતો. સમુદ્રનાં અફાટ પાણીને એ વારંવાર આતુરતાથી જોઈ રહેતો હતો. દેખીતી રીતે એ કોઈકના આવવાની રાહ જોતો હતો. એની નજર જેમ સમુદ્ર ઉપર ફરતી હતી. તેમ જમીન ઉપર પણ એ વારંવાર ફરી આવતી હતી.
સંધ્યા હજી નમી ગઈ ન હતી. આછા જેવો ઉજાસ બધે પથરાયેલો હતો. પોતે પ્રગટ થઈ જાય, એવો એને ભય જણાતો હતો. એ સાવધ બનીને ચારે તરફ દૃષ્ટિ ફેરવતો હતો. વખત જતો ગયો તેમ તેમ તેની અધીરાઈ પળે પળે વધતી ગઈ. તે આતૂર ચહેરે સમુદ્રનાં પાણીને જોઈ રહ્યો. એને લાગતું હતું કે ઘડી-બે ઘડીમાં કાં તો આ પાણી હવે ભયંકર રૂપ ધારવા મંડશે. અને એનું અનુમાન સાચું પડતું હોય તેમ લાગ્યું. સમુદ્રનું પાણી ધીમે ધીમે તોફાની તરંગોમાં ફેરવાતું હોય તેમ જણાતું હતું. મોટાં મોજાં ઊછળવા માંડ્યાં હતાં.
એણે જળના મહાસાગર ઉપર ચારે તરફ એક લાંબી દૃષ્ટિ ફેરવી. પણ કોઈ ક્યાંય આવતું જણાયું નહિ.
એટલામાં એક મોજું એના પગને ભીંજવી ગયું. એ થડકી ગયો. એક ઠેકડો મારીને તે વધારે ઊંચા ખડક ઉપર જઈને ઊભો. ત્યાં સમુદ્રનાં મોજાં પહોંચતાં ન હતાં. ને દૃષ્ટિ વધારે દૂર સુધી જતી હતી.
સંધ્યાના આછા ઉજારો, અંધકારનો અંચળો થોડો થોડો ઓઢવા કાઢ્યો, છતાં કોઈ આવતું દેખાયું નહિ. ખડક ઉપર ઊભનારની અધીરાઈ ઘણી જ વધી ગઈ. હવે તો તે વારંવાર આંખ ખેંચીને જોવા મંડ્યો કે કોઈ ક્યાંય દેખાય છે ?
પણ ન તો સમુદ્ર ઉપર, ન તો જમીન ઉપર, માનવ, પશુ કે પંખી કાંઈ કહેતાં કાંઈ દેખાતું ન હતું. તેના ચહેરામાં એક પ્રકારની નિરાશા છવાતી લાગી. તે થાકીને ખડક ઉપર બેસવાની તૈયારી કરતો હતો, ત્યાં દૂર દૂર છેક ક્ષિતિજના છેડા ઉપર, એક કાંઈક હોડકા જેવું આવતું જણાયું.
એના ચહેરામાં આનંદ આનંદ છવાઈ ગયો. પણ બીજી જ ક્ષણે એનું મન પાછું સચિત થઈ ગયું. હોડકું આવી રહ્યું હતું એ ખરું, પણ એમાં કોણ હશે એ કોને ખબર ? એ એક મોટો કોયડો હતો, વખતે કોઈક ભળતું જ નીકળે તો ? જેની એ રાહ જોતો હતો, તે જ હશે એની શી ખાતરી ?
કંથકોટથી મહારાજ ભીમદેવ ભાગ્યા હતા, એ સમાચાર પવનવેગે અહીં સુધી પહોંચી ગયા હતા. એને મળેલો સંકેત અત્યંત વિશ્વાસુ માણસનો હતો. છતાં એણે કોઈ નિશાની આપવાની ઉતાવળ ન કરવામાં જ સલામતી છે એમ વિચાર્યું.
એટલે એ રાહ જોતો ઊભો હતો તેમ જ ઊભો રહ્યો. તે હોડકાને આવતું નિહાળી રહ્યો.
અને બહુ રાહ જોવી પડી નહિ. હોડીવાળો ઘણો જ અનુભવી અને હોશિયાર માણસ લાગ્યો; કારણ કે સમુદ્રે તોફાની વળાંક લીધો હતો ને વાંસ વાંસ વા મોજાં ઉછાળવા માંડ્યાં હતાં. પણ

હોડીવાળાએ મોજાંઓની સાથે જાણે મૈત્રી બાંધી હોય તેમ, વાંસ વાંસ વા ઊંચાં મોજાં ઉપર હોડકું ચડે, એને નીચે આવતાં એવી તો સિફ્ત ભરેલી રીતે એ જાળવી લેતો હતો, કે કિનારેથી જોનારને જ્યાં એમ ભય લાગી ગયો હોય કે 'એ ગયું', 'અરે ! એ તો ગયું !' ત્યાં તો એ જ હોડકું, બીજી પળે સમુદ્રનાં જળ ઉપર, મસ્ત તરવૈયાની માફક પાણી કાપતું આગળ વધી રહ્યું હોય ! ખડક ઉપર ઊભેલા માણસનું અધીરું આતુર મન એના તાને તાને ઊંચુંનીચું થતું હતું. પણ બહાદુર હોડીવાળો એમ ને એમ હોડકાને સહીસલામત રીતે સમુદ્રનાં તોફાની જળમાં આગળ ને આગળ ધપાવી રહ્યો હતો.

બે ઘડી વધુ ગઈ. ખડક ઉપર ઊભેલાને તો એ બે યુગ જેવી થઈ પડી હતી અને એટલામાં તો આછો અંધકાર બધે રેલાયો હતો. મોંસૂઝણું બંધ થતું જણાયું. એ જ વખતે હોડકું આવીને પેલા ખડકની પાસે અટક્યું. એક વાંસના આધારે હોડીવાળાએ એ ટકાવી રાખ્યું. હોડીમાં એક કોઈ બેસનાર હતો, એને ખડક ઉપર ઉતાર્યોં પછી હોડીવાળો પોતે ઊતર્યોં. હોડીને ખેંચીને એ જરાક આગળ લાવ્યો. ને એને ત્યાં બાંધી દીધી. એ આ ભોમનો જાણકાર લાગ્યો.

અંધકારમાં બંનેમાંથી એકેનો ચહેરો સ્પષ્ટ દેખાતો ન હતો. એટલે ખડક ઉપર ઊભેલો માણસ દ્વિધામાં પડ્યો લાગ્યો. આવનાર મિત્ર જ હોય તેવો કોઈ નિયમ ન હતો. આ પ્રમાણે આંહીં અત્યારે એક હોડકું આવશે એવો એક સંકેત એને આજે જ મળ્યો હતો એ ખરું. ને એટલા માટે તો આંહીં એ આવ્યો હતો. પણ દૈવની મશ્કરી કરવાની રીતો કેવી વિચિત્ર હોય છે. એ એના ધ્યાનમાં હતું. એટલે એ થોડી વાર રાહ જોતો, એમની વધારે પિછાન મળે એ પ્રતીક્ષામાં હતો ત્યાં જ ઊભો રહ્યો.

પણ આવનારા જરાક જ વધારે આગળ સર્યાં ને એનો ચહેરો આનંદથી છવાઈ ગયો. આગળ આવી રહેલા ઊંચા, દૃઢ, પડછંદ, નખશિખ શસ્ત્રસજ્જિત જોદ્ધાને જોતાં જ, પાટણના મહા સમર્થ ભીમદેવ મહારાજ તરીકે એણે તરત એને ઓળખી કાઢ્યા. અને પાછળ તો હોડીવાળો જ આવી રહ્યો હતો. તેણે તરત બે હાથ જોડીને નમન કર્યું. પણ જેવી એની દૃષ્ટિ મહારાજના ચહેરા ઉપર જરાક વધારે સ્થિરતાથી ગઈ કે, એના હૃદયસોંસરવું જાણે કોઈએ ખંજર ખોસ્યું હોય તેવું એને થઈ ગયું. જે પ્રતાપી, રણતેજસ્વી, અણનમ, અડગ મહાજોદ્ધા જેવા જુવાન મહારાજ ભીમદેવને એણે જોયા હતા, તેનું કોઈક ખાલી શૂન્ય ખોખું યાંત્રિક ગતિથી જાણે ચાલતું હોય, એવું એને લાગ્યું. તે આશ્ચર્યમાં ને શોકમાં એવો ગરકાવ થઈ ગયો કે મહારાજે પાસે આવીને એના ખભા ઉપર ધીમેથી હાથ મૂક્યો, ત્યારે જ જાણે એ જાગ્રત થયો. મહારાજે એના ખભા ઉપર હાથ મૂકીને શોકઘેરા મંદ અવાજે કહ્યું : 'દામોદર ! કંથકોટ પણ પડ્યો. આપણો કંથકોટ જેવો કંથકોટ ! હવે આપણે અહીંથી ક્યાં જવું છે ?'

'આપણે દૈહિક જવું છે, મહારાજ ! રસ્તાની પેલી બાજુ બે ઘોડાં તૈયાર જ છે.'

'તો તો ચાલો, એક પળ ખોવી નથી. ત્યાં શું છે ?'

'એ આપણે ત્યાં જઈને જાણીશું. આ હોડીવાળાને ભેગો લેવો છે ?'

'એ ભલે આંહીં રહેતો. આ ભોમકાને એ જાણે છે. એનો ખપ હજી પડશે. એ માણસ નથી. દરિયાનું જ જાણે મોજું છે.'

'પણ એને આપણું રહેઠાણ બતાવું... કોઈ પૂછતો આવે તો એને એ દોરે.'

દામોદરે હોડીવાળાના કાનમાં થોડીવાર વાત કરી. તેણે તરત બે હાથ જોડીને પડખેને રસ્તેથી જવા માટે પગ ઉપાડ્યો.

પણ મહારાજ ભીમદેવે તેને રોકીને તેની સામે એક મુદ્રિકા ધરી હતી. તેના તરફ એ સજળ નેત્રે જોઈ રહ્યો : પછી હાથ જોડીને બોલ્યો 'ના મહારાજ ! તો તો મારી જિંદગીની કમાણી ચાલી જાય ! આ વાત તો અમારી દસ પેઢીને મોખરે રાખશે ! આ કાંઈ જેવી તેવી કમાણી છે ?'

તે બે હાથ જોડીને નમ્યો. અને પછી મુદ્રિકાને અડ્યા વિના જ તે પડખેના ખડકોમાં અદૃશ્ય થઈ ગયો.

મહારાજ ભીમદેવ એની પ્રજાભક્તિને અંતરમાં નીરખી રહ્યા.

મહારાજ ભીમદેવ ને દામોદર પછી તરત ત્યાંથી નીચે ઊતરીને રસ્તાની પેલી મેરના નાનકડા જંગલ તરફ જવા માટે ઊપડ્યા.

Chapter 2

રસ્તે જતાં !

જંગલમાં એ થોડેક દૂર ગયા. ત્યાં કોઈ એક ભીલ જેવો માણસ એક ઝાડ નીચે બે ઘોડાં સાથે, તેમની રાહ જોતો ઊભો હતો.

તે ત્યાં અટકી ગયા. બંનેમાંથી કોઈ એક પણ શબ્દ બોલ્યા ન હતા. એવો શોકભાર એમના હૃદય ઉપર આવી ગયો હતો કે જાણે એમને બોલવાનું મન જ થતું ન હતું.

એમની નજર સમક્ષ એક જંગલ-કેડી આગળ ને આગળ ચાલી જતી દેખાતી હતી.

'વરહાજી !' દામોદરે પેલા ભીલ જેવાને કહ્યું. એ આ જંગલનો ભોમિયો લાગ્યો. 'આ કેડી જ ત્યાં જશે નાં !'

'હા પ્રભુ ! એ જ જવાની. છેક ત્યાં જઈને ઊભી રહેશે !'

'છેક ક્યાં ?' મહારાજ ભીમદેવે પૂછ્છા કરી.

'છેક નાગારજણ મા'રાજની ગુફા પાસે જતી એ અટકે છે, મહારાજ !'

વરહાજી બોલીને થોડી વાર શાંત ઊભો રહ્યો. દામોદરે એને જવાની સંજ્ઞા કરી. એક પળમાં એ જંગલમાં અદૃશ્ય થઈ ગયો. જાણે પાણીમાં ડૂબકી મારી ગયો. દામોદર ને મહારાજ ભીમદેવ બંને એકલા આગળ વધ્યા.

રસ્તો ભયાનક હતો. રાત અંધારી હતી. ચંદ્ર ઊગવાને હજી વાર હતી. એમણે બહુ જ સાવચેતીથી જવાનું હતું. રસ્તામાં ઠેકાણે ઠેકાણે કોઈ ને કોઈ માણસ મળતો રહે, તેવો બંદોબસ્ત તો વરહાજીએ કરાવ્યો હતો. પણ ગર્જનક એક પાંદડું પડે તો તેનું પણ ધ્યાન રાખે તેવો હતો. કોઈ ઠેકાણે અટક્યા વિના સીધેસીધા રાસાયનિક નાગાર્જુનની કહેવાતી ગુફાઓ તરફ જ ઘોડાંને એકદમ હંકારી લેવાં, એ વાત દામોદરે મહારાજને ધીમેથી કહી દીધી. તરત ઘોડાં આગળ વધવા માંડ્યાં. રસ્તે હજી કોઈ કાંઈ બોલતું ન હતું. જંગલ મોટું હતું, છતાં એમાંથી પણ કોઈ પશુપંખીનો અવાજ આવતો ન હતો. જાણે કે એ પણ પોતાના મૌનથી જ પોતાનો શોક પ્રગટ કરી રહ્યું હોય ! ખખડતાં પાન ને નાનાંમોટાં ઝાડની ઊંચી શાખાઓ માત્ર કોઈ કોઈ વાર અવાજ આપી જતી હતી.

એમ ને એમ ધીમે ધીમે એ એકાદ જોજન આગળ વધ્યા હશે, એટલામાં ચંદ્રમાનો આછો ઉજાસ પાંદડાંઓમાંથી આવવા મંડ્યો. દામોદરે એ આછા ઉજાસમાં મહારાજ ભીમદેવ તરફ એક વખત ફરીને દૃષ્ટિ કરી અને જે વેદનાથી એનું અંત:કરણ પેલા ખડક ઉપર ભેદાઈ ગયું હતું, તેવી જ વેદનાથી એનું હૃદય ભેદાઈ ગયું. તેજસ્વી, નીડર, પ્રબળ, મહાઆશાવાદી, એવા પાટણપતિ ભીમદેવને સ્થાને, એનું કેવળ ખોખું જ અત્યારે એ જોઈ રહ્યો હતો ! એ ઊંડા શોકમાં ગરકાવ થઈ ગયો. પરાજય નહિ, પરાજિત મનોદશા વધારે ભયંકર છે.

એને ચિંતા તો એ વાતની થઈ ગઈ કે મહારાજને પાછા એના અસલ રૂપમાં હવે લાવવા શી રીતે ? અને એ કામ કરે કોણ ? તે વિના તો ગર્જનકને હવે પાછો વળતાં રોકવાની તૈયારી જ ન થાય ! મહારાજ ભીમદેવનો અટંકી અને મહારણરંગી સ્વભાવ એ જાણતો હતો. એમને સોમનાથની હાર ભારે પડી ગઈ હતી. પણ કંથકોટમાંથી ભાગવું પડ્યું, એ તો જાણે એમને મરણ કરતાં પણ આકરું લાગ્યું હોય તેમ દામોદરને લાગ્યું. જરાક દાણો દાબવા માટે દામોદર

ધીમેથી બોલ્યો : 'મહારાજ ! આટલે દૂર સુધી તો હવે ગજ઼ઁનકનો કોઈ માણસ ફરકતો નહિ હોય. એણે સેન તો ઉઠાવી લીધું છે. આજે તો ખબર હતા કે મીઠાખાન પણ જવાની તૈયારી કરી છે ! 'એમ ? ત્યારે રોકાયો શું ?'
'મુખ્ય સેનથી પાછો દૂર પડી ન જાય. એ એને જોવાનું હશે નાં ? વખત છે, પાછા ફરતાં !'
ભીમદેવ હસી પડ્યો, દામોદર એનું એ હાસ્ય સાંભળતાં ચોંકી ઊઠ્યો. એ હાસ્ય જ જાણે મહારાજનું ન હતું. એમાં કેવળ ખાલીખમ શૂન્યતા દેખાતી હતી. પહેલાં મહારાજ જ્યારે હસી પડતા, ત્યારે સામેથી પવન પણ જાણે સામો હસતો લાગતો, એળું નિખાલસ એમનું હાસ્ય રહેતું. એવું પ્રેમભર્યું, એવું જીવન ભરપૂર ! ક્યાં એ, ક્યાં આ ?
દામોદરને લાગ્યું કે મહારાજને આ પરાજય ભારે વસમો લાગી ગયો છે. મહારાજના મનની કાંઈક વાત લેવા તેણે કહ્યું :
'કેમ એમ હસ્યા, મહારાજ ! ગજઁનકને આ લૂંટ ભારે તો પડવાની જ છે. એ પોતે પણ એ જાણતો લાગે છે !'
'દામોદર ! મેં ગજઁનકને કંથકોટમાં જોયો છે - લડતાં અને સાહસ કરતાં, પોતાના સેનને મોખરે. એ માણસ નથી, એ જીવતું જાગતું સાહસ પોતે છે ! એને માટે કાંઈ અશક્ય નથી. દરિયાના પાણીમાં તેં કોઈને ઘોડો નાખતો સાંભળ્યો છે ?'
'દરિયાના પાણીમાં ?'
'હા, ઊછળતા લોઢમાં. આ ગજઁનકે કંથકોટપાસે એ કરી બતાવ્યું. કાં એ જાદુગર હોય. કાં કોઈ ઇલમ જાણતો હોય. કાં એને માથે મરણનો ભય ન હોય. બીજી વાત હું તને કહીશ, એ નવી નવાઈની લાગશે. પણ એ સાચી છે. એનો વિચાર ગુજરાત છોડીને હવે ક્યાંય જવાનો જ નથી.'
'અરે ! હોય કાંઈ મહારાજ ? આંહીં રહેવું એને પોસાય શી રીતે ?'
'એ રહે, એ પણ ઠીક છે.'
'કેમ એમ બોલ્યા, મહારાજ ? ઠીક કઈ રીતે ?'
'મેં તને ન કહ્યું ? આ ગજઁનક માણસ નથી. એના ધનની ભૂખને કોઈ અંત નથી. મેં સાંભળ્યું, એને લંકાનાં મોતી આંહીં લાવવાં છે - ફાંટફાંટ ભરીને. એને દક્ષિણપંથના હીરા લાવવા છે - ખોબા ભરીભરીને. એને દરિયાપારથી ધનનાં વહાણ આંહીં ઉતારવાં છે. એ માણસ નથી, દામોદર ! એ જીવતું નર્યું સાહસ છે. એ એ કરે તેવો છે. એને મહત્વાકાંક્ષા છે. ધનની જીવતી જાગતી જાણે એ તૃષ્ણા છે. આટલી લૂંટનો એને સંતોષ નથી ! એ ગુજરાત તજવાનો નથી. એ આંહીં રહેવાનો છે. એક રીતે એ સારું છે. એ માણસ નથી. અને આપણે ? આપણે પણ ક્યાં માણસ છીએ, દામોદર ?'
મહારાજ ભીમદેવનું છેલ્લું વાક્ય સાંભળતાં, દામોદરનું હૈયું જાણે બેસી ગયું.
એને થઈ ગયું કે ગુજરાતની હવામાં ભયંકર નિરાશા આવી ગઈ હતી કે શું ? ગુજરાતીઓને રણક્ષેત્રમાં હવે કોઈ દોરવાપણું જ નથી, એવો પરાજયનો વ્યાપક શબ્દ બધે ઊભો થઈ ગયો હતો. નહિતર મહારાજ જેવા મહારાજના મોંમાં આ બોલ હોય ?
તેણે શાંત રીતે કહ્યું : 'મહારાજ ! કોઈ હારતું જ નહિ હોય ? અને આપણે કેવી રીતે હાર્યાઁ છીએ ?'
ભીમદેવ વળી હસી પડ્યો - બેદરકારીભર્યું અને ઉપેક્ષાભર્યું.
દામોદરને મહારાજની આ મનસ્થિતિ જ ભયંકર લાગી. તે ઉતાવળે બોલ્યો : 'મહારાજ ! ગજઁનક ગુજરાત નહિ છોડે, તો એને છોડવું પડશે !'
'તારા કહેવાથી ?'

'મારા કહેવાથી નહિ. મહારાજ ભીમદેવની તલવારના કહેવાથી. એ તલવાર એને ગુજરાત છોડાવશે. ગુજરાત એનાથી હજમ થઈ રહ્યું.'
'પણ એણે તો દામોદર ! ગુજરાતનું માપ કાઢી લીધું છે; એક વખત નહિ, ત્રણ ત્રણ વખત. પાટણ પાસે કાઢ્યું, અધૂરું હતું તે ભગવાન સોમનાથ પાસે કાઢ્યું. કંથકોટ પાસે કાઢ્યું. ગર્જનક આંહીં રહેવાનો છે એ વાત હવામાં ચાલતી થઈ છે. લાહોરના જયપાલ મહારાજ કાંઈ ગાંડા હતા ? ત્રણ-ત્રણ વખત એને આધારે હજારો માણસ જાન ખોવા નીકળ્યા. ન ફાવ્યા. પછી તો મડદાંને મીંઢળ જેવી વાત થાય. રજપૂતી છેવટે ટકે છે તલવારથી નહિ, કાં અગ્નિથી, કાં જલથી ! જયપાલ મહારાજે એ અગ્નિથી ટકાવી. એ કાંઈ ગાંડા ન હતા.'
મહારાજ ભીમદેવના શબ્દો સાંભળતાં દામોદર આભો બની ગયો. એના હૃદયમાં એક તીવ્ર ઘા થઈ ગયો. ગુજરાતનો આ અદ્વિતીય રણરંગી રણઘેલો રજપૂત વીર, આજે એ વિચારે ચડી ગયો હતો કે એ ત્રણ વખત હાર્યો. હવે એણે કાં અગ્નિપ્રવેશ કરવો જોઈએ, કાં જલસમાધિ લેવી જોઈએ. દામોદરના અંતઃકરણમાં મહારાજના શબ્દોએ મોટું શૂળ જાણે ભોંકાવ્યું હતું. દામોદર ઊંડા મનોમંથનમાં પડી ગયો. મહારાજ ભીમદેવને પોતાનું બાણાવળી બિરુદ લાજતું હોય તેવું થઈ ગયું હતું.
એમના મનમાં જલસમાધિના વિચાર આવતા હોવા જોઈએ. દામોદરને તરત સૂઝી આવ્યું.
'ત્યારે તો મહારાજ આંહીં દોડ્યા આવ્યા છે તે પણ કાં તો એટલા જ માટે જ !'
ઊંડી શોકવેદનામાં એક ઘડીભર તો શું બોલવું ને કેમ બોલવું તે સમજી શક્યો નહિ.
તેણે ધીણા મક્કમ, અત્યંત શાંત, પ્રોત્સાહક અવાજે એક વધુ પ્રયત્ન કર્યો : 'મહારાજ ! મંત્રી વિમળ અર્બુદાચલ તરફ સૈન્ય દોરવાની તરફેણમાં છે. મહારાજ શું ધારે છે ? કેમ વધારે ફાવીએ ? એને સાજોનરવો જવા તો નથી જ દેવો. એ પણ જાણતો જાય કે હું ગુજરાત ઉપર ગયો હતો !'
'દામોદર ! એ તમારી વાતો વાતો જ રહેવાની છે. ગર્જનકના મગજમાં એક હજાર ને એક રસ્તા બેઠા છે. એનું બીજું પગલું તમે કળી શકવાના જ નથી ને !'
'મહારાજ ! એનો રસ્તો પણ મળશે. એ પોતે જ એ બતાવશે. પણ આપણે હવે તો ગુફાઓની બહુ નજીકમાં જ આવ્યા હોઈએ તેમ લાગે છે.
આ તરફની કેડી જરાક જ આગળ જઈને અટકતી લાગે છે. જુઓ ત્યાં કોઈક ઊભું પણ છે !
મહારાજ ભીમદેવે ઘોડાને એ તરફ દોર્યો.

Chapter 3

નીડર ભીમનો સંદેશો !

દામોદર ને મહારાજ ગુફાઓની પાસે આવ્યા. મહારાજ ભીમદેવ ગુફાઓની રચના જોઈને નવાઈ પામી ગયા. ચારે તરફ ઘાટું જંગલ ફેલાયેલું હતું. આંહીં ગુફાઓ હશે, એમ કોઈને શંકા પણ થાય તેવું ન હતું. પણ અત્યારે તો હવે સૂઈ જવા સિવાય બીજું કામ સૂઝે તેમ ન હતું.
મુસાફરીનો એવો થાકોડો લાગ્યો હતો કે પથારીમાં પડતાંની સાથે સૌ કોઈ ઊંઘી ગયા.
ગુફાઓની ઉપર બે-ચાર માણસો છૂટાછવાયા ચોકીદારી કરતા આખી રાત જાગતા બેઠા રહ્યા.
સવારમાં જ્યારે ગુફાઓની રચના વધારે સ્પષ્ટ રીતે દેખાઈ ત્યારે આ સ્થળની રચના જોઈને, મહારાજ ભીમદેવ છક્ક થઈ ગયા.
કોઈ આંહીં પડ્યો રહીને, બાર બાર વરસ સુધી જુદ્ધ ખેલે, તોય પતો લાગે તેવું હતું નહિ.
રાસાયનિક નાગાર્જુનની કહેવાતી આ ગુફાઓ ખરી રીતે કોની હશે એ તો કોઈ જાણતું ન હતું. પણ નાગાર્જુનનું નામ સોમનાથ પાસેના દૈહિક સાથે જોડાયેલું હતું ને આ ગુફાઓ આંહીં હતી. એમાંથી લોકવાયકાએ એને નાગાર્જુનની ગુફાઓ ઠરાવી દીધી હોય તો નવાઈ નહિ. એક વખત

ત્યાં કોઈ ઉપાસકો કે સિદ્ધિના આશકો રહેતો હશે એ ચોક્કસ. અત્યારે તો સેંકડો માણસો સમાય તેવી વિશાળ વખંભર ગુફાઓ માણસ વિનાની શૂન્ય પડી હતી. કોઈ કોઈ ચાંચિયા અવારનવાર ત્યાં આવી જતા હશે. એમ એમણે મૂકેલા મંગાળાઓ ઉપરથી લાગતું હતું. આ ગુફાઓમાં ઠંડા મીઠા પાણીનો સંગ્રહ હતો, ને અનાજ ભરવા માટેનો એક કોઠાર જણાતો હતો. એના રસ્તા એવા અટપટા અને વિચિત્ર હતા કે એક વખત માણસ અંદર પેસે, પછી એ પાછો મૂળ સ્થાને પહોંચતાં બે-ચાર વખત તો ભૂલ કરે ને કરે. એમાંથી કદાચ એકદમ બહાર નીકળી જવું પડે, તો મુખ્ય માર્ગને છોડીને, જંગલને રસ્તે જ નીકળી જવાય તેવું પણ હતું. ચારે તરફની ગુફાઓનાં દ્વાર વચ્ચે પડતાં હતાં. ત્યાં વચ્ચેના મોટા ચોગાનમાં એક ઠંડા પાણીનો સુંદર કુંડ હતો. એની ઉપરની ચારે બાજુની પરસાળમાં અત્યારમાં બેઠક રચાઈ ગઈ હતી. મહારાજ ભીમદેવ ત્યાં બેઠા. દામોદરે થોડા સૈનિકોને ત્યાં આસપાસ ચારે તરફ બહારના ભાગમાં ઊભા રાખી દીધા.

મહારાજ ભીમદેવની દૃષ્ટિ એક વખત ચારે તરફ ફરી વળી. એમને આંહીંની હવાથી જરાક શાંતિ જણાતી હતી. પણ હજી એમના મોં ઉપર ભારે આઘાતનાં સ્પષ્ટ ચિહ્નો દેખાતાં હતાં. કેસરી સિંહથી જેમ મેઘગર્જના સહન ન થાય, ને એને મરવામાં જ મજા પડે, એવી વિચારમાળા મહારાજની મુખમુદ્રામાં ચાલી રહેલી જણાતી હતી. દામોદરે એક સૈનિકને કાંઈક સંકેત કર્યો. તે પાસેની ગુફાઓમાં તરત અદૃશ્ય થઈ ગયો.

'થયું ત્યારે દામોદર !' મહારાજે અચાનક કહ્યું, 'આ સ્થાનક તો તેં ભારે શોધ્યું છે. તારું શોધેલું સ્થાનક તે આંખમાથા ઉપર. આપણે હવે પાટણ ઉપર આંહીંથી બહારવટું ખેડવું રહ્યું. મારણ મારવા માટે નીકળવું પડે, ત્યારે પણ આ થાનકનો ઉપયોગ થઈ પડશે. કરો કંકુનાં. પાછું મહારાજ વનરાજની પેઠે એકડે એકથી શરૂ કરીએ. રા'ને તેડાવી લે હવે ! એના વિના આ વાતમાં મજો નહિ આવે ! બહારવટું સોરઠનું, ને જુદ્ધ ગુજરાતનું. જુદ્ધ તો હવે ખોયું એટલે હવે બહારવટું જ રહ્યું.'

દામોદરને મહારાજનો આટલો ઉત્સાહ પણ આનંદ આપી રહ્યો.

મહારાજના વેણનો એ જવાબ આપવા જતો હતો, પણ એટલામાં એક તરફની ગુફામાંથી, આ બાજુ આવતા ત્રણ-ચાર જોદ્ધાઓ દેખાયા, એટલે એ શાંત રહ્યો.

જોદ્ધાઓનાં શરીર ઉપર હજી પાટાપીંડી દેખાતાં હતાં. કોઈએ હાથ ઝોળીમાં રાખ્યો હતો. કોઈ લંગડાતો હતો. તો કોઈના આખા માથાને ઢાંકે તેવા પાટાથી એની ઓળખાણ જ રહી ન હતી. મહારાજ એમને આવતા જોઈ રહ્યા.

સૌથી મોખરે એક જુવાન રૂપાળો જોદ્ધો ચાલતો હતો, એની આંખમાંથી, આટલી નિશાનીઓની વચ્ચે પણ, હજી તેજની ધારા છૂટતી હતી તે પગે જરાક લંગડાતો હતો. એક મોટો ઘા એના કાન પાસે પડ્યો હોય તેમ જણાતું હતું. એના ઉપર બાંધેલા પાટાથી એનો થોડો ચહેરો ઢંકાઈ ગયો હતો. તે લાંબી તલવારને ટેકે ટેકે આગળ આવી રહ્યો હતો.

મહારાજથી પાંચેક ડગલાં દૂર રહ્યો, અને એણે બે હાથ જોડીને મહારાજને પ્રણામ કર્યાં. મહારાજે તેને હાથથી પાસે આવવાની નિશાની કરી : 'આંહીં આવ, આંહીં, વિમલ ! આંહીં દામોદર મહેતા પાસે. તું પણ હજી આંહીં છે ?'

'મહારાજ ! બે-ચાર જણાને પછી અહીં જ રોકાઈ જવું પડ્યું. હજી દુર્ગપતિનો ઘા બરાબર રુઝાયો નથી.'

'કોનો - કુમારપાલનો ? ક્યાં છે એ ?

જવાબમાં પાછળથી એક વૃદ્ધ જેવો જબ્બરદસ્ત જોદ્ધો આગળ આવતો દેખાયો. તે સોમનાથનો દુર્ગપતિ હતો. તેના આખા માથાને પાટાપીંડીમાં એવું બાંધ્યું હતું કે એનો ચહેરો જ દેખાતો ન

હતો.
મહારાજ એને આવતો જોઈને પોતે જ ઊભા થયા : 'અરે ! કુમારપાલજી, તમે શું કરવા આવ્યા ? હું ત્યાં ન આવત ? ક્યાં છે જયપાલ ?
કુમારપાલે જવાબમાં બોલ્યા વિના માત્ર કપાળ ઉપર હાથ મૂક્યો. જયપાલ માંગરોલમાં હતો, એ એનો બનેવી હતો, પણ યુદ્ધ શરૂ થયા પછી એ થોડો વખત ઝઝૂમતો દેખાયો હતો. પછી ક્યાં ગયો, પકડાઈ ગયો કે શું થયું, તેનો કાંઈ જ પતો ન હતો.
દુર્ગંપતિ તો હજારોને હણતો, ઘા ઝીલતો ને મારતો, મહારાજ ભીમદેવના સાન્નિધ્યમાં જ લડી રહ્યો હતો. મહારાજે એનું પરાક્રમ જોયું હતું. મહારાજે પ્રેમથી તેના ખભા ઉપર હાથ મૂક્યો : 'કુમારપાલજી ! તમે દુર્ગંને ટકાવવામાં હદ કરી નાખી. હોય ઈ તો...'
કુમારપાલ મહારાજના ચરણ પાસે નીચે બેસી ગયો. મહારાજે તેના ખભા ઉપર હાથ મૂક્યો : 'દુર્ગંપાલજી ! તમે હમણાં પથારીમાં રહો. અમે ત્યાં તમારી પાસે આવીશું !... દામોદર ! વરજાંગજીને સાદ કર તો...'
જવાબમાં તરત એક યોદ્ધો દેખાયો...કુમારપાલને ટેકો દઈને અંદર લઈ જવાની દામોદરે સંજ્ઞા કરી. કુમારપાલ હાથ જોડતો ઊઠ્યો.
પણ થોડી વારમાં જ એ પાછો ફરતો દેખાયો.
'મહારાજ !...'
'અરે ! કેમ કેમ ? દુર્ગંપતિ ? પાછા કેમ આવ્યા ? દામોદર ! શું છે એમને ?'
'મહારાજ ગર્જંનકને પાછો જતાં, રોકવા ચડે, ત્યારે મારું નામ ક્યાંક ભૂલી જાય નહિ. આ ઘા તો બે દીના મહેમાન છે !'
મહારાજ ભીમદેવના ચહેરા ઉપર એક પ્રકારનો મહાન આનંદ ને એવો જ મહાન શોક પ્રગટી ઊઠ્યા. તે પળભર તો બોલી શક્યા નહિ. 'તમને કાંઈ ભુલાય ?' એમણે કુમારપાલને સાંત્વન આપતો શબ્દ કહ્યો. એ પણ કહ્યો ન કહ્યો ત્યાં બહારથી કોઈકનો અવાજ આવતો જણાયો. વરહાજી દોડતો આવી રહ્યો હતો.
'કેમ વરહાજી ? શું છે ? કોણ છે ?'
'કોઈક ઘોડેસવાર આવ્યો છે, કે' છે મારે મહારાજને હાથો-હાથ જ સંદેશો આપવાનો છે ! મેં કહ્યું મને આપો, તો કે'ના.' દામોદરે પૂછ્યું : 'પણ છે કોણ ? ક્યાંનો છે ? મહારાજ આંહીં ક્યાં છે ?'
'એ તો મેં કહ્યું; પણ એને પાકે પાયે વાત મળી ગઈલાગે છે. સાંભરથી * આવવાની વાત કરે છે?'
'સાંભરથી ? ત્યારે તો વાક્પતિરાજનો કોઈક... આવવા દે... પણ બધા ત્યાં બહાર ઊભા ન રહેતા. 'આવવા દે એને !'
----
* અજમેર, મહમૂદ ગજનીના વખત પછીનું છે. સાંભર, શાકંભરી. એ નામ જ વધારે પ્રસિદ્ધ હતું.
થોડી વારમાં જ એક નાનકડી કેડી ઉપરથી સાંકડી પગથી ઊતરીને આ તરફ આવતો એક જુવાન રૂપાળો જોદ્ધો ત્યાં દેખાયો.
તે નખશિખ શસ્ત્રથી સજ્જિત હતો. તેના પાતળા કસાયલા શરીરમાં જાણે વીજળીની રેખાઓ કોઈએ મૂકી હોય તેમ અચળતાથી તેજસ્વી ચાલે, અણનમ રહીને તે આવતો હતો. તેના નાનકડા વજ્જર હાડમાં ને સુંદર નાકમરોડમાં, રજપૂતીના અટંકપણાની ખુમારી હતી. એને સૌ આવતો જોઈ રહ્યા. પણ એ પાસે આવ્યો અને એનો ચહેરો જોતાં જ, સૌ સમજી ગયા કે

વાક્પતિરાજનો જ એ કોઈક સંબંધી હોવો જોઈએ. તે સ્વસ્થ, શાંત ને નીડર દેખાતો હતો. તેના ચહેરામાં કોઈ પણ પ્રકારની ચંચળતા કે ઉતાવળ ન હતાં. તેણે આવીને મહારાજને બે હાથ જોડીને પ્રણામ કર્યાં.
'ક્યાંથી - શાકંભરીથી આવો છો ?'
'ગઢ-બીટલીથી, મહારાજ !' તેણે જવાબ વાળ્યો. સાંભરદેશનો અણજિત અણનમ કિલ્લો ગઢ બીટલી કોઈ ભૂલી જાય નહિ, એવા ખાસ હેતુથી જાણે એ બોલ્યો હોય તેમ લાગ્યું. તેણે ફરીને પણ એ શબ્દ ઉપર જ ભાર મૂક્યો : 'હું આવું છું, ગઢ બીટલીથી, મહારાજ !'
'કોણે શાકંભરીનાથે મોકલ્યા ને ?'
'ના મહારાજ ! મારી પાસે ભીમપાલ મહારાજનો - નીડર ભીમદેવ મહારાજનો સંદેશો છે !'
સૌ સાંભળી રહ્યા. નીડર ભીમદેવનું નામ તો જાણીતું હતું. પણ પાટણ સાથે એને કોઈ દિવસ સંદેશા-વ્યવહારની આપ-લે થયેલી, કોઈના ધ્યાનમાં હતી નહિ. ભીમદેવે દામોદર સામે જોયું. એને પણ આ સંદેશાની વાત નવાઈની લાગતી હતી.
'ક્યાં છે સંદેશો ?'
જવાબમાં તેણે પોતાની કમ્મરેથી એક નાનકડી બરુની વાંસળી કાઢી. તેના ઉપર રેશમી વસ્ત્રનું આચ્છાદન હતું. તેણે તે બે હાથમાં લઈને મહારાજની સામે ધરી.
મહારાજે એ લઈને એમાંથી એક વસ્ત્રલેખ કાઢ્યો.
સૌ આતુરતાથી જાણવા માટે મહારાજ સામે મીટ માંડી રહ્યા.
મહારાજે દામોદરની તરફ વસ્ત્રલેખ આગળ ધર્યો.
તરત જવાબ આપી શકાય એવી વાત એમાં ન હતી. દામોદરે સંદેશો લાવનારની સામે જોયું :
'તમે આંહીં રોકાઓ તો પછી વાત થાય. શું તમારું નામ ?'
'મારું નામ ગોગદેવ ચૌહાણ !'
'ત્યારે ગોગદેવ ચૌહાણ ! તમે આંહીં બે દી થોભો. તમે કયે રસ્તે થઈને આવ્યા ?'
'હું તોપ્રભુ ! સ્તંભતીર્થં ભણીથી આવ્યો !'
'એમ ? તમને આ સ્થાન કોણે બતાવ્યું ?'
'સ્તમ્ભતીર્થંમાં એ બાતમી, આંહીંના એક યોદ્ધાએ આપી. એને હું ઘણી વખત સોમનાથ દર્શંને આવતાં મળ્યો હતો. મને એ ઓળખતા હતા.'
'કોણ એ યોદ્ધા ? શું નામ ?'
'જયપાલજી !'
'જયપાલજી ? હા, એ ત્યાં છે ? એમ ? ઠીક; ઠીક, એ તો સારા સમાચાર. પણ સ્તમ્ભતીર્થંમાં તમને શું હવા લાગી ?'
'બધે આ જ હવા છે. બધા માને છે, ગર્જંનક હવે પાછો જઈ રહ્યો !'
દામોદરે મહારાજ સામે જોયું. જયપાલ હોડીમાં બેસીને સ્તમ્ભતીર્થં ભણી ગયેલો એ વાત ચૌહાણ પાસે અચાનક આવી ગઈ હતી. પણ મહારાજે એ વિષે વધારે પૃચ્છા કરવાનું મન દબાવ્યું. એટલે દામોદરે તરત વરહાજીને કહ્યું :
'વરહાજી ! એમની બધી સંભાળ તમે રાખજો. કોઈ વાતની ઊણપ ન રહે એ જોજો. સારે ઠેકાણે એમને ઉતારજો. પણ આ તો જંગલ છે, ગોગદેવજી !' દામોદરે કહ્યું.
'કાંઈ ફિકર નહિ પ્રભુ ! કસોટીનો કાળ સૌને માથે આવે છે. ન આવે તો પછી માણસ માણસ ક્યાંથી રહે ? ત્યારે હું બે દિવસ પછી મળું ?'
'હા બે દિવસ પછી. વરહાજી જ તમને આંહીં લાવશે. એ આ જંગલનો પ્રાણ છે.'

Chapter 4

ગોગદેવ ચૌહાણની વાત !

બે દિવસ પછી ગોગદેવ ચૌહાણને લઈને વરહાજી પાછો આવ્યો. એ તો આ જંગલનો રાજા હતો. દરેક પંખી તેને ઓળખતું. દરેક વૃક્ષ એને જાણતું. એ ધારે તો આ જંગલમાં દસ હજાર માણસને દસ વરસ સુધી રાખી શકે. એણે ગોગદેવને મહેલમાં જોવા પણ ન મળે, એવાં ફળફળાદિ ને મેવા ધર્યાં હતાં. ગોગદેવ એના આતિથ્ય ઉપર ખુશ ખુશ થઈ ગયો હતો. એને લાગ્યું કે આ ભીલ નથી, આ તો કોઈ જીવંત પ્રણાલિકા છે.

પણ ગોગદેવ જ્યારે એની ઝૂંપડીમાંથી વિદાય લઈને મહારાજ પાસે જવા માટે ઘોડેસવાર થવા જતો હતો, ત્યારે ત્યાં એક નવી નવાઈની વાત બની ગઈ હતી. એ વાતની મધુરપ સાંભરતાં તો એના ચહેરામાં નવી આશા પ્રગટતી હતી.

એ વિદાય લેતો હતો ત્યાં વરહોજીની વહુ મોતીડી દોડતી દોડતી આવી અને ઘોડા આડે ઊભી રહી. ગોગદેવ તો એ જોઈને આભો બની ગયો.

'અમારું એક વેણ કરવાનું છે મા'રાજ ! તમે પણ રાજાના માણસ છો. એટલે તમારું વેણ મહારાજ પાછુ નહિ ઠેલે !'

'પણ છે શું મોતીડી ?' વરહોજી એની વહુને ઠપકો આપી રહ્યો.

'હવે તમે બેહોને છાનાંમાનાં. ધરમની વાતમાં માથું પૂછડું તો તમે હમજતા નથી !' મોતીડી બોલી.

દરેક બૈરીને આ સુખ હોય છે. એ જાણે છે કે ધર્મ આપણો. એ વાત છેક ભગવાન કૃષ્ણના વખતથી ચાલતી આવે છે. ધર્મમાં ને રસોઈમાં, બે બાબતમાં ઘેર ઘેર પુરુષ પાંગળો રહ્યો છે.

'તોય પણ તું બોલ તો ખરી ! શું વાત છે ? ઈવડા મોટા માણસ હારે આમ બોલાતું હશે ?' મોતીડી તો વરહાજીને જવાબ આપ્યા વિના વધુ આગળ આવી. એના હાથમાં એક થેલી હતી. એના ભારથી એ બેવડ વળી ગઈ હતી.

'માબાપ ! તમે મોટા માણસ છો,' મોતીડી બોલી, 'તમે બે દી અમારે આંગણે આવ્યા તો અમને પણ સવળી મત્ય સૂઝી. આ ઈના સાત પેઢીના ધંધા... આ અમારા ઈ છે નાં, એના બાપદાદા ને એના બાપદાદા, ને એના બાપદાદા બધાય વહાણ લૂંટતા. લખમી દેવીને ભોમાં ભંડાયાઁ'તાં. ઈ આજ મને સપનામાં આવ્યાં. મને કે' ભૂંડી, તારો ઘરવાળો તો અકરમી ને અધરમી છે. પણ તું તો ભૂંડી, હાથે સાથે કરી લે ! એટલે આ બધી માયા ભગવાન સોમનાથને આપવાની છે. મહારાજનું નવું મંદિર બંધાવવાના છે. ઈ વાત હાલે છે. આ અમારી માયા બધીયે ઈમાં વાપરે અમને ગરીબને કોણ જવાબ દેતું'તું ? એટલે તમને આપું, તો સંધુય ભીમદેવ મા'રાજ પાંહે પોંચે !'

અરધું સમજતો, અરધું ન સમજતો, ગોગદેવ ચૌહાણ આ સાંભળીને આશ્ચર્યમાં ડૂબી ગયો. પણ જ્યારે એણે મોતીડીની ફાંટ ભરીને ઠલવાયેલી સુવર્ણ મુદ્રાઓ જોઈ, ત્યારે તો એના આશ્ચર્યને અવધિ ન રહી. જે શ્રદ્ધા વડે સોમનાથ જીવંત હતા, તે અવિચળ શ્રદ્ધા, તો હજી ઘરઘરમાં જીવંત રહી હતી.

એ વિચારમાં પડી ગયો. પણ પોતે આ સાથે લઈ જાય ને મહારાજને આપે એ બરાબર ન કહેવાય.

તેણે ધીમેથી કહ્યું : 'વરહાજી ! શું છે તમારાં વહુને ?'

'અરે ! માબાપ ! આ બધુંય ભગવાનનું છે ને ભગવાનને આપવાનું છે. આંઈ આ ઝાડવામાં ઈ નો શું ખપ હતો ? પણ બધી વાત મોકે થાય, કે મોકા બા'રી ?'

'હા, એ બરાબર છે. પણ હું મહારાજ પાસે વાત મૂકી દઈશ. બસ ? હવે માયા બધી ભગવાનની હમણાં તારે જ સાચવવાની.' તેણે મોતીડી સામે જોઈને કહ્યું.

મોતીડીના મનનું સમાધાન થયું કે નહિ તે કોણ જાણે, પણ તેણે રસ્તો આપ્યો, એટલે ગોગદેવ ચૌહાણ મહારાજને મળવા માટે ચાલ્યો.
એ આખે રસ્તે વિચાર કરી રહ્યો હતો. એને નીડર ભીમપાલ મહારાજે આંહીં મોકલ્યો હતો. શાકંભરીનાથ વાક્પતિરાજ વૃદ્ધ હતા. પણ એ તલવાર સજીને તૈયાર થઈ ગયા હતા. એનો કુમાર વીર્યરામ જુદ્ધ કરવા માટે થનગની રહ્યો હતો. પણ ભીમદેવ મહારાજ આવે, માલવપતિ ભોજરાજ આવે, લાટપતિ કીતિરાજ આવે, અર્બુદાચલથી ધંધુકરાજ પરમાર આવે, તો આ વસ્તુનો જુદો જ રંગ આવે. પણ એ બધા વાક્પતિના તેડાવ્યા આવે ?
નીડર ભીમદેવે બધે સંદેશા મોકલ્યા હતા. પોતાની ત્રણ ત્રણ પેઢીની કથની કહી હતી. ગર્જનક અજેય છે એ ભ્રમ તોડવા પ્રયત્ન કર્યો હતો. એક પછી એક એ બધે આવવાનો છે એ વાત મૂકી હતી. પણ માલવપતિએ કહ્યું : 'ઉજ્જૈન નગરી જ ભારતનું કેન્દ્ર છે. મારો કોઈ સેનાપતિ તમારી મદદમાં આવે, હું ન આવું. ભોજરાજ જે યુદ્ધમાં આવે, ત્યાં એ સેનાનાયક હોય. એનાથી પછી પરાજય લેવાય જ નહિ.' ધંધુકરાજે જવાબ વાળ્યો : 'અર્બુદાચલમાંથી કોને જવા દેવા અને કોને રોકવા, એ અમારો હક્ક અમે અર્બુદાચલની ઘાટીમાં સૌને પળાવ્યો છે. આ ઘાટી કોઈ ઓળંગી શકે જ નહિ. અમે તો એને આંહીં રોકી દેવાના. આંહીંથી નીકળી જુએ, હિંમત હોય તો.' લાટપતિ કહે : 'હું શું કરવા ભીમદેવ સાટુ મરવા દોડું ?' ગોગદેવ વિચાર કરી રહ્યો, 'જો કોઈ ન આવે તો એકલો અજેય ગઢ બીટલી પણ શું કરી શકે ?'
મહમૂદે પાટણ જતી વખતે એને છેડ્યો ન હતો. પાછા વળતાં પણ એને નહિ છેડે એમ જણાતું હતું. પણ સોમનાથ ભગવાનને લૂંટીને એ પાછો ફરે - ને સહીસલામત પાછો ફરે, ને એ રસ્તે સૌ બેઠા રહે ને તેમાં પણ વાક્પતિરાજ ચૌહામ બેઠા જોયા કરે, તો તો એમની ત્રણ ત્રણ પેઢીની કીતિનાં કોટકાંગરાં ધૂળ ભેગાં થઈ જાય. એમણે કેટલી વખત મ્લેચ્છોને હરાવ્યા હતા ? કેટલી વખત કેદમાં રાખ્યા હતા ? મહમૂદ ગજનીના બાપાને જ હરાવીને સિંહરાજ ચૌહાણે બારસો ઘોડાં નહોતાં પડાવ્યાં ? સેનાપતિ હાતીમને મારીને, એનો હાથી કોણે છીનવી લીધો હતો ? એ સિંહરાજનો સીધો વારસ આજે ઊભો જોયા કરે, ને ગજનવી લૂંટ લઈને ચાલ્યો જાય ? તો તો ચૌહાણનું નાક એણે માપીને કાપી જ લીધું કહેવાય ! એ નાક કાંઈ ફરીને ઊગે ?
નીડર ભીમદેવે તો જાણે પોતાની નૌકાને આગ લગાડી દીધી હતી. ને પોતે એ નૌકામાં જ રણસમુદ્રની મુસાફરીએ નીકળી પડ્યો હતો. ગુજરાતની યશગાથા હજુ સુધી તો અણનમપણાની હતી. એ યશગાથા ન પડે એ જોવાની એની* નેમ હતી. આ સંદેશો એટલા માટે હતો.
ગોગદેવ ચૌહાણ મહારાજ ભીમદેવ પાસે આવ્યો. મહારાજ ભીમદેવે એને પાસે બેસારીને બધી વાત સાંભળી. પછી મહારાજે ધીમેથી કહ્યું : 'જુઓ ચૌહાણ ! અમે તમને બીજા માટે જવાબ આપતા નથી. પણ અમને ખબર પડશે કે સુરત્રાણ તમારે રસ્તેથી પાછો ફરે છે, તો અમે દોડીશું !'
'અમારી મદદે ?' ગોગદેવે કહ્યું.
'હા, હા, તમારી મદદે,' ભીમદેવે જવાબ વાળ્યો. 'પણ જુઓ, હું તમને એક વાત કહી દઉં : આ ગર્જનક કયે રસ્તે પાછો ફરવાનો છે એ ખબર તમને કે અમને કોઈને પડવાની જ નથી.'
'અરે ! હોય કાંઈ મહારાજ ? એની સમક્ષ બે જ રસ્તા છે !'
'એ છ મહિના સુધી પડ્યો રહેશે. અને પછી જશે ત્યારે ક્યાંથી જશે એ તમે ખોળતા જ રહેશો ! એની રીત ન્યારી છે.'
'મહારાજ !' ગોગદેવે બે હાથ જોડ્યા, 'આ એક જ તક આવી છે. બીજી હવે આવવાની નથી.

ગર્જનક ઘણે દૂર નીકળી આવ્યો છે. એને રોળીટોળી નાખવાની આ એક જ તક સાંપડી ગઈ છે. બધા ત્યાં આવશે તો એ બનશે, મહારાજ ! આવી તક ફરી ફરીને ઇતિહાસ પોતે પણ આપી શકતો નથી. મહારાજના નામ ઉપરથી કલંક જશે. ભગવાન સોમનાથ વિજય અપાવશે. ગુજરાતનું નામ અમર થઈ જશે. મહારાજ વચન આપે તો હું પવનવેગી સાંઢણી ઉપર હમણાં ખબર આપવા દોડું !'---------------
* ઈ.સ. ૧૦૨૦માં જ્યારે મહમૂદ કલંજરના ઉપર પડ્યો ત્યારે નીડર ભીમદેવે ત્યાં એક પત્ર લખીને કલંજરના રાયને કેટલીક સૂચનાઓ મોકલી હતી.
મહારાજ ભીમદેવનો રણ-ઉત્સાહ એક પળભર જાગી ગયો લાગ્યો. કલંકકથા ભૂંસી નાખવાનું સ્વપ્ન એમની સામે રમી રહ્યું. ગોગદેવ આગળ વધ્યો.
'મહારાજ આવવાના છે એ સમાચાર રેત રેતના કણને પણ નવો પ્રાણ આપશે !'
'અત્યારે તમને કોણે કોણે વચન આપ્યાં છે, ગોગદેવજી ? માલવપતિ આવવાના છે ?' દામોદર મહેતાએ સીધી જ રીતે પૂછ્યું.
પાટણનું ક્ષેત્ર નધણિયાતું મૂકીને ગર્જનકની પાછળ દોડવા જતાં ઘર-અગ્નિ જ બધું સાફ કરી નાખે, એ જોખમ જેવું તેવું ન હતું. દામોદરને ગોગદેવની વાતમાં વિશ્વાસ બેઠો નહિ.
'ભોજરાજ પણ આવશે, કે નહિ આવે ?' ગોગદેવ બોલ્યો.
દામોદર સમજી ગયો. પણ ભીમદેવ મહારાજના ચહેરામાં અનેક વાતો આવતી જતી દેખાતી હતી. એક રીતે અત્યારે તો એ ઇષ્ટાપતિ હતી. પણ દામોદરને ઉલમાંથી ચૂલમાં પડવાનું એમાં જોખમ દેખાતું હતું. પોતાનું કલંક ભૂંસાય... એની સજ્જડ અસર મહારાજના મન ઉપર થઈ ગઈ લાગી. ને કલંક ન ભૂંસાય તો ત્યાં રણક્ષેત્રમાં ઢળવાનું મળે ! એમને બીજો વિચાર આવી ગયો. તે ટટ્ટાર બેઠા. તેમણે અવાજ સ્પષ્ટ ને ચોખ્ખો કર્યો : 'જુઓ ગોગદેવ ચૌહાણ !...'
દામોદર સાંભળી રહ્યો. ગોગદેવે બે હાથ જોડ્યા.
'હું આવું તો ખરો, પણ એક શરતે...'
'શી શરતે, મહારાજ ?'
'હવે હારું નહિ. હારું તો આ સોમનાથના સમુદ્રમાં દામોદર સુવર્ણદાન આપતો હોય, ને હું જલસમાધિ લઉં - આ મારી પ્રતિજ્ઞા.'
વાતાવરણ ગંભીર થઈ ગયું. એક પળભર કોઈ બોલી શક્યું નહિ.
દામોદરે ધીમેથી કહ્યું : 'ગોગદેવજી ! આ તો ગર્જનક છે. એની પાસે સૈન્ય પાર વિનાનું છે. તમારે ત્યાં કોણ આવશે ને કોણ નહિ આવે એ કાંઈ નક્કી નથી.'
'જુઓ પ્રભુ ! હું એક વાત કહું' ગોગદેવ બોલ્યો, 'ભીમપાલ મહારાજ છેક દસ સો ઓગણોતેર સાલથી, ગર્જનક સાથે લડતા આવ્યા છે. આજ એને બાર વરસ થઈ ગયાં. એક વખત કાશ્મીરની ખીણમાં ગર્જનકનાં સેંકડો માણસો માર્યાં ગયાં હતાં, ફળ કાંઈ મળ્યું ન હતું. બીજી વખત પણ એમ જ બન્યું હતું. કલંજરના રાય ગંડે, ભીમપાલ મહારાજની સલાહ માની હોત, તો આજે આ ગર્જનકનું નામનિશાન ન હોત. એ ચતુર છે, વ્યવસ્થિત છે. એની પાસે નવા નવા રસ્તાઓ શોધવાની કલા છે. પણ એ કાંઈ અજેય નથી. એ લડવા માગતો ન હોય ત્યારે તમે એને લડાવો, તો એ હારે જ હારે. એ પાછા ફરતાં લડવા માગતો નથી. આપણો સામનો સખ્ત હશે તો એ બધું છોડીને ઊભી પૂંછડીએ ભાગશે. ને કાં ત્યાં તળ રહેશે !'
'જુઓ ગોગદેવજી ! ગર્જનક હવે કદાપિ પણ એ રસ્તે પાછો નહિ ફરે. તમે ત્યાં બધા ભેગા થાઓ, એની એ રાહ જુએ છે. બધા ભેગા થાઓ, એટલે એ એનો નવો રસ્તો શોધી લેવાનો છે ! તમે બધા ત્યાં રાહ જોતા ઊભા રહેવાના છો.' દામોદર બોલ્યો.
'તો આપણે એની પાછળ નહિ પડીએ ?'

'ક્યાં ? રણમાં ? તમારી પાસે ઊંટ કેટલાં ? એની પાસે તો અપરંપાર છે. ત્રીસ હજાર તો સાંઢણીઓ છે ! એ તો રણની તૈયારી કરીને આવ્યો છે.'
'પણ તો આ તક જશે, દામોદર !' ભીમદેવે કહ્યું.
'જુઓ મહારાજ ! કલંક ભૂંસવાના અનેક રસ્તા છે. ગર્જનક ગુજરાતનું હવે નામ ન લે તેવું આપણે કરવું છે. આપણે સાંભરીશ્વરને ના નથી પાડતા. અમે આવીશું. પણ આંહીંનું સંભાળીને પછી ખસીશું. તમે બીજે પહોંચો. સૌને ભેગા કરો. અમે તમારી સાથે જ છીએ એમ સમજો...'
ગોગદેવને વાત સરી જતી લાગી. તેણે છાશિયું કહ્યું : 'જુઓ મહારાજ ! ત્યાં બધા આવશે. ને જો તમે નહિ આવો, તો તમારા નામ ઉપર યાવચ્ચંદ્ર... કાળી ટીલી થઈ જશે. સો વરસે પણ પછી એ ભૂંસાશે નહિ !'
'પણ બધા આવશે તો અમે કેમ નહિ આવીએ ? અમે આવીશું.' દામોદર મોટેથી બોલ્યો. 'બધા આવશે તો મહારાજ ત્યાં આવશે ! પણ ગર્જનક બીજે રસ્તે જવાનું નક્કી કરશે તો અમે તમને કહેવા નહિ આવીએ. અમારે અમારી આંહીંની સ્થિતિ પ્રમાણે ફરી જવું પડે ! અમારે ગર્જનકને પહેલો સંભાળવાનો છે. આંહીં તો એ ધામા નાખીને પડ્યો છે. તમારે ત્યાંથી તો એ માત્ર રસ્તે નીકળવાનો છે. તમે યત્ન કરો ગોગદેવજી ! આટલું કહું છું, કે અમે પાણો નાખવાના નથી. પણ અમે આંહીંની વાત પહેલી સંભાળવાના છીએ. અને એ તો તમે પણ કબૂલ કરશો કે એ જ બરાબર છે."એ તો બરાબર છે.'
'બસ ત્યારે... ! દામોદરે વાતનો અંત લાવતાં કહ્યું. એણે જોયું હતું કે છેલ્લે છેલ્લે કેટલાંક રાજ્યો ભેગાં થઈને મહમૂદ સામે ન લડનારને પજવી રહ્યાં હતાં, એ પ્રમાણે કલંજરનો ગંડરાય ને ગ્વાલિયરનો રાય ભેગા થઈને કનોજના પ્રતિહાર રાજ્યપાલને હણી આવ્યા હતા ! કારણ કે એ યુદ્ધ કરવાને બદલે ભાગી ગયો હતો. આવી ઊંધી વાત પણ ચાલી હતી.
બધા ભેગા તો થતા થાય, પણ તે પહેલાં જો આવો દ્વેષ આંહીં ફેલાઈ જાય, તો ઘરમાં સળગે, એટલે દામોદરે ગોગદેવને છેક નિરાશ ન કરવામાં ડહાપણ જોયું.
'ગોગદેવજી ! અમે ગર્જનકને પહેલો સંભાળીશું. એમ સંભાળવામાં જો તમારી વાત પ્રથમ ઉપયોગી જણાશે, તો એ જ કરવાના; અમારી વાત ઉપયોગી હશે, તો પહેલી એ થવાની, ગમે તેમ, પણ જે મૂળ હેતુ છે... ગર્જનકે હંફાવવાનો, તે તો પળાશે, પળાશે ને પળાશે; સોમનાથ ભગવાનના નામે પળાશે. તમે પણ એ પાળજો. ને ભગવાન સોમનાથનું નવું મંદિર મહારાજ બનાવે, ત્યારે સોનાનાં કમળ લઈને મહારાજ વાક્પતિરાજની સાથે, પાછા એક વખત ફરીને આવજો... આ અમારો જવાબ છે.'
ગોગદેવ પ્રસન્ન થતો ઊઠ્યો. પણ એણે બહાર જઈને વિચાર કર્યો તો એને લાગ્યું કે ખરી રીતે એને કાંઈ જ મળ્યું ન હતું. હા, ગુજરાતીએ શર્કરા પાર વિનાની પીરસી હતી !

Chapter 5

હવે શું કરવું ?

ગોગદેવ ચૌહાણને વિદાય કર્યો. એણે સમાચાર આપ્યા એટલે જયપાલને સ્તમ્ભતીર્થમાંથી બોલાવી લાવવા માટે એક ઝડપી સાંઢણી તે તરફ તરત ઊપડી ગઈ. જયપાલ મંગરોલનો કિલ્લેપતિ હતો. લોકવાયકા પ્રમાણે મંગરોલના જ કોઈ ને કોઈ ઉતેજનને પરિણામે ગજનવી આંહીં આવી ચઢ્યો હોય તે સંભવિત હતું. જયપાલ એ વિષે વધારે પ્રકાશ આપી શકે. સોમનાથના જુદ્ધમાં જયપાલ અને કુમારપાલ બંને ભાઈઓને, જીવસટોસટનું જુદ્ધ ખેલતા, દામોદરે પોતે જ જોયા હતા. કુમારપાલ તો હજી પથારીવશ હતો. કેટલાક લોકો દરિયામાં

થઈને નાસી છૂટ્યા, તેમાં જયપાલ નાસી ગયેલ હોવો જોઈએ. પણ એ બંને શંકાથી પર હતા. જયપાલ સ્તમ્ભતીર્થમાં સહીસલામત હતો. એ વાત મળતાં દામોદરને આનંદ થયો. ગર્જનકે કોઈ ને કોઈ રીતે પાછા ફરવા માટેની જે યોજના કરવાની હતી, તેમાં જયપાલ એક ઘણી મહત્વની કડી બની શકે.

દરમ્યાનમાં દામોદરને કાને ગર્જનકની અનેક અવનવી વાતો આવતી જ રહી. પણ એક વાત આવી અને એ ચોંકી ઊઠ્યો. મહારાજ ભીમદેવે પણ એને એ જ કહ્યું હતું. ગર્જનક પાટણ છોડવા જ માગતો નથી, એવા સમાચાર આવ્યા. મહારાજ ભીમદેવને રાજ ઉપર આવ્યે માંડ બે જ વર્ષ થયાં હતાં. હજી મહારાજ પોતાની યુદ્ધનીતિ ઘડી રહ્યા હતા. એટલામાં આ પ્રબળ વંટોળિયો આવ્યો. હવે જો ગર્જનક પાટણ છોડે જ નહિ, તો ગુજરાત છિન્નભિન્ન થઈ જાય, ચૌલુક્યોની સતા નામશેષ બની જાય; કાં એ તાબેદાર બની જાય.

દામોદરને આ સમાચાર મળ્યા ને તેની વેદનાનો પાર ન રહ્યો. પાટણનું પતન પોતાના વખતમાં થશે કે શું એ વિચારે એના રોમ રોમમાં અગ્નિ પ્રગટાવ્યો. સોમનાથમાંથી મીઠાખાને વિદાય લીધી હતી ને ત્યાં હવે ગર્જનકનો કોઈ ખાસ કાબૂ રહ્યો ન હતો. પરંતુ મીઠાખાનને ગર્જનકે પાટણની આસપાસના માર્ગને સુરક્ષિત રાખવા માટે પણ બોલાવી લીધો હોય.

ગમે તેમ, ગર્જનક પાટણમાં પડ્યો હતો. દેશ છોડવાની એને ઉતાવળ જણાતી ન હતી. એની વિદાયની કોઈ હિલચાલ હજી સંભળાતી ન હતી. છેલ્લી માહિતી પ્રમાણે એ તો ત્યાં મુંજપુરમાં એક મસ્જિદ બંધાવી રહ્યો હતો.*

ગર્જનક જો પાટણથી ખસે જ નહિ, તો મહારાજ ભીમદેવ અજમેર તરફ જાય કે ગમે તે તરફ જાય, પણ એક મહાન ભયંકર નિશ્ચયાત્મક યુદ્ધ વિના કોઈ પણ નિર્ણય આવી શકે નહિ. એવા યુદ્ધ માટે પાટણના છિન્નભિન્ન યોદ્ધાઓને અત્યારે ભેગા કરતાં કરતાં આકાશપાતાળ એક થઈ જાય તેવું હતું. હજી રા' નવઘણ ક્યાં હતો એનો પતો ન હતો. હજી બીજે ક્યાંયથી પણ કોઈ આશા ભરેલા સમાચાર આવતા ન હતા. અને આ રહેઠાણની દિન-પ્રતિદિન વધુ ને વધુ જાહેરાત થઈ જવાનો ભય હતો.

પણ મીઠાખાન ખસ્યો છે એ સમાચાર મળતાં જ સોમનાથના ખંડેર તરફ લોકોનો તો મોટો ઘસારો પાછો શરૂ પણ થઈ ગયો હતો. ઘોડા ઉપર, ટટ્ટુ ઉપર, સાંઢણીઓ ઉપર, ગાડામાં, પગપાળા ચાલતા, રાત ને દિવસ, અનેક રસ્તેથી લોકો ભગવાન સોમનાથનાં દર્શને ઊપડ્યા હતા. ગર્જનક પાટણમાં પડ્યો હતો. ગમે તે પળે તે પાછો ત્રાટકે એ ભય હતો. છતાં એ ભય જાણે હવામાં ઊડી ગયો જણાતો હતો. ટોળેટોળાં માણસો સોમનાથ જઈ રહ્યાં હતાં. સંઘમાં જવાથી જાણે કોઈને ભય જણાતો ન હતો. આવશે તો વળી લડીશું, મરીશું, ભાગીશું, જે થવું હશે તે થાશે, કાં દરિયામાં નાસી જઈશું, કાં મોક્ષ મેળવીશું, એવી અટપટી વિચિત્ર ગેરવ્યવસ્થિત મનોદશા પ્રગટી નીકળી હતી. વરહોજી ને વરહોજીના સાગરીતો આ બધા સમાચાર પહોંચાડી રહ્યા હતા. દામોદરને આ સ્થાન પ્રગટ થઈ જવાનો ભય વધતો જણાતો હતો.

----

* આ વિષેનો ઉલ્લેખ બૉમ્બે ગેઝેટીયરમાં છે. ઈ.સ. ૧૮૭૮માં મુંજપર પાસેથી મળેલા એક લેખ પ્રમાણે મહમૂદ ગજનવીએ એ બંધાવેલ.

તે જયપાલની રાહ જોતો હતો, એ આવી જાય, તેની પાસેથી છેલ્લામાં છેલ્લા સમાચાર આવે, પછી કયો માર્ગ લેવો, તેની વધારે ચોક્કસ રેખા દોરી શકાય. અત્યારે પાટણમાંથી તો જાણે પાંદડું પણ ચાલે તેવું ગર્જનકે રહેવા દીધું હોય તેમ લાગતું ન હતું, એટલે ગર્જનક જવા માગતો ન હોય એ તદ્દન સંભવિત જણાતું હતું. મહારાજ ભીમદેવે રા'ની સાથે મળીને ફરીને એક મોટું

સેન ઊભું કરવું રહ્યું. ધંધૂકરાજને મનાવીને પાટણ ઉપર ચડાઈ લાવવાનું કહેવરાવવું રહ્યું. સાંભરવાળાને મનાવવા રહ્યા અને જે વખતે એ બધા પાટણ ઉપર આવે, તે વખતે મહારાજ ભીમદેવ ને રા' નળકાંઠો વીંધીને આડે માર્ગે પાટણ ઉપર જાય એ જોવું રહ્યું. આ એક જ યુદ્ધરચના અત્યારે શક્ય જણાતી હતી.

પણ પોતે જે અથાક ધન મેળવ્યું હતું તે લૂંટાઈ જવાના ભયે જો ગર્જનક પાટણ છોડવા માગતો ન હોય, તો તો એને કોઈ ને કોઈ રીતે વિશ્વાસ આપીને પણ તૈયાર કરવામાં આવે તો વગર જુદ્ધે દેશ થાળે પડે. ને ગર્જનક ખો ભૂલી જાય તેવો ઘા કરવાની તક વખતે મળી જાય. પણ એ શી રીતે બને ? એનો રસ્તો ?

મહારાજ ભીમદેવે સોમનાથના રણક્ષેત્રમાં અદ્ભુત વીરતા બતાવી હતી. તેની વીજળી અસર જનસમુદાયમાં પ્રગટી હતી. એ દેવપુરુષ સમાન ગણાવા મંડ્યા હતા. એની એક હાકલે હજારો માણસો હજી પણ શસ્ત્ર-અસ્ત્ર લઈને ઘેર ઘેરથી નીકળી પડવાના. અત્યારે સોમનાથ તરફ ધસી રહેલો માનવસમુદાય ભીમદેવ મહારાજને નામે મરવા તૈયાર હતો. મહારાજ પાછા આવશે, વળી મંદિર ઊભું થશે, વળી ત્યાં સોનેરી ઘંટા બંધાશે, વળી ત્યાં સમુદ્રસ્નાન થતાં હશે, એવી એવી આશાની, ઉલ્લાસ ને હિંમતની વાતો પાછી પ્રગટવા મંડી હતી. દામોદરને એ જોઈતું પણ હતું. મહારાજ ભીમદેવના અંતરમાં બેઠેલો પરાજયનો ડાઘ ભૂંસી નાખવા માટે એ જરૂરી હતું. પણ એ સમજતો હતો કે હવેનું જુદ્ધ એ કાંઈ નાસભાગનું જુદ્ધ ન હોય; એ તો ગુજરાત રાખવાનું કે ખોવાનું જુદ્ધ હોય.

મહારાજ મૂલરાજદેવે રુદ્રમાળનું મહાન મંદિર ઊભું કર્યું, મહારાજ્ય સ્થાપ્યું. શું પોતાને હાથે એ મંદિર ને રાજ બંને ખોવાઈ જશે ? આવી તીવ્ર વેદના દામોદરના મનમાં રાત ને દિવસ ઊઠી રહી હતી. એને ક્યાંય આરામ ન હતો. 'પાટણ ગયું !' એ સ્વપ્ને એ રાતમાં પણ બેબાકળો જાગી ઊઠતો.

અને ગર્જનક રહેવાનો સંકલ્પ કરી બેસે, તો ખરેખર ગુજરાતને માથે એ જેવી તેવી આફત ન હોય. મહારાજ ભીમદેવને લાંબું ખૂનખાર જુદ્ધ ખેડવું પડે, અને તે પણ કઢંગી પરિસ્થિતિમાં. ગર્જનક પાસે પ્રબળ કસાયેલું સૈન્ય હતું. ધનધાન્યના કોઠાર સમા પાટણ પ્રદેશમાં એ પડ્યો હતો. એને હંફાવવા આકાશપાતાળ એક કરવું પડે. તે દરમ્યાન તો ગર્જનક પોતાના પાયા મજબૂત રીતે ધરબી પણ કાઢે. એ જુક્તિવાળો પણ હતો. એને ત્યાં કયાં હિંદુ સરદારો પણ ન હતા ? પાટણ પ્રદેશમાંથી પણ એ નવા સરદારો, નવી રચના, નવી માયા ઊભી કરે તેવો હતો. સોમનાથનો પરાજય કાંઈ હિસાબમાં નહીં, એવો એક નવો પરાજય ડોકિયાં કરી રહ્યો હતો. અને આ બધું છતાં આમાંથી જ રસ્તો કાઢ્યે છૂટકો હતો, બીજો કોઈ ઉપાય ન હતો.

એક આશાજનક સમાચાર એને મળ્યા હતા. ગર્જનકના સૈન્યમાં પણ આ વિષે મતભેદ હતો : એક પક્ષ આંહીં રહી જવામાં જોખમ જોતો હતો; બીજો પક્ષ આંહીં રહેવામાં, મહાન રાજની સ્થાપના જોતો હતો. સુલતાન બીજા પક્ષમાં હતો. અંગત થોડા સરદારો એમાં હા ભણતા હતા. હિંદુ સેનાપતિઓ એ મતમાં હતા. બીજા બધા સામે હતા.

દામોદરને કાંઈક આશા મળી. કદાચ સુલતાન જાય તો જાય.

રાસાયનિક નાગાર્જુને જ્યાં રહીને કોણ જાણે કેવી અશક્ય વસ્તુઓ સિદ્ધ કરી હશે ત્યાં અત્યારે પોતે રહેતો હતો. પણ ક્યાં એ ને ક્યાં પોતે ? એક દિવસ દામોદર મહેતો આંટા મારતો મારતો ગુફાની અંદર ફરી રહ્યો હતો. એની સામે એક નાનકડો દીપ જલતો હતો. એના મનમાં વિચારમાલા ફરતી હતી.

'સુલતાન જાય,' એ વિચાર કરી રહ્યો હતો, 'પણ એ જ્યાં જ્યાં ગયો હતો, ત્યાં ત્યાંના રાયને તાબેદાર બનાવીને એ પાછો ફર્યો હતો. એની એ રાજનીતિ હતી. એનું શું ? આંહીં ગુજરાતનો

ભીમદેવ તો અગ્નિ સોંસરવો નીકળે. જલનો સાગર પી જાય, વિષપાન કરે, યુદ્ધમાં મરી ખૂટે, પણ એ કોઈને વશ તો ન થાય તે ન જ થાય; નામનો પણ વશ ન થાય. એની સમક્ષ એવી વાત મૂકનારો માથું ખૂએ એટલે એ કલ્પના જ અશક્ય હતી. રાજા ભીમદેવ કાં રાજા રહે, ને કાં પ્રાણ ખૂએ. ત્રીજી કોઈ વાત એ ન કરે; કદાપિ પણ ન કરે.

'બાકી રહી લડાઈની વાત. પણ એ તો કાં લાંબું બહારવટું ખેડવું પડે, કાં બધાને ભેગા કરવા પડે, અને એ કોઈ દિવસ શક્ય હતું ? એટલે મહારાજને પોતાને પોતાના જ પાટણ ઉપર લડાઈ લઈ જવી પડે તેવી વાત રહેતી હતી.

'પણ હા... એક બીજી વાત હતી,' દામોદરના મનમાં અચાનક એવી નવી જ વાત ઊઠી. તે અત્યંત ઉતાવળે ઘૂમવા મંડ્યો. તેનો વિચિત્ર દેખાતો પડછાયો પણ તેની સાથે જ ઘૂમી રહ્યો હતો. પણ એ કોઈ વસ્તુ તરફ તેનું ધ્યાન ન હતું. એને તો આ નવી વાતનું આકર્ષણ લાગ્યું હતું.

એટલામાં કોઈનો પગરવ કાને આવ્યો. તે ચાલતો અટકી ગયો. 'કોણ ?' તેણે મોટેથી બૂમ પાડી.

'એ તો હું છું પ્રભુ ! હું વરહોજી !'

'કેમ ?'

'જયપાલજી આવ્યા છે !'

'આવ્યા છે ? ક્યાં છે ? જલદી મોકલો !'

થોડી વારમાં જ એક બેઠી દડીનો રૂપાળો પણ મજબૂત માણસ ત્યાં દેખાયો. તેનો ચહેરો ઉગ્ર અને કડક જણાતો હતો. એની આંખમાં રતાશ હતી. સામાને ડારી નાખે એવી સચોટ છાપ એની મુખમુદ્રામાંથી ઊઠતી હતી. તેણે કેડે તલવાર લટકાવી હતી. તે આવીને ઊભો રહ્યો. દામોદર ફરતો અટકી ગયો.

'જયપાલ ! ક્યારે હમણાં આવ્યો ?'

'હા પ્રભુ ! ચાલ્યો આવું છું.'

'તું સ્તમ્ભતીર્થમાં હતો એ તેં કહેવરાવ્યું પણ નહિ ? એ તો સારું થયું કે ગોગદેવ ચૌહાણ મળી ગયા. નહિતર મહારાજ પોતાના જોદ્ધાઓને પોતે શોધવા નીકળે એમ ?'

'ના પ્રભુ ! એમ નથી. સ્તમ્ભતીર્થ હજી હું પહોંચ્યો જ થોડા દી પહેલાં. મારા મનને એમ હતું કે હું પણ કંથકોટ પહોંચું. ત્યાં તો કંથકોટ પડ્યાના ખબર આવ્યા !'

'એમ થયું ? ત્યારે તો બરાબર. ગર્જનક કયે રસ્તે થઈને પાછો જવાનો છે ? સાંભરને રસ્તે શું સંભળાય છે ત્યાં ?'

'પ્રભુ ! એ જવાનો જ નથી !'

'જવાનો જ નથી ? કોણે કહ્યું ?

'પાટણથી આવનારો દરેક સ્તમ્ભતીર્થમાં એ વાત કરે છે. એને ત્યાં હજી મતભેદ છે. સેનાપતિ, સરદારો, વજીરો કેટલાક સામે પડ્યા છે. પણ સુલતાન અહીં રહેવા માગે છે. એને આંહીં પાટણમાં એક લંકા વ્યાપી રાજનો સ્તંભ રોપવો છે ! કહે છે કે કેટલાક સરદારો ને હિદુ સેનાપતિઓ, સુલતાનને રાખવા માગે છે ! પછી તો જે હોય તે.'

'રાખવા માગે છે ? એવા કોણ ?'

'એક તો છે તિલક નામનો !'

'પેલો હજામ છે તે ?'

'હા પ્રભુ ! પણ એ હજામ માત્ર સુલતાનના પગ સંભાળતો નથી. કાન પણ સંભાળે છે. સિપાહસાલાર મસૂદનો તો એ જમણો હાથ છે.'

'અને બીજો ?'
'બીજો સેવંતરાય નામે છે.'
'એ શું કહે છે ?'
'એ પણ એ જ. આંહીં ગુજરાતમાં લંકાનાં મોતી આવશે. દુનિયામાં જોટો ન જડે તેવા ગજરાજો આવશે. છેક લંકા, સુમાત્રા ને જાવાના ધનભંડાર આંહીં ઠલવાશે. આંહીં સમુદ્ર છે, સોનું છે. સુલતાનને આકાશ અડતા સોનાના થાંભલા પળે પળે નજરે પડે છે. એને સોનાનાં, રૂપાનાં, માણેકનાં, નીલમનાં, મોતીનાં, હીરાનાં સ્વપ્નાં આવે છે. એની ધનતૃષ્ણા એને આંહીં રાખશે, પ્રભુ ! મને તો એમ જણાય છે !'
દામોદર વિચાર કરી રહ્યો : ત્યારે તો પોતાને મળેલા સમાચાર સાચા જણાતા હતા.
તે પળ-બે પળ આંખો મીંચી ગયો.
થોડી વાર પછી એણે આંખ ઉઘાડી, ત્યારે એમાંથી એક નવો જ પ્રકાશ આવી રહ્યો હતો. તેણે જયપાલ સામે જોયું. જયપાલને પણ આ ફેરફાર નવાઈ પમાડી રહ્યો. તે કાંઈક પૂછવા જતો હતો ત્યાં દામોદર જ બોલ્યો : 'જયપાલ ! ગર્જનકને આંહીં રહેવું હોય કે ન રહેવું હોય, પણ જે સમય હવે જાય છે, તે કટોકટીનો બનતો જાય છે. તારા ઉપર મહારાજ દુર્લભસેનના ચારે હાથ હતા એમ કહેવાય છે, તે સાચું ?'
જયપાલ વિચાર કરી રહ્યો. તેણે દામોદરની અગાધ ઊંડી નીતિ વિષે થોડું થોડું સાંભળ્યું હતું. આ પ્રશ્ન શા માટે હોઈ શકે એ એ કાંઈ સમજી શક્યો નહિ.
તેણે હાથ જોડ્યા : 'હા પ્રભુ ! મહારાજને મારા માટે પ્રેમ હતો એ ખરું !'
'ત્યારે તારે દુર્લભસેન મહારાજને મળવા જવાનું છે. જશે ના ?'
જયપાલ આભો બની ગયો. તે કાંઈ બોલ્યો નહિ.
'કેમ કાંઈ બોલ્યો નહિ ?'
'પ્રભુ ! હું વિચાર કરી રહ્યો હતો. દુર્લભસેન મહારાજ હવે છે ક્યાં ?'
'કેમ, સાધુ મહારાજ દેવશીલ છે ને ? એ બેઠા શુક્લતીર્થમાં, નર્મદાકિનારે. એમણે ભારે તપશ્ચર્યા આદરી છે. પ્રભાતથી સાંજ સુધી એક જ ધૂન લાગી છે, સાચું ?'
'એ તો સાચું છે, પ્રભુ !'
'ત્યારે એ દેવશીલ સાધુ રાજ સંન્યાસીનું આપણે કામ છે. તારે જવાનું છે. બોલ, તું જશે ?'
'પણ પ્રભુ ! એ તો હવે તદ્દન સાધુરાજ છે. સંન્યાસી જીવન ગાળે છે. હું જાઉં તો મને જયપાલ નામે પણ નહિ ઓળખાવે. દુનિયાની કોઈ જ વાત જાણે એ જાણતા નથી !'
'એ ખરું. પણ આપણે તો એનું જ કામ પડ્યું છે. તું જવાની હા કહે, તો તારે જવાનું છે !'
જયપાલની નવાઈ વધતી ચાલી : 'શું કામ છે, પ્રભુ ?'
'કામ તો ગાંડાભાઈ ! પછી કહેવાશે. હમણાં તો મારી નજર તારા ઉપર છે. તેં કહ્યું, દલૅભસેન મહારાજને તારા ઉપર પ્રીતિ હતી, બોલ જઈશ ?'
'જઈશ પ્રભુ ! પણ દુર્લભસેન મહારાજે જૂનું લેશ પણ નામનિશાન આ સંન્યસ્તમાં રાખ્યું નથી, એ સમજીને જ આપણે જવું રહ્યું. કહે છે કે એ કોઈને ઓળખતા પણ નથી. ઓળખે છે, પણ જાણે જાણતા જ નથી. પાટણને પણ 'સરસતી નદી કા મોટા ડેરા' કહે છે, પાટણ નહિ. એની પાસે જવાથી શું થશે ?'
'થવાનું તો થયા જ કરશે, જયપાલ ! આ દુનિયામાં આપણું ધાર્યું ઘણું થાય છે, ને આપણું ન ધાર્યું પણ ઘણું થાય છે. તું હા કહે તો મારે પછી બીજાને ન કહેવું. બીજો કોઈ મારી નજરમાં આવતો નથી. હું પોતે જાઉં તો છે !'
જયપાલને કાંઈ સમજ પડી નહિ. વધારે બોલવાથી વધારે સમજ પડે તેવું પણ ન હતું. એટલે

તેણે બે હાથ જોડીને માત્ર માથું નમાવ્યું : 'હા પ્રભુ !' એટલું જ એ બોલ્યો.
'મને લાગતું જ હતું કે તું ના નહિ કહે. ઠીક, હવે હમણાં તો તું આરામ લે. કુમારપાલજીને મળ. સામેની બાજુએ ડાબે હાથે વળી જાજે. ત્રીજી ગુફામાં એમની પથારી છે. હું પછી તને બોલાવીશ.'
જયપાલ બે હાથ જોડીને ગયો. પણ સંન્યાસી થઈ બેઠેલા. એટલે સંસારને મનથી મૃત્યુ જ પામેલા, દેવશીલ સાધુ સંન્યાસીરાજને પોતાને શું કરવા મળવા જવાનું હશે, તે વાતની ગડ એને કોઈ રીતે બેસતી ન હતી.

Chapter 6

દામોદરની સલાહ !

ભગવાન સોમનાથના ભગ્ન અવશેષોના સાન્નિધ્યમાં એક મધરાતે આવીને ત્રણ ઘોડેસવારો ઊભા રહ્યા. મંદિરના ભગ્ન પથરાઓ હજી ઠેર ઠેર વીખરાયેલા પડ્યા હતા. નાનકડા દીપો કોઈ કોઈ ઠેકાણે જલતા હતા. પણ તે સિવાય શૂન્યતા જણાતી હતી.
આવનારાઓનો પ્રથમ ઘસારો હવે શાંત થયો જણાતો હતો. થોડા માણસો કોઈ આંહીં ને કોઈ ત્યાં, સમૂહમાં જ્યાં ત્યાં પથારીઓ નાખીને પડી ગયા હતા. તે નિદ્રાધીન હતા. જે વૈભવ, જે સમૃદ્ધિ ને જે છોળ આંહીં દેખાતાં હતાં, તેનો સહસ્ત્રાંશપ ડછાયો પણ, હજી ક્યાંય પ્રગટ થયો ન હતો. બધે જ વિનાશ હતો.
આ ત્રણે ઘોડેસવારો મઠાધિપતિના ધામનો શોધતા જણાતા હતા.
મંદિરની સાથે સાથે આસપાસનાં રહેઠાણોની પણ એવી દુર્દશા થઈ ગઈ હતી કે એક ખંડરથી બીજા ખંડેરને જુદું પાડી શકાય તેવું રહ્યું ન હતું. આ ખંડેરોમાં થઈને ત્રણે સવારો પહેલાં જ્યાં મઠાધિપતિનું ધામ અનુમાનથી હોવાનું લાગતું હતું, તે તરફ ચાલ્યા.
એમને કોઈનો પગરવ કે અવાજ કાંઈ સંભળાયાં નહિ. કેવળ ઘોર અંધકાર ને વિનાશ જ બધે દેખાતાં હતાં. તેમણે એક મોટા ખંડેરની પડી ગયેલી ભીંતોની વચ્ચે કાંઈક પ્રકાશ જોયો.
સૌથી આગળ જતો ઘોડેસવાર ત્યાં અટકી ગયો લાગ્યો. તે કાંઈક ટીકી ટીકીને જોતો હતો.
થોડી વાર પછી તે બોલ્યો : 'દામોદર ! નવાણું વસા તો આ જ લાગે છે.'
'મને પણ એમ જ લાગે છે. મહારાજ ! અવાજ આપું ?'
દામોદર ઘોડા ઉપરથી નીચે ઊતરવાની તૈયારી કરતો હતો, ત્યાં કોઈ એક બાવા જેવો માણસ દેખાયો. તેનો દેખાવ અંધારામાં પણ ભયંકર જણાતો હતો. તેના એક હાથમાં ત્રિશૂળ જેવું કાંઈક હતું. એનું જટાજૂટમંડિત ને રાખ ચોપડેલું કાળું શરીર, ઊંચું, પડછંદ ને મજબૂત હતું. છતાં તેને દેખાવડો પણ કહી શકાય, એવી એની મુખમુદ્રા જણાતી હતી. તે ધીમે પગલે ઘોડેસવારો તરફ આવ્યો.
'કોન હય ?'
'અરે ! આ તો ત્રિનેત્રરાશિજીનો અવાજ છે. રાશિજી ! નમઃ શિવાય !'
'શિવાય નમઃ' રાશિએ કહ્યું, 'કોન મંત્રીજી હય ?'
'હા. મહારાજ આવ્યા છે. વિમલ મંત્રી છે.' દામોદરે જવાબ વાળ્યો. 'અંદર મઠાધિપતિ મહારાજ બિરાજે છે ? મહારાજ દર્શન કરવા આવ્યા છે !'
'અત્યારે ?'
'સમો એવો છે ને રાશિજી ! ખબર તો આપો.'
ત્રિનેત્રરાશિ નવાઈ પામતો અંદર ગયો. મહારાજ ખુદ પોતે અત્યારે આવે, ત્યારે એ ઘણું જ મહત્વનું કામ હોવું જોઈએ, એટલું સમજવા જેટલી શક્તિ સદ્‌ભાગ્યે આનામાં હતી. બીજો કોઈ હોત તો ચીપિયો ખખડાવીને ઊભો રહેત.

ત્રણે જણ ત્યાં ત્રિનેત્રના આવવાની રાહ જોતા ઊભા રહ્યા. મહારાજ ભીમદેવનું મન આંહીં આવવામાં કોઈ રીતે સંમત હોય તેમ જણાતું ન હતું. થોડી વાર થઈને બોલ્યા :
'દામોદર ! આપણે આંહીં આવ્યા. પણ આ ધામને આવું જોઈને લાગી આવે છે, મનમાં અગન ઊઠે છે. આપણા જ કોઈક પાપે આ થયું હોવું જોઈએ. બાપુને અને દાદાજીને પણ, આપણે જ પરાણે ભેખ નહોતો પહેરાવ્યો ? એનું આ પરિણામ છે ! અને ત્યાં તું આ નવો અધરમ લઈને આવ્યો છે. એ અધરમ હવે સિહાસન ટાળશે. મંદિર ટળ્યું; હવે, સિહાસન. દુનિયામાં ક્યાંય ભેખ ઉતારનારો કે ઉતરાવનારો સુખી થયો સાંભળ્યો છે ? કોઈ નહિ ને પિનાકપાણિ સમા સાક્ષાત્ ભગવાન સોમનાથના મઠાધિપતિ મહારાજ પોતે તને આ તારી અધરમની વાતમાં હા ભણશે એમ ? તો તો જાણવું કે હવે કળજગ ચારેપાયે બેસી ગયો છે ! તને શું લાગે છે, વિમળ ?'
'મેં તો મહારાજ ! પહેલેથી જ આ વાતમાં ના ભણી હતી. આ તો આંધળાનો ઘા પાંસર્યોં પડે એવી વાત છે !'
'કોણે કહ્યું એવી વાત છે ? એવી વાત નથી, વિમલ ! સૌ સમજે તેવી વાત છે. સુલતાનનું ખરું રાજ તો ગિજનીમાં છે, આંહીં નથી. આંહીં એને સ્થાપવું છે. પણ ત્યાં તેના અસંખ્ય દુશ્મનો પડ્યા હશે. એ બધાને પૂરા જેર કર્યાં વિના આંહીં કેટલો વખત એ રહી શકે ? રહીને શું કરે ? ત્યાં કોણ સાચવે ?'
'પણ તો તો પછી આ અધરમનું પગલું લેવું શા માટે ? સોલંકીઓમાં કોઈએ ભેખ ઉતાર્યોં છે કે દુર્લભસેન મહારાજ ભેખ ઉતારે ? અને તે કેવળ આવી એક અનુમાનની રાજનીતિ ઉપર ?'
'આ અનુમાન નથી, હકીકત છે. ગર્જનકને આંહીં કોઈ એક એવો જોઈએ છે કે જે, એને ખંડણી ભરવાનું કબૂલ કરે. જે એની સતા સ્વીકારે. જે એનો નામનો પણ તાબેદાર થઈને રહે. એણે અત્યાર સુધી બધે જ એમ કર્યું છે. આંહીં પણ એ એમ જ કરે. એની આવડી લાંબી વિજય ચડાઈનો એણે પૂરો લાભ તો મેળવ્યો કહેવાય. ગર્જનકે જે મેળવ્યું છે તે એ ખોવા માગતો નથી. બને તો એવું જ ફરી મેળવવા માગે છે. આંહીંનું સોનું એની કલ્પનાને પણ થંભવી દે તેવું છે. બસો મણ સોનાની ઘંટા એણે બાપદાદે પણ જોઈ ન હોય ! એટલે સમજાય તેવું છે કે, આંહીં એને પોતાની કોઈ ને કોઈ વાત પાછળ લટકાવી રાખવી છે. તો જ એ ખસે. આનંદપાલ મહારાજ પચાસ હાથી મોકલતા. બે હજાર ઘોડેસવાર મોકલાવતા. કલંજરે ત્રણસો હાથી આપ્યા હતા. કાં આપણે એ નાકલીટી સ્વીકારવી રહી, કાં કાંઈ જુક્તિ કરવી રહી. બીજા કોઈ જો એ સ્વીકારે, તો સુલતાનને શંકા ન પડે તેવો કોઈ સંબંધી હોવો જોઈએ, રાજવંશી હોવો જોઈએ, મહારાજ સાથે લોહી-સંબંધે જોડાયેલો હોવો જોઈએ; લોકમત પ્રમાણે રાજનો માલિક હોઈ શકે તેવો હોવો જોઈએ. મહારાજ દુર્લભસેન સિવાય બીજો કોઈ એવો તારા ધ્યાનમાં છે ? તો આપણે એને પકડીએ. ચાવડા વંશનો હોય તો પણ ચાલે !'
'મારા ધ્યાનમાં કોઈ નથી. કોઈ કચ્છમંડલમાં હોય તો !'
'આપણે માટે સીધો રસ્તો આ છે, દામોદર !' મહારાજ ભીમદેવે કહ્યું, 'આપણે સેન ભેગું કરવું રહ્યું. સુલતાન ખસે કે ન ખસે, એક વખત ફરીને ત્રાટકવું રહ્યું. પરિણામ ભગવાન શંકર જે આપે તે. ખરો રસ્તો એ છે !'
દામોદરે માથું ધુણાવ્યું : 'મહારાજ ! એ રસ્તો હવે હમણાંનો નથી. ગર્જનક આંહીં સ્થિર થાય પછી એ કદાપિ પણ ન ઊખડે ! આપણી આસપાસ ચારે તરફ આપણા સીમાડા પીંખનારા ઊભા છે. આપણી મદદે કોણ ?'
'તો પછી ગોગદેવની વાત કરીએ. કાં તો સૌ ભેગા થાય છે. એ સાંભળીને જ એ બીજે રસ્તે થઈને ભાગે છે !'

'એ ભાગશે નહિ, મહારાજ ! એ લડશે નહિ. એ રાહ જોતો પડ્યો રહેશે. તમારામાં કોઈ ને કોઈ કલહ જાગશે, ત્યારે એ ત્રાટકશે. જે નસીબ જયપાલનું થયું, આનંદપાલનું થયું, ત્રિલોચનપાલનું થયું, કનોજના રાજ્યપાલનું થયું, તે જ સાંભરનું થશે. ગોગદેવ ચૌહાણની વાત ન સાંભળી ? સુરત્રાણ સમજે કે, આ રાજાઓ બહાદુર છે, પણ એકલા હોય ત્યારે. એ નબળામાં નબળાં છે, ભેગા થાય ત્યારે. ભેગા થઈને મહારાજ, કોઈ જ કાંઈ મેળવવાના નથી. માલવા, સાંભર, અર્બુદપતિ, લાટપતિ, બધા ભેગા થઈને આપણી મદદે દોડવાનો વિચાર કેમ કરતા નહિ હોય ? કારણ કે દરેકને પોતાના ધજાગરાની પડી છે. ગર્જનક આ સમજે છે. પણ એક નાનકડું સેન લઈને આપણે વિમલનો આબુ તરફ મુકામ નખાવવો. એથી બંને હેતુ સચવાય; સુલતાનને થાય કે પાટણ પણ ત્યાં ભળવાનું છે. ચૌહાણને થાય કે ના, આવવાના તો લાગે છે. એટલામાં સુલતાનને સિંધનો રસ્તો લેવાનું સૂઝે... નહિતર એ બધા ભેગા થઈને, સુલતાનને તો ડારતા ડારશે, પણ તે પહેલાં આપણા જ સીમાડા પીંખવા માટે આવશે.'
'સુલતાન એક હજાર રસ્તા જાણે છે, દામોદર !'
'તે તો જાણે જ. એ મહાવિચક્ષણ, જમાનો ઘોળી પીધેલો માણસ છે. પણ એ તો થઈ રહેશે. એનો પણ...'
ત્રિનેત્રરાશિ આવતો લાગ્યો. તે શિવજાપ જપતો આવી રહ્યો હતો. તેણે મોટેથી કહ્યું : 'મંત્રીરાજ...'
ત્રણે જણા તરત નીચે ઊતરી પડ્યા. ત્યાં જ ઘોડાં છુટ્ટાં રહેવા દઈને મઠાધિપતિને મળવા આગળ ચાલ્યા.

Chapter 7

સોમનાથનો મઠાધિપતિ

ત્રિનેત્રરાશિ તેમને અંદર લઈ ગયો. મઠાધિપતિનું રહેઠાણ ખંડેર બની ગયું હતું. થોડાંક ભીંતડાં પડવાની રાહ જોતાં ઊભાં હતાં. બધે ખેદાનમેદાન થઈ ગયું હતું. ઠેકાણે ઠેકાણે ધન ખોદી કાઢવા માટે ખાડા પાડેલા હતા. હજી તે પૂર્યાં વિનાના એમ ને એમ પડ્યા હતા.
એક ખૂણામાં એક નાનકડો દીપ જલતો હતો.
ભગવાન સોમનાથના મઠાધિપતિની આ દશા જોઈને મહારાજા ભીમદેવની આંખમાં રોષ ભભૂકી ઊઠ્યો. તેના હાથ હથિયાર લેવા અધીરા થઈ ગયા. તેણે મોટેથી કહ્યું : 'દામોદર ! આપણે ભગવાનનાં દર્શન કરવાં છે, બીજી કાંઈ વાત કરવી નથી મારે !'
દામોદર મહારાજના વલણથી આભો બની ગયો. 'અરે ! પણ મહારાજ ! હજારો પરાજયોને સહન કરવાનું બળ, આપણને ભગવાન સોમનાથ આપનારો છે. તમે જુઓ તો ખરા, મઠાધિરાજ ત્રિલોકરાશિ બધું જાણે છે. એ ત્રિકાલજ્ઞ છે. એનાથી કાંઈ અજાણ્યું રહેવાનું છે ? આપણે જુઓ તો ખરા, વાત મૂકવાનો નિશ્ચય કરીને ત્યાંથી નીકળ્યા, આંહીં આવ્યા, આખી યોજના હું મારી નજર સમક્ષ જોઈ રહ્યો છું, એક મહાન વિજય મેળવીને, મહારાજને આંહીં કનકમંદિર ઊભું કરતા હું નિહાળું છું. અને રહી રહીને થોડા માટે, આપણે આપણી જાતને આવો એક ઘા સહન ન કરી શકે તેવી અશક્ત બનાવવી એમ ? મહારાજ ! તમામ ક્ષત્રિયો હારે છે, કારણ કે એ વિજયને સહી શકે છે, પણ પરાજયને સહી શકતા નથી. આપણે પરાજય સહેવો છે, બહાદુરીથી સહેવો છે. અને બતાવવું છે કે ગુજરાતમાં તો મૂલરાજ મહારાજ, પરાજય, કંથકોટ અને વિજય એમ ચાલ્યું જ આવે છે !'
'મહારાજ ! આપણે નીચે ભોંયખંડમાં જઈએ છીએ હો ! આ પગથિયાં સંભાળવા જેવાં થઈ ગયાં છે. નીચેના સ્તમ્ભમાંથી રત્નો ઉખેડવા જતાં મ્લેચ્છોએ આંહીં પણ વિનાશ વેર્યો છે !' ત્રિનેત્રે કહ્યું.

પગથિયાંના આરસ ઉખાડીને અહીંતહીં ફેંકી દીધેલા દેખાતા હતા. મહારાજ ભીમદેવ ત્રિનેત્રની પછવાડે જ હતા. પણ દામોદર જોઈ રહ્યો હતો કે, મહારાજનો હાથ વારંવાર તલવાર ઉપર જ પડે છે. રણમાંથી પાછું હઠવું પડ્યું, તે હવે મૃત્યુ માટે જ છે એ વિચાર ભીમદેવ મહારાજના મનમાંથી હજી નીકળતો ન હતો. દામોદર બોલ્યા વિના મહારાજની પાછળ ચાલતો હતો. એને દામોદરની આ યોજના રુચી ન હતી. દામોદર મહેતાને ઘણી વખત એણે ફાવી જતો જોયો હતો. પણ આ એમને અધર્મ જણાતો હતો.
અંદરના ખંડમાં દીપિકાઓ જલી રહી હતી. એના પ્રકાશમાં સ્તમ્ભની રહી સહી રત્નકણિકાઓ મોહક તેજ વરસાવતી હતી. ત્યાં ચારે તરફ નૃત્યાંગનાઓની અનેક મુદ્રાઓ શિલ્પમાં અમર બનીને સ્થિર થઈ ગઈ હતી.
ત્યાં વચ્ચોવચ એક ઊંચા સિહાસન જેવા આસન માથે વ્યાઘ્રાંબર ઉપર, એક કોઈ જોગીરાજ જેવા બેઠા હતા. તેમની મુખમુદ્રા તેજસ્વી, પ્રતાપી જણાતી હતી. સેંકડો વર્ષોને જાણે એ ઘોળીને પી ગયા હતા. કાલનો કોઈ હિસાબ ન હોય તેમ બેઠેલી તેની મૂતિને જોતાં જ, મહારાજ ભીમદેવનું માથું ભક્તિથી નમી પડ્યું.
'નમઃ શિવાય, ગુરુજી !'
'શિવાય નમઃ' મઠાધિપતિ ત્રિલોકરાશિએ એક હાથ ઊંચો કરીને મહારાજને આશીર્વાદ આપ્યો. 'મંત્રીજી ભી સાથ મેં આયે ! ઓર વિમલ ભી હય... સબ એક સાથ મેં ? આઓ;-આઓ, ઈધર આસન લગાઓ. ક્યું ભીમદેવ ! તુમ બડે નસીબદાર આદમી, વત્સ ! ભગવાન કા ભવ્ય રૂપ દેખા, ભયંકર ભી દેખા, ઓર ખંડેરરૂપ, વિનાશ ભી દેખા. ભગવાન કે યે તીનોં રૂપ મહાભાગ્યશાલી કું મિલતે હૈં...'
અને મઠાધિપતિ ત્રિલોકરાશિ કોઈ નિર્દોષ બાળક સમું સ્વચ્છ હાસ્ય હસી રહ્યા.
'ભગવાન ! પણ આ વાતનો અંત હવે આવશે ? કે નહિ આવે ?' દામોદરે બે હાથ જોડીને પૂછ્યું.
'દેખો મંત્રીસર, યે દુનિયા મેં કોઈ બાત એસી નહિ, જિસકા આરંભ હોતે, ઓર અંત નહિ હોતે. જિસકા આરંભ હોતે, ઈસકા અંત ભી હોતે. ઈસકા ભી અંત આયેગા. ક્યું નહિ આયેગા ?'
'પણ ક્યારે ?'
'દામોદર ! ભગવાન પિનાકપણિ સર્વકાલજ્ઞ છે. એને ઠીક પડશે ત્યારે એ આંહીં કનકનું મંદિર ઊભું કરશે. એને ઠીક પડશે ત્યારે ખંડેરમાં બેસશે. એને શું છે ? એને કોણ પહોંચ્યું છે તે ગર્જનક પહોંચશે ?'
'પણ અમારાં શસ્ત્રો બૂઠાં પડ્યાં, ગુરુદેવ ! એનું શું ? અમે નિરર્થક લડ્યા તેનું શું ? અમારા દેખતાં અમારાં માથામાં મારીને ગર્જનક ભગવાનને ઉઠાવી ગયો, ભગવાનને લૂંટી ગયો, પરાજયનું કલંક અમને આપી ગયો, મરણની મજા બગાડી ગયો, કાળી ટીલી કરી ગયો. સોલંકીના સિહાસન ઉપર એક હું એવો કમભાગી આવ્યો...'
'જો દેખ, ભીમદેવ ! વત્સ ! ભગવાનને ઉપાડવાની વાત કરનારો મૂર્ખ છે. ભગવાન મેં ઉપાડ્યા એમ માનનારો એનાથી પણ વધારે મૂર્ખ છે. આંહીં બધે જ ભગવાન શંકર વસે છે. આવતી કાલે આંહીં લોકો ઊભરાશે, અને ભગવાન આવશે. આંહીં કનકનું મંદિર થશે, આંહીં ખંડેર પણ થશે. જય, વિજય કે પરાજય કોઈ ગર્જનકને નામે આવતો નથી. કોઈ ભીમદેવને નામે ચડતો નથી. આ તો બધી રમત છે. તમે તમારો પાસો બરાબર નાખો ને ! એ સફળ થાય, તો એની એમ ઇચ્છા હતી. એ અફળ થાય તો ભગવાનને એ પ્રિય હતું. જેની ઇચ્છા વિના તરણું પણ ચાલતું નથી તેને સાચવનારા તમે કોણ ? અને એને ઉપાડી જનારો પણ કોણ ? અને પૂતળાની કમ કેટલી દીની ? ભગવાન તો, રાજા ભીમદેવ ! એ માણસ ખૂએ છે, જે હિમત

ખૂએ છે ! તમે તૈયાર થાઓ, કેડ બાંધો. ભગવાન પિનાકપાણિની ઇચ્છા છે. ગર્જનકને પાટણમાંથી હાંકી કાઢો.'
દામોદરને જે હવા જોઈતી હતી તે આવી ગઈ લાગી. તે તરત જ બોલી ઊઠ્યો : 'ગુરુજી ! અમે આપની આજ્ઞા લેવા માટે જ આવ્યા છીએ. આશા આપો. અમે ગર્જનકને હાંકી કાઢવા માગીએ છીએ !'
'હાંકી કાઢવા માગીએ છીએ શું ? હાંકી કાઢો !'
'ગર્જનકને ભાગવું તો છે, ગુરુજી ! પણ જે રસ્તે આવ્યો તે રસ્તો હવે એના કામનો નથી રહ્યો !'
'તો બીજો રસ્તો તમે બતાવો !'
દામોદરના અંતરમાં આનંદ આનંદ થઈ ગયો ! મઠાધિપતિ ત્રિલોકરાશિ જેવાના દિલમાં પણ ભગવાન પિનાકપાણિએ જ પોતાની વાત ઉગાડી હોવી જોઈએ.
પણ ભીમદેવે બે હાથ જોડ્યા : 'ગુરુજી ! અમે તમારા આશીર્વાદ માગવા માટે જ આવ્યા છીએ. તમે આશીર્વાદ આપો. આંહીંથી જૂનાગઢના રા'નવઘણજી પણ મારી સાથે આવવાના છે. અમો બોલાવ્યા છે. કુમારપાલજી છે, જયપાલ આવ્યો છે. વિમલ છે. અમે સૌ અર્બુદાચલને માર્ગે, ગર્જનકને રોકવા માટે ઊપડીએ છીએ. આશીર્વાદ આપો કે કાં ત્યાં ડોક ઉપરથી અમારાં માથાં પડે. કાં ડોકમાં વિજયની માળા પડે ! ત્રીજો કોઈ માર્ગ અમારે માટે હવે ન હો !'
મઠાધિપતિ ત્રિલોકરાશિ પોતાનું શિશુના જેવું સ્વચ્છ હાસ્ય હસી રહ્યા. ધીમેથી દૃઢ અવાજે બોલ્યા : 'ગર્જનક હવે એ માર્ગ નહિ લે. રસ્તામાં એને અનેકોનો સામનો કરવો પડે એવો ઘેલો નથી, પણ ભીમદેવ ! વત્સ ! ગર્જનકને હવે તમે માર્ગ બતાવો, તમે. મંત્રીજી ! રુદ્રાક્ષમાળા એકલી જ મારા ભગવાન સોમનાથને વહાલી નથી ! એને તો અનેક રૂપ વહાલાં છે. બધાં જ રૂપ એનાં. મારો ભગવાન હાથમાં ખોપરી રાખે. હસતી ખોપરી. રોતી ખોપરી તો બધા રાખે. આ તો હસતી. એ કાપાલિક છે. એ મુંડમાળા ધારે. એ ફણીધરોને સંઘરે. એ ઝેર પી જાય. એ રાખોડી ચોળે. અનેક કનકમંદિરોની રાખોડી એ ચોળે. એની પાસે કાલનાદ બજંત ડમરુ વાગે. નારીને મોહમાં નાખે એવાં કંકણ પણ એની પાસે. એની પાસે શું છે ને શું નથી ?
'મંત્રીજી ! એ પશુપતિનાથ અત્યારે માગે છે કે મારાં બધાં રૂપને સમજો. હું શિવ છું. શંકર છું. તાંડવ છું. ભૈરવ પણ છું. ભયાનક અંધકારભર્યો કાળરૂપ અગ્નિ પણ હું છું. એનું એવું કોઈ રૂપ તમને દેખા દો, મંત્રીજી ! એવું કોઈ રૂપ ઉપાડો. ખડ્ગ, ખડ્ગધારીઓ માટે હોય. એમની સામે એ શોભે. રા'ને પૂછો. રા' જવાબ વાળશે. તેની પાસે સંઘના માર્ગના જાણનારા જેવા તેવા પડ્યા નથી. ભીમદેવ ! વત્સ ! ભયાનક, કાળા અંધકારના સ્વામી ભૈરવરૂપનું બેટા ! ધ્યાન ધર... એ તને તારશે, તને એ ઉગારશે... ભગવાન શંકરને જવા દે.'
દામોદર તો ત્રિલોકરાશિના આજના આ રૂપને અવાક્પણે નિહાળી જ રહ્યો.
મઠાધિપતિ પણ શું હતા ને શું ન હતા ? એ હસતા હતા ત્યારે જાણે, નિર્દોષ શિશુની સ્વચ્છતા એમાં દેખાતી હતી; બોલતા હતા ત્યારે જાણે. ભગવાન શંકરની માયા ઊભી થતી હતી. અને હમણાં આજ્ઞા આપતા હતા ત્યારે જાણે, કાલખંજરી-બજંત ભગવાન રુદ્રના ડમરુનો ભૈરવી નાદ ઊઠતો હતો.
દામોદર સમજી ગયો. પોતે જે કામ માટે આવ્યો હતો તે કામમાં મઠાધિપતિ ત્રિલોકરાશિજીની સહાયતા મળવાની જ હતી. તેણે ધીમેથી કહ્યું : 'ગુરુજી ! ગર્જનકને થોડો વખત, એક એવો રાજા જોઈએ છે, જે રાજા હોય, પણ રાજા ન હોય ! એ ક્યાં મળે ?'
ગુરુજી બોલ્યા વિના આંખો મીંચી ગયા. તેમણે થોડી વાર પછી આંખો ઉઘાડી. તે દામોદર

સામે જોઈ રહ્યા. 'વત્સ !' તે મીઠા દૃઢ નિશ્ચયાત્મક અવાજે બોલ્યા, 'જા, તારું કામ ફતેહ કર. તું રાજા દુર્લભસેનને ભગવાં તજાવવાની રજા લેવા માટે આવ્યો છે નાં ?'
વિમલ, ભીમદેવ, દામોદર ત્રણે ગુરુજીના શબ્દો સાંભળતાં ચોંકી ઊઠ્યા. તેમણે ગુરુજીની ત્રિકાલ શક્તિ વિષે સાંભળ્યું હતું. અત્યારે એ પ્રત્યક્ષ અનુભવ્યું. રાજા ભીમદેવ બે હાથ જોડીને ગુરુને નમી પડ્યો : 'ગુરુજી ! અમારે હાથે એવો અધર્મ ન થાય, તેવો આશીર્વાદ આપો !'
ગુરુ ત્રિલોકરાશિ વળી એમનું પેલું મુક્ત, નિર્દોષ, શુદ્ધ, સ્વચ્છ શિશુના જેવું હાસ્ય હસી રહ્યા. એ હાસ્ય સાંભળતાં માણસના મનમાંથી જાણે અનેક અજ્ઞાત પડો એની મેળે સરી જતાં જણાય.
તે હસીને બોલ્યા : 'ભીમદેવ ! કોઈ અધરમકી બાત નહિ હય. જે લોગ આહ્‌વાન મોકલતે, લડાઈ કે કારણ શોધતે, ઉસકા સામના કે લિયે સામગ્રી ભી ઐસી ચાહીયે. દુર્લભસેન રાજકુ હમેરે નામ સેં બોલો, ભગવે વેશ છોડ દો. ભગવાન કાપાલિક ડમરુબજંત ભૈરવ રૂપકી આજ્ઞા હુઈ જય. તુમેરી સાથ મેરા સંદેશા ભેજનેકે લિયે મૈં અઘોરરાશિકુ ભેજતા હું. અરે ! ત્રિનેત્રરાશિ ! અઘોર કિધર હૈ ? ઉસકુ બોલાઓ.'

Chapter 8

ગર્જનકની છાવણી તરફ !

ભીમદેવ તો જન્મથી જ લડાઈનો દેવ હતો. તેણે આંહીં આવતાં પહેલાં દામોદરને સ્પષ્ટ કહ્યું હતું: 'તારી આ વાત મને ગમતી નથી. મને તો ફરીને જુદ્ધ કરીને ફના થવું ગમે. પછી ભલે એ જુદ્ધ રેતીના રણમાં કરવાનું હોય !'
દામોદરે હાથ જોડીને જવાબ વાળ્યો હતો : 'મહારાજ, એ વખત પણ આવશે. કેમ નહિ આવે ? આપણે સામે મોંએ અનેક લડાઈઓ આપવાની હશે. પણ અત્યારે એ સમો નથી. યુદ્ધવીર ક્યારેક જીતે છે, પણ મહારાજ ! સમયવીર તો કોઈ દિવસ હારતો નથી. આપણે અત્યારે સમયવીર થયા વિના છૂટકો નથી.'
પણ જ્યારે સોમનાથના મઠપતિની આજ્ઞા આવી ત્યારે હવે રાજાને માટે એ વેદઆજ્ઞા સમાન હતી. રાજાને ગુરુના શબ્દોમાં બહુ ગમ ન પડી. પણ ત્રિલોકરાશિનો પ્રભાવ એણે ઘણી વખત અનુભવ્યો હતો : એણે જ ચામુંડરાજ સામે થવાની જરૂરિયાત ભાખી હતી. એણે જ આજે આ આજ્ઞા આપી હતી. ગુરુની આજ્ઞા મળતાં રાજાની શંકા નષ્ટ થઈ ગઈ. પણ બે પળ એ ગુરુના શબ્દો સમજવા મથતો હોય તેમ આંખ મીંચી ગયો. રાજા ભીમદેવે પોતાની સમક્ષ કંચનનું એક મહાન શિવાલય ઊભું થતું જોયું, તેની આકાશગામી ગેરવી ધજાઓ હવામાં ફરફર ઊડી રહી હતી. તે આભો બનીને જોઈ જ રહ્યો. એટલામાં ત્રિલોકરાશિનો પોતાના તરફનો એક વિશિષ્ટ પ્રેમથી ભરેલો દૃઢ આગ્રહી અવાજ એને કાને પડ્યો. એ શબ્દોમાં ઉત્સાહનું મોજું હતું : 'વત્સ ! ભીમદેવ...
'હું જોઈ રહ્યો છું કે ભગવાન સોમનાથનું એક મહાન મંદિર તારે હાથે જ આંહીં ઊભું થવાનું છે. ગર્જનક પાછો કોઈ દિવસ આ દિશામાં નજર પણ ન માંડે, તેવો ભયંકર વિનાશ એના રસ્તામાં વેરવા માટે તમે તૈયાર થઈ જાઓ. તો જ એ બને. નહિતર તો એ આ વર્ષે, આવતે વર્ષે, ગમે ત્યારે પાછો આવશે. બધાં જ ભીષણ રૂપો ભગવાન રુદ્રનાં છે. બધી જ સંહારલીલા એને મંજૂર છે. એ માનવીને જાણે છે. માનવીના સાધનને જાણે છે. એના હેતુને જાણે છે. મહાકાલ ભગવાનના ભૈરવી રૂપનો ગાઢ અંધકારમાં જે પ્રેમથી જાપ કરે છે. તેને વિજય વરે છે. વિજય તમારો હશે, જાઓ, ફતેહ કરો. અઘોરસશિને જ્યારે બોલાવશો ત્યારે એ આજ્ઞાપત્ર લઈને ત્યાં આવશે. મહારાજ દુર્લભસેનને, સંન્યાસ ત્યાગની, ભગવાન સોમનાથ પોતે આજ્ઞા આપે છે. વત્સ ! તારી બધી જ યોજનાઓ સફળ હો ! ફરીને ઉત્સાહથી કેડ બાંધો. પણ રહો, હું તમને

આંહીં જ બતાવું, અજિત રહેનારાઓ કેમ અજિત રહે છે. અઘોરરાશિ ! એક નાનકડી મશાલ લે, ચાલ આગળ થા. ચાલો, આપણે સૌ ચાલો.'
મઠપતિ ત્રિલોકરાશિ આગળ ને રાજા ભીમદેવ ને બધા પાછળ એમ તેઓ બહાર નીકળ્યા.
અઘોરરાશિએ પૂછ્યું : 'ગુરુજી ! ક્યાં જવું છે ?'
'ચાલ, ત્યાં ચાલ, કૈલાસનાં દર્શન !' કોઈ કાંઈ સમજ્યું લાગ્યું નહિ.
બધા નવાઈ પામતા આગળ ચાલ્યા. સોમનાથનાં અનેક ભગ્ન ખંડેરોમાં થઈને રસ્તો ખેતરો તરફ વળ્યો. સામે એક મોટું વડનું ઝાડ હતું. અઘોરરાશિના ફણ તે તરફ વળ્યા.
ગુરુ ત્રિલોકરાશિ ત્યાં જઈને થોભી ગયા. મહાન વડની નીચે એક ગજરાજ ઊભેલો સૌની દૃષ્ટિએ પડ્યો. મોટા ડુંગર જેવો એ જણાતો હતો. તેની વિશાળ ઉત્તુંગ કદાવર કાયા પાસે પેલા વડનું વૃક્ષ પણ જાણે, ઉપર નાનકડો છોડવો ઊભો હોય તેવું બની ગયું હતું. ગુરુજીએ પાસે જઈને તેની સૂંઢ ઉપર કોમલતાથી જરાક હાથ ફેરવ્યો, મોટેથી કહ્યું : 'કયું કૈલાસ ! આજ તો રાજા ભીમદેવ દેખને કે લિયે આયા હય.' એટલામાં પાછળ સૂતેલો મહાવત આવી ચડ્યો. તે બે હાથ જોડી પ્રણામ કરતો ઊભો રહ્યો.
આ ગજરાજની પાસે શું કરવા ગુરુજી આવ્યા છે, તેની કોઈને કાંઈ સમજણ પડી નહિ. પણ રાજા ભીમદેવ આશ્ચર્યથી ગજરાજને જોઈ રહ્યો હતો. આવડો ઉત્તુંગ ભવ્ય ગજરાજ એના હાથીસેનમાં પણ કોઈ ન હતો. તેણે વિમલને કહ્યું : 'વિમલ ! આ તો કોઈ અદ્‌ભુત જણાય છે !'
'લંકાનો લાગે છે પ્રભુ !' વિમલે કહ્યું, 'પણ આવો મહાભાગ્યવાન શ્વેત હાથી ભાગ્યે જ ક્યાંય જોવા મળે છે !'
'સાચું આપણા લંકેશ્વરે મોકલ્યો છે.' ત્રિલોકરાશિએ કહ્યું, 'પણ એ મહાન ગજરાજની ભવ્યતા એની પોતાની છે. સોમનાથ ભગવાનના જે કાંઈ પાંચ-પચીસ હાથી હતા. તે બધા અમે આઘાપાછા તો કરી નાખ્યા હતા. છતાં જે રહ્યા, તેમને ગર્જનક સરદાર લઈ ગયો. એ તો ઠીક. આ ગજરાજને લઈ જવા માટે એણે આકાશપાતાળ એક કર્યાં. પણ એ ન ખસ્યો. એટલું જ નહિ, તમામ ગજરાજોએ સૂંઢ ઊંચી કરીને, મહાવતોના કહેવા પ્રમાણે, ગર્જનકને સલામી આપી. આ એક જ ગજરાજ એવો નીકળ્યો - ન જેની સૂંઢ ઊંચી થઈ, ન જેણે સુલતાન તરફ કોઈ પ્રકારનું માન બતાવ્યું.* જાણે સુલતાન કે કોઈ સામે ઊભા જ ન હોય, તેમ એ પોતાના ગર્વમાં પોતે મસ્ત રહ્યો. અમારો આ એ અજિત કૈલાસ ગજરાજ છે. મહાવ્રતને કહે અઘોરરાશિ !.... અથવા જવા દે...' ત્રિલોકરાશિને તરત સાંભર્યું કે મહાવ્રતનું નામ નાહકનું લેવાતું હતું.
પણ એટલામાં તો કૈલાસે પોતાની સૂંઢ ઊંચી કરી મહારાજ ભીમદેવ ઊભા હતા તે તરફ ફરીને જાણે એક માનભરી દૃષ્ટિ નાખી. ને સૂંઢ નીચી નમાવતાં પ્રેમભર્યું નમન કર્યું.
રાજા ભીમદેવ તો એ જોઈ જ રહ્યો, ગજરાજના ગૌરવની એના ઉપર ઊંડી અસર થઈ ગઈ. તે રહી શક્યો નહિ. તરત કૈલાસની પાસે ગયો. તેની

----

* શાહબુદ્દીન ગોરીના સમયમાં એક ગજરાજના સંબંધમાં આ બન્યું હતું. રાઈ રાઈ જેવડા કકડા કરી નાખે તો ભલે, પણ એ નમવા માટે તૈયાર ન થયો તે ન જ થયો. એના એ વલણની ઇતિહાસકારોએ નોંધ લીધી છે.
સૂંઢ ઉપર પ્રેમભર્યો હાથ ફેરવ્યો. પળ બે પળ અજિત ગજરાજની સામે રાજા જોઈ રહ્યો. એ જાણે કોઈ પણ ક્ષણે પોતાના માનભંગને સહેવા કરતાં રાઈ રાઈ જેવડા ટુકાડમાં રફેદફે થઈ જવા તૈયાર ઊભો હોય તેમ અડગ, દૃઢ નિશ્ચયી સ્થિરતાથી ત્યાં ગૌરવમાં ઊભો હતો.

ગજરાજને થોડી વાર બધા નિહાળી જ રહ્યા. પણ હવે એમણે નીકળી જવું જોઈએ. એટલે ત્યાંથી જ એ ધીમે ધીમે પોતાનાં ઘોડાં તરફ ગયા. ગુરુજીને સૌ હાથ જોડીને નમ્યા. એક ક્ષણમાં એ પાછા ખંડેરોમાં થઈને પોતાને રસ્તે પડી ગયા.

રસ્તે ચાલતાં દામોદરને લાગ્યું કે ખરી મુશ્કેલી હવે જ ઊભી થવાની હતી. ગુરુદેવો તો અઘોરરાશિને ગમે ત્યારે મોકલવા કહ્યું હતું. પણ એની સાથે કોણ જાય ? જયપાલ હતો. ને એને જ મોકલવાની દામોદરે તૈયારી પણ રાખી હતી. પણ ગર્જનકની છાવણીના સમાચાર પહેલાં મેળવી લઈને, પછી જ આગળ વધાય તેવું હતું. વળી ગર્જનકને સાંભરનો રસ્તો વધારે વિકટ ને મુશ્કેલ જણાય એવા આડકતરા સમાચાર મળતા રહે તો જ એ બીજે માર્ગે વળે તેમ હતું. નહિતર જાણીતો રસ્તો છોડવાનું સાહસ એ કરે જ નહિ. એટલે થોડા વખત પછી રા'ને જેટલું બને તેટલું સૈન્ય ભેગું કરવા કહેવરાવી દીધું. રા'ના સમાચાર આવ્યા હતા. તે જૂનાગઢના અજિત કિલ્લામાં હવે આવી પહોંચ્યો હતો. ત્યાં આસપાસથી સૈનિકો ભેગા થવા મંડ્યા હતા. વિમલ મંત્રી એક દળ લઈને નળકાંઠા સોંસરવો થઈ અર્બુદાચલ ભણી પ્રયાણ કરે એવી યોજના ઘડાઈ. એ સમાચાર સુલતાનને મળવાના. સુલતાનને ખાતરી થાય કે અર્બુદ મંડળ જાગે છે અને ભીમદેવ પણ ત્યાં જ સૈન્ય રાખીને પડ્યો જણાય છે. છૂટાછવાયા કેટલાક માણસોને પાટણ તરફ પણ આંતરે આંતરે દામોદરે રવાના કર્યાં હતા. આવી આવી વાતને એ ફેલાવતા રહે, ને વધારે પ્રગટ કરતા રહે, એટલું જ એમનું કામ હતું. દામોદરને ખબર હતી કે ગર્જનકના સૈન્યમાં હિંદુઓ પણ કાંઈ ઓછા ન હતા. એક જબરજસ્ત ઘોડેસવારી દળ તો સેનાપતિ સેવતંરાય સાચવતો હતો. એ કોઈ રાયના કુલનો હતો. એ દળ ઉપર સુલતાનને જેવો તેવો વિશ્વાસ ન હતો. કેટલીક વખત તો દ્વારપાલો તરીકે કેસરીસિહો જ વધારે વિશ્વાસપાત્ર જણાયા* હતા.

એક બીજો પણ હતો : તિલક. જયપાલને આ વાતની બીજા કરતાં વિશેષ માહિતી હતી. એના બંદરે અનેક વિદેશી સોદાગરોનાં વેપારી વહાણો આવતાં જતાં. એટલે એ એમના રીતરિવાજથી પણ ઠીક માહિતગાર હતો.

એટલે ગર્જનકની છાવણી તરફ જયપાલને મોકલવાનો નિશ્ચય થયો. મહારાજના સાન્નિધ્યમાં જ એ નિર્ણય લેવાયો. જયપાલ પાટણ તરફ જવા માટે ઊપડી ગયો. તેની સાથે પચીસ સવારો હતા. ચારપાંચ સાંઢણીવાળા હતા. પહેલાં તો એને સુલતાની છાવણીની હવા છાની રીતે જોવાની હતી. પછી લાગે કે પ્રગટ થવામાં લાભ છે તો જ પ્રગટ થઈને દુર્લભસેન મહારાજની વતી જાણે પોતે વાત રજૂ કરવા આવ્યો હોય તેવી રીતે વાત કરવાની હતી.

આટલી વાત થાળે પડતી લાગે તો ધીમે ધીમે વિશ્વાસ મેળવીને સુલતાનને સિંધના માર્ગના ભોમિયા વિષે માહિતી અપાય. હજી એવા ભોમિયા પણ ક્યાંય નજરે ચડ્યા ન હતા. દામોદરને એ પણ શોધવાના હતા. અને તે પણ તત્કાલ. વાત લંબાતી જાય એમાં વાત ફૂટવાનો ભય હતો અને વળી ગર્જનકને આંહીં રહી જવાનો મોહ વધે, એ ભય પણ હતો.

----

* સુલતાન મહમૂદ ગિજનીના શાહજાદાએ પોતાના તંબુ ઉપર વિશ્વાસુ દ્વારપાલો તરીકે રજપૂત યોદ્ધાઓને પસંદ કર્યાં હતા. આનંદપાલ જે ખંડણી ભરતો તેમાં ૩૦ હાથીઓ ઉપરાંત, બે હજાર સૈનિકો મોકલવાની શરત હતી.

Chapter 9

તિલક અને સેવંતરાય

જયપાલ પાટણ તરફ ચાલ્યો. પોતાને સોંપાયેલું કામ કેટલું અઘરું હતું તે તે જાણતો હતો. બીજી બાજુ દામોદર મહેતા જેવાએ તેને આ કામ સોંપ્યું હતું. મહારાજના સાન્નિધ્યમાં સોંપ્યું

હતું, એથી એનું મહત્વ વધ્યું હતું, પણ એમાં નિષ્ફળ જવાય તો કેવડું મોટું જોખમ હતું તે પણ નજર સામે તરી રહે તેવું હતું. દામોદર મહેતો પોતે જ આ કામ માટે જવા નીકળ્યો હતો, પણ એને લાગ્યું હોવું જોઈએ કે એમાં થોડીઘણી પણ શંકાનો અવકાશઊભો રહેતો હતો, એટલા માટે એણે જયપાલને મોકલ્યો હતો. જયપાલ આ સમજતો હતો.
એ મંગરોલ બંદરમાં કિલ્લોદાર હતો. ત્યાંથી ઘણી વખત વહાણો નીકળતાં. ઈરાની, અરબી, તુર્કી વેપારીઓના સંસર્ગમાં એ આવ્યો હતો. એને ત્યાંથી જ એક-બે વાતો ગજનવીના દરબારમાં પહોંચેલી હોવી જોઈએ. મહમૂદને આંહીં આવવા પ્રેરે તેવી એ વાતો હતી એમ કહેવાતું હતું. જયપાલની એમાં ક્ષતિ હશે, પણ એ ક્ષતિને એ ખુશીથી સહાનુભૂતિમાં ખપાવીને, અત્યારે પોતાનું કામ સરળ બનાવી શકે, એટલે દામોદરે જયપાલને જ આ કામ સોંપવાનું યોગ્ય માન્યું હતું. એને લાગ્યું કે દુર્લભસેન મહારાજને મનાવવા એ વધારે કપરું નીકળવાનું છે. જયપાલના સમાચાર આવે, પછી પોતે ગરુજીનો આજ્ઞાપત્ર લઈ ત્યાં જવા માટે નીકળવાનો હતો.
જયપાલ જેમ જેમ પાટણ તરફ જતો ગયો તેમ તેમ એને ગર્જનકની સત્તાનો વધારે ને વધારે ખ્યાલ આવતો ગયો. એણે જાણી જોઈને વર્ધમાનપુરનો પંથ છોડી દીધો હતો. તે નાના રણમાં થઈને મુંજપુરને માથેથી નીકળ્યો. ત્યાં એણે સાંભળ્યું કે સુલતાન એક સરસ મસ્જિદ બંધાવે છે. કારીગરો આવી ગયા હતા, પથરાઓ ખડકાતા હતા.
જયપાલ ત્યાંથી પાટણ તરફ વળ્યો. ગર્જનક જવાનો ન હોય તેવાં ચિહ્નો વધારે ને વધારે સ્પષ્ટ થતાં ગયાં. બધે બંદોબસ્ત મુકાતો જતો હતો. ને કોઈ કોઈ જગ્યાએ તો જયપાલના માણસોને છૂટક છૂટક થઈને અને રાતે મુસાફરી કરીને ચોકીપહેરાની નજર ચુકાવવી પડી હતી. છેવટે એ પાટણ પાસે તો આવ્યો, પણ ત્યાં એના આ રસાલાને આવકાર આપવા કોણ નવરું હતું ? પાટણની બહારની ધર્મશાળાઓ, મંદિરો ને કાંઈ રહ્યાંસહ્યાં દેવાલયો નજરે પડ્યાં ત્યાં એમણે છૂટા છૂટા મુકામ નાખીને, એક વખત તો શાંતિથી હવા જોવાનો નિર્ણય કર્યો. ઉતાવળ કરવા જતાં એનું કામ તરત વણસે તેવું હતું.
ગર્જનકનો બંદોબસ્ત ભારે હતો. વ્યવસ્થા જબરી હતી. ગામ બહાર ચારે તરફ સૈન્યની છાવણીઓ પડી હતી. એને બાગબગીચાનો ભારે શોખ જણાતો હતો. કહેવાતું હતું કેજેમાં * એક લાખ વૃક્ષો હોય એવો એક મહાન બગીચો તે પાટણની આસપાસ ઊભો કરવા માટે મથી રહ્યો હતો. જયપાલે એ કામને આગળ વધતું જોયું.
ગર્જનકને જવાની ઉતાવળ જણાતી ન હતી. હવામાં કોઈ વખત સાંભર પ્રદેશમાં સૌ રાય ભેગા થયા છે તેમ આવતું હતું. કોઈ વખત અર્બુદાચલનું નામ સંભળાતું હતું, પણ જાણે એ કોઈ વાતની પોતાને પડી ન હોય તેમ ગર્જનક નિરાંતે સવારમાં ગજપંક્તિઓને નિહાળવા આવતો. એને હાથીઓનો ઘણો જ શોખ હ તો. હાથીનું સેન એની જાતદેખરેખ નીચે રહેતું. એને લાગ્યું હતું કે હિદમાં આ મહાન કિલ્લા જેવા પ્રાણીએ જય-પરાજય બંને અપાવ્યા હતા. પણ તેણે ખુરાસાન ખુતાનમાં હાથી વાપરી જોયા. અને દુશ્મનો રાડ પાડીને ભાગી ગયા. એના પોતાના હાથીએ તો મહા પરાક્રમ કર્યું હતું. સૂંઢમાં પકડીને સામેના સરદારને જ હવામાં મોકલી દીધો હતો. પણ એની મુશ્કેલી

----

* જાબિલસ્તાન - ગીજનીમાં સાધાઝારમાં એક લાખ ફૂલછોડ હોવાની ગણતરી થતી હતી. મહમૂદ અને તેના શાહજાદાઓ ત્યાં વારંવાર જતા હતા.
એક જ હતી. હજી ગજકેળવણી કોઈને હાથ ચડી ન હતી. તમામ મહાવતો * હિદુઓ હતા. પોતાના ગિજનીના અઢી હજાર ગજદળને માટે થોડા માણસોને એ આંહીં તૈયાર કરી રહ્યો

હતો.
સુલતાનની સાથે સેંકડો ને હજારો તો સાંઢણીઓ જ હતી. તેમની ઊંચામાં ઊંચા પ્રકારની બરદાસ થઈ રહી હતી. મહમૂદ સમજતો હતો. એને પાછા લઈ જનારી આ રણપંખણીઓ છે. દેશમાં કોઈની પણ નામી સાંઢણી હોય તો ગમે તે દામથી તે ખરીદી લેવાની સુલતાનની આજ્ઞા હતી. હજી પણ સાંઢણીઓમાં ભરતી થતી જતી હતી.
જયપાલે એક દિવસ એક સોદાગરને જોયો. તે પહેલાં એ મંગરોલમાં આવી ગયો હતો. તે ઈરાનમાંથી આંહીં ઘોડાં લાવતો. બીજો માલ ઈરાનમાં લઈ જતો. જયપાલે તેને સંક્ટમાં કાંક મદદ કરેલી. તેણે જયપાલને તરત ઓળખી કાઢ્યો.
બંને વાતોએ વળગ્યા. જયપાલે પોતાની વીતકકથા કહી. પોતે હારીને બે વખત ભાગ્યો હતો. હવે જો પાછો ફરે તો એની જાતવાળા જ એને શંકાથી સળગાવી દે તેમ હતા. એટલે પાછો ન ફરતાં આંહીં ક્યાંય રોટલો મળે તો લેવા માટે આવ્યો હતો.
'તો તો તમે મલિક-બિન જયસેન સિપાહ સાલારને મળો ને !'
'પણ એ કોણ છે ? ક્યાં મળે ? હું તો આંહીં કોઈને ઓળખતો નથી.' જયપાલે કહ્યું.
'કેમ ? મલિક-બિન-જયસેનને તમે ઓળખતા નથી ? નવાઈની વાત ! આખો મુલક તો એને તિલકને નામે જાણે છે. એ વઝીરે મુલ્ક ખ્વાજા હઝનક મશ્કતીના જમણા હાથ છે. નહિતર સેવંતરાયને મળો. એ પણ તમને સુલતાને આલમને મેળવી આપશે. અત્યારે તો તમારા જેવાને આંહીં ઘી-કેળાં થાય તેમ છે !'
* આ વિષે લખતાં ઇલિયટે એક વાત ઉપર ધ્યાન ખેંચ્યું છે કે તે વખતે મીરસાહેબ-મુસલમાન મહાવતો બહુ ન હતા. નાઝીમ પણ એ કહે છે.
'અરે યાર ! ઘી-કેળાં કાંઈ જોઈતાં નથી. લૂખીસૂકી ભાખરી મળે તો ઘણું, આંહીં તો જિંદગીના બાકીના દિવસ કાઢી નાખવા છે.'
'તમે આંહીં ક્યાં ઊતર્યાં છો !'
'આ સામેના મુસાફરખાનામાં જ પડ્યો છું !'
'તો તમે કાલે સવારે આંહીં આવો. મારે એક ઓળખાણ છે... હા, પણ તમે નસીબદાર છો. આ સામેથી આવી રહ્યા છે તેનું નામ અલી ખેશાવંદ. એ વઝીરે રિયાસતના વફાદાર ગુલામ છે. તે તમને સિપાહ સાલાર મસુદ પાસે તેડી જશે !'
જયપાલ મસુદનું નામ સાંભળીને ભડકી ગયો. તે સુલતાનનો શાહજાદો હતો. આખી સેનાનો મોટો સિપાહ સાલાર હતો. પણ જયપાલ તો કાં તિલકને કાં સેવંતરાયને કે એ બંનેને હમણાં મળવા માગતો હતો. એના પોતાના કામ માટે અત્યારે એ વધારે જરૂરી હતું. તે અજાણ્યો થઈને બોલ્યો : 'એ તો શાહજાદા પોતે, નહિ ?'
'હા.'
'અરે ભૈ ! આપણને પહેલાં નાનકડે ઠેકાણે લઈ જાઓને. શું કહ્યું તમે નામ ?'
'મલિક-બિન-જયસેન !'
'હાં બસ એ. એની સાથે મને મેળવી દો ને. હું એમને પગે પડીશ. મને ક્યાંક રાખી લે. ભલે હમણાં દસ ઘોડાં જ આપે.'
એટલામાં પેલો ગુલામ પાસે આવ્યો. સોદાગરે તેને વાત ક રી. ગુલામ કાંઈક ઠીક લાગ્યો. તેણે જયપાલને સાંજે આવવાનું કહ્યું.

Chapter 10
તિલક

જયપાલ સાંજે આવ્યો ત્યારે તો ત્યાં બધે રોશની પ્રગટી ગઈ હતી. ઠેર ઠેર સૈનિકો મોજમજા કરતા હતા. પેલો ગુલામ તેને તિલકના તંબુ તરફ લઈ ગયો. જયપાલને બહાર ઊભો રાખીને તે અંદર ખબર આપવા ગયો.
જયપાલે નજર ફેરવી તો ત્યાં કેટલાયે ઘોડેસવારો આમતેમ ફરતા હતા. બધા હિંદુ જણાતા હતા. જયપાલની હાજરીની કોઈને નવાઈ જણાતી ન હતી. જયપાલને હૈયે ધરપત વળી. એને થયું કે છાવણીના આ વિભાગમાં હિંદુ હોવાને કારણે કોઈ ખાસ અવિશ્વાસ ધરાવતા ન હતા. એ પ્રતાપ તિલકનો અને સેવંતરાયનો હોવો જોઈએ. પોતાની વ્યવસ્થામાં રહેલી સુલતાનની આ આત્મશ્રદ્ધા જોઈને જયપાલ છક્ક થઈ ગયો. એને લાગ્યું કે એનામાં અજબ બળ હોવું જોઈએ. તે વિના માણસ આટલો બધો વિશ્વાસ રાખી શકે નહિ. તેને ખબર હતી કે તિલક હજામ હતો. એણે એને કોઈ દિવસ જોયો ન હતો. તે વિચાર કરી રહ્યો કે હજામ તે વળી કેવોક બહાદુર શક્તિશાળી હશે કે દુનિયાના મોટામાં મોટા બાદશાહનો વિશ્વાસુ સરદાર બની ગયો હશે ? એની આ વાત જેવી તેવી ન હતી. એની પાસે જવામાં એ એક પ્રકારનો છાનો ભય અનુભવી રહ્યો.
સોમનાથના જુદ્ધમાં એની સામે પ્રત્યક્ષ લડવા જવાનો એને મોકો મળ્યો ન હતો, પણ એણે સાંભળ્યું હતું કે જેટલું કામ સૈનિકોનાં શસ્ત્રઅસ્ત્રથી થતું હતું, તેના કરતાં એક હજારગણું વધારે કામ તિલકના શબ્દથી થતું હતું.
આ તિલક કાશ્મીરનો હજામ હતો.
એની પાસે અજબ જેવી વસ્તુઓ હતી, શબ્દની માયા એની પોતાની હતી. એના મનમાં એક હજાર તીક્ષ્ણ ખંજરો ભર્યાં હોય ત્યારે એના ચહેરા ઉપર એક હજાર ને એક સ્મિત રમતાં હોય ! એના જેવો પ્રેમશાસ્ત્રનો નિષ્ણાત એ વખતે ભાગ્યે જ કોઈ બીજો મળે ! એના જેવો જાદુનો જાણનારો પણ કોઈ નહિ હોય અને એની બહાદુરી તો જગજાહેર હતી. એ વિશ્વાસપાત્ર ને વફાદાર હતો.
આ માણસ જેમ આંખમાંથી કણું કાઢી લે તેમ સામા માણસમાંથી હૃદય કાઢી લેવાની શક્તિ ધરાવતો હતો. ગમે તેવાના દૃઢ નિશ્ચયને એ ડગાવી દેતો.
જયપાલને એની પાસે જતાં મનમાં હજાર જાતની શંકાઓ ઊભી થતી હતી. એની હાજરીમાં એણે પોતાનો ચહેરો, આંખ, હાથ, પગ બધા ઉપર કાબૂ રાખવાનો મનમાં નિશ્ચય કરી લીધો. થોડી વારમાં જ તેને તિલક પાસે લઈ જવામાં આવ્યો. એણે કોઈ મહા પ્રતાપી, બળવાન, કદાવર, પડછંદ સરદાર જોવાની આશા રાખી હતી.
પણ એની સામે એણે, રેશમી ઝરિયાન ગાદીતકિયાને અઢેલીને બેઠેલો, એક તદ્દન સાદો, સીધો, સામાન્ય માણસ દીઠો. તે બે હાથ જોડીને એને નમ્યો. પણ એક પળભર એના ચહેરા ઉપર એની દૃષ્ટિ ગઈ અને એના મનમાં ભયનાં મોજાં ઊઠ્યાં !
એ સીધા સાદા સામાન્ય માણસનો ચહેરો ગજબનો રૂપાળો હતો. એની આંખમાં સામાને મોહ પમાડવાની શક્તિ હતી. એની અજબની મીઠાશમાં સામો માણસ ભાન ભૂલી બેસે એવી મોહિની હતી. એના હોઠ એવા પાતળા લાલ સુંદર હતા કે એ હોઠમાંથી આવનાર શબ્દો જાણે અતર મહેકતા આવશે, એવો એક હવાઈ ખ્યાલ મગજમાં ઘર કરી બેસે તેવું હતું. જયપાલને પોતાની જાતનો ભય લાગ્યો.
એટલામાં તિલકે તેની સામે જોયું. એણે એને પાસે આવવાની નિશાની કરી. એણે તંબુમાં એક દૃષ્ટિ કરી. ગુલામો તરત આઘા-પાછા થઈ ગયા.
જયપાલ તિલકની સામે જઈને બેઠો. એને એક વાત મળી હતી. ગજનક આંહીં રહી જાય તો સિપાહ સાલાર મસુદ પણ કદાચ આંહીં રહે. તો ઝાબિસ્તાન, કાબુલિસ્તાન, સિસ્તાન,

ખુરાસાન, ખુતાન મુલતાન, એ મોટું રાજ, ગજનવીના મોટા શાહજહા મહમ્મદને ભાગે જાય. સુલતાનની કદાચ આ અંતરઇચ્છા હોય. તિલકને પોતાની જન્મભૂમિ કાશ્મીર, પંજાબ એ બધું છોડીને પછી આંહીં રહેવું પડે. એ વાત એને રુચતી ન હતી. પણ સુલતાનની ઇચ્છાને એણે જ ટેકો આપ્યો હતો. સેવંતરાય મહમ્મદના પક્ષનો હતો. અને તિલક મસુદનો જમણો હાથ બની ગયો હતો. એક જ દિવસે જન્મેલા પોતાના આ બે શાહજાદાઓ વિષે સુલતાનની ચિંતા હવે વધી હોય એ દેખીતી વાત હતી. એ બંને સામસામે ભટકાઈને છિન્નભિન્ન થઈ જાય, તેના કરતાં બે સ્વતંત્ર બાદશાહી સ્થાપે, એવો વિચાર પણ સુલતાનને આવ્યો હોય તો નવાઈ નહિ.*
પણ જયપાલે એ બધી વાત અત્યારે મનમાં ને મનમાં રોકી દીધી. અત્યારે પહેલાં તો એને સ્થાન ને વિશ્વાસ મેળવવાનાં હતાં. તિલકે એને તરત પૂછ્યું : 'ક્યાંથી સોમનાથી આવો છો ?'
'હા ખુદાવં ! સોમનાથથી આવું છું.'
'રાજા ભીમદેવ ક્યાં છે ?'
જયપાલને વિચાર કરવા રોકાવામાં જેવો તેવો ભય ન લાગ્યો. તેણે તરત છાશીઓ, પણ વિશ્વાસજનક અને પોતાને વિચારવાનો વખત મળી જાય તેવો ઉતર વાળ્યો : 'રાજા ભીમદેવ તો ત્યાં જ !'
'ત્યાં જ ? એટલે ? સોમનાથમાં ?'
'ના ના, ત્યાં જ એટલે આસપાસમાં. એ રા'ના કિલ્લા પાસે રહીને સેન ભેગું કરે છે !'
* મહમદૂ ગજનવીના મરણ (ઈ.સ. ૧૦૩૦) પછી તરત જ એના બંને શાહજાદાઓ વચ્ચે જુદ્ધ થયું હતું. તેમાં સેવંતરાય તેમ વઝીર હઝનક મોટા શાહજાદા મહમ્મદની પક્ષે હતા. અને સેવંતરાય પચાસ હજારની બળવાન અશ્વસેના સાથે બહાદુરીથી લડતાં રણમાં પડ્યો હતો. મહમ્મદને આંધળો કરીને મસુદ ગાદીએ બેઠો. પછી પંજાબનો બળવો શમાવવા માટે તિલક ગયો હતો. એથી ઘણા અમીરો નારાજ થયા હતા. પણ તિલક એ બળવો શમાવીને અને જાટ લોકોની મદદથી બળવાખોરને મારીને, વિજયી થઈ પાછો ફર્યોં હતો.
'એને હજી લડવાના કોડ રહી ગયા છે ? તમે ક્યાંના છો ? શું કરો છો ?'
'હું તો ખુદાવંદ ! મંગલોરનો છું. ત્યાંનો હું કિલ્લેદાર હતો. ખુદાવંદ સામે હું લડાઈમાં પણ હતો. બે વખત હાર્યોં. નામોશી સહન થઈ નહિ. સાથીદારોનાં મેણાંટોણાં હથિયારથી પણ વધુ આકરો ઘા કરે છે, એ અનુભવ છે. મારા જેવા હારેલાને હવે ત્યાં સ્થાન નથી. ત્યાં મારા માટે શંકાનું રાજ છે, એટલે આ તરફ ભાગી આવ્યો છું !'
તિલક જયપાલના ચહેરા તરફ જોઈ રહ્યો. એના શબ્દોમાં એને એકદમ વિશ્વાસ આવ્યો નહિ. પણ પરાજિતો તરફના એ જમાનાનાં લક્ષણો એના ધ્યાનમાં હતાં. ભીમદેવે જે ઉગ્રતાથી યુદ્ધ કર્યું હતું તે જોતાં ભાગનારાઓ પ્રત્યે એને નફરત થાય તે સ્વાભાવિક હતું. એટલે એને લાગ્યું કે જો આ ઠીક અધિકાર ભોગવનારો માણસ ખરેખરો વખાનો માર્યોં આવ્યો હોય, તો તો એની મારફત રાજા ભીમદેવને મેળવી લેવાનો આ એક મોકો સુલતાનને મળી જાય. ને પોતે તેમાં કારણરૂપ બને તો પોતાનું મહત્વ વધે.
સુલતાનની છેલ્લી છેલ્લી લડાઈઓમાં એની ધનતૃષ્ણા તો જે હતી તે જ રહી હતી. પણ સહેલું સમાધાન મેળવી લેવાની એની ઇચ્છા તિલકે જોઈ લીધી હતી. કલંજરના રાયે નામની તાબેદારી સ્વીકારી જેવા તેવા ત્રણસો હાથી કિલ્લા બહાર કાઢી મૂક્યા, કે જે તુર્કોને ઠીક પડે તો ઉપાડી જાય... આવું સમાધાન પણ સુલતાને સ્વીકારી લીધું હતું. છતાં જયપાલને એ બતાવવાનો કાંઈ અર્થ ન હતો. તેણે કાંઈક કડક અવાજે કહ્યું : 'સુલતાન તમારા ભીમદેવના માથા ઉપર એક કરોડ દિનારનું ઈનામ જાહેર કરશે ને ત્રીજે દિવસે આંહીં તંબુમાં ભીમદેવનું માથું આવી જશે, એ તમને ખબર છે ?'

જયપાલે બે હાથ જોડ્યા : 'નામદાર ! સુલતાનની બેસુમાર દોલતની વાતો તો અમને ઘણી મળી છે. ને માન-અકરામ આપીને એણે કામ કરાવ્યાં હશે, પણ આંહીંની આ જમીનનો હું થોડોઘણો જાણકાર છું. આંહીંની જમીનનો પાક આંહીંનાં ઇંટોરી મકાન જેવો છે. એને તોડવા મથો એટલે એનો ભુક્કો જ હાથ લાગે. પથ્થરી દીવાલોના જેવું એમાં ગાબડું ન પડે. એક આખો પથ્થર હાથ ન આવે ! બાકી એટલું ખરું, થોડી વાત માટે થઈને ગુજરાતનો રાજા ઘણું ગુમાવી દે છે. પણ એ હઠીલો છે, એ નહિ માને.'

'પણ ભીમદેવને હવે રાજની જરૂર નહિ રહે. સુલતાન આંહીં રહી જાય તેમ છે. એને આંહીં ગમી ગયું છે !'

'રાજા ભીમદેવને શિખામણ આપનાર કોઈ નથી. ને અત્યારે તો એ બધા હવાઈ ખ્યાલો બાંધવામાં પડ્યા છે !'

'ગઢબીટલી પાસે ભેગા થવાના છે તે ?'

'હા. એ ભેગા થવાના છે એમ નહિ, ભેગા થયા પણ છે.'

તિલક વિચાર કરી રહ્યો. સેવંતરાય ને વઝીર ઇચ્છી રહ્યા હતા કે સિપાહ સાલાર મસુદ આંહીં થોભી જાય, તો મહમ્મદ ત્યાં ગજનીમાં સ્થિર થાય. તે વિના તો રૂસ્તમ જેવો પહેલવાન સિપાહ સાલાર મસુદ, ભાઈને ભાગ આપે એ વાતમાં માલ ન હતો. મહમ્મદને વિદ્યાનો શોખ હતો. કવિતા કરવી ગમતી. મસુદની ગદા ખુદ સૂલતાન મહમૂદ પોતે પણ ઉપાડી ન શકતો. વઝીરને મોટામાં મોટી ચિતા હતી કે મસુદ આવશે તો પોતે દોરડે લટકશે ! એણે ભરસભામાં એક વખત એણે કહ્યું પણ હતું.

પણ તિલકને જયપાલનો હજી વિશ્વાસ પડ્યો ન હતો, એટલે એ વાત કરતાં ખંચાતો હતો. જયપાલ એ કળી ગયો. બહુ ઉત્સાહ બતાવવા જતાં શંકા પડે. તેણે તો બે હાથ જોડીને કહ્યું : 'તમે જાતભાઈ છો એમ ધારીને હું તો આવ્યો છું. મને મારા લાયક કામ આપો. મારે તો શેર લોટનું કામ છે !'

'તમે હમણાં આંહીં રહો. ક્યાં, ધર્મશાળામાં છો ?'

'હા ખુદાવંદ !'

'તો એમ કરો, આંહીં આવતા રહો. કોઈ કામ અચાનક નીકળી આવે.'

તિલકને એક વાત અચાનક સાંભરી. આ માણસને જ લાલચ આપી હોય તો ?

'તમે એવા કોઈ રાજવંશીને જાણો છો, જેનો ગાદી ઉપર હક્ક હોય ?'

જયપાલનું મન ખુશખુશાલ થઈ ગયું. તે સમજી ગયો. તિલક જલદી જવા માગતો હતો. પણ તેણે મોટેથી કહ્યું : 'હું તો નામવર ! વધુ સોરઠનો માહિતગાર છું. ત્યાં રા'ના દરબારમાં કામ હોય તો હું દોડ્યો જાઉં. આ તરફ મારી પિછાન ઓછી છે. પણ નામદારે કહ્યું છે તો હું તપાસ કરીશ. હોય તોપણ આંહીંના રીતરિવાજ પ્રમાણે એક વખતના એ રાજાઓ, સાધુબાવાના અખાડામાં પડ્યા હોય !'

'એટલે સુધી ?'

'નામદાર ! આંહીં તો છેવટનું શરણું બધું તજવું એ છે સંન્યાસ, ફકીરી. એવા સંન્યાસી મરણ પામ્યા ગણાય.'

તિલકે એને વિદાય આપતાં કહ્યું : 'પછી મળજો. શું તમારું નામ ?'

'જયપાલ !'

'ત્યારે તો એક બહુ જ હઠીલો રણજોદ્ધો અમે સોમનાથમાં જોયો, સોમનાથનો કિલ્લેદાર... શું એનું નામ ?'

'કુમારપાલ !'

'હાં કુમારપાલ ! બહુ ઘા ઝીલીને પણ જેણે સ્થાન ન છોડ્યું તે ન છોડ્યું.. એ તમારે કાંઈ થાય ?'
'એ મારો સગો થાય !'
'સગો ?' તિલક વિચારમાં પડી ગયો લાગ્યો.
'હા, સગો તો થાય છે.' જયપાલે વધારે સ્પષ્ટતા બતાવી. પછી ઉમેર્યું, : 'પણ એનું કામ જૂદું છે. મારું કામ જુદું છે ! મને લડાઈ તજી દેવા માટે તો એ પણ બચાવી ન શકે. સૌની સાથે થોડાં વધુ કડવાં સંભળાવે !'
તિલક તેની સામે જોઈ રહ્યો. પછી તેણે એને જવા દેવા માટે ગુલામને હાથની નિશાની આપી.

Chapter 11

જયપાલે માર્ગ કાઢ્યો

જયપાલને પોતાનો માર્ગ કાઢ્યા વિના છૂટકો નહતો. પણ તિલક હજી એનો વિશ્વાસ કરતો ન હતો. જયપાલ સમજી ગયો. એનો વિશ્વાસ બેસે એવું ખરેખરું કોઈક કામ એણે કરી બતાવવું જોઈએ, તો હવા તૈયાર થાય. અને તે પણ તત્કાલ થઈ જવું જોઈએ. એ રાત-દિવસ એવા કામની તપાસમાં રહેતો. સુલતાનની છાવણીમાં જે વાત અગત્યની ગણાતી હોય તેના વિષે એણે કાન ઉઘાડા રાખવા માંડ્યા. આંખો ઉઘાડી રાખી, જીભ બંધ રાખી, તે સેવંતરાયને, તિલકને સૌને મળતો હતો. એને સૌ તિલકની છાવણીનો માનતા, પણ તિલકે હજી એને સો ઘોડેસવારોના નાયકની પદવી માટે પણ સિપાહ સાલારને ભલામણ કરી ન હતી. એટલે ખરી રીતે એનું કોઈ સ્થાન ન હતું.
એવામાં જયપાલને કાને એક વાત આવી. સિપાહ સાલાર મસુદને એક ઘોડો જોઈતો હતો. એને નવાઈ લાગી. એકને બદલે અનેક ઘોડા તો સુલતાનની ઘોડારમાં હતા. અને એમાંના કેટલાક તો બહુ નામી હતા. ત્યારે આ એક નવા ઘોડાની વાત શા માટે ચાલી હશે ? એમાં કોઈ નવો દાવપેચ હતો કે રમત હશે ?
લોકનાં દિલમાં પગપેસારો કરવાની એ એક બાજી હોઈ ન શકે ? વાત એવી રીતે ફેલાવી હતી કે ગમે તેદ ામ બેસે, સિપાહ સાલાર માટે એક સાચો નામી ઘોડો જોઈએ. લોકદિલમાં આ વાતની જેવી તેવી અસર ન થાય અને એવો કોઈ આવે તો એ દ્વારા લોકલાગણીનું માપ પણ નીકળે ! દેશી માણસોનાં માપ કાઢવામાં તિલક અદ્વિતીય જણાયો. જયપાલે આ તકનો લાભ લેવાનો નિર્ણય કર્યો, તેણે બીડું ઝડપ્યું. તે તિલકની પાસે ગયો. વાત કરી. તિલક હસી પડ્યો. જયપાલ કાંઈ સમજ્યો નહિ.
'તમે નામદાર શાહજાદાને કોઈ દિવસ પાસેથી નિહાળ્યા છે ?'
જયપાલે ડોકું ધુણાવ્યું : 'એ ખુશનસીબી હજી મને મળી નથી. પણ હું એક ઘોડો એવો લાવી દઉં, કે જેવો ક્યાંય ન હોય, પછી શું ?'
'કોની પાસે છે ?'
'છે એક મારી જાણમાં !' જયપાલે જવાબ દીધો.
'ક્યારે આવે ?'
'સરદારનો હુકમ મળે કે તરત !' જયપાલે કહ્યું.
'ત્યારે તમે પહેલાં નામદાર શાહજાદાને જોઈ લો !'
જયપાલને તિલકની આ વાતમાં કાંઈ સમજ પડી નહિ. એ સવાલ પૂછવા જતો હતો એટલામાં એક કોઈ માણસ આવ્યો. તેના દેખાવ ઉપરથી તે ઊંચા અધિકારનો અમીર જણાતો હતો. તિલકે તેને જોતાંવેંત કહ્યું : 'અરે ! અબુ નઝર ! આ એક સોમનાથનો જુવાન આવ્યો છે. એને

આપણું બીડું ઝડપવું છે !'
'એમ ?' અબુ નઝર જયપાલને પગથી માથા સુધી નિહાળી રહ્યો. પછી કાંઈક નવાઈ પામ્યો હોય તેમ તે બોલ્યો : 'એ કોણ છે ?'
'એ હતા મંગલોરના કિલ્લેદાર. જયપાલ એનું નામ, ત્યાંથી ભાગ્યા છે. આંહીં આવ્યા છે. એ કહે છે, નામદાર શાહજાદા માટે એક નામી ઘોડો હું લાવી દઉં !'
અબુ નઝર પણ વાત સાંભળીને હસી પડ્યો : 'એને શી ખબર કે ખુદાતાલાએ શાહજાદા માટે કોઈ ઘોડો જ પેદા કર્યોં નથી !'
'જયપાલ ! આ સાંભળ્યું ? આ વાત છે. કોઈ ઘોડો નામદાર શાહજાદા માટે ખુદાતાલાએ હજી પેદા કર્યોં નથી. હજી તો એ ઘડાય છે ! તમે ક્યાંથી લાવવાના હતા ?'
જયપાલને વાતમાં કાંઈક ભેદ જણાયો. તે બે હાથ જોડીને બોલ્યો : 'નામદાર ! તમારી વાતનો એક પણ હરફ હું સમજ્યો નથી. નામદાર શાહજાદાને કોઈ ઘોડો પસંદ આવતો નહિ હોય, એ હું કબૂલ કરું છું. પણ હું જે ઘોડાની વાત કરું છું તે અસલી ખમીરના સોરઠી બુંદના એક નામી ઘોડાની વાત છે. ગુજરાતભરમાં તો ઠીક પણ સારા હિદભરમાં એની તોલે કોઈ આવી શકે તો હું જિદગીનો દાવ હારી બેસું. વગર પૈસાનો ગુલામ બનીને નામદારનો તંબુ સાફ કરવા રહી જાઉં. મારો જોયેલો ઘોડો, એ ઘોડો નથી; ખુદાઈ નૂરની એક હિકમત છે. હુકમ થાય તો હું હાજર કરું !' જયપાલે કાંઈક છટાથી વાત કરી.
'અબુ નઝર ! એક વખત દોસ્ત ! આને શાહજાદા સરદારનો પડછાયો તો બતાવ. આ અંધારામાં ખાબકે છે !'
અબુ નઝર વળી મોટેથી હસી પડ્યો.
જયપાલને આ બંનેની વાતમાં કાંઈ સમજ પડી નહિ. આવનાર અબુ નઝર કોણ હતો એ પણ એની સમજમાં આવ્યું નહિ. માત્ર એની તિલક સાથે વાત કરવાની ઢબથી, એ જાણી ગયો કે આવનાર કોઈ મોટો અધિકારી હોય કે પછી સુલતાનનો અંગત જેવો માણસ હોય, તે વિના આટલી છૂટ એમની વચ્ચે હોય નહિ. એ પૂછવા જતો હતો, ત્યાં તિલક જ બોલ્યો : 'જયપાલ ! તમને કાંઈ સમજાયું લાગતું નથી !'
'હું તો અંધારામાં છું !'
'ત્યારે પહેલી એક વાત સમજી લો. આ આબુ નઝર મિશ્કાન અમારા જાની દોસ્ત છે. અમારાં ખોળિયાં જુદાં છે, રૂહ એક છે. નામદાર સુલતાનની એમના ઉપર પૂરી મહેર છે. નામદાર સુલતાનની જ્યારે એ પગચંપી કરે છે ત્યારે દુનિયામાં કોઈને નહિ જણાવેલી એવી વાતો ખુદાવંદ એમને એકને જ કહે છે ! એ તમને કહેશે કે તમે હોડ તો બકી છે, પણ હારનો દાવ નોંધાઈ જશે !'
પોતે જે પ્રાણી લાવવા માગે છે તે અદ્‌ભુત જ છે એ ઠસાવવા માટે જયપાલે વધારે મોટેથી કહ્યું, 'નામદાર ! મેં એ જાનવર સગી આંખે જોયું છે. એ એક જ નમૂનો છે. હજી એની કોઈને જાણ નથી, એટલે તો એ રહ્યું છે !'
'કોનું છે ?' તિલકને વાતમાં કાંઈક માલ લાગ્યો.
'આવું જાનવર તો એ લોકો રાખે છે, નામદાર ! જે દિવસે ડાહી વાતો કરે, રાતે ગામડાં ભાંગે, મંગરોલના એક ચાવડા ચાંચિયાના ભાઈનું છે. એક નાનકડા ગામડામાં એણે રાખ્યું... જો હજી રહ્યું હોય તો !'
'એની કિમત ?'
'એક લાખ દિનારથી ઓછી નહિ હોય. આ તો હું કહું છું. બાકી એની કિમત હોય નહિ. એનો માલિક એ જીવસટોસટ આપે, બીજી રીતે ન મળે.'

'અબ નઝર, નામદાર શાહજાદા માટે આ જાનવર ખુદાતાલાએ ઘડ્યું હોય તો... ના નહિ, પણ આમને સમજણ તો આપો !'
'ત્યારે જુઓ. નામદાર શાહજાદાને તમે નજરે નીરખો. પછી વાત કરજો !'
'ભલે. એ ખુશનસીબી મળે તેનો બંદોબસ્ત...' જયપાલ વધુ કહેવા જતો હતો, એટલામાં તો એક ગુલામ દોડતો આવ્યો.
'નામદાર ! નામદાર !... ખુદા પોતે... આ બાજુ...'
'કોણ ? કોણ આવી રહ્યું છે ?'
'સિપાહ સાલાર નામદાર શાહજાદા પોતે... આ આવે...'
તિલકે બહાર જોયું. શાહજાદા મસુદનો હાથી આવી રહ્યો હતો. જયપાલને વિદાય કરવાનો વખત રહ્યો ન હતો. એણે ઉતાવળે ઉતાવળે શાહજાદાની સામે જતાં પહેલાં હાથ વડે ગુલામને એક નિશાની આપી દીધી. ને જયપાલને મોટેથી કહ્યું : 'જે નામદાર શાહજાદાને માટે ઘોડો જોઈએ છે, તેને તમે જોઈ લો. જેવા તેવા માટે નથી !' જયપાલ કાંઈ સમજ્યો નહિ, એટલામાં તો ગુલામે તરત જ પાસેની એક નાનકડી રાવટીનું બારણું ખોલીને તેને કહ્યું : 'ઈધર ચલે જાઓ, અવાજ મત કરો !'
તિલકના વાક્યનો અર્થ સમજવા માટે પ્રયત્ન કરતો જયપાલ અંદર પુરાયો.
પણ શાહજાદો તો પોતાના નિત્યક્રમ પ્રમાણે સૈનિકોની તપાસ માટે જ નીકળ્યો હોય તેમ લાગ્યું. તે બહુ રોકાયો નહિ.
જયપાલને પણ બહુ ખોટી થવું પડ્યું નહિ. પણ જ્યારે તે બહાર આવ્યો ત્યારે તે એક વાત સમજી ગયો હતો. તિલક કહેતો હતો તે બરાબર હતું. શાહજાદા માટે ખુદાતાલાએ કોઈ ઘોડો ઘડ્યો જ ન હતો !
થોડી વાર પુરાઈ રહેવું પડ્યું, તે સમયનો એણે સદુપયોગ કરી લીધો હતો. તેણે શાહજાદાને બરાબર નિહાળીને જોયો. પહેલાં તો એ માની શક્યો નહિ કે કોઈ પણ માનવનું આવું કદાવર, જબરજસ્ત, પડછંદી બળવાન શરીર હોઈ શકે !
શાહજાદો ઊંચો, કદાવર, જબરજસ્ત, અત્યંત બળવાન આદમી જણાતો હતો. તેનો રંગ પર્વતજનોના પ્રમાણમાં કાંઈક કાળો હતો. તેના મોં ઉપર થોડા ડાઘ હતા. પણ તેની આંખમાં જે ચમક હતી તે શિકારી પ્રાણીની હતી ! કોઈ વસ્તુ એની નજર બહાર રહી શકે તે અશક્ય હતું. એણે નજર નાખી તે વસ્તુ એની, એવો ઊંડો લોભ એમાં બેઠો હતો. એના બળવાન હાથમાં એક લોઢાની જબરદસ્ત ગદા જેવું કાંઈક હતું. એણે આવતાંવેંત વિનોદમાં તિલક સામે તે ધરી હતી. તેને કહ્યું હતું. 'ઉપાડી લો, સરદાર ! તમને આપી !'
તિલકે ડોકું ધુણાવ્યું : 'એને ઉપાડવાની તાકાત ખુદાતાલાએ નામવરને એકને જ આપી છે !' અને એમ જ હતું. મસુદની ગદા કોઈથી ઊપડતી નહિ. ખુદ સુલતાન પણ એને ઉપાડવાની હિંમત કરી શકતો નહિ. પણ આ અસાધારણ શરીર-કૌવતે આપેલું લડાયક અભિમાન મસુદના ચહેરામાંથી પ્રગટતું જયપાલે દીઠું. લાગે કે તે સામા માણસની સામે જાણે જોતો નથી, પણ આહ્વાન આપે છે ! મસુદ સામે જોતાં અને એની ભરપટની ઊંચી, કદાવર, લાંબી, જાડી બળવાન દેહ ઉપર નજર પડતાં જ, જયપાલને તિલકનાં વેણનો મર્મ સમજાઈ ગયો. આની રાંગમાં રહી શકે એવો કોઈ થોડો ભાગ્યે જ હોય ! એટલે તો મસુદ હાથી ઉપર બેસવાનું પસંદ કરતો હતો એમ કહેવાતું હતું. જયપાલ વિચાર કરી રહ્યો. કેવળ રા' નવઘણ પાસે જે ઘોડો હતો તે એક જ ! બાકી કોઈ આનો ભાર વેઠી શકે નહિ ! તે બહાર આવ્યો કે તરત જ એણે તિલકને હાથ જોડીને કહ્યું : 'ખુદાતાલાએ કોઈ ઘોડો નામદાર શાહજાદા માટે ઘડ્યો નથી, નામદાર !'

તિલક હસી પડ્યો : 'ત્યારે ફસકી ગયા નાં ?'
જયપાલે વિચાર કરતાં જવાબ વળ્યો : 'ના, ફસક્યો નથી. ઘોડો તો નઝર થશે. સરદાર હુકમ કરે તેટલી વાર. પસંદગી ખુદ પોતે કરે.'
'તમે નામદાર શાહજાદાને જોયા ?'
આંખ ભરીને જોયા. ખુદાએ જબ્બર ડુંગર કાયા આપી છે.
'હજી પણ તમે હિમત કરો છો ?'
'હા, નામવર !'
'તો ઘોડો હાજર કરો. કેટલા દી થાશે ?'
'આઠ દી ! રજાનો રુક્કો આપે નામદાર. હું કોઈને મોકલું !'
જયપાલ વધુ કાંઈ બોલ્યા વિના રજા લેવાનું કરતો હતો ત્યાં તિલક બોલ્યો : 'ભીમદેવ રાજાનો કાકો જીવે છે એ ખરું ?'
'સાચું છે નામદાર ! પણ એ લોકોને મન મરેલ છે. જે સાધુસંન્યાસી થયો તે મરી ગયો. તેની સ્મશાનક્રિયા પણ થઈ ગઈ. તેનું બારમું પણ થઈ ગયું. એ જીવતો ન ગણાય !'
'અબુ નઝર ! આ એક વાત છે. ભીમદેવનો કાકો જીવે છે !'
જયપાલ સમજી ગયો. અબુ નઝર સુલતાનની પગચંપી કરતો હતો, વાત થઈ હતી. એનો એ દોસ્ત હતો. સુલતાન એને દિલની વાત કહે. આ વાત સુલતાન પાસે મૂકવા માટે જ અત્યારે પુછાઈ રહી હતી. વરસ-દોઢ વરસનો થાક સૌને ચડ્યો હોવો જોઈએ. સુલતાનની હાએ હા કરવા છતાં. બધા કાબુલિસ્તાનની ડુંગરમાળાના તરસ્યા થયા હોવા જોઈએ. જયપાલે વાતને વધુ ચોખવટ આપવામાં લાભ જોયો.
'રાજા કે રંક ગમે તે હોય, પણ આંહીં તો સંન્યાસી થયો એટલે એ લોકોને મન મરી ગયો. દુર્લભરાજ મહારાજનું મન દુભાણું અને તે સાધુ થયા. પણ સાધુ થયા તે થયા. હવે એ ન થયા કાંઈ થાય ?'
'કેમ દિલ દુભાણું હતું ? એવી શી વાત હતી ?'
'વાત તો ખરી રીતે કાંઈ ન હતી. મન જુદાં પડ્યાં એ વાત. નામદાર શાહજાદાને મેં હમણાં દીઠા. એમની રીતભાત તો અસલી ને અશરાફ છે. પણ ાટલી બધી તાકાત હોય તો માણસ પછી કોઈને ન ગણે તેવું પણ થાય. ભીમદેવ મહારાજનું બળ અગાધ. દુર્લભદેવ મહારાજ સાધુ જેવા. તેમાં મનદુ:ખ જેવું થઈ ગયું. એકને ગમે, તે બીજાને ન ગમે. પછી તો વાંધા વધતા જ જાય !'
તિલક સાંભળી રહ્યો. તે મનમાં વિચારી રહ્યો. શાહજાદાની વાત પણ એવી જ હતી નાં ? શાહજાદા મસુદને સુલતાન તરફ નફરત જન્મી હતી. સુલતાન મહમૂદ પોતાના બીજા શાહજાદા મહમદને ગાદીએ મૂકવાનો વિચાર કરતો હતો, એમાંથી વાત વધતી હતી. શાહજાદો મહમદ ખાનદાન હતો. શાયર હતો. શાયરીને શાહજાદો માન આપતો. વિચારવાળો હતો. ઉદાર હતો અને સમજતો. અને મસુદ... ? એક ઘા ને બે કટકા ! આખી દુનિયાનું સોનું ભેગું કરે તોપણ સંતોષ માને નહિ એવો. પણ રાજગાદી સાચવવાની, શત્રુઓને સંભાળવાની, સૈન્યો દોરવાની તાકાત એની પાસે હતી, એનું શું ? રાજ વહેલે-મોડે એનું જ થવાનું. આવું જ આંહીં પણ થયું હોય ! ભીમદેવના બાણની સનસનાટી એણે સોમનાથ પાસે જોઈ તો હતી.
'ઠીક, જયપાલ !' તેણે ઘોડાની વાત પાછી સંભારી : 'ઘોડા માટે સંદેશો મોકલો. દુર્લભસેન રાજા ક્યાં ભરૂચમાં છે ?'
'હા, ત્યાં કે પાસે. એ ત્યાં તપ કરે છે. નર્મદાકિનારે રહે છે. પણ એ હવે મરી ગયા છે. એ નામે કોઈ જાણે પણ નહિ. સાધુ દેવશીલ નામે એ ત્યાં ઓળખાય છે.'

જયપાલ પોતાને મુકામે પાછો ફર્યો. એને લાગ્યું કે એણે રા'નો ઘોડો તો ગમે તેમ કરીને પણ હવે મેળવવો જોઈએ. એ એક ઘોડો એને ક્યાંયનો ક્યાંય રસ્તો બતાવશે. પણ રા' ! રા' માને ? એને મનાવવા જોઈએ. એ એક વાત. અને દુર્લભસેન તરફથી આવતો હોય તેમ કોઈ માણસ પણ, રાજની ઇચ્છા કરતો આવવો જોઈએ, એ બીજી વાત.
તો રસ્તો સરળ થાય.
દામોદરને એણે ઘોડા માટેની ખબર ાપવા સારુ કોઈક જાત્રાળુને સાધ્યો. દામોદરને સંકેત મોકલી દીધો.

Chapter 12
રા'નવઘણ

જૂનાગઢના રા' નવઘણ પાસેથી ઘોડો મેળવવો, એ કાંઈ જેવી તેવી વાત ન હતી. જૂનાગઢનું રાજ જીતવું સહેલું, પણ એનો ઘોડો મેળવવો અઘરું, દામોદરને જયપાલનો સંદેશો તો મળ્યો. વિશ્વાસ જન્માવવાની આ ખરેખર સાચી તરકીબ હતી, એ એ સમજ્યો. પણ એ વિચારમાં પડી ગયો. વખત ઘણો કીંમતી હતો. જે એક દિવસ જતો હતો, તે વધુ ભયંકરતાને જન્મ આપતો જતો હતો. બહુ મોડું થાય તે પહેલાં તાબેદારીના સમાધાનની માગણી મળી જાય, તો જ સુલતાન આંહીંથી ખસે. નહિતર જેમ એક ચોમાસું કાઢ્યું, તેમ બીજું પણ એ ખેંચી કાઢે. અને પછી તો વખતે સંભળાતું હતું તેમ રહી જ જાય તો ? કે એક શાહજાદાને આંહીંનું સોંપી દે તો ? એને ત્યાં એ રીતે ઘર્ષણ પણ ટળે. વખતે સુલતાનનો એ વિચાર દૃઢ થઈ જાય તો પછી એ ખસી રહ્યો. પણ રા'નવઘણ મહા હઠીલો, ગિરનારી ખડક જેવો, અચળ અને અડગ હતો. એ આ વાત સમજે ખરો ? એ તો જે કહેવા જાય તેનું માથું જ ધડ ઉપરથી પહેલું ઉતારી ન લે ?
એટલે દામોદરના દિલમાં અનેક વાતો ઊપડી અને શમી ગઈ. છેવટે એણે વરહોજીને કહ્યું : 'વરહોજી ! એક ઝડપી સાંઢણી લાવો. મારે જવુ છે !'
'ક્યાં જવું છે, પ્રભુ ? અત્યારે ? આવી અંધારી રાતે ? હું સાથે આવું ?'
'સાંઢણીવાળો ને હું, બીજા કોઈનું કામ નથી. હું ગયો છું, એ વાત પણ કોઈને કરવાની નથી. કાલે સાંજે તો હું પાછો આંહીં હોઈશ. આજનો દી સંભાળી લેજો. મહારાજ પૂછે તો કહેજો, જંગલમાં શંકરનું એક જૂનું મંદિર જોવા માટે ગયા છે !'
બીજી જ ક્ષણે એક સાંઢણી આવી. દામોદર ઊપડી ગયો, અંધારી રાત, જંગલ, પોતે એકલો, એ કાંઈ વિચારવાનો વખત ન હતો.
રસ્તામાં એને અનેક વિચાર આવ્યા. એક પળે પોતાના પ્રયત્નોને એણે અફળ થતા જોય. ગુજરાતને રોળાતું દીઠું, દુર્લભ સરોવરમાં ગર્જનકોની હોડીઓ ફરતી જોઈ. પાટણમાં રજપૂતોને, સૂલતાનની લશ્કરી ભરતીમાં આવતા જોય.
સેવંતરાય ને તિલક જેવા અનેકોને રોટલો રળી લેવા ફાંફાં મારતા દીઠા. ગુજરાતમાં સુલતાનની હાક વાગતી સાંભળી.
એનું માથું ભમતું હતું, હૃદયમાં તીવ્ર વેદના જાગીહ તી. કોઈ જગ્યાએ એને આશા જણાતી ન હતી. બહારવટિયા, લડાઈઓથી છિન્નભિન્ન હતાશ થયેલા સરદાર-સામંતોને ભાગતા ને સંતાઈ જતા એણે જોયા.
પમ બીજી જ પળે આશાનું એક નાનકડું કિરણ એના હૃદયમાં પ્રગટતું એણે જોયું. ગર્જનકને પાટણથી સિઘને માર્ગે ઊપડતો તેણે દીઠો. તેને રણમાં હેરાન હેરાન થતો જોયો. એની લૂંટને લૂંટાતી દીઠી.

અંધારી રાતે, ભયાનક માર્ગે, આવા આશા-નિરાશાનાં અનેક મોજાં ઉપર ચડતો-ઊતરતો, પાટણનો મહામંત્રી દામોદર મહેતો, ઝડપથી જૂનાગઢને પંથે પળી રહ્યો હતો.
રા' નવઘણને કોઈ રીતે મનાવી લેવાની જરૂરિયાત હતી. બીજા કોઈને મોકલવો તે વખત કાઢવા જેવું હતું. એ રા'નવઘણને જાણતો હતો. એ ગિરનારના ભૈરવી ખડક સમો હતો. ભગવાન શંકરની પેઠે એ જો વળ્યો, તો વળ્યો, ને ન વળ્યો તો પછી આખું રાજ ભલે ડૂલ થાય, પણ એ નહિ જ વળવાનો.
રા'નો આખો વંશવેલો આવો સિંહપંથી હતો. અને એમાં ગુજરાતના રાજાઓ સાથે તો એમને બીયાબારું પણ હતું. રા' ગ્રહરિપુ મૂલરાજ મહારાજ સાથે આથડ્યો હતો. દુર્લભસેન મહારાજને જૂનાગઢ પાસે જ રા'ના માણસોએ હેરાન કર્યાં હતા. ને એમાંથી ભયંકર વેર જન્મ્યું હતું. રા' નવઘણ એનો જાણકાર હતો. એટલે રા' ન માને તો એક અતિ અગત્યની કડી પોતાની યોજનામાંથી ઊડી જતી હતી. પછી વળી બીજ તકની રાહ જોવી પડે અને દરમ્યાન તો થાય તે ખરું. આવતી કાલે કઈ વાત કેમ ઊભી હશે તે અત્યારે કળી શકાય તેવું જ રહ્યું ન હતું, અત્યારે તો કિમ્મત દિવસની નહિ, પળની હતી. હજી તો પ્રભાતનાં કિરણો આકાશમાં આવ્યાં ન આવ્યાં, ત્યાં દામોદરની સાંઢણીવાળાએ રા'ના ડુંગરી કિલ્લાના સોમનાથીદ રવાજે કડું ઠોક્યું.
'કોણ છે ? અત્યારમાં એ ?'
'એ તો હું છું ! ઉઘાડ !' દામોદર મહેતાએ જવાબ વાળ્યો.
'પણ હું એટલે ? એવો 'હું' વાળો આંહીં કોણ આવ્યો છે ? આંહીં તો 'હું છું' એમ એક અમારા રા' બોલે છે. બીજો કોઈ તો એમ બોલતો નથી !'
'કોણ છે દરવાજે અલ્યા ? રા'ને ખબર કર. દામોદર મહેતો આવ્યા છે !'
'હેં !' દરવાજામાં અંદર થોડી વાર ગુસપુસ થઈ. પછી તરત ભોગળ ઉઘાડવાનો અવાજ આવ્યો.
દામોદર મહેતો અંદર આવ્યો. દ્વારપાલોમાંથી એક જણો રા'ને ખબર કરવા દોડ્યો ગયો હતો. દામોદરની સાંઢણી દરબારગઢ તરફ આગળ વધી.
દામોદરને મળવા માટે રા' પોતે જ દરબારગઢને દરવાજે સામે ઊભેલો નજરે પડ્યો. દામોદરને આશા પડી. એને લાગ્યું કે હજી રા'ના મનમાં એકલું પડી જવાની વાત કોઈએ ઉગાડી લાગતી નથી. પણ આ તો ગિરજંગલનો સિંહ હતો, ક્યારે એ આંખ ફેરવશે તે કહેવાય નહિ.
ઊતરતાંવેંત જ દામોદર, બહુ જ પ્રેમથી રા'નો હાથ લઈને તેને ભેટી પડ્યો. 'કેમ મારા રા' ! કેસરી સિંહ ! કેમ છો ? તમને અમારો સંદેશો મળ્યો હતો ?'
'સંદેશો મળ્યો હતો. એ પ્રમાણે મંત્રીરાજ વિમલની સાથે માણસો પણ મોકલ્યા છે. પણ એ બધી કડાકૂટ મૂકો ને, પ્રભુ ! અમને અમારી રીતે કામ લેવા દો ને !'
'તમારી બહારવટાની રીત, કાં ?'
'ગીરની છાયામાં તો પ્રભુ ! એ ફળે છે. મારે મહારાજ ભીમદેવને એટલા માટે તો મળવા પણ આવવું છે !'
દામોદર ચમકી ગયો. તેને લાગ્યું કે રા' અને ભીમદેવ મહારાજ એક રીતે એક હતા. લડાઈ કરવામાં ક્યાંય ભેગા થઈને ઊંધું વેતરે નહિ.
બંને જણા અંદર ગયા. રા'ના કોટકિલ્લામાં ઠેકાણે ઠેકાણે કામ ચાલી રહ્યાનાં કાંઈક નિશાન દામોદરે દીઠાં. રા' શું કરી રહ્યો હતો એની એને કાંઈક ગમ પડી. આંહીં ભવિષ્યની તૈયારીઓ ચાલતી લાગી. પણ એ શા માટે હશે, તે તેને સમજાયું નહિ.
એણે સોમનાથના જુદ્ધ પછી, કોઈ જાતનો ખાસસાથ આપવાનો રસ બતાવ્યો ન હતો, એ ઘણું સૂચક હતું. એ પોતાની અનોખી તૈયારીમાં પડ્યો હોય તેમ દામોદરને લાગ્યું. કદાચ ગર્જનક

રહી જવાનો છે, એ ઊડતા સમાચારે, એણે પોતાના કિલ્લાને અજિત બનાવવા માટે આ પ્રયત્ન આદર્યાં હોય.
'અમે એક પાતાળકૂવો આદર્યાં છે. તેમાં પાણી નીકળ્યું. અને સૌ એની મોજમાં પડી ગયા ! આ બાજુ જ છે !'
રા' આગળ ને દામોદર પાછળ એમ એક જબરદસ્ત કૂવાની દિશામાં તે ગયા.
નાખી નજર ન પહોંચે એટલા ઊંડાણમાં પાણી ચમકી રહ્યું હતું.
'આમાં પાણી કોઈ દી ખૂટે તેમ નથી. અનાજના ભંડાર પણ ભર્યાં છે. આ બેઠણું છે. આ અજિત ખડક ઊભા છે. ભલે ગર્જનક આંટા માર્યાં કરે !'
દામોદર સમજી ગયો. રા'ને કાને ગર્જનક રહી જવાની વાત આવી ગયેલી હોવી જોઈએ. તેણે મોટેથી કહ્યું : 'ત્યારે આનું નામ રાખો નવઘણ કૂવો.' દામોદર બોલ્યો ને રા' હસી પડ્યો. એને વાત ગમી ગઈ; પણ દામોદરને તો મનમાં પોતાની વાતની ચટપટી હતી. એને સાંજ પહેલાં કામ પતાવીને પાછું ફરી જવું હતું. એના મનમાં ઊંડે ઊંડે એક બીજી વાત પણ અત્યારે આવી ચડી હતી. રા'ની કુંવરી ુદયમતીના વિવાહ વિષે એક વખત પાટણ ુપર સંદેશો આવ્યો હતો. તે વખતે દુર્લભ મહારાજ હતા. દુર્લભ મહારાજને એ વાત કાંઈ ગળે ઊતરી નહિ. રા' સાથે એનો મેળ નહિ. ત્યાં તો મહારાજે સંન્યાસ લીધો. લોકવાયકા પ્રમાણે લેવો પડ્યો. એ ગમે તેમ હોય. એ વાત ખોળંભે પડી ગઈ. હજી એ ઊડી ગઈ ન હતી. રા'ને મેળવી લેવાની આ એક ભારે તક હતી. દામોદર એ વિષે વિચાર કરી રહ્યો. એમાં એક મોટું વિઘ્ન હતું. હવામાં ભીમદેવ મહારાજના શૂરાતનની પેઠે એમની બીજી વાતો પણ ઊડતી રહેતી. એ પોતે લોકો માટે એક રોમાંચકારી તિહાસકથા સમા બની ગયા હતા. એમાં સોમનાથની નતિકા ચૌલાનું નામ લેવાતું હતું. રા'ને કાને એ વાત આવી હોય તો રા'નું મન પાછું પડે. એ એક મોટું વિઘ્ન હતું. એટલે જે કામ માટે પોતે આવ્યો હતો તે વિષે જ પ્રથમ વાત કરવી રહી. વિચાર કરતો તે રા'ની સાથે અંદર ગયો ત્યાં એક વિશાળ ખંડમાં બંને જણા બેઠા. રા'ના ખંડમાં ચારે તરફ ભીંતો ઉપર શસ્ત્ર-અસ્ત્ર લટકી રહ્યાં હતાં. એ એની રણઘેલછાની સાક્ષી પૂરતાં હતાં. સામેની શિખરમાળા ઉપર ભગવાન શંકરની ધજા ફરકતી હતી. ગોખલામાંથી બહાર દૃષ્ટિ જતાં ડુંગરમાળાઓની લીલીછમ હરિયાળી સૃષ્ટિ ખડી થતી હતી. અડગતાના પ્રતીક સમા ભૈરવી ખડકો ચારે તરફ દેખાતા હતા.
કોઈને પણ ઈર્ષાં ઉપજાવે તેવું રા'નું અદ્ભુત બેઠણું હતું.
સિહરાજની અજિત બખોલ સમા દુર્ગને દામોદર નિહાળી રહ્યો. આંહીં બેસનારના મનમાં કોઈને નમવાની કલ્પના પણ ન આવે !
'મહારાજ પાછા ફરીને જુદ્ધે ચડવાના છે કે પછી બધા સાંભરમાં ઓડો બાંધે છે, ત્યાં જવાના છે ? તમારો સંદેશો મળ્યો. એમાં એવી કોઈ વાત હતી નહિ. એટલે પછી અમે તો અમારી રીતે આદરી દીધું છે !'
દામોદર વિચારમાં પડી ગયો. રા'નો વંશવેલો રણઘેલછાનું લોહી લઈને જન્મતો એણે જાણ્યો હતો. રા' પણ એવી કોઈ રણઘેલછાની વાતમાં પડ્યો લાગે છે. આ કિલ્લાની તૈયારી, જળાશયની તૈયારી એ બધી એને લગતી જ વાત છે. પણ એના મનમાં મોકો જોઈને ગુજરાતના ઉપર ઘા કરવાની કોઈ વાત તો આવી નહિ હોય ? પણ તો એ આટલો નિખાલસ ન હોય. દામોદરે પહેલાં એ દાણો દાબ્યો : 'તમે આ નવી તૈયારી આદરી છે, નવઘણજી ! તો શું કોઈ મારણની વાત છે કે શું છે ? સંધ ઉપર ફરીને જવું છે ?'
'એમ સાંભળ્યું છે પ્રભુ, કે ગર્જનક, વખતે આંહીં જ ધામા નાખે, એટલે કીધું, આપણે આપણી સાંઢણીઓ હવે તૈયાર કરો. આ તો લાંબું ચાલશે. આંહીં રહેવાનું એ નક્કી કરે, પછી એક દી

પણ, જો પાટણમાં બેઠો એ, સુખે ધાનનો કોળિયો ભરે, તો તો જૂનાગઢની એકોતર પેઢી સૈરવ નરકમાં ન પડે ? રાતનું મારણ ને દી ઊગ્યે ભલી આ ડુંગરમાળા ! એવી ઘડિયાં જોજન પંદરસો સાંઢણીઓ તૈયાર કરી છે !'
'પંદરસો ? પણ તમે ભૂલો છો, રા' ! સુલતાન પાસે ત્રીસ હજાર છે !'
રા'એ મૂછે તાવ દીધો. જમણો હાથ સાથળ ઉપર ઠબકાર્યો. એની આંખમાં નવી જ ચમક પ્રગટી નીકળી. એ તાનમાં બોલી ઊઠ્યો : 'હવે એ ત્રીસે હજાર ગધેડી થઈ ગઈ. મંત્રીશ્વરજી ! દેશભરમાંથી ખોળી ખોળીને આંહીં અમે જે ભેગી કરી છે, એક વખત એ તમે નજરે તો નિહાળો. એ જ્યારે મારણ ઉપર ચડે, પછી પવન પણ બિચારો પાછળ રહી જાય ! આંહીંથી સાંજે નીકળશે પંદરસો, અને વાળુ ટાણે પાટણને લૂંટીને ધરાર આ કિલ્લા ભેગી થી જાશે ! ને ગર્જનક જોતો રહેશે ! ત્રીસે હજારના ટાંટિયા એના ગળામાં ભરાઈ રહેશે !'
'હા...' દામોદર મનમાં ઘા ખાઈ ગયો. ત્યારે આ તો રા'ની રીતે રા'ની તૈયારી થતી હતી. એ સમજી ગયો, આને એકલી બહારવટા ુપર જ નિ:સીમ શ્રદ્ધા હતી. એ પોતાની રીતે જ લડવાનો. એ બીજાની પડખે ઊભો નહિ રહે.
પણ અત્યારે વાળવા જતાં, વખતે એ આડો ફાટે, દામોદરે ધીમેથી પોતાની વાત મૂકવા માંડી : 'જુઓ રા' નવઘણજી તમે જૂનાગઢનો અજિત કિલ્લો રાખી રહ્યા છો. સંઘનાં રણ પણ તમે જોયાં છે. તમે મહારાજ ભીમદેવનું શૂરાતન નજરોનજર નિહાળ્યું છે. તમે ગુજરાતના બહાદુરમાં બહાદુર મંડલેશ્વર છો. પણ અમે જે વાત અત્યારે ાદરી છે, એમાં એક નવી જ વાતની જરૂર છે. એટલા માટે હું પોતે આવ્યો છું. તમે જો સાથ આપો, તો ગર્જનક પાછો તો જાય, પણ એવો હેરાન થતો જાય, કે સો વરસ સુધી ત્યાંથી કોઈ ગુજરાતની દિશામાં પછી નજર પણ નાખે નહીં ! આ કરવું છે કે તમે, મહારાજ, સૌ છૂટા છૂટા એને હેરાન કરો, રંજાડો, એ કરવું છે ? આપણે આ વાતનો પહેલો નિર્ણય કરવાનો છે. બોલો, તમે સોમનાથના રખેવાળ છો. સોમનાથના ભગવાનનું ગગનને અડે એવું એક ભવ્ય મંદિર પાછું આપણે ઊભું કરવું છે કે નથી કરવું ? આપણે પાછું ગુજરાતને થાળે પાડવું છે કે નથી પાડવું ? આડખીલી આ એક સુલતાનની છે. એણે ભારતભરમાં કૈંક રાયને રોળી નાખ્યા છે. એની સેના અત્યારે પણ અપરંપાર છે. છતાં એ તમને નહિ પહોંચે એ સાચું, પણ એ જો આંહીં રહી ગયો, તો આપણા પાસા ઊંધા પડવાના છે !'
'પણ એ તે આંહીં રહેશે કેમ ? એના દાંત ખાટા નહિ થઈ જાય ? આંહીં હજી તો રા'ના વંશવેલાનો દીવો, માતાને મંદિરે અખંડ બળી રહ્યો છે. મંત્રીજી !'
'નવઘણજી ! રા' ! તમારી વાત બહાદુર કેસરી જેવી છે. તમારી હાકે કોણ ધ્રૂજ્યું નથી તે આ નહિ ધ્રૂજે ? પણ આપણે સમો વરતવાનો છે. આપણે સૌ છૂટાછૂટા પડ્યા છીએ. એ એકલો ચક્રવર્તી છે. અત્યારે તો એને કોઈ જુક્તિથી કાઢીએ, તો રંગ રહી જાય. એને જાવું પણ છે. નથી જાવું તેમ પણ નથી, પણ આડે સાંભરમાં ઓડો બાંધવા સૌ ભેગા થયા છે, એટલે એ થોભી ગયો છે. પણ એમાંથી એ લાંબું થોભી જાય, તો નવું લાકડું ઊભું થાય. પછી બીજાનું તો જે થતું હોય તે થાય, પણ ગુજરાતનું તો આ ધરતી ઉપર નામનિશાન ન રહે. સોમનાથ ભગવાનનું મંદિર ન રહે. સોલંકી વેલો ન રહે, પાટણનું રાજ ન રહે. અને આ તમારો અજિત ગઢ પણ ન રહે !'
'અરે ! ભાર છે કોઈનો, મહેતા ! કે આ જૂનાગઢ જીતે ? એ જીતવાવાળો તો હજી કોઈ જન્મ્યો નથી. અને જનમવાનો પણ નથી !'
'રા' નવઘણજી ! તમારી ચાલ કેસરીની છે, એ શું મારાથી અજાણ્યું છે ? પણ કેસરી ક્યારેક તો જાળા આડો આધાર લે છે નાં ? ત્યારે આપણે એવો થોડોક આધાર લઈ લેવો છે. સુલતાન

તો જાય, જો કોઈક મહારાજ ભીમદેવનો ઘા આડો ઝીલી લે. અમે દુર્લભ મહારાજને તૈયાર કરવા ધાર્યાં છે. એ રાજપાટ સંભાળે. સુલતાનને એ સાથ આપે. થોડો વખત બધેથી સુલતાનને ખંડણી મળે, તાબેદારી મળે, દુર્લભ મહારાજ ભીમદેવ મહારાજનો ઘા માથે લઈ લે !'

રા' નવઘણ આ સાંભળતાં ઊંચોનીચો થઈ ગયો. તેણે સાથળ ઉપર હાથ ઠબકાર્યો :
'અરે ! આ કોણ બોલે છે ? પાટણનો મંત્રીજાર ? આ તમે શું બોલો છો મહેતા ! આ તે હું તમારાં વેણ સાંભળું છું કે મારું મગજ ચસકી ગયું છે ? પાટણપતિને ત્યાં આવી વાત ? મહાઅધરમની ! ભગવાં છોડાવવાનું મહાપાપ, કોણ માથે લેવાનું છે ?'

દામોદરે શાંતિથી કાંઈ ન હોય તેમ કહ્યું : 'જે કાંઈ પાપ થતું હોય તે મારા ઉપર ભગવાન સોમનાથ મૂકે, મારો વંશવેલો ભલે નિર્મૂળ થઈ જાઓ, પણ નવઘણજી ! તમે વાત સમજો. આ સુલતાન તો જ જશે. એટલા જ માટે જયપાલને ત્યાં મોકલ્યો છે એ કાંઈક કરશે તેમ જણાય છે. જયપાલનો આ સંદેશો છે. એને ત્યાં વિશ્વાસ મેળવવો છે. અને એક બીજી વાત છે. રા' ! તમારા ઘોડાનો પણ ખપ પડ્યો છે !'

'મારો ઘોડો ?' રા'નો હાથ તરવાર ઉપર જ ગયો. 'મારો ઘોડો હું આપું ? તમે ઘર ભૂલી ગયા લાગો છો, મહેતા ! રા'નું માથું મળે, રા'નો ઘોડો ન મળે !'

દામોદર આ જવાબ માટે તૈયાર જ હતો. તે ધીમા, શાંત પણ મક્કમ અવાજે બોલ્યો : 'તમે પણ ત્યારે ભૂલો છો રા' ! આવું માગણું હજાર વર્ષે, કોઈક વખત કોઈક ને ત્યાં આવે છે ! આ કોઈ માણસ માગણ નથી. આ તો દેવ તમારે ત્યાં માગવા આવે છે. દામોદર મહેતો રા'નો ઘોડો માગવા આવ્યો નથી. એ તો જાણે છે કે, જૂનાગઢના રા'નો ઘોડો એ તો એની જિંદગી છે. એ તો એનો કિલ્લો છે. એનો એ ગર્વ છે. એની માગણી ન હોય. એ ન મળે, પાટણના ભીમદેવ મહારાજ પણ આ માગવા આવ્યા નથી. એ પણ વાત જાણે છે. ગુજરાતના લોક માગવા આવ્યા નથી. કવિ, બારોટ કે દસોંદી માગવા આવ્યા નથી. આ તો ખુદ ભગવાન સોમનાથ પોતે માગવા આવ્યા છે. હું તો એનો બોલાવ્યો બોલું છું. તમારો ઘોડો ભગવાન સોમનાથના મુક્તિ યજ્ઞમાં હોમવાની દેવાજ્ઞા છે. એ ઘોડો, જયપાલ ત્યાં આપવાનો છે. હોમી દેવાનો છે. હું કહું છું ને, આ તો એક અશ્વને હણવા મોકલવાનો છે. વાત મોટી ગણો તો મોટી છે. નાની ગણો તો નાની છે. પણ એનાપરિણામે, ભગવાન સોમનાથનું સુવર્ણ મંદિર ઊભું થાય, ત્યારે જૂનાગઢના રા' ભલે, આવા સો ઘોડાનું દાન કરે. અત્યારે તો આ એક ઘોડો સોમનાથ ભગવાન પોતે માગે છે. બધું આવશે, આ વખત નહિ આવે નવઘણજી ! બીજું બધું આવશે. તમે જવાબ આપો, એટલે હું જાઉં. હું તો મારા મનમાં મોટી આશા લઈને આવ્યો હતો. ક્ષિતિજની પેલી મેર, પાટણના સોનેરી રૂપેરી સિંહાસન ઉપર તમારા જ કોઈ વંશવેલાને, ભારતવિખ્યાત વીર વિક્રમી છત્ર નીચે શોભાવવા માટે હું દોડ્યો હતો. આ સમો હતો. આ તક હતી. ભીમદેવ મહારાજની ને તમારી એક રાશ છે. બેયની ચાલ કેસરીની છે. જૂનાગઢ પાટણ મળે એવો આ સમો છે. મહારાજને સંઘ ગળે ચોટ્યું છે. તમે સંઘ સંઘ જપો છો. મહારાજને કેસરી નરની દોસ્તી ખપે છે. તમારી આંખમાં કેસરીની છાયા છે. દુર્લભ મહારાજ, એ જમાનો, એ વાત, એ જવાબ, ભૂલી જાઓ નવઘણજી ! હું સોમનાથનો ભક્ત છું, તમે સોમનાથના રક્ષણહાર છો, મહારાજ સોમનાથના દ્વારપતિ છે. કોને ખબર છે આટલી આ એક નાનકડી દેખાતી વાતે પાટણની રાજગાદી કોના વંશમાં જઈને ઠરવાની હશે ? તમારો જવાબ ભલે ગમે તે હો. પણ સોમનાથ ભગવાન જેવો દેવ માગવા આવે છે, એ વાત ન ભૂલતા. પ્રભુ ! હવે હું જાઉં !'

દામોદર ઊભો થવા જતો હતો. પણ ત્યાં રા'એ એનો હાથ પકડ્યો. એને દામોદરની વાતમાં કૈંક વાતોનાં સ્વપ્નાં રમી રહેલાં દેખાયાં.

'મંત્રીજી ! તમે કહ્યું, દેવ જેવા દેવ માગે છે, તો તો થઈ રહ્યું. ઘોડો ભલે યજ્ઞમાં હોમાતો. ભગવાનની એવી ઇચ્છા હશે ! પણ અમારાં સપનાં ભા, તમે રોળી નાખો છો.'
'ઇચ્છા હશે નહિ... છે, નવઘણજી ! ભગવાનના મઠપતિએ પોતે પણ એ ભવિષ્યવાણી કહી છે.'
'શું ?'
'આ મંદિરની ધજા રા'એ રક્ષી છે. રા' રક્ષવાના છે. રા'ના વંશવેલાથી એ રક્ષાવાની છે. વંશવેલાથી, નવઘણજી ! આ વાત છે !'
દામોદરના છેલ્લા શબ્દો સાંભળીને રા' ઘડીભર ઊંડા વિચારમાં પડી ગયો લાગ્યો. એને એમાંથી જગાડવા માટે ઢંઢોળતો હોય તેમ દામોદર બોલ્યો. 'અમે તમારી પાસે વેણ નાખ્યું છે. ભગવાનની આજ્ઞા છે. મહારાજની ઇચ્છા છે. કોને ખબર છે, આપણી આ એક નાનકડી વાતનાં કોણ જાણે કેવાં મહાન ફળ આવવાનાં હશે ? 'અને એક બીજી વાત પણ છે હો, નવઘણજી ?'
'બોલો !'
'તમારી બે-ત્રણ સાંઢણી ! એ પણ જોઈશે. ભોમિયા જોઈશે. સાંઢણીવાળા જોઈશે. તમે રંગ રાખ્યો છે, તો હવે છેવટ સુધી રંગ રાખો. ભગવાનની કૃપાએ તો, આજે પંદરસો સાંઢણીથી મારણ કરવાની વાત કરો છો. પછી વખતે પંદર હજાર લઈને સિંધ ઉપર જવાની વાત આવશે. ભગવાન સોમનાથ આપણને એ દી દેખાડે ! ને એ વખતે આપણે એકબીજાની પડખે હોઈએ !'
'હા પ્રભુ ! એકબીજાની પડખે હોઈએ. મોટી વાત એ છે. પણ મારે આ માટે મહારાજને મળવા આવવું છે, પ્રભુ !'
'તે ભલે આવો, પણ આ મેં તમને વાત કરી દીધી. હવે બહુ વખત કાઢવો નથી.'
રા' મહારાજને મળવા આવે તો દામોદરને વાત વેડફાઈ જવાનો ભય લાગી ગયો. પણ રા'ને મહારાજ પ્રત્યે માન હતું, એટલે મહારાજને મળ્યા વિના એ પગલું નહિ ભરે. પાટણના ઇતિહાસમાં આ પહેલી જ વખત રા' અને પાટણપતિ એકબીજાને પ્રેમથી સમજતા હોય તેમ બન્યું હતું. હજી થોડાં વર્ષોં પહેલાં તો આ રા'નવઘણ પોતે જ દેવાયત આયરને ત્યાં ઊછરતો હતો. અને એને ખોળવા પાટણનાં માણસો ભમતાં હતાં. દેવાયતે અદ્ભુત વીરતા બતાવી હતી. એ વીરતાની વાત સાંભળતાં ભીમદેવ મહારાજ જેવા પણ ડોલી ઊઠ્યા હતા. દેવાયતે પાટણના માણસોને નવઘણને બદલે નવઘણના જેવો વેશ પહેરાવીને પોતાનો સગો દીકરો ઉગો સોંપી દીધો હતો. ઉગો મર્યોં હતો.
આ ઉગાની બહેન જેસલ. તે સિંધમાં ગયેલી. એના રૂપ ઉપર સિંધનો રાજા હમીર મોહ્યો. તે વખતે રા'નવઘણ, નવ સોરઠનો ધણી, સિંધમાં પહોંચ્યો, જેસલને છોડાવી. એ સિંધ સાથે ભરી માપવાની વાત. રા નવઘણની હજી પણ, બાકી હતી. અને ભીમદેવ મહારાજના દિલમાં તો ગુજરાતના ચારે તરફના વિસ્તારનું એક મહા સ્વપ્ન ક્યારનું ખડું થઈ ગયું હતું. એમાં સિંધ પણ આવતું હતું.
એટલે આ બંને કેસરી આજે પાસે પાસે આવી ગયા હતા.
પણ દામોદરને રા'ની બીજી બીક હતી. રા' ને ભીમદેવ મહારાજ બે ભેગા થાય. તો કદાચ આ આખી વાત પાછી વેડફાઈ જવાનો ભય જાગે. રા'ની તૈયારી જોઈને એને એ વિચાર આવ્યો. બંને રણક્ષેત્રના અટંકી ઉપાસકો રહ્યા.
દામોદરે રા'ની વિદાય લીધી ત્યારે, રા' પોતે, મહારાજની પાસે આવી જવાનો એમ નક્કી થયું.

Chapter 13

બે વનરાજ

દામોદરને બીક હતી કે બે વનરાજ ભેગા થશે તો હવા ફરી જશે. પણ એને લાગ્યું હતું કે રા'ને પોતે અસર કરી શક્યો છે. એટલે રા' આવે તેની બીજે દિવસે જ એ રાહ જોતો બહાર ઊભો હતો. સવારનું ભળભાંખળું હજી થતું આવતું હતું. એટલામાં એને કાને સોનેરી કડલીઓનો રણકાર કેડીએથી આવતો સંભળાયો. એ સમજી ગયો. સાંઢણી રા'ની, એના વિના બીજો કોઈ વીર આવાં લાડ સાંઢણીને લડાવી શકે નહિ.

એટલામાં રા'ની નમણી, ગગનપંખી સમી, રૂપાળી સાંઢણી નજરે પડી. દામોદરને લાગ્યું કે સોનારૂપાનાં રાજસિહાસનો આની પાસે એક કોડીનાં બની રહે ! ઘડીભર તો વૃક્ષો, વેલીઓ, પશુઓ અને પંખીઓ પણ જાણે, એની રણબંકી ચાલ નિહાળવા માટે વનમાં થોભી ગયાં હોય તેમ લાગે. દામોદર ઉતાવળે તરત અંદર ગયો.

રા' આવ્યો. ગુફાના મોં પાસે જ એણે સાંઢણી ઝોંકારી. તે નીચે કૂધો. એણે પ્રેમથી સાંઢણીને ગળે એક નાનકડી હેતભરી ટપલી લગાવી. 'તૈયાર થવાનું છે, હો રાણકી !' લાડઘેલી સાંઢણી જાણે એને સમજતી હોય તેમ તે બોલ્યો : 'સો સો જોજનનાં મારણ આપણે હવે મારવાં છે. દેશ આખો ભલે મોંમાં આંગળાં નાખીને એક વખતે આ રંગ પણ જોઈ લેતો ! કાં તો નામ અમર થઈ જાય છે - તારું ને મારું બેયનું ! અને નકર પાળિયા તોઊભા થાશે ! લે, બેસ હવે, આ હું આવ્યો !'

રા' નવઘણ અંદર ગયો. ભીમદેવ મહારાજ, દામોદર, કુમારપાલ બધા ત્યાં ચોકમાં ગાદીઓ પથરાવીને બેઠા હતા. રા' તેમની તરફ ગયો. રા'ને આવતો દીઠો અને મહારાજે બેઠાંબેઠાં આઘેથી જ એનો સત્કાર કર્યો : 'આવો આવો રા' ! નવઘણજી ! આવો. અત્યારમાં આમ ક્યાં ઊપડ્યા ?'

'ઊપડશે ક્યાં બાપ ! રાએ પણ ત્યાંથી જ જવાબ વાળ્યો : 'આ તો તમારા અમાત્યનાં વેણ નથી સમજાતાં, નથી એની હાલ કળાતી, નથીએની વાતમાં કાંઈ માખણ નીકળતું, એટલે કીધું હું પોતે જ મહારાજને મળી આવું. એની પાસેથી અમારા સિહના બોલ મળશે !'

રા' પાસે આવ્યો. તેણે મહારાજને ખભે પ્રેમથી હાથ મૂક્યો. બે હાથ જોડ્યા. તલવાર પગ પાસે નાખી એ ત્યાં વીરાસને બેઠો. એનો પ્રતાપી સીનો અને કદાવર દેહ સૌને આકર્ષી રહ્યા. એની આંખમાંથી નર્યો અગ્નિ વરસતો હતો. એણે કોઈક બળવાન નિશ્ચય કર્યો જણાતો હતો.

દામોદરના પેટમાં ફાળ પડી ગઈ. આ બે વનરાજ ભેગા થયા છે, અને ક્યાંક એની આખી યોજનાને ઊંધી વાળી દે નહિ ! એણે ધાર્યું હતું રા' એના નિર્ણયને માન આપવા માટે આવ્યો હશે. પણ રા'નો ચહેરો જુદી જ વાત કહેતો હતો.

'બોલો ! મહારાજ ! મારે તમને બે વાત કહેવી છે. આંહીં કહું કે બીજે જાવું છે ?'

'વિમલ મંત્રીશ્વરને અમે થાય તેટલાં માણસો ભેગાં કરીને સાથે આપ્યાં છે. એક સાંઢણીવાળો ત્યાંથી કાલે આવી પણ ગયો. અમાત્યજી !'

એણે સમાચાર આપ્યા. નેળના મોં આડે ટોડો બાંધીને સૌ ત્યાં પડ્યા છે. એ રસ્તે હવે ગર્જનક જઈ રહ્યો. આપણે શું કરવું છે ? બોલો. હું કાંઈ સમજતો નથી !'

'ધંધૂકરાજ પોતે ત્યાં આવ્યા છે ?' દામોદરે પૂછ્યું.

'નહિ આવ્યા હોય તો હવે આવશે એમ સમજોને ભા ! અત્યારે તો સૌ સૌના તાનમાં છે. બધાંને એમ હોય નાં કે આપણી પાસેથી નીકળે ત્યારે આપણે રંગ બતાવવો. આપણે આપણું ગાણું કરો ને !'

દામોદરને આ બીજી ચિતા હતી. કોઈ કોઈ માટે ફરકે તેમ તો ન હતા, પણ એને તો એમ શંકા પડી ગઈ હતી કે જો ગર્જનક ખસે, તો પાટણને પીંખવાની વેતરણમાં વખતે બધા પડ્યા હોય તો ના નહિ. બધા એટલે લાટ, આબુ, માળવા, સાંભર. વિમલ ત્યાં વખતસર પહોંચી ગયો

હતો તે સારું હતું. હવે આંહીંની વાત જલદી ઉકેલાઈ જાય એ જરૂરી હતું.
'રા' નવઘણજી ! ભૈ મારું મન તો જાણે માનતું નથી.' ભીમદેવ મહારાજ બોલ્યા. પણ દામોદરની વાત ન્યારી છે. તમે કહી હશે નાં ? મઠાધિપતિના એને આશીવાઁદ મળ્યા છે. બોલો, હવે શું થાય ?'
'શું મઠાધિપતિ હા ભણે છે ?'
'તમને દામોદર મહેતાએ વાત તો કરી હશે નાં ?'
દામોદર મહેતાએ તો વાત કરી છે. પણ એવો અધરમ, રા'ના વેલામાં થયો નથી. રા'ના વેલામાં થશે પણ નહિ. અમારી ઉપર ગરનારી જોગીની છતરછાયા છે. મહારાજ ઠીક પડે તે ભલે કરે. મહારાજ તો પાટણના ધણી છે. પણ પછી આના સોગન લેતાં અમારા જીવ ખાખ થઈ જાશે.' રા'એ પોતાની પડખે પડેલી લાંબી રમશેર ઉપર હાથ મૂકતાં કહ્યું.
ભીમદેવ વિચારમાં પડી ગયો. દામોદરને રા' ઊંધે માગેઁ જતો જણાયો. કુમારપાલ ઊંચોનીચો થઈ ગયો. એને દામોદરની હિલચાલ માથા ઉપર ભયંકર કલંક આપી જાય તેવી લાગી હતી. વિમલ તો હતો નહિ, પણ એણે અભિપ્રાય વિરુદ્ધમાં આપ્યો હ તો.
'પણ ભગવાન સોમનાથના ત્રિકાલજ્ઞ મઠાધિપતિ જેવા મઠાધિપતિએ આશીવાઁદ આપ્યા છે તેનું શું, નવઘણજી ?' દામોદર બોલ્યો : 'એ કોઈ અમસ્તા આપ્યા હશે ? એ તો જાણતો હશે નાં ? યાદ કરો. આજથી સાત વરસ પહેલાં ુતરખંડમાં શું થયું હતું ? ચાંદા જેવડો મોટો ધૂમકેતુ દેખાયો. છ-સાત રોજ સુધી આકાશમાં દેખાતો રહ્યો. ત્યારે મઠાધિપતિએ શું કહ્યું હતું. યાદ કરો. *'સબ ઉતરાખંડ ખતમ હો જાયગા, કોઈ રાજબીજ નહિ ટકેગા.' એમ કહ્યું હતું, એ યાદ છે ? અને એ બની નથી રહ્યું ? જયપાલ મહારાજનો વંશવેલો ક્યાં છે ? નીડર ભીમપાલ પણ કેટલા દી ? નવઘણજી ! સોમનાથના મઠાધિપતિએ અમને આશીવાઁદ આપ્યા છે તે અમથા નથી આપ્યા. તમે આવ્યા

----

* ઈ.સ. ૧૦૧૫-૧૬માં એક ચંદ્રમા જેવડો મોટો ધૂમકેતું દેખાયાની વાત છે. ત્યાર પછી ભયંકર દુકાળ પડ્યો હતો અને લોકમાં અનેક વાતો ચાલી હતી.

ન હોય તો મહારાજ તમને બોલાવવાના હતા. એટલે હવે તો તમારે મારી સાથે આવવાનું છે.''પણ ક્યાં ?'
'ભૃગુકચ્છ ! શુકલતીથઁમાં. આપણે ત્યાં જવું છે.'
'પણ ત્યાં મારે શું છે, મહાઅમાત્યજી ! તમારી વાતથી તો ભૈ તોબા ! તમે કહો તો રાતોરાત પાટણ ઉપર જઈ આવું. પણ આ અધરમમાં મને દોરો મા. ભેખ ુતારનાર દુલઁભ મહારાજ સૈરવ નરકમાં પડશે, હું શૈરવ નરકમાં પડીશ. તમે તો બ્રાહ્મણ દેવતા છો, એટલે કેમ કહેવાય ? પણ આપણો વંશવેલો આ અધરમનાં ફળ ચાખશે મહેતા ! મેં સાંઢણીદળ તૈયાર કયુઁ છે. તમે એ જોયું છે. મારા માથા ુપરસંઘના સુમરા હમીર સાથે ભરી માપવાથી કૈંક લેણદેણ હજી ઊભી છે. સુલતાનને સંઘને મારગે જાવા દો. ને એ જ મારગે એ જાવાનો છે. પછી એ છે, હું છું, ને મારી રાણકી છે. ભગવાન સોમનાથ સવળા પાસા પાડશે તો પ્રભુ ! દેશભરમાં નામના રહી જાશે. અમને આ ઊંધે રવાડે ક્યાં ચડાવો છો ? અમને અમારાં સપનાં જ માણવા ધો ને. અમને એટલે મને ને મહારાજને, મહારાજને ને મને, અમને બેને, તમારી વાતમાં શું કરવા સંડોવો છો ? પંદરસો સાંઢણી મેં તૈયાર રાખી છે. મહારાજ બીજી તૈયાર કરશે. અમને એ સંઘના રણમાં પાળિયા બની જવા દો. અમને મજો એમાં આવશે, પ્રભુ ! અમારા સ્વપ્નોમાં અમને ફના થઈ જવા દેવાની અમારી માગણી છે. અમારે બીજું કાંઇ જોઈતું નથી. અમને હવે રાજમાં પણ રસ નથી. સોમનાથ જેવા સોમનાથને રક્ષી ન શક્યા, હવે અમે રાજા શેના ?

અમને તો રણના નામનિશાન વિનાના પાળિયા થવા દો !'
દામોદરે ભીમદેવ મહારાજ સામે જોયું. એનો રંગ પણ રા'ના વેણથી બદલાઈ ગયેલો દીઠો. રા' નવઘણને સિંધના સુમરા હમીર સાથે વેરઝેર ચાલ્યા કરતાં હતાં. અને એમાં આ ગજ઼્નકની વાત ભેળાતી હતી. પણ રા' નવઘણ અત્યારે આ પ્રમાણે એનો નિવેડો લાવીને પોતાની આખી વાતને રોળીટોળી નાખશે એ દામોદરે નહોતું ધાર્યું. મહારાજ ભીમદેવનો ચહેરો નવો રંગ બતાવી રહ્યો હતો. દામોદર, મહારાજના મનની વાત જાણતો હતો. એમને પણ સુલતાનની પાછળ વારંવાર પડવામાં ને છેક સુલતાન સુધી ઘોડા કરવામાં, રજપૂતી જળવાતી જણાતી હતી. દામોદર થોડી વાર વિચાર કરી રહ્યો. આ બંને વનરાજો જો ઊંધે રસ્તે વળ્યા, તો પછી એ વાળ્યા વળે તેવા ન હતા. તે ગંભીર બની ગયો, તેણે બંનેને મક્કમ શાંત ધીમા અવાજે કહ્યું :
'રા' નવઘણજી ! તમે જે વાત કરો છો તે જુદી છે. મારી વાત જુદી છે. પહેલાં સુલતાન આંહીંથી જાય તેવી વાત આપણે કરવાની છે. એ આંહીંથી ક્યારે જાય તેની વાત છે. ગજઁનક આંહીં બાર વખત આવી ગયો છે. તે તમારી રગેરગનો પરખંદો છે. તમારી પંદરસો સાંઢણી તો એને ત્યાં ચટણી થઈ જશે, ચટણી. અને એક વખત જો અત્યારે આ મોકો ખોયો - પછી તમારું કે અમારું કોઈનું નામનિશાન આંહીં નહિ રહે. તમે માનો છો કે સાંભર કે માલવા કે અબુઁદ કે લાટ કોઈ તમારી મદદે આવશે ? કોઈ નહિ આવે. સૌ ઊભા ઊભા તાલ જોશે. એને ત્યાં તમે જશો તો પણ એ બધા જુદા જુદા હશે. અત્યારે તો તમે છો, મહારાજ છે. સોમનાથ ભગવાનના મઠાધિપતિની આજ્ઞા છે. દુલઁભસેન મહારાજ ભેખ ઉતારશે તો આબરૂ રહી જાશે. ગજઁનક એમ માનશે કે મારું થાણું આંહીં રહી ગયું છે. એટલે તે ઊપડશે. સંધમાં તમારે જાવું છે નાં ? મારો કોલ છે, નવઘણજી ! ગંગાજળ લઈને આપેલો કોલ છે, કે સિંધના સુમરાને હતો ન હતો કર્યે છૂટકો. મહારાજ પોતે સૈન્ય દોરશે. બસ ! એ વખત પણ આવશે, પણ અત્યારે તમે જો ટાયલામાં વખત કાઢી નાખશો, તો પછી આવતી કાલ કેવી હશે તે ભગવાન જાણે ! મેં તો તમને કહ્યું હતું તે ફરીને કહું છું.' દામોદરે રા'ને આકર્ષવા પાટણના સંબંધ ઉપર પણ ભાર મૂક્યો. 'ક્ષિતિજની પાર હું કોઈ મહા તેજસ્વી પુરુષને આવતો જોઈ રહ્યો છું. ભગવાન સોમનાથ એ મહાભાગ્ય તમારા વંશવેલાને આપે, મહારાજને આપે, લોહીનો સંબંધ પાટણને આપે. રા'નો ને પાટણનો સંબંધ કાયમનો થઈ રહે. એક બની રહે. આથી વધુ હું શું કહું ? હવે મારે વધારે કહેવું નથી. ગજઁનકને કાઢવાનો રસ્તો મેં બતાવ્યો તે જ છે. કોઈક આડો ઘા ઝીકી લ્યે. એ ગજઁનકનો બની રહે. ગજઁનક તો જાય. તમે આવો તો આપણે સાથે ઊપડીએ. ન આવો તો હું એકલો ઊપડું. પણ જયપાલની વાત મને ઠીક લાગી છે. ગજઁનકની રીતરસમ પણ એ વાત સ્વીકારે તેવી જણાય છે. એટલે મારી રીતે વાત કરવી હોય તો તક આજે છે. કાલે એ નહિ હોય. મેં તમારા સગા દીકરા જેવા ઘોડાને માગ્યો છે. હવે તમે જાણો; મહારાજ જાણે.'
બોલતાં બોલતાં દામોદરનો કંઠ વેદનાના તાપથી વ્યાકુળ જેવો થઈ ગયો. તેને લાગ્યું કે આખું ગુજરાત રોળાઈ જવાનું. ભીમદેવ મહારાજ રાજ ખોવાના એક જરા જેટલી કુનેહના અભાવે એણે પાટણને ગજઁનકનું ધામ બનતું જોયું. વાત લંબાતી જાય, તો આવતી કાલે ગજઁનકની જાવાની વાત જ હોય નહિ. એ જાય જ નહિ. એ કુદરતી હતું, પણ એ બંને કેસરીના સ્વભાવ જાણતો હતો. એમને મન રાજ કીંમતી ન હતું. સિંહાસન કીમતી ન હતું. રણનું મેદાન ને મરણ જ કીમતી હતાં. રા' આવ્યો હતો જ એટલા માટે. સિંધના રણમાં ક્યાંક પાળિયો ખડો થશે એટલા સ્વપ્ના ઉપર તો ગિરનારની ગાદી ન્યોછાવર કરી નાખે એવો એ રણકેસરી હતો. એમના એ સ્વભાવને કાંઈક પણ જુદ્ધનો રંગ દેખાય તો જ એ વખતે પોતાના પગલામાં પગલું માંડે. એટલે દામોદરે વાતની હવા બદલાવી.
'હા, તમે એક વાત કરી શકશો, નવઘણજી ! ગજઁનક સંધને માગેઁ પાછો ફરે. તમે એને રોળવા

ટોળવા જઈ શકો. સાંઢણી દળ તમારું ત્યાં કામ આવશે. છેક સંઘના છેડા સુધી દોડ્યા જાઓ તો ત્યાં આપણા જોગ રાવળ છે. લોદ્રવામાં વછરાવ રાવળ બેઠા છે. વલ્લભ મહારાજનાં રાજકુમારી પણ ત્યાં છે. એમને કાને આ વાત નાખીએ, એ પણ દોડ્યાં આવશે. વાતનો રંગ તો, એમ જામશે, નવઘણજી ! તમે એની પાછળ પડ્યા હો તો રંગ જામે,' રા' નવઘણને આ વાતમાં રસ પડ્યો. આ વાત હતી. મહારાજ સાથે સંબંધ બંધાય તો પાટણની ગાદી ઉપર પોતાનો વંશવેલો આવે એ વાત પણ આકર્ષક હતી. ત્રીજી વાત સંઘના સુમરાની હતી. રા'ને દામોદરની વાતમાં હવે હા ભણવાનું મન થઈ આવ્યું. એટલામાં જાણે ભગવાન સોમનાથ પોતે જ દામોદરની વાતદોર દોરવતા હોય તેમ, વરહોજી પણ ત્યાં દેખાયો. એની પાછળ એક રજપૂત જોદ્ધો આવી રહ્યો હતો. તે ત્યાં દૂર ઊભો રહ્યો હતો.
આવનાર કોણ છે, શું વાત છે, એ જાણવાની આતુરતામાં બધા તેની તરફ જોઈ રહ્યા.
એટલામાં વરહોજી આગળ આવ્યો. મહારાજની સામે તે હાથ જોડીને ઊભો રહ્યો.
'શું છે, વરહોજી ? કોણ આવ્યું છે ?'
'એ તો બોન'બાનો માણસ છે, મહારાજ ?'
'બોન'બાનો માણસ ? કોમ, ક્યાંથી આવે છે ?'
'કે' છે, લોધરવાથી આવું છું.'
'લોધરવાથી ? ત્યારે તો રાવળનો સંદેશો, દામોદર ! તારું ભાખ્યુંસાચું થતું જણાય છે. તારી ભાગ્યરેખા તેજ છે !'
'મારી ભાગ્યરેખા તેજ નથી. ભગવાનની ઈચ્છા જ એવી જણાય છે.'
'એને આંહીં આવવા દે !' મહારાજે કહ્યું.

Chapter 14

રાવળ બચ્છરાવનો સંદેશો

સુલતાન મહમૂદ ગિજની જ્યારે પાટણ ઉપર આવ્યો ત્યારે મુલતાનમાં તૈયારી કરવા રોકાયો હતો. ત્યાં તેણે દરેક દરેક સૈનિકને અને મુજાહિદને (લડવા માટે આવેલો) ખોરાકપાણીનો બંદોબ્સત કરાવ્યો. ત્રીસ હજાર સાંઢણીઓ ઉપર ખોરાકપાણી લઈ તે સૈન્ય સાથે આગળ વધ્યો હતો. ભટ્ટીરાજાઓની રાજધાની લોદ્રવા વચ્ચે આવ્યું.
લોદ્રવાના કિલ્લા ઉપરથી સુલતાનના સૈન્ય ઉપર પથરાનો અને તીરોનો વરસાદ વરસ્યો. ત્યાં બચ્છરાવ રાવળ હતો. વલ્લભરાજ સોલંકીની રાજકુમારી આંહીં હતી. મહમૂદે આ ગર્જના કરતા સિંહોને વશ કરવા માટે જુદ્ધ આપ્યું. લોદ્રવામાં એણે વિનાશ વેર્યો. સેંકડો હણાયા. હજારો રણમાં પડ્યા. એના બારે દરવાજા નકામા થઈ ગયા.
વિનાશ વેરીને એ તો ત્યાંથી ઝપાટાબંધ આગળ વધ્યો. પુરવઠાને જાળવી રાખવા તેણે રણને તરત જ ઓળંગવાનું હતું.
લોદ્રવામાં એણે વેરેલો વિનાશ બચ્છરાવને હૈયે બેસી ગયો હતો, એટલે સુલતાન પાછો ફર્યો ત્યારે આ રસ્તે, એને રોળીટોળી નાખવાનો એણે દૃઢ સંકલ્પ કર્યો હતો.
તેણે જાટ લોકોને તૈયાર કર્યાં. એક તરફ સિંધુ નદીના પાણીના આધારે સેંકડો હોડીઓમાં સુલતાનને જુદ્ધ આપવું, ને તેને જતાં રોકી દેવો. બીજી તરફ જમીનમાર્ગે એનો પીછો પકડવો. બચ્છરાવનો માણસ એટલા માટે આવ્યો હતો. મહારાજ ભીમદેવ પાસે તે આવ્યો. તે ઊંચા, કદાવર મજબૂત બાંધાનો હતો. તેના ભરવાડ જેવા વેશે કૌતુક ઊભું કર્યું. તેણે મહારાજને બે હાથ જોડ્યા. ધીમેથી કહ્યું : 'મહારાજ જોગ રાવળ*નો મોકલ્યો હું લોધરવાથી આવ્યો છું.'
મહારાજ ભીમદેવે એની વાતની ખાતરી કરવા હાથની નિશાની કરી. સંદેશવાહક તરત આગળ

આવ્યો. બચ્છરાવની રત્નમુદ્રિકા સામે ધરી.
'તમારું નામ ?'
'રતનુ ભટ્ટી.'
'શું સંદેશો છે ?'
'લોદ્રવાને ગજઁનકે કોરું મૂક્યું નથી. ત્યાં નાશ વેર્યોઁ છે. એ ગઢબીટલી ઉપર જાય છે એમ જાણમાં હતું. હવે ખબર પડી કે એ તો આંહીં માર મારી ગયો. એટલે આંહીંથી પાછો વળે ત્યારે મહારાજ, તરત ઘડિયાં જોજન સાંઢણી મોકલીને અમને પહેલું કહેવરાવે, એ કહેવા માટે હું આવ્યો છું. આ વખતે અમે એના માટે બારે દરવાજા ખુલ્લા મૂક્યા છે. આ વખતે એને જાતાં ભોં ભારે પડશે !'
'આંહીંથી એ પાછો ફરશે ત્યારે તો પવનવેગે વાત તમને મળશે. પણ તમારે ત્યાં શું છે ? સૌ શું ધારે છે ? કે' છે મુલતાન સુધી એણે બધું જ લઈ લીધું છે !'
'હા, મુલતાનમાં એની હાક છે, એની સામે કોઈ ટકી શકતું નથી !'
'કારણ ?'
'એનું સેન. એણે પચીસસોનું તો ગજસેન ભેગું કર્યુઁ છે. એની દેખરેખ જાતે રાખે છે. બધાં જ હાથી. ભારતદેશમાંથી આવ્યા છે. એની પાસે લાખનું હયદળ છે. દરેક લડાઈમાં એ નવું સેન ઊભું કરે છે. એની લડાઈ તો લૂંટવાની છે. લૂંટવા માટે કોણ ન દોડે ? એને તમે શું પહોંચવાના ?'
મહારાજ ભીમદેવ વિચારમાં પડી ગયા. વાત સાચી હતી. મઠપતિ મહારાજે પણ એ કહ્યું હતું. આ તો લૂંટવાની લડાઈઓ હતી. સુલતાનની લડાઈની રીત જ નવી હતી. લૂંટીને ભાગી જવું. એ ભાગી જાય એ જ બરાબર.----------
* જેસલમીર પાછળથી વસ્યું છે. પહેલાં લોદ્રવા રાજધાની. ભટ્ટી રાજાઓ રાજ્યાભિષેક વખતે જોગી વેશ લેતા.
રહી જાય તો તો રાજ સ્થાપે. મહારાજને હવે લાગ્યું કે દામોદરની વાત બરાબર હતી. આને જીતવા માટે લડાઈની રીતસરમ નવી હોય.
પણ એ વિચાર એમના મગજમાં જેવો આવ્યો, તેવો જ પાછો ઊડી ગયો.
'તમે ત્યાં એને રોકો. અમે એનું પગલે પગલું દબાવતા પાછળ હઈશું. રા'ની પંદરસો ઘડિયાં જોજન સાંઢણી તૈયાર થાય છે. એ આંહીંથી ઊપડશે.'
'નદીને પાછળના ભાગમાં રાખીને હોડીઓમાંથી અમે એને રોકવાના છીએ. એમાં એની કોઈ જુક્તિ કામ નહિ આવે. જાટ લોકોએ ચાર હજાર હોડી તૈયાર કરી છે.'
રા' નવઘણને અને ભીમદેવને બંનેને આ વાતમાં રસ પડ્યો.
દામોદરને પોતાની યોજનામાં બચ્છરાવ રાવળની કડી બરાબર બંધ બેસતી આવતી જણાતી હતી. એ રીતે જ આ બંને વનરાજો લીધી. વાત મૂકવાના. ભીમદેવ મહારાજ ને રા'નવઘણ એ બંને સાથે હોય ત્યારે કેટલું જોખમ હતું. તે દામોદર સમજતો હતો. તેણે કહ્યું : 'સુલતાન નીકળે કે તરત રાવળજીને ખબર કરવા રા'નવઘણની ઘડિયાંજોજન ઊપડશે. અને પાછળ આપણું દળ પણ પગલેપગલું દબાવતું હશે. એટલે છેક મુલતાન સુધી એને પહોંચાડી દેવો છે. ભગવાન સોમનાથ કરશે, તો એ લૂંટનો માલ પણ મૂકતો જાશે. મહારાજ ! આ બરાબર થશે. પણ તો હવે ાપણો વખત ઘણો જ કીંમતી છે. દેશભરમાંથી સાંઢણીવાળાઓને યાદ કરો. રતન ભટ્ટી ! આ બરાબર છે ના ?'
'છે તો બરાબર. પણ પ્રભુ ! અમે સુલતાનને જાણીએ છીએ. કાં તો તમે ને અમે...'
'અને ગઢબીટલીવાળા પણ...' દામોદર તેના કહેવાનો અર્થઁ સમજી ગયો.

'હા, ગઢબીટલીવાળા પણ, સૌ સૂતા રહેશે. સૌ વાટ જોતા રહેશે અને એ ગજની પહોંચી ગયો હશે. પણ આ વખતે તો એને સવાદ ચખાડવો છે. એ રસ્તે નીકળવાની ખો જ ભૂલી જાય. આ તો જ્યારે જુઓ ત્યારે એ જ રસ્તો ! અને દરેક વખતે એ જ વાત રસ્તો ાપો, અમે એને બરાબર જુદ્ધ આપીશું.' બચ્છરાવનો માણસ ખાતરી મેળવીને થાક ઉતારવા ુતારે ગયો.
'તો તો હવે રા' નવઘણજી ! આપણે ઊપડીએ !' દામોદરે ત્વરાથી કહ્યું : 'બચ્છરાવજી રાવળની આ વાત આવી, એટલે સૌની વાતોનો એમાં મેળ મળી જાય છે. પણ ગર્જંનક જવા માટે તૈયારી તો કરે. જો આપણે ઊપડીએ નવઘણજી ! વાત થઈ જશે એવો સંદેશો જયપાલને મોકલી દઉં છું. બોલો, શું કરવું છે ?'
રા' એ ભીમદેવ મહારાજ સામે જોયું.
બંનેને લાગ્યું કે દામોદરની આ વાત જ અત્યારે શક્ય હતી.
'વિચારવાનો વખત નથી, હો મહારાજ !' દામોદરે બે હાથ જોડ્યા : 'મહારાજ બીજો નિર્ણય લેવાના હો તો મને કહો. એટલે હું પણ શુકલતીર્થમાં જઈને બેસી જાઉં. મને આ જે એક રસ્તો મળ્યો છે, તે પણ કાં તો, આપણે વાત લંબાવીને ખોઈ દેવું ! ને પછી કેવળ હાથ ઘસતા રહેશું ! ગર્જંનક ઘા મારીને ચાલ્યો જશે, ને ફરીને બીજે વરસે આવવાનું ઉતેજન પણ લેતો જાશે. જાણશે કે આંહીં સાવ પોલંપોલ છે બોલો મહારાજ ! મારે પાટણનો નાશ જોવા રોકાવું નથી. તો તો હું પણ ક્યાંક બેસી જાઉં. મુંજમહારાજનો રુદ્રાદિત્ય તો બળી મર્યો હતો. એ તાકાત તો મારામાં નથી. હું ક્યાંક બેસી જઈશ.' પાટણને ગર્જંનકના હાથમાં હંમેશને માટે પડતું નહિ જોઉં.'
દામોદરના શબ્દોમાં અત્યંત વ્યથા ભરી હતી. ભીમદેવ મહારાજે તેની રાજભક્તિ જોઈ લીધી. તેની બુદ્ધિની અગાધતા તેણે ક્યારની પિછાની હતી. દામોદરને અનુકૂળ થયું હોય તો વખત ગુમાવવાનો કાંઈ અર્થ ન હતો.
'રા' નવઘણજી ! તમે અમારા હિતેચ્છુ છો,' તેણે નવઘણજીને કહ્યું : 'તમારી કેસરી ચાલ પણ આમાં આવી જાય છે. એટલે દામોદર ઉપર આપણે વિશ્વાસ મૂકો. એને ભગવાન સોમનાથ દોરી રહ્યા લાગે છે.'
દામોદર બે હાથ જોડીને નમી રહ્યો : 'બસ, મારા વનરાજો ! હવે વિજય આપણો જ છે !'

Chapter 15

મહારાજ ભીમદેવે શું સાંભળ્યું ?

રા'નવઘણને મહારાજ ભીમદેવ પ્રત્યે માન હતું. એ માન શૂરવીર પ્રત્યે હોય તેવું અગાધ હતું. એમાં ક્યાંય સ્વાર્થ ન હતો. કોઈ હેતુ પણ ન હતો. વનરાજ વનરાજને પિછાને એવી એ વાત હતી. દામોદરને લાગ્યું કે રા'નવઘણ હવે ઉપયોગી થઈ પડશે. એણે ઘોડો આપવાની વાત સ્વીકારીને જ સરળતા કરી આપી હતી. રા'નો ઘોડો એ કિલ્લો આપવા જેવી વાત હતી. એણે જેવો તેવો ભોગ આપ્યો ન હતો. દામોદરને અરધી સફળતા મળી ગઈ લાગી. બે ચાર રોજમાં અશ્વને મોકલવાનો હતો. જયપાલને સંદેશો ગયો હતો. મહારાજ ભીમદેવ પણ પોતાનું સાંઢણી-દળ રા'ના કિલ્લાના આધારે જ ઊભું કરી લેવાના મતના હતા. રા'એ એ દળ ઊભું કરવાનું પણ સ્વીકાર્યું. ભીમદેવનો અંતરાત્મા પ્રસન્ન પ્રસન્ન થઈ ગયો. એને થયું કે હવે એ ગર્જંનકને માપી લેશે.
એ કોઈ રીતે લડી લેવા માગતો હતો. એની વાત દામોદરની વાતમાં અંતર્ગત બની જતી હતી. બાકી ખરી રીતે રા' ને ભીમદેવ મહારાજ પોતાનાં અનોખાં સ્વપ્નાં હજી પણ માણી રહ્યા હતા. દામોદર પોતાની યોજના તત્કાળ સિદ્ધ કરવાનું વિચારી રહ્યો. ભીમદેવની શૂરવીરતાનો પરિચય

તો દામોદરને ઘણા વખતથી હતો. ચામુંડરાજને પદભ્રષ્ટ કરવા જતાં, એ છોકરો તો છોકરડો, પણ કેસરીની માફક ઊછળીને ઊભો થયો હતો. દામોદરને એ હજી સાંભરતું હતું. એને અચાનક એ દિવસો ને એ માણસો યાદ આવી ગયાં. પોતાના ખંડમાં એ રા'નવઘણના પાછા આવવાની રાહ જોતો બેઠો હતો. એ સમય દામોદરને હૈયે ચડી આવ્યો. વરસ તો એને માંડ બાર-પંદર થયાં હશે, પણ એટલીવારમાં તો જાણે હવા જ બદલાઈ ગઈ હતી. ખેરાલુનો એ વયોવૃદ્ધ રાણો જેહુલ, ગાઉ ગાઉ ભોંમાં જેમણે વાપરેલા અતરની સુગંધ ફેલાઈ રહેતી, અને છતાં લાગે કે જેમને આ પૃથ્વીનો લેશ પણ સ્પર્શ જ થયો નથી એવા મહાજ્ઞાની વયજલ્લદેવ મહારાજ, ધારે ત્યારે રોગને હાથમાં લઈ લે તેવા પેલા કંથડીનાથ, મહાત્રિકાલજ્ઞાની ઉયા ભટ્ટ... કેટકેટલાં પાટણનાં નરરત્નો એણે જોયાં ? અને એ વખતે આ ભીમદેવ મહારાજને ગુજરાતના મહા સમર્થ રાજાધિરાજ બનાવવાનો એણે કરેલો સંકલ્પ, એને યાદ આવી ગયો.* ગર્જનક ત્યારે આવવાના ભણકારા વાગતા હતા. પણ પછી એણે હમણાં અચાનક આવીને, બરાબર સમયસરનો જ ઘા મારી લીધો અને ભીમદેવ મહારાજને રાજાધિરાજ તો શું, પાટણપતિ પણ પોતે રાખી શકશે કે નહિ, એ વિષે શંકા પડે એવી સ્થિતિ ઊભી થઈ ગઈ હતી !

તે વખતે પણ ભીમદેવ મહારાજનું સ્વપ્ન સોમનાથનું રક્ષણ કરતાં કરતાં સમુદ્રકિનારે પોતાની રણશય્યા' ઢળે... એ હતું. દામોદરને આ સાંભરી આવ્યું. પોતે વાચિનીશ્વરના મઠમાં થાંભલા પાછળ સંતાઈને, એક દિવસ, કિશોર ભીમદેવને મોંએ આ સ્વપ્ન બોલાતું સાંભળ્યું હતું. એ એને યાદ આવ્યું... અને અચાનક દામોદરની સમક્ષ, ભૂતકાળમાંથી ઊઠતી એક મનોહર નતિકા ઊભી થઈ ગઈ. રૂપરૂપ ભરેલી પેલી ચૌલા... આ સ્વપ્ન ભીમદેવે એને કહ્યું હતું... તે વખતે એની મોહિની શરૂ થતી હતી. આજ તો એ પોતે ત્રિલોકમોહિની હતી. ભીમદેવને પણ એની લગની હતી. દામોદરને આ વાત સાંભરતાં જ, એના મનમાં બીજી હજારો વાતો આવી ગઈ. રા' નવઘણને કાને સોમનાથની આ નતિકાની ખ્યાતિ ન પહોંચી હોય એમ તો ન જ બને. અને ભીમદેવ મહારાજ વિષેની હવામાં ઊડતી કોઈ ને કોઈ વાત, એની પાસે પણ આવી જ હોય, તો પછી રા' માને ખરો ? પોતે રા'ને હંમેશને માટે મેળવી લેવા એક પગલું ભર્યું હતું. રા' નવઘણના ખેંગારની સુતા ઉદમયતી. તેના વિષેની વાતને દામોદરે વાતવાતમાં ફરી ઉતેજન આપ્યું હતું. રા'ના વંશવેલાની એ તેજસ્વી

* જુઓ 'વાચિનીદેવી'નાં પ્રકરણ 'દુર્ગપાલ અને દામોદર', 'વયજલ્લદેવ', 'વયજલ્લદેવનું તત્વજ્ઞાન', 'દામોદર પ્રકાશ શોધવા મથે છે' વગેરે.

જુઓ 'વાચિનીદેવી'નું પ્રકરણ 'પહેલો ઘા'

નારી પાટણને શોભાવશે જ, એમ દામોદરને અંતરમાં લાગી આવ્યું હતું. રા'ની વાત સમજ્યો હતો. પૌત્રીનું હિત સધાય એ એને ગમતું પણ હતું. મહારાજ સાથેના સંબંધથી પોતાનું માન દેશ-વિદેશમાં વધે એ એ જાણતો હતો, આ બધું હતું છતાં, એ તો જૂનાગઢનો રા' નવઘણ હતો. ચૌલાની વાત કાને પડી હોય તો તો, ક્યાંક આ વાતને પોતાની ઠંડી મશ્કરી ગણતો હશે. તો એને ઠંડી મશ્કરી માનીને મનમાં ને મનમાં ઘા ખાઈ ગયો હશે ને ? તો તો ભારે થાય ! એ તો રા' પાટણને પાધર કરે ત્યારે ખબર પડે કે રા'ના મનમાં વાત રમતી હતી !

આ વિચાર આવી જતાં દામોદરને પોતાની યોજનાનો આશારંગ જ ઊડી જતો લાગ્યો. એટલું સારું હતું કે ચૌલા હમણાં ક્યાં છે એનો કાંઈ પતો ન હતો. બધું ગેરવ્યવસ્થિત થયું. તેમાં નતિકાઓ જ્યાં ફાવ્યું ત્યાં નાસી છૂટેલી હોવી જોઈએ. હજી કોઈ પાછી ફરી લાગતી ન હતી. ચૌલા પણ એ વખતે ક્યાંક નાસી ગયેલી હોવી જોઈએ. પણ એ જો ફરીને ક્યાંકથી અત્યારને સમે આવી ચડે તો ! ભીમદેવ મહારાજનું કિશોર જીવનમાં દામોદરે પોતે જ જોયેલું ચૌલાનું

આકર્ષણ, એને યાદ આવી ગયું અને અત્યારે તો એ ત્રિલોકમોહિની હતી. સારું હતું કે દેવનતિકા હતી. ને તેથી કોઈ પ્રત્યે નજર પણ કરતી ન હતી. અને વળી આંહીં અત્યારે રણક્ષેત્રની વાતમાં બધી વાત ગૌણ બની ગઈ હતી. મહારાજ ભીમદેવે પણ તચૌલાની વાત ખાસ સંભારી હોય એમ બન્યું ન હતું. પણ દામોદરને એ સૂચક લાગ્યું. દામોદર થોડો કવિ પણ હતો. એ કવિ જાણતો હતો કે જીવનપ્રભાતી પ્રેમ એ જેવી તેવી વસ્તુ નથી. એ એક અમર વસ્તુ છે ! એ કોઈ દિવસ મરતી નથી. જન્મ્યા પછી જતી નથી. મરવા માટેજન્મતી નથી. અને આંહીં તો આ પ્રેમચિત્રમાં, ભીમદેવ ને ચૌલા જેવાં હતાં ! ભીમદેવ-ચૌલાનું, છેક વચજલ્લદેવના મઠમાં, એ કિશોર-કિશોરી હતાં ને પ્રેમવાતો કરતાં હતાં તે સમયનું, એ ક અદ્‌ભુત રંગીન ચિત્ર દામોદરની સમક્ષ ખડું થઈ ગયું. * તે વખતે પોતે સામાન્ય જન હતો. મંત્રી થવાનાં હજી

----

* જુઓ 'વાચિનીદેવી'નું પ્રકરણ 'ઉયાભટે શું કહ્યું ?' ત્યાં આ પ્રસંગ છે.

સ્વપ્નાં સેવતો હતો. સોમનાથના સમુદ્રને પાટણથી હમણાં આવ્યો હતો. બોલબાલા વાચિનીદેવીની હતી. એની નજર સમક્ષ એ રંગીન ચિત્ર ઊપસી આવ્યું. અને જેમ કોઈ મધુર સ્વપ્નથી માણસ ડોલી ઊઠે તેમ એ આ દિવાસ્વપ્નથી ડોલી ઊઠ્યો.

'તું ક્યારે જાય છે સોમનાથ ?' નાનકડો ભીમદેવ એને બોલતો સંભળાયો. 'બસ. હવે બે-ચાર રોજમાં ઊપડવાની.' રૂપભરી ચૌલાનો અવાજ આવ્યો : 'સોમનાથની નતિકા થવાનું મારું તો જીવનસ્વપ્ન હતું. તમારે પણ એક સ્વપ્ન હતું, કુમાર મહારાજ ! એ શું સ્વપ્ન હતું એ તો અમને કહો !'

ભીમને આનાકાની કરતો દામોદરે દીઠો. અને લાડભર્યાં પ્રેમથી બોલતી ચૌલાની અત્યંત મધુર વાણી સંભળાણી. :

'જાણે વનિતા તો વાતમાં મોણ નાખે. એને તો હરકોઈ વસ્તુનું કાવ્ય કરે ત્યારે આનંદ આવે, પણ આ સ્ત્રૈણવૃતિ તમારામાં આવી મહારાજ ! એ તો મારે લીધે નાં ! એટલે મને થાય છે કે હવે હું સોમનાથ ભાગી જાઉં. નહિતર તમે આખા, ધીમે ધીમે સ્ત્રી બની જશો...' ચૌલાનું મુક્ત પ્રેમભર્યું હાસ્ય સંભળાયું.

દામોદર જાણે દિવાસ્વપ્નમાંથી જાગી જતો હોય તેમ આ મુક્ત હાસ્યે જાગી ગયો. એને લાગ્યું કે ખરેખર, નાનકડી એક સુંદર ચૌલા કોઈક ગજબનું આકર્ષણ રેલાવી રહે તેવું, મુક્તમધુર, પ્રેમભરપૂર, દિલનાં કુસુમોને લઈને આવતું, હાસ્ય હસી રહી છે. ને પોતે એ સાંભળી રહ્યો છે ! રણક્ષેત્રમાં દિવસભરના થાકથી, ઊંઘમાં પડેલા સૈનિકના દિલમાં જેમ કોઈક મધુર સ્વપ્નની એકાદ પળની મીઠાશ ફરકીજાય, તેમ દામોદરના દિલમાં એક પળની મીઠાશ ફરકી ગઈ. એ ફરકી ન ફરકી, ત્યાં એણે રા' નવઘણનો અવાજ આવતો સાંભળ્યો : 'છે કે મંત્રીરાજ ? ખબર દે ને. મારે મળવું છે !'

ને બીજી પળે વરજાંગને અંદર આવતો એણે જોયો.

એ સ્વસ્થ થઈ ગયો. જરાક ટટ્ટાર બેઠો. પોતાની કરવા ધારેલી યોજના હજી પણ શિશુ-અવસ્થામાં હતી, એ ભાનથી એના દિલમાં વેદના જાગી ગઈ. એટલામાં એણે રા' નવઘણનો પહાડી પડછંદ દેહ પોતાની સામે ઊભેલો દીઠો. રા' જૂનાગઢ જવાની વિદાય લેવા આવ્યો હતો. તે પહેલાં રા'ને દુર્લૅભસેન તરફ કરવાના પ્રયાણની વાત સારુ જ દામોદરે અત્યારે બોલાવ્યો હતો.

'આવો આવો રા' નવઘણજી ! હું તમારી રાહ જોતો હતો. બોલો તમે જૂનાગઢ જાઓ છો, પણ આપણે ક્યારે નીકળવું છે ? મહારાજને પૂછી લીધું તમે ?'

રા' નવઘણ વિચાર કરી રહ્યો. સંબંધની જે વાત દામોદરે કાઢી હતી તેનો ઘટસ્ફોટ કરવાની આ

જ ઘડી હતી. અત્યારે એણે મહારાજ ભીમદેવ પાસે કર્તાહર્તા, સર્વસત્તાધીશ સમાન દામોદરને જોયો હતો, એ ખરું, પણ છતાં ખરી રીતે એ હજી પૂરેપૂરો સ્થિર થયો ન કહેવાય. હજી મહારાજને ગાદી પ્રાપ્ત થયે માંડ દોઢ-બે વર્ષ થયાં હતાં. તે વખતે મહારાજે જેના ઉપર વધારે વિશ્વાસ આવ્યો હોય તેને મહામંત્રી પદ આપી દીધું હોય ! દરમ્યાન તો આ વંટોળ આવ્યો. એટલે વિચારવાનો વખત પણ ન રહ્યો. પણ વિમલમંત્રી હતો. એ ઘણો શક્તિશાળી હતો. અત્યારે એ અર્બુદમંડલ તરફ પડ્યો હતો. એ બધાના સાન્નિધ્યમાં કોઈ વાત થાય તો એ ટકે તેવી સ્થિર થઈ ગણાય. સોરઠ સાથે પાટણનો સંબંધ બાંધવા વિષે પાટણમાં અનેક મતભેદો ઊભા હોય. દામોદર તો વખતે અત્યારની તક સાધી લેવા પૂરતી જ આ વાત ચલાવી રહ્યો હોય. એટલે રા'ને વાત કેમ કરવી તેની સૂઝ પડતી ન હતી. પોતે વાત કરે ને એક વખત દુર્લભ મહારાજના વખતમાં બન્યું તેમ બને, તો નીચું જોવાપણું થાય. વાત ન કરે, આ તક એમ ને એમ જતી રહે, તો પછી, વળી બીજી વખત એ ક્યારે આવે તે, કાંઈ ન કહેવાય, તેણે દામોદરને જ પૂછ્યું : 'શું કરવું છે મંત્રીજી ! બોલો.'

'બીજું શું કરવાનું છે ? આપણે ત્યાં શુકલતીર્થમાં જવું છે ! તમે જૂનાગઢ જઈને આવો. પછી આપણે ઊપડીએ !'

'મહારાજ દુર્લભસેનને મળવા ?'

'હા.'

'મહારાણીબા દુર્લભદેવી - એ હજી જીવતાં છે. એમને પૂછવું જ નથી ?'

'મહારાણીબા વખતે હશે ત્યાં નડૂલમાં. છેલ્લે ક્યાં હતાં તે ખબર નથી. અત્યારે પૂછવાનો વખત નથી. પૂછવામાં સાર પણ નથી. એમનો પંથ ન્યારો છે. વિમલ મંત્રી જેવાનો પણ આમાં સાથ મળે કે ન મળે, એટલે એ અર્બુદમંડલ તરફ છે, એ પણ ઠીક છે. એમને પોતાને એ ગમ્યું પણ છે. મેં તમને વાત કહી બતાવી છે. રા'નવઘણજી ! જો બધું સમુંસૂતર પાર ઊતરશે, ને ભગવાન પાર ઉતારશે, તો સિંધથી તાપી સુધી ને અર્બુદથી સોમનાથ સુધી તમારા વંશવેલાને પ્રતાપ તમે જ જોશો. બોલો, આપણે ક્યારે ઊપડવું છે ?'

'તમે કહ્યું મારા વંશવેલાનો પ્રતાપ ?'

'હા, કેમ નહિ ? એ જ વાત છે. દુર્લભ મહારાજના સમયે તમે વાત કરી હતી તે સંભારો ને ! પણ તે વખતે મોકો ન હતો, આજ મોકો છે.'

'પણ મહારાજને પોતાને તમે પૂછ્યું છે ?'

'અત્યારે એ પૂછવાનો સમય ગણાય, રા' ? પૂછ્યું નથી, પણ પૂછ્યા બરાબર જ ગણી લ્યો ને !'

'અત્યારે સમય તો ન ગણાય પણ મેં સંઘની દશના હિસાબે એક સગો ત્યાં કીર્તિગઢમાં, નજર ઉપર રાખ્યો છે.'

'કોણ ?'

'વિહિયાસ મકવાણા ! એનો કેસર મકવાણો.'

'હા, કેસર મકવાણો ખરો. એની કીર્તિ સાંભળી છે.'

'એ પણ મહારાજ જેવો રણરંગી પુરુષ છે. નાની જયવતીનું ત્યાં ઠેકાણું પડે. પછી આ મોટી ઉદેમતીની ચિંતા રહી. એ અગન જેવી તેજભરી છે. તમે માથે લ્યો એટલે મારે પછી નિરાંત !'

'માથે લીધું, નવઘણજી ! પણ સમય લાગશે.'

'પણ આ કોલ પાટણના મહાઅમાત્યનો છે એમ મારે ગણવું નાં ?'

'ના', દામોદરે સ્પષ્ટતાથી કહ્યું, 'પાટણનો હું મહાઅમાત્ય નથી. અને એનો કોલ નથી, હું એવું ખોટું વેણ નહિ કાઢું. મહારાજ ભીમદેવનો હું મંત્રી છું. હા, એણે અત્યારે મને મોટો કરીને

સ્થાપ્યો છે એ ખરું, ને તમે બધા પણ એ મોટા નામે મને મોટો કરો છો. પણ હું તમને પાટણના મહાઅમાત્યનું વેણ છે, એમ જો કહું તો છેતર્યાં ગણાય. પણ હું તમને વેણ આપું છું રા'નવઘણજી ! મારે આ બંને રાજવંશને પાસે પાસે લાવી દેવા, પછી શું ? એમાં આપણો સૌનો ઉદય પણ છે. ભગવાન સોમનાથની કૃપા હશે તો રા'નો કોઈ ને કોઈ ભાણેજ, ભારતભરમાં નામના કાઢશે. એ જોવાની મારી મહેચ્છા છે. પણ હું તમને ખોટું નહિ કહું !' દામોદરે ધાર્યું કે બહુ ખાતરી આપવા જતાં વખતે ઊંધું પડે.
દામોદરના શબ્દની રા' ઉપર ધારી અસર થઈ.
તે જવા માટે બેઠો થયો : 'મહેતા, ધાર્યું તો ભગવાનનું જ થશે. આપણે તો પાસો જ નાખવાનો છે, પણ કોઈ મને મેણું મારી જાય નહિ, એટલું જોજો, નકર જિંદગી ઝેર થઈ જાશે. કોક મેણું મારશે કે દીકરો વટાવીને, દીકરીનું રા' કરવા તો ગ્યો, પણ મૂંગા પ્રાણીની વેદનાએ એને નવરાવી નાખ્યો. મોટે ઉપાડે ગ્યો'તો પાટણનું પડખું લેવા, તે બ્રાહ્મણે લોટ મગાવ્યો ! વાણિયાની જેમ ભાઈ સોદો કરવા નીકળ્યા'તા, પણ આખો સોદો જ ખોટો નીકળ્યો ! જોજો, આવા મેણાનો વખત આવે નહિ.'
'અરે ! રા' ! રા' ! નવઘણ ! આ તમે શું બોલો છો ?' રા'ના વેણનો સીધો જ ઘા દામોદરને લાગ્યો હતો. તેને થઈ ગયું કે આ ભારે થઈ છે. રા'ના મનમાં હજી પણ શંકા છે. શંકા નીકળી જાય તો જ આ કામ પાર પડે.
દામોદર, પણ ઊભા જેવો થઈ ગયો. એ વખતે તેને લાગ્યં઼ કે પાસેના ખંડમાં કાંઈક અવાજ થતો જણાય છે. પણ અત્યારે એનું ધ્યાન રા'ની વાતમાં પરોવાઈ ગયું હતું. અને એટલામાં અવાજ પણ બંધ થઈ ગયો. પોતાને કાંઈક ભ્રાંતિ થઈ એમ માની એણે રા'ને જવાબ આપ્યો.
'તમે શું આને સોદો ધારો છો, નવઘણ ? તો તો થઈ રહ્યું ! જૂનાગઢનો રા' ઊઠીને મને આ સરપાવ આપે, પછી મારે હવે બીજા સરપાવ ન ખપે. તમને ભગવાન જે રસ્તો બતાવે તે તમે લ્યો. તમારો મેં દીકરો માગ્યો છે, એ શું મારાથી અજાણ્યું છે ? પણ એના બદલામાં આ વાત થાય છે એમ ? રા' મારા ! હું પણ આ સોમનાથના તટનો બ્રાહ્મણ છું. મારું મહાન સ્વપ્ન તો આંહીં પૂજારી થવાનું હતું. મને ગર્જનકનો ઘા આંહીં પડ્યો છે...' દામોદરે પોતાની છાતી ઉપર હાથ મૂક્યો : 'હું તો મહારાજ ભીમદેવને રાજાધિરાજ બનાવવા નીકળ્યો છું. એમાં તમારી આ મદદ છે. આ આપણું સપનું છે, સોદો નથી. નવઘણજી ! એ વાત આંહીંથી કાઢી નાખો...' દામોદર જરાક આગળ વધીને રા' નવઘણની સમીપ આવી ગયો. તેણે રા'ની છાતી ઉપર હાથ મૂક્યો : 'આંહીં જે કાંઈ હોય તે મને કહી દ્યો. કાંઈ પેટમાં રાખો મા, રા' !'
રા'એ ખોંખારો ખાધો. અવાજ ચોખ્ખો કર્યોં. શાંતિથી બોલવાનો પ્રયત્ન કર્યોં. પણ એનો અવાજ ધ્રૂજતો હતો : 'દામોદર મહેતા ! ત્યારે નાળિયેર, દીકરી ઉદેમતીનું તમારા ખોળામાં નાખ્યું છે, એમ માની લેજો. તમારે મોટું સપનું છે, ભલે ભા ! તમારું એ સપનું ફળો. ને અમારા વંશવેલાને સૂરજનો પ્રતાપ મળો ! પણ તમારે પાટણમાં ત્યાં નાચકણાં-કૂદકણાંનો પાર નથી. તમારું મોટું રાજ. મોટાં કામ; મોટી વાતો, મોટી નામના અને મહેતા ! મોટી પોલો !'
'પોળો !'
'પોળો નહિ, પોલો ! પોલ... પોલ્ય !' નવઘણ મોટેથી બોલ્યો 'પણ તમારી હજાર પોલ ભલે હો, રાજા છે, હજાર રાણી કરે. પણ મોટી આ ઉદેમતી; કોઈ દી એ ભૂલ્યું ભુલાય નહિ. એ જોવાનું તમારે માથે, સતધરમથી તમારે માથે. આ પહેલી વાત છે. બાકી તો રાજા છે, હજાર છંદ એને વળગે, તમે ક્યાં નાડી પકડીને આખો દી બેઠા રહેવાના હતા ? પણ જો કોઈ નાચકણું-કુદકણું ગાદી દબાવતું આવે, તે દી રાણકીને લઈને પાટણનો દરવાજો જો અરધી રાતે ઠોકું નહિ તો મારા નામ ઉપર હજારો લ્યાનતો હોજો. હું. મારી રાણકી. ને બે હજાર ઘોડું, થાવું

હોય ઈ ભલે થાય. પણ કોઈ તમારી આંહીંની નતિકા કે ત્યાંની નતિકા કે આ કે તે જે હોય તે, પણ એવું કોઈ નાચકણું અમારા માથા ઉપરવટ નહિ. હા, રાજાધિરાજ ; હજાર રખાત રાખે... એ તો જમાનામાં બનતું આવ્યું છે. અમારે ત્યાં પણ બન્યું છે. આ તો તમારું બધુંય મોટું એટલે મારે કહેવું પડે છે. અમે બધુંય ખોઈ નાખશું, મંત્રીજી ! તમારામાં લીંબુના પાણીની જેમ ભળી જાશું, પણ અમારું રા'પણું, એ જે દી ખોશું. તે દી ગઢ ગિરનાર ખોશું ! એ અમારી ધરતીમાં મારેલી મેખ છે. રા'પણું, લ્યો ત્યારે ભા ! બોલ્યું-ચાલ્યું માફ કરજો. જયપાળજીને કહેવરાવી દેજો તમતમારે. ત્યાં આવીને ઊભો રહેશે... પણ નામ ખબર પડે નહિ હો ! ને હું જાણે ગયો નથી, તેમ આવું છું. પછી દુર્લભ મહારાજને મળવા આપણે ઊપડીએ. ઠીક ત્યારે ભા'...'
રા' રજા લઈને વિદાય થયો હતો, પણ દામોદરે તેનો હાથ પકડ્યો : 'રા ! હજી એક વાત રહી !'
'હા, બોલો ને ભા ! તમારા વગરદ્રમ્મના અમે વેચાણ છીએ. બોલો ભા ! શું છે ?'
'આ જે વાત થઈ, તે આંહીં જ દટાઈ જાય !' દામોદરે ધરતી સામે આંગળી ચીંધી બતાવી.
'આંહીં જ દટાઈ જાય.' રા'એ છાતીએ હાથ મૂક્યો : 'અને આંહીં...' તેણે દામોદરની છાતી ઉપર હાથ મૂક્યો, છેવટે તો ભા ! તમે આ ચકરવસ્તીનું શોભાવવાના છો, એ મને સૂજ્યું છે. તમે છો, વિમલમંત્રી છે. બીજા કોઈને દેન નથી. પણ આજનું ભા ! ભૂલતા નહિ. લ્યો ત્યારે, જય સોમનાથ ! જેવો જાઉં છું, તેવો જ આવું છું !'

Chapter 16

ધૂર્જટિ, ધિજ્જટ અને ધ્રુબાંગ

ત્રણ મિત્રો હતા. ધૂર્જટિ, ધિજ્જટ અને ધ્રુબાંગ. ત્રણે એકબીજામાં ઓતપ્રોત હતા. સોમનાથના સંપૂર્ણ વૈભવના ભવ્ય દિવસોમાં એ ત્રણે જણા સોમનાથ મંદિરને ઓટલે બેઠા બેઠા મોડી રાત સુધી સમુદ્રના હજારો તરંગોને નિહાળ્યા કરતા. અનેક સુંદર સંસ્મરણોની બનેલી એમની જીવનકથની એકબીજાને કહેતા. અને એમ ને એમ પોતાના દિવસો સ્વપ્નાની વહેતી સરિતા, પેઠે પસાર કરી રહ્યા હતા.
એ સમય જ જુદો હતો. તે વખતે ગર્જનકો પડછાયો ક્યાંય દેખાતો ન હતો. સોમનાથના સમુદ્રકિનારે હમેશાં હજારો માણસો આવતાં, રાજરાણાઓ આવતા, અકિંચનો આવતા, મહારાણીઓ આવતી, શ્રેષ્ઠીઓ, સાધુઓ, સુંદરીઓ અને શસ્ત્રધારી આવતા; હજારોના હિસાબે આવતા. આખો સમુદ્રકિનારો ભર્યો ભર્યો લાગતો. ભગવાન શંકરનું મંદિર સ્વર્ગની શોભાને ઝાંખું પાડતું ત્યાં ઊભું હતું. ત્યાં રેલાતી પ્રીતિ ભક્તિ દેવોને માનવ થવા પ્રેરતી, અને માનવોને દેવ બનવા લઈ જતી. એ વખતે ત્યાં ક્યાંય ભયનો પડછાયો ન હતો, શંકા ન હતી, શોક ન હતો.
ત્યાં સ્તવનો થતાં, ને માણસો રડતાં, માણસો રડતાં અને આનંદ ઊભો થતો. ત્યાં યોદ્ધાઓ આવતા, ને યશસ્વી મૃત્યુ માગતા. સ્ત્રીઓ આવતી, ને પતિ પહેલાં મરણ માગતી. રાજાઓ આવતા. ને સંન્યસ્ત માગતા. ત્યાં આવતા તે બધા જ ભિખારી બનીને આવતા. આ ભસ્મ ચોળેલા દેવની પાસે જાણે કોઈ જ રાજા ન હતો. કોઈ શ્રેષ્ઠી ન હતો, કોઈ સમૃદ્ધ ન હતો, બધા જ માગણ હતા.
આ ત્રણ મિત્રો પણ એક દિવસ ત્યાં માગણ થઈને આવ્યા હતા.
ધિજ્જટ એ રા'નો વંશપરંપરાનો રાજભક્ત સાંઢણીવાળો હતો. એનો હાથ જે સાંઢણીને અડતો, તે ગગનપંખી સમી બની જતી. એને સાંઢણી ઉપર જોવો એ જીવનનો એક મહામોલો પ્રસંગ હતો. ધિજ્જટે પોતાની સાંઢણી રણનાવડીને એક વખત સંધના રણમાં રણ ખેડવા

નાખી. પણ કોઈ દિવસ પાછી ન પડનારી એ સાંઢણી રણમાં તળ રહી ગઈ. ત્યાર પછી ધિજ્જટે બીજી કોઈ સાંઢણી માથે કાઠું ન નાખ્યું, એ આંહીં સોમનાથને સમુદ્રકિનારે બેસી ગયો. રા' નવઘણે પોતે એને ઘણું મનાવ્યો, બહુ સમજાવ્યો. પણ એણે કહ્યું, 'ના, મારી ઘરરાણી ગઈ. હવે દિલ ભાંગી ગયું છે. મનમાં ઉદાસી થઈ ગઈ છે. હવે મને ભગવાનની રાખની પડખે બેસી જવા ધો. ત્યાં શાંતિ મળશે.' ત્યારથી ધિજ્જટ સોમનાથમાં રહેતો હતો, ભગવાનનું ભજન કરતો, દરવાજો સાચવતો, આનંદ કરતો.
રા' નવઘણને સિંધની રેતીના કણેકણનો ઇતિહાસ આપનારો કોઈ હોય તો એક ધ્રુબાંગ. એ જબ્બર ભોમિયો હતો. એના જેવો રેતીના દેખાવનો, રસ્તાનો, આવતાં તોફાનોનો, તારાઓનો, આકાશી રંગનો, જળથાનકનો જાણકાર કોઈ મળે નહિ. એ આકાશી રંગ જોઈને બોલી ઊઠે કે આજ રેતસાગરમાં અમુક વખતે વંટોળિયો ઊભો થાશે ને તે પ્રમાણે ઊભો થયો જ હોય ! એ તારાઓને જાણતો. તારાઓ એને જાણતા. કવિઓ જેમને આકાશદીપો ગણતા, તે તારાઓને ધ્રુબાંગ, રેતીના ભોમિયા માનતો. એમને આધારે, એ અંધારઘેરી રાત્રિએ પણ સેંકડો જોજનની મુસાફરી ખેડી કાઢતો. આ ધ્રુબાંગ પણ રણનાવડી ઉપર સાથે હતો. ધ્રુબાંગ હોય, ધિજ્જટ હોય અને રણનાવડી હોય પછી ભલે સૌ આંટાફેરા માર્યાં કરે. એમના મારણને માથે કોઈ ભો નહિ. દ્રમ, એમાં માણસ આખો ગરક થઈ જાય, એ એમને માટે થરનાં રણ ફૂલવાડી જેવાં બની ગયાં, એવા એ જાણકાર. પણ રણનાવાડીને એણે એક પગલાની ભૂલે લોદ્રવાના દ્રમ *માં જોતજોતામાં ડૂબી જતી જોઈ. પોતે માંડ કૂદકો મારીને છટકી શક્યો. પણ ત્યાર પછી રેતના કણેકણ જાણવાનું

----

* પોલી રેતી.

એનું અભિમાન ગળી ગયું. રેતના એક કણમાં એક એક સાગરની માયા એણે જોઈ લીધી. ને એ પણ ધિજ્જટની સાથે માળા લઈને ભગવાન શંકરની રાખને ચરણે બેસી ગયો હતો. એ સોમનાથના મંદિરમાં આંટાફેરા કરતો. ભગવાન સોમનાથના દરવાજે બેસતો. અને રાતે સોમનાથ સમુદ્રના લાખો તરંગોને નિહાળી રહેતો. ત્રીજો પંડિત ધૂર્જટિ. એ કાશ્મીરનો હતો. એણે ત્યાં રાજા કુલચંદ્રને સિંહની માફક ગર્જનક સામે લડતો જોયો હતો. ધ્રૂર્જટિ ત્યાં પંડિત હતો. રાજાની વતી સોનામાં કમળ લઈને એ સોમનાથના મંદિરે ઘણી વખત આવ્યો હતો, એણે ત્યાં કાશ્મીરની વનકુંજો દેખી હતી. કેસરનાં મત સુગંધી ક્ષેત્રો જોયાં હતાં. રંગીન આકાશ ને મેઘાચ્છાદિત હિમપર્વતો જોયા હતા. પણ જ્યારે એ સોમનાથ મંદિરને સમુદ્ર પગથિયે બેઠો, છોળ ઉપર છોળ ઉડાડતા ફેનાંબુરાશિ જલધિરાજને એણે જોયો, ઉપર નીલવર્ણું ઘેરું ગંભીર આકાશ જોયું, અને સામે વિસ્તીર્ણ જલનાં નીલાં, ઘેરાં, ભૂરાં અગાધ પાણી દીઠાં, અને એને મનમાં થઈ ગયું કે કોઈક દિવસ - ભગવાન ચંદ્રમૌલીશ્વરને એ આંહીં સદેહે નિહાળીને જીવનની ધન્યતા અનુભવી રહેશે. એણે ત્યારે જ આંહીં સોમનાથના સમુદ્રકિનારે બેસી જવાનો મનમાં નિર્ણય કરી લીધો હતો. પછી તો એ કાશ્મીર ગયો. કાશ્મીર કલંજરનો રાય કુલચંદ્ર પચાસ હજારના સેન સાથે સિંહની માફક ગર્જનક સામે લડ્યો, પણ ઘેરાઈ ગયો. જ્યારે લાગ્યું કે આ સુલતાનને હાથે નામોશી વહોરવી પડશે, ત્યારે મધ્યયુગી રણહઠીલા જોદ્ધાની ઢબથી પાછો ફર્યો. પહેલાં રાણીને હણી, પુત્રોને હણ્યા, અને કેસરરંગી પાઘ પહેરી, હજારોની સેનામાં પોતાના ઘોડા સાથે ખાબક્યો ! એ કપાઈ ગયો. રાઈ રાઈ જેવડા ટુકડા થઈને નાશ પામ્યો પણ એણે ન ગર્જનકને ખંડણી આપી, ન હાથી આપ્યા, ન માણસ આપ્યાં. જીવન આપ્યું, ગર્જનક એ વખતે એના એક્સો પંચાશી હાથી લઈ ગયો.
પણ પંડિત ધૂર્જટિ ઉપર રાજા કુલચંદ્રના આ જીવનસમર્પણની ગાથાએ અમર છાપ મૂકી દીધી.

એણે સર્વસ્વ છોડી દીધું. કેવળ કુલચંદની થોડી મળી તે રાખોડી લઈને, એ સોમનાથમાં આવ્યો. ત્યારથી એ આંહીં રહી ગયો, એને બહુ વર્ષો થયાં ન હતાં. પણ એની વિદ્વતાની ખ્યાતિ, છેક મઠપતિ સુધી પહોંચી ગઈ હતી.
જ્યારે એ સોમનાથ ભગવાનનું સંસ્કૃતમાં સ્તવન કરતા, ત્યારે હવામાં જાણે વેદવારાની શબ્દમૂર્તિઓ ખડી થઈ જતી. દૂર દૂર ગગનાંગણમાંથી, સમુદ્રપારની પર્વતની કંદરાઓમાંથી, જંગલ વીંધતા મરુતની પાંખમાંથી, જલસમુદ્રની લહરીએ લહરીમાંથી, આ કાશ્મીરી પંડિતના શુદ્ધ સંસ્કૃત ઉચ્ચારણના જાણે પડછંદા ઊઠતા. વાતાવરણ ફરી જતું. વાયુમંડલ બદલી જતું. સોમનાથ ભગવાનને એ સજળ નેને જાણે સદેહે જોતો હોય તેમ ભાન ભૂલી જતો. એની સાથે વાત કરનારો એની ભાષાની મીઠાશને દિવસો સુધી ભૂલી શકતો નહિ. ધિજ્જટ-ધુબાંગ ભગવાન શંકરની લીલાનાં ગુણગાન કરતા, મોડે સુધી બેસી રહેતા. એમને માટે જીવનની એ એક અનોખી મોજ હતી. ચાંદની રાતે સોમનાથ સમુદ્રને નિહાળવો, એ સ્વર્ગની દેવસભા નિહાળવા જેવું હતું. આ ત્રણે જણા ઘણી વખત એ દેવસભાને મોડી રાત સુધી બેઠા બેઠા જોઈ રહેતા.
ગર્જનક સોમનાથ ઉપર ત્રાટક્યો ત્યારે આ ત્રણે જણા જીવસટોસટનું જુદ્ધ ખેલ્યા, પણ સમય વિરુદ્ધ ગયો. તે સાંજરે અંધારામાં નાવડીમાં બેસીને નાસી છૂટ્યા. તેની પાછળ તરવાવાળા પડ્યા પણ તે બચી ગયા. ત્યાર પછી હવે બધા પાછા ફરતા હતા, તે જોઈને એ પણ પાછા ફર્યાં હતા.
એમને ખબર મળ્યા. દેવનતિકા ચૌલા આવવાની છે વદ ચૌદસ શિવરાત્રિએ. એને ભગવાન પિનાકપાણિના સાન્નિધ્યમાં પોતાનું નૃત્ય કરી જવાની પ્રતિજ્ઞા છે. આંહીં સોમનાથમાં મહાદેવ ન હતા, પણ પાસેના ગુપ્તેશ્વરમાં ભોંયરામાં ભગવાન શંકરની પૂજા શરૂ થઈ હતી. ત્યાં જૂનો ઠાઠમાઠ ન હતો, પણ રહી સહી અવશેષ સંપતિનો ભભકો પ્રગટાવીને, ફરીને વાતાવરણ સરજવાનો પ્રયત્ન થઈ રહ્યો હતો.
ચૌલા આવવાની હતી. દેવનતિકા માનવપ્રેમમાં પડે એને નૃત્યનો અધિકાર નહિ. ચૌલાની વાત હવામાં આવતાં જ. મઠાધિપતિએ એને નૃત્ય કરવાના અધિકારથી પદભ્રષ્ટ ગણી દીધી હતી. મંદિરના બધા પૂજારીઓને સ્પષ્ટ આજ્ઞા આપી હતી. એનો નૃત્યપ્રવેશ એ અનધિકાર પ્રવેશ. એ હવે ન થાય. ભગવાનની સમક્ષ આવાં આવાં અધમાચરણ થવાથી જ, ભગવાનની આ સ્થિતિ થઈ હતી, તેણે વૃદ્ધ પૂજારીને આજ્ઞા આપી દીધી, પૂજારીએ ધૂર્જટિને દીકરા સમાન ગણ્યો હતો. તેને ખાનગી રીતે આ વાત કહી. આ ત્રણે જણાને આ વાતની ખબર પડી. એમણે ચૌલાને પહેલાંથી જ ચેતાવી દેવાનો નિર્ણય કર્યો. સોમનાથના જે ખડક ઉપર ચૌલાની નાવડી થોભાવવાનો સંકેત હતો, ત્યાં તે આવી પહોંચ્યા. એમણે આસપાસ જોયું તો કોઈ માણસ હોય તેમ જણાયું નહિ. આ ખડકના એકાંતને લીધે ત્યાં ભાગ્યે જ કોઈ ફરકતું. અને એમાં આજે તો અંધારી રાત હતી.
એ ત્રણે જણા ખડકનું એક પોલાણ શોધી, નાનકડો દીપ ત્યાં ગોખલામાં પ્રગટાવી, તેની રાહ જોતા ત્યાં બેઠા.

Chapter 17

ધૂર્જટિનો સંકલ્પ

દામોદર ખડકો તરફ પહોંચ્યો, રાત્રિ ઠીક ઠીક વહી જતી, બધે અંધારું ઘોર હતું. એ ઘણી જ ઝડપથી આવ્યો હતો. એટલે જો ભીમદેવ મહારાજ આંહીં આવ્યા હોય તો એનો પતો કોઈ ને કોઈ રીતે લાગ્યા વિના નહિ રહે, એમ એને ખાતરી હતી. પશુ-પંખી-માનવ કોઈ કહેતાં કોઈ

અત્યારે આંહીં ફરકતું ન હતું. અંધારું ગેબી, ગૂઢ ને ભેદી બન્યું હતું. દામોદરે તીક્ષ્ણ દૃષ્ટિથી ચારે તરફ નજર તો રાખી હતી, પણ મહારાજ આંહીં આવ્યાનું ચિહ્ન એની નજરે પડ્યું નહિ. ક્યાંય કોઈ સાંઢણી કે ઘોડા કે માણસ દેખાયાં ન હતાં. એણે પોતાના ઘોડાને પાસેના જંગલમાં ઊભો રાખવા માટે એક મોટા વૃક્ષનો આધાર લીધો. આવી અનેક મુસાફરીઓથી ટેવાઈ ગયેલો ઘોડો ત્યાં પાષાણની પ્રતિમા જેમ ઊભો રહી ગયો. દામોદર એકલો પગપાળો ખડકો તરફ આગળ વધ્યો.

અંધારામાં કાંઈ દેખાય એવું ન હતું. ખડકો ત્યાં જેમ ઊભા હતા તેમ જ ઊભા રહેલા દૃષ્ટિએ પડ્યા. કોઈ માનવ ત્યાં હોવાનું કોઈ ચિહ્ન નજરે પડ્યું નહિ. જમીન તરફથી આવનારો માણસ એમની ટોચે ટોચે આવીને ઊભો રહે. ત્યારે એની દૃષ્ટિએ અગાધ જલસાગર રેલાઈ રહેલો નજરે પડે. તે સિવાય કાંઈ ખબર ન પડે. ખડકો ઊંચા-નીચા, આડાઅવળા પથરાયેલા હતા. એમાં ચારે તરફ કંદરાઓ, ગુફાઓ, ખાડાઓ, ખો વગેરે હોવાથી અનેક સંકેત-સ્થાનોની કુદરતી ગોઠવણી જાણે થઈ ગઈ હતી. એટલે ચાંચિયાઓ અવારનવાર એનો ઉપયોગ કરતા. ઉપર જતાં પહેલાં એનાં નીચેનાં સ્થળોમાં એક દૃષ્ટિપાત કરી લેવા માટે દામોદર આગળ વધ્યો. વખતે ભીમદેવ મહારાજ ત્યાં જ ઊભા હોય ! એણે મહારાજના ઘોડાને આટલામાં કિનારે જ કોઈ સ્થળે ઊભો રહેલો જોવાની આશા રાખી હતી. પણ એને જંગલમાં ક્યાંક ગુપ્ત સ્થળે ઊભો રહેવા દઈને મહારાજ ભીમદેવ એકલા આ તરફ આવેલા હોવા જોઈએ. અત્યારે મહારાજ આ તરફ આવ્યા હોય, ચૌલા પણ પાછી ફરીને આંહીં આવવાની હોય તો, ચૌલાનો પ્રશ્ન ઘણો જ અટપટો બની જવાનો એને ભય લાગી ગયો. મહારાજ ભીમદેવને એ છેક કિશોરવયથી જાણતો હતો. એણે જોયું હતું કે તે સમયે પણ રાજામાં યુદ્ધની ઉત્સાહશક્તિ ખરેખર વિરલ હતી. એ કોઈ દેવસેનાનો નાયક થઈને શોભે એવો અતુલ પરાક્રમી જોદ્ધો હતો. એને યુદ્ધમાં જોવો એ એક મોજ હતી. રણચંડી મા મહાકાલી એવું લીલાયુદ્ધ ખેલી શકે. જાણે કે એને યુદ્ધનો જરાકે થાક ચડતો ન હતો. પણ આ વિરલ શક્તિએ એનામાં બીજું એક પ્રકારનું તેજ મૂક્યું હતું. એ કોઈપણ વાતમાં લેશ પણ પરાભવ સ્વીકારવા તૈયાર ન હતો. પાછી પાની ક્યાંય નહિ. પછી એ વાત રાજવહીવટની હોય, રાજજુદ્ધની હોય, પ્રેમની હોય, કે ગમે તે હોય. એટલે જો ચૌલા વિષેનો એનો જીવનપ્રભાતી પ્રેમ અત્યારે જાગી ઊઠ્યો હોય, તો એ પોતાનું ધાર્યું જ કરે એવો અતિ આગ્રહી હતો. અને તો દામોદરને લાગ્યું કે કિનારે આવીને વહાણ ડૂબે, તેમ એની પોતાની બધી યોજનાઓ ઊંધી વળી જાય.

એનો ઉત્સાહ, એની રણશૂરવીરતાનો, પૂરોપૂરો વિકાસ સાધીને દામોદર એને ભારતભરમાં પ્રસિદ્ધ કરવા માગતો હતો, એકચક્રવર્તી બનાવવાનું સ્વપ્ન સેવતો હતો. પણ રાજા કયે વખતે કયું પગલું ભરશે. એ કહેવું ઘણું મુશ્કેલ હતું. જેવો એ પરાક્રમી હતો અને મૃત્યુને હથેળીમાં લઈને ફરનારો હતો, તેવો જ એ સપ્તરંગી પણ હતો. જો સમજે તો ઇશારામાં સમજે. ન સમજે તો કોઈનાથી ન સમજે. અત્યારે આ ચૌલા વિષે એમ જ થયું હતું. દામોદરે માન્યું હતું કે રાજાના દિલમાં એ વાતનું ક્યાંય સ્થાન જણાતું ન હતું, ત્યાં અચાનક જ આ વાત જાગી નીકળી. તે વિચાર કરતો એક તરફની કંદરાઓ તરફ આગળ વધ્યો. એની નજરે એક કંદરામાંથી કાંઈક પ્રકાશ આવતો જણાયો. એ આશ્ચર્યમાં પડી ગયો. કંદરાઓની અદ્‌ભુત રચનાને લીધે ચાંચિયાઓ ત્યાં વારંવાર આવી ચડતા એ એણે સાંભળ્યું હતું. એવા કોઈ ચાંચિયા અત્યારે આંહીં પડ્યા છે કે શું તેની એને સમજણ પડી નહિ. આગળ વધવામાં જોખમ હતું. પાછળ જવામાં પણ હવે જોખમ નહિ હોય એમ કહી શકાય નહિ. તેણે ત્યાં ઊભાં ઊભાં જે તરફથી પ્રકાશ આવતો હતો તે તરફ સ્થિર દૃષ્ટિ કરીને વધારે બારીકીથી જોવા માંડ્યું, ત્યાં અંધારામાં કોઈક બે-ત્રણ જણ બેઠા હોવાની એને શંકા ગઈ. એક તરફના ગોખલામાંથી

દીવાનો આછો ઉજાસ આવી રહ્યો હતો. થોડી વાર સ્થિરતાથી જોયા પછી દામોદરને ખાતરી થઈ ગઈ કે કોઈ બે-ત્રણ જણા ત્યાં બેઠેલા જણાય છે. આ કંદરામાંથી દૂર દૂરના સાગરમાંથી આવતી વસ્તુઓ દેખાય તેવું હતું. માટે એ ત્યાં બેઠેલા હોવા જોઈએ.
પણ એ કોણ હોઈ શકે ? દામોદરને ચિંતા આ વાતની થઈ. કોઈ ચાંચિયા હશે કે દુશ્મનના માણસો હશે કે રાજા ભીમદેવના ખાસ અંગત ગુપ્તચરો આવીને ચૌલાદેવીની નૌકાની પ્રતીક્ષા કરવા માટે બેસી ગયા હશે ? રાજા ભીમદેવ એમાં હશે ? કોણ હોઈ શકે એ એકદમ કળી શકાય તેવું ન હતું. એટલામાં એના કાને ત્યાં થઈ રહેલી વાતોનો અવાજ આવ્યો. તે ધીમે પગલે આગળ વધ્યો. એણે કંદરાની બહારની ખડક-ભીંતનો આધાર લીધો. એક તરફ શાંત ઊભા રહીને તેમની વચ્ચે થતી વાતો એ સાંભળવા લાગ્યો. એ એક્કાન થઈ ગયો. પોતે ઊભો છે ત્યાંથી વાતનો દોર પકડી શકાય તેમ છે તે જોઈને એને આનંદ થયો.
'પણ એ તો આંહીં દરેક વદ તેરશ-ચૌદશે, એટલે કહોને શિવરાત્રિએ - આજ દિવસ સુધી ક્યાં આવતી ન હતી ? આજ કાંઈ નવી નવાઈની આવતી નથી.' કોઈક બોલતું હતું. દામોદરને અવાજ તદ્દન અપરિચિત લાગ્યો. સામેથી કોઈનો પ્રત્યુત્તર આવ્યો.
'આવતી હતી એ વાત સાચી. એની ભક્તિનો કોઈ પાર નથી. એણે ભગવાન સોમનાથનું પતન થયું, છતાં પોતાનો શિવરાત્રિ નૃત્યનો ક્રમ અખંડ જલી રહેલા દીપની પેઠે ચાલુ રાખ્યો હતો. તે આજ દિવસ સુધી. આવી મહાન દેવનતિકાને નૃત્ય કરવાનો અધિકાર નથી, એમ મઠપતિ મહારાજ કહે, તે દેવનતિકા સ્વીકારે ખરી ? એમાંથી તો મહાન ઘર્ષણ ઊભું થાય !'?
'ઘર્ષણ ઊભું થાય કે ન થાય, દેવનતિકા વાત સ્વીકારે કે ન સ્વીકારે...'
ત્રીજો અવાજ આવ્યો. દામોદર ચમકી ગયો. આ અવાજ પેલા બંને અવાજથી જુદી જ સંસ્કારછાપ આપી જતો હતો. કોણ હશે ? તેના મનમાં સવાલ ઊઠ્યો. મહારાજ તો ન હતા એ ચોક્કસ હતું, તે એક્કાન થઈને સાંભળી રહ્યો.
'સ્વીકારે કે ન સ્વીકારે...' સંસ્કારી અવાજ આગળ બોલતો હતો, 'પણ મઠપતિજી મહારાજ ત્રિલોકરાશિની આજ્ઞા, આ સ્થાનમાં જો અત્યારે પણ, સર્વોપરી રહેવી જ જોઈએ, અને હોવી જોઈએ. રાજા પણ એ આજ્ઞાની ઉપરવટ જઈ ન શકે !'
'તો તો વળી નવી વાત ઊભી થશે.'
'શી ?'
'શી તે તમને નક્કર ખબર નહિ હોય, ધ્રુબાંગજી ?... રાજા આના પ્રેમમાં પડ્યો કહેવાય છે તેનું શું ? એ પોતાની નતિકાનું અપમાન સાંખશે ? અને આ તો પાછો ભીમદેવ !'
'અરે ! ધિજ્જટજી ! રાજાનો પ્રેમ હોય કે ન હોય, દેવને અર્પણ થયેલી દેવનતિકા, એનાથી બીજું કાંઈ જ ન થાય !'
દામોદર ચમકી ગયો. અરે ! આ તો સોમનાથમાં બેસી ગયેલા રા'ના પેલા બે માણસો લાગે છે. ધ્રુબાંગ ને ધિજ્જટ. પણ ત્યારે ત્રીજો કોણ ?
એને બહુ રાહ જોવી ન પડી. ધિજ્જટ બોલતો લાગ્યો : 'તમારી એ વાત સાચી, ધ્રુબાંગજી ! દેવને અપાયેલી દેવનતિકા તરફ તો રાજાને પણ માનથી વરતવું પડે, એવી દેવાજ્ઞા છે. અને મઠપતિજી પણ એ વાતમાં બહુ ચોક્કસ રહે છે. પણ પૂછો, આ રહ્યા પંડિત ધૂર્જટિજી કે આનું પરિણામ શું આવે ?'
'પરિણામ એનું એક જ આવે. રાજા અને મઠપતિ સામસામા આવી જાય. રાજાનો માનવપ્રેમ અગાધ છે. મઠપતિનો ધર્મપ્રેમ અગાધ છે. ચૌલાનો દેવપ્રેમ અગાધ છે. ત્રણે વચ્ચે કોઈ કારણથી આમાંથી જ ઘર્ષણ ઊભું થાય તો સોમનાથનું નવું મંદિર પણ ઊભું થાતું રહી જાય ! આ વાત છે. ને અત્યારે તો આ ઘર્ષણ નવો વિનાશ વેરે !'

'કેમ ?'
'કેમ શું ? ગર્જનકના ધામા હજી આંહીં પડ્યા છે. કહે છે કે એને ખસેડવા માટે દામોદર મહેતો આકાશપાતાળ એક કરે છે, પણ કોઈ કારી ફાવતી નથી. એ તો ખસે ત્યારે ખરો, જુદ્ધ કરવા જતાં તો વરસ બે વરસ નીકળી જાય. એટલે એ કોઈ જુક્તિથી ખસે તો, પણ એ જ્યાં ખસે, ત્યાં જો આંહીં આ નવું સળગ્યું હોય, તો થઈ રહ્યું ! લોકો એ જાણે. પછી કોઈને આ સ્થાન પ્રત્યે શ્રદ્ધા રહે ખરી ? ને શ્રદ્ધા વિના સ્થાન ક્યાંય ઊભાં થયાં છે કે આંહીં સ્થાન ઊભું થાય ? અને વખતે આ ઘરકજિયાની ગંધે તો બીજા રાજાઓ પણ આંહીં દોડ્યા આવે. એ બધા રાહ તો જુએ છે. એટલે આ નાની દેખાતી વાત જેવી તેવી નથી. ગુજરાતનું માંડ સ્થિર થયેલું રાજ, આટલી આ એક નાની ચિનગારીમાંથી છિન્નભિન્ન થઈ જવાના પંથે પળે.'
પંડિતની સંસ્કારી, સુંદર અને અર્થભરપૂર વાત-દોર પકડતાં દામોદર ત્યાં અંધારામાં પણ એક પ્રકારનો રોમાંચ અનુભવી રહ્યો. પોતે જે વાત જે રીતે જોતો હતો, તે વાતને તે રીતે જ જોનારો, એક માણસ આંહીં હતો, એ જેવોતેવો આનંદ ન હતો એને પંડિત ધૂર્જટિને ભેટવાનું મન થઈ આવ્યું. પણ એટલામાં કાંઈક વધુ લાગણીથી બોલાતા પંડિતના શબ્દો એના કાને પડ્યા :
'ધ્રુબાંગજી ! ધિજ્જટજી ! તમને તો જે થતું હોય તે ખરું, પણ મને તો આ દેવનતિકા ચૌલાનું નૃત્ય જોઉં છું અને થાય છે કે સોમનાથ ભગવાનના આ પતન પછી આંહીં બેઠાં માખો મારવી, એ તો જીવડાકીડાનું જીવન છે ! એ નૃત્ય કરે છે, ભગવાન શંકરની સામે પોતાનું જીવનદર્દ ઠાલવે છે. અને વાયુમંડલ આખું જાણે આપણા કાનમાં બોલે છે કે, ઊઠો ઊઠો, ભીરુઓ ! ઊઠો. ખતમ થઈ જવા માટેનો સંકલ્પ કરીને ઊઠો. તમને લૂંટીને આ ચાલ્યો જાય, અને એ લૂંટ પછી, તમે સમાધાનની ને શાંતિની, જાણે મોટા મુત્સદ્દી હો તેમ વાતો કરો. કાં અદૃષ્ટ ભાવિના શાપ વરસાવવા બેસો, એ બધું ઠીક છે, એ બધું બીજાઓ માટે રહેવા દો. સતાના પડછાયા શોખીનો માટે રહેવા દો. પણ તમારો ધર્મ તો આ સુલતાનને અને એના તમામને, કોઈક ઠેકાણે રણમાં રોળી નાખવાનો છે. 'ઊઠો ઊઠો ! કોઈક તો ઊઠો !' કોઈક તો ઊઠો !' મને તો એના નૃત્યમાં આ હવા દેખાય છે.'
'પણ આપણે શું કરી શકીએ પંડિતજી ? મહારાજ ભીમદેવ જેવા જ્યાં પહોંચ્યાં નહિ, ત્યાં આપણે કોણ ?'
'મહારાજ ભીમદેવ જ્યાં ન પહોંચે ત્યાં આપણે પહોંચી શકીએ, ધિજ્જટજી ! આપણે શું કરી શકીએ તેમ તમે કહો છો ? અરે ધિજ્જટજી ! આપણે તો આખી સેનાને રણમાં રોળી નાખીએ ? શરત એટલી કે આપણે દટાઈ મરવા માટે તૈયાર થઈ જવું જોઈએ. સોમનાથની ખાતર મરી છૂટવું જોઈએ.'
'મરી છૂટીએ ચાલો, પણ શી રીતે ?'
'રીત આની એક જ છે' પંડિતના અવાજમાં આત્મવિશ્વાસનો રણકો ઊઠ્યો : 'રીત આની એક જ છે. હું તો કાશ્મીરમાં અનુભવ લઈને રીઢો પણ થયો છું.'
દામોદર આ સાંભળતાં મનમાં તો ક્યારનો આ પંડિતના જેવી અદ્વિતીય વિરલ વ્યક્તિને જોવા માટે અધીરો થઈ ગયો હતો. પણ તેને વાતદોર તૂટવાનો ભય લાગ્યો. વળી મહારાજ ભીમદેવ વિષે હજી વાત અંધારામાં હતી.
'રીત આની એક જ છે' પંડિતનો દૃઢ, શાંત, સ્થિર અવાજ આવ્યો : 'ગર્જનક, ઉતાવળમાં, અજ્ઞાત માર્ગો લેવામાં, ઘા મારીને લૂંટ લઈને બધી લૂંટ જલદી ઘરભેગી કરવામાં, માનનારો છે. એને કામ સાથે કામ છે. એટલે બધા રાય ત્યાં ગઢબીટલી ભેગા થયા છે, એ સાંભળીને એ સિંધને માર્ગે પાછો ફરવાનો, એ બધા એને રોકે, એ ધંધો એ નહિ કરવાનો. એ વાત એને આકરી પડે. આ વાત દીવા જેવી સ્પષ્ટ છે. આપણે સંકલ્પ કરીએ ધિજ્જટજી ! આપણું થવું

હોય તે થાય, ભલે માથું પડે, ને રણરેતીમાં દટાઈ જવું પડે, ભલે મા ધરતીના ખોળામાં ધગધગતી રેતીમાં ભોંમાં ભંડારાઈ જવું પડે...'
પંડિતના શબ્દો સાંભળતાં દામોદર ધ્રૂજી ઊઠ્યો : 'આપણે જો બે-ત્રણ જણા સંકલ્પ કરીએ તો એ થાય. હું તો ભગવાન સોમનાથનો પૂજારી છું. વયોવૃદ્ધ પૂજારી મહારાજે મારામાં શ્રદ્ધા મૂકીને મને ધર્મપુત્ર જેવો ગણ્યો છે. એવી રીતે મારું ગૌરવ કર્યું છે. ભગવાને મને સેંકડો દિવસ સ્વર્ગની સોહામણી ભૂમિનાં દર્શન કરાવ્યાં છે. એની સમક્ષ ઊભા રહેતાં મેં અનેક નૃપતિઓની વંદના ઝીલી છે. ભગવાન સોમનાથને છાંયે હું રાજાઓનો પણ રાજા હોઉં, એમ દિવસો સુધી જીવવાનું ગૌરવ માણી રહ્યો છું. મેં નિશ્ચય કર્યો છે. તમે આવો તો ભલે, ન આવો તો હું એકલો પણગર્જનકના સેનને માર્ગ બતાવનારો ભોમિયો બની જવા માગું છું. હું કાશ્મીરથી સેંકડો વખત સોનાનાં કમળ લઈને આંહીં આવતો હતો. હવે હું મારી જન્મભૂમિમાં પાછો ફરી જવા માગું છું. મારે કાશ્મીર જવું છે. રસ્તો હું જાણું છું. મને વિશ્વાસ છે. ગર્જનક, મને એ તરફનો જાણીને, મારી આ વાતને કુદરતી ગણશે. પછી હું છું, ગર્જનક છે. એનું સેન છે, ને સિંધનાં, જોજનોમાં ફેલાયેલાં નપાણિયાં ભયંકર રેતરણો છે. જો તમામને પાણી વિના ગાંડા ન કરી દઉં તો હું પૂજારીનો દીકરો નહિ. અમસ્તા પૂજારી મને દીકરો ગણે છે ? સોમનાથનું વેર આમ લેવાશે. મારું ભલે જે થવું હોય તે થાય. દેવનતિકા ચૌલાનું આજનું નૃત્ય જોઈને, પછી હું ઊપડી જવા માગું છું. એના નૃત્યમાંથી મને કોઈક આકાશી શબ્દોના ભણકારા, જાણે રાત ને દિવસ સંભળાયા જ કરે છે ! કોઈક જાણે મને કહી રહ્યું છે : વત્સ ! ઊઠ ઊઠ, તું તો ભગવાન શંકરનો અંતેવાસી ગણ છો. તારો પાછા ફરવાનો વખત થઈ ગયો છે. ધિજ્જટજી ! ધ્રુબાંગજી ! તમે આવો તો આપણો કાર્યક્રમ સાંગોપાંગ શોભી ઊઠે. પણ હવે આ નવી વાત ઊભી થઈ છે. ેટલે એક-બે દિવસ થોભીને જઈશ. પણ જઈશ, નૃત્ય જોઈને. એ નૃત્ય તો મને મરતાં મરતાં જાણે માનું વહાલભર્યું ચુંબન કરતું દેખાશે ! ચૌલાનું નૃત્ય હું જોઉં છું અને મને થાય છે કે, હવે હું જીવું છું, એ કીડાજીવડાનું દિવસો કાઢવાનું જીવન છે. જીવન દેવે આપ્યું હતું. જીવન, દેવ પાછું માગે છે. હવે જીવવું એ મરણથી પણ બદતર નરકવાસ છે. દેવનતિકાના નૃત્યમાંથી મને તો રાત ને દિવસ આવા ભણકારા સંભળાયા કરે છે !'
'એમ તો અમને પણ થાય છે !' ધ્રુબાંગ ને ધિજ્જટ બંને એકી સાથે બોલી ઊઠ્યા.
'તમને ?'
'હા કેમ ? અમે શું માણસ નથી ? અમે શું ભગવાન સોમનાથના નથી ? અમને એ લટકાંફટકાંમાં ઝાઝી સમજણ પડતી નથી. એ ખરું; પણ પૂછો ધ્રુબાંગજીને, તમારી સાથે અમે જોવા આવતા ને છાનું છાનું આપણે સૌ એ જોતા, પછી પાછા ફરતાં મેં ધ્રુબાંગજીને કેટલીયે વાર કહ્યું હતું કે, ધ્રુબાંગજી ! કહો ન કહો, પણ આ જોઈને જાણે છાતી વીંધાઈ જાય છે. થાય છે કે રે ભૂંડા જીવ ! આ માયાને હવે શું વળગી રહ્યો છે ? આ પડેલા પથરાને હવે શું ચોંટ્યો છે ? ક્યાંક જઈને આ તારા દેવનું વેર લેવા માટે મરી જાને ! અમને પણ ઘણી વખત એ થતું હતું. આજે તમે કહ્યું ત્યારે વાત સમજાણી કે એ આકાશી વાણી, આ દેવનતિકા મોકલતી હતી ! પણ તો ત્યારે આ મઠપતિજી મહારાજને શું સૂજ્યું છે ?'
'એમને જે સૂજ્યું તે ભલે એ કરે. દેવનતિકા દેવનતિકા જ રહી શકે. ભીમદેવ મહારાજ હોય કે મોટો ભોજરાજ હોય, દેવને માથે જે ફૂલ ચડે તે દેવનું જ હોય. એ તો ઠીક, રાજા છે, દામોદર મહેતો છે; એનો રસ્તો કાઢશે, આપણને સૂજે તે આપણે કરો. આપણે ક્યારે ઊપડવું છે, એ વાત કરો. તમે સાથે છો, એ જાણીને મારું મન તો હવે અધીરું થઈ ગયું છે.'
'તમે કહો ત્યારે !' ધિજ્જટજી બોલ્યો.
'તો તો સાંઢણી 'રણપંખણી' ઊપાડીએ, ધિજ્જટજી ! મારા ધ્યાનમાં તો એ વાત આવે છે !'

ધ્રુબાંગ ઉત્સાહમાં આવી ગયો હતો.
'આપણે સંઘ તો રા'ની સાથે હજાર વખત ખેડ્યું છે. આપણને એની નવાઈ નથી. રા' નવઘણની તો વાત સાંભળતાં ગજ ગજ છાતી ફૂલી જાશે. આપણે જાણે કે રણના ભોમિયા છીએ. ફક્ત સુલતાનને વિશ્વાસ આવવો જોઈએ. નકર આંહીં કાંધ મારે. કાંધ મારે તેનો વાંધો નથી, પણ વેર વેરને ઠેકાણે રહી જાય એનો વાંધો છે. એટલે વાત પાર પાડવી જોઈએ. મલક આખો આ વાત સાંભળશે ત્યારે ધ્રુબાંગજી ! આપણા નામના ઘેર ઘેર રાસડા ઊપડશે ! ચારણો આપણા નામની બિરદાવલિ ગાશે ! રજપૂતાણીઓ રાસડા ગાશે ! ને આપણે સરગાલોકમાં એ સાંભળીશું !'
'આપણે ત્રણે...' પંડિત ધૂર્જટિ બોલી ઊઠ્યો.
'હા, ત્રણે, ત્યાં બેઠાં બેઠાં...' ધ્રુબાંગે કહ્યું. આકાશ તરફ આંગળી કરીને આ વાક્ય બોલ્યાની ધ્રુબાંગની કલ્પના દામોદરે પકડી લીધી. એને આ ત્રણે જણા આવી રીતે આમ સંકલ્પ કરતા બેઠા હશે, એનો કાંઈ ખ્યાલ ન હતો. દેવકૃપાથી જ આ સુભગ પળ એને મળી ગઈ હતી. પણ આ ત્રણે વીરોનો સમર્પણનો ઉત્સાહ સાંભળતાં, એના મનમાં ન સમજી શકાય તેવી એક કરુણ છાયા ઊભી થઈ ગઈ. તે મૂંગી ઊંડી વેદના અનુભવી રહ્યો. એની નજર ધરતી ઉપર સ્થિર થઈ ગઈ.
પણ એટલામાં ત્રણે જણા એકી સાથે બોલી ઊઠ્યા :
'એ દેખાય !'
સમુદ્ર ઉપર એક નાનકડી નાવડી આવી રહી હોય તેમ લાગ્યું.

Chapter 18

ચૌલા આવી !

થોડી વાર થઈ, ને ચૌલાની નાવડી ત્યાં અટકી લાગી. તરત દીવો ઓલવીને, ત્રણે જણા કંદરામાંથી બહાર નીકળ્યા. દામોદરને પોતે પ્રગટ થઈ જવાનો ભય લાગ્યો. તે એકદમ આઘે ખસી જઈને ખડકની બહારની ભીંત સમો થઈ ગયો. ત્રણે જણા ખડકની ટોચ ઉપર દોડ્યા ગયા હતા.
નાવડી અટકતાં જ તેમાંથી ચૌલા નીચે ઊતરી. નાવડીવાળો કોણ હતો તે કાંઈ અંધારામાં દેખાયું નહિ. ચૌલા આવી અને એણે તરત અવાજ આપ્યો :
'પંડિતજી ! તમે જ છો કે ?'
'હા, હા, બીજું કોણ હોય ? અમે જ છીએ !' ધૂર્જટિ કહ્યું.
ચૌલા ઉતાવળે ઉતાવળે ખડકની ટોચ ઉપર જતી લાગી. દામોદર મહેતો પોતાના સ્થાનમાંથી ધીમેધી બહાર નીકળ્યો. તેમની વચ્ચે થતી વાતચીત સાંભળવા માટે એણે બીજું સ્થાન મેળવી લેવું જોઈએ. તે પાંચ-દસ પગલાં આગળ વધીને ઉપર ચડ્યો. અને એક આગળ વધતા ખડકના ઢાંકણ નીચે જાતને છુપાવી દીધી. પોતે ત્યાંથી કાંઈ દેખાતો ન હતો. પણ અવાજ પકડવા માટે સ્થાન ઘણું સારું હતું. ચૌલા ઉપર પહોંચી ગઈ લાગી. ચારે તરફના વિસ્તીર્ણ મહાસાગરને એ નિહાળીને જોતી હોય તેમ લાગ્યું. એ બોલી એટલે એ વાત સ્પષ્ટ થઈ.
'પંડિતજી !' તે બોલી રહી હતી : 'આ જુઓ તો ! મને ઘણી વખત થાય છે, આ મહાન જલરાશિ મને પોતાની અદ્ભુત નૃત્યલીલામાં એક નર્તન કરતું મોજું ક્યારે બનાવી દેશે ? એમ રાત ને દિવસ અનંતકાલ સુધી, ભગવાન સોમનાથને ચરણે, નૃત્ય કરતા રહેવામાં કેટલો આનંદ પડતો હશે ? જ્યારે જ્યારે હું આ સોમનાથ સમુદ્રનું નૃત્ય જોઉં છું. ત્યારે ત્યારે મને લાગે છે કે, હું પોતે જાણે એનું એક વખત મોજું જ હઈશ. કોઈ કારણથી મને એણે આંહીં ફેંકી દીધેલ છે

! શો વિસ્તીર્ણ સાગર છે ? પૃથ્વી ઉપર નૃત્ય કરવામાં જે આનંદ મળે છે. તેના કરતાં એક હજારગણો વધારે આનંદ, જો સમુદ્રના આ વિસ્તીર્ણ પટ ઉપર નૃત્ય કરવાનું સદ્ભાગ્ય મળે, તો મળે ! પણ એ કોઇને મળ્યો છે તે મને મળે ? મારી એ મહેચ્છા છે, પંડિતજી ! સમુદ્ર ઉપર, જલસપાટી ઉપર, નૃત્ય કરતાં જવાની !'

પંડિતજી સાંભળી રહ્યો હતો. તે મોટેથી હસી પડ્યો : 'અરે ! દેવી ! તમારી કઈ મહેચ્છા નથી ? તમારે તો માત્ર પવનની પાંખે થઈ શકે તેવું પતંગિયા-નૃત્ય ક્યાં કરવું નથી ? માણસની તમામ વૃતિને શમાવી દે, સારીનરસી તમામ વૃતિને શમાવી દે, તેવું શાંત જલસાગર-નૃત્ય તમારે ક્યાં કરવું નથી ? તમારે તો કૈંક નૃત્યો કરવાં છે. અને આ બધાં નૃત્યો દ્વારા માનવીને દેવો બનાવવા છે ! તમારું ચાલે, તો તમે નૃત્યને જ વાણીદેવતા બનાવી દો !'

'નૃત્યનો ખરો મહિમા જ એ છે. ભગવાન શંકર પોતાની શક્તિને ગતિમાં મૂકે છે ને નૃત્ય ઊભું થાય છે. એમાંથી માનવ દેવ બને છે. નૃત્ય એ ક્યાં સામાન્ય વસ્તુ છે, પંડિતજી ? આ જલસાગર જોતાં જ અત્યારે એ સાંભરી આવ્યું ! એ દિવ્ય છે. એ દેવની વસ્તુ છે. દેવ માટે છે. ને દેવો સરજવા માટે છે. હું દેવની નતિકા છું એમ જ્યારે અનુભવું છું, ત્યારે મને થાય છે કે, જાણે દેવે જ મને કામ સોંપ્યું છે કે તું માનવમાંથી દેવતાઓની એક સેના સરજી દે ! એના એક સૈનિક તો તમે છો પંડિતજી !'

પંડિત ધૂર્જટિ થોડી વાર કાંઈ બોલ્યો નહિ. પછી તેણે ધીમેથી કહ્યું : 'બીજા પણ બે છે. પણ અમારે તમને એક સમાચાર આપવાના છે.'

દામોદર ચૌલાને બોલતી સાંભળી રહ્યો. જે ચૌલા એણે વયજલ્લ* દેવના મઠમાં જોઈ હતી, તે તો ક્યાંયથી ક્યાંય ઊડી ગયેલી જણાતી હતી. આ ચૌલા તો નૃત્યનો દિવ્યકુંભ લઈને ઊભેલી, જાણે કોઈ અનુપમ જલસુંદરી જણાતી હતી ! કેવળ એના સ્વરભારમાંથી વિશ્વમોહિનીનું જે આકર્ષણ ઊભું થતું હતું, તે જોઈને જ દામોદર તો ચકિત થઈ ગયો. એનું પ્રત્યક્ષ દર્શન કેટલું

----

* વાચિનીદેવી.

ત્રિભુવનડોલક હશે, એનો વિચાર કરી રહ્યો. પોતાની કામગીરી કેટલી અઘરી નીવડવાની, એનો ખ્યાલઆવતાં એ ધ્રૂજી ગયો. એટલામાં ફરીને ચૌલાનો અવાજ સંભળાયો :

'શું સમાચાર છે, પંડિતજી ? રાજા ભીમદેવ નવું મંદિર ઊભું કરે છે કે શું ?'

'નવું મંદિર તો હમણાં હવે શું ઊભું થાય ?' ધૂર્જટિ બોલ્યો : 'એ તો હવે તમે ઊભું કરાવશો ત્યારે થશે નાં ? તમે જ એને નથી કહેવરાવ્યું કે, હું દેવનતિકા, ભગવાન સોમનાથની અખંડ નૃત્ય ઉપાસના કરનારી, તમને કહેવરાવું છું કે, 'હવે જ્યારે મંદિર ઊભું કરો, ત્યારે પહેલાં દેવસેના ઊભી કરજો. તે વિના તો તમે દેશભરની સમૃદ્ધિ એક નાનકડા સ્થાનમાં ભેગી કરી દો છો, ને લૂંટવાવાળા આવીને લૂંટી જાય છે ! આ દેવમંદિર કઈ જાતનું ? તમે જ આ નથી કહેવરાવ્યું ? એટલે એ તો સાંઢણીદળ તૈયાર કરવામાં પડ્યા છે. એ ને રા' પણ આ વાત તો છે મઠાધીશ્વર મઠપતિ મહારાજની !

'કોની ? મઠપતિ મહારાજ ત્રિલોકરાશિજીની ?'

'હા !'

'શું ? શું વાત છે ?'

'તમારા માટે એમણે આજ્ઞા આપી રાખી છે !'

'શાની આજ્ઞા આપી છે ? કોને આપી છે ?'

દામોદરને ચૌલાના શબ્દોમાં રહેલ અધીરતાનો ખ્યાલ મૂંઝવી ગયો. ખુલ્લા આવાહનને ઝીલનારી ધ્રુજારી એ અધીરતામાંથી પ્રગટતી હતી. એ સચિત સાંભળી રહ્યો.

'મઠપતિ મહારાજની આજ્ઞા છે કે દેવનતિકા એ દેવનું પુષ્પ છે. એના પરિમલને સ્પર્શ કરનારો પવન પણ પાછો દેવચરણે વહે એટલી બધી શાસ્ત્રમર્યાદા અંકાયેલી છે; તો જ દેવનતિકા એ દેવનતિકા છે. નહિતર એ માનવ પણ નથી. મનોમન પણ, દેવનતિકા જો કોઈ માનવને રાગથી દેખે, તો થઈ રહ્યું ! એ પાપ દેવધામને નષ્ટ કરે ! એ દેવનતિકાને નૃત્યનો અધિકાર નહિ. દેવ પાસે એનું નૃત્ય હોય નહિ !'

'પણ કોણ એવી નતિકા છે ? મનોમન રાગથી માનવને દેખે એવી ? મેં તો એવી કોઈ જાણી નથી !'

ધૂર્જટિ કાંઈ બોલ્યો નહિ.

'કેમ બોલ્યા નહિ ? મઠાધિપતિને કઈ દેવનતિકામાં અવિશ્વાસ આવ્યો છે ?'

ધૂર્જટિ બોલતાં અચકાતો લાગ્યો.

'તમતમારે બોલો, પંડિતજી ? કેમ બોલતા નથી ? પછી આપણો તો ઊપડવાનો સમય થઈ જશે.'

'ત્યારે દેવી ! મઠાધિપતિની આજ્ઞા છે, તમારું નૃત્ય હવે ત્યાં ગુપ્તેશ્વર મંદિરમાં નહિ થઈ શકે !'

'નૃત્ય નહિ થઈ શકે ? મારું ?' ચૌલાના અવાજમાં ખણખણાટ કરતી સમશેર જોઈને દામોદર સચિત થઈ ગયો. એને ઘર્ષણનો અગ્નિ પાસે આવતો લાગ્યો.

'હા. તમારું નૃત્ય ન થઈ શકે. દેવ પાસે તમને નૃત્ય કરવાનો અધિકાર નથી.'

'કારણ ?'

'માનવપ્રેમ.'

'માનવપ્રેમ ? એ શું છે ? હું તો એવા કોઈ માનવપ્રેમને જાણતી પણ નથી, પંડિતજી ?'

'દેવી ! મહારાજ ભીમદેવ સાથે તમારે કોઈક વખત દૃષ્ટિરાગ હતો. એ પાછો સજીવન થયો છે એમ મઠપતિ પાસે વાત આવી છે.'

'વાત આવી છે ? પણ એ ક્યારે મર્યો હતો તે સજીવન થાય, ધૂર્જટિજી ? પણ હું કોઈ રાજા ભીમદેવને ઓળખતી નથી. હું તો દેવસેનાના નાયકસમા એક રણરંગી પુરુષને માત્ર ઓળખું છું. એ ભીમદેવને - હજારોની સેનામાં એકલા ઝઝૂમતા ભીમદેવને. એને મેં લડતાં જોયેલ, અને એ વીરપુરુષોની ઓળખાણ તાજી થઈ. દ્વારકાના સમુદ્રથી અર્બુદાચલ સુધી, ને સિંધના રણમેદાનની પેલી મેરથી સૂર્યપુત્રી *ના કિનારા સુધી, એક અવિભક્ત, અવિચળ, અખંડ, પ્રતાપી, ચક્રવર્તી દેવનાયક સમો, જો કોઈ પુરુષોત્તમ આંહીં હશે, તો તમારું સોમનાથનું મંદિર હવે ઊભું રહેશે ! નહિતર ઊભું નહિ રહે. મને એ કલ્પના આવી છે. ભીમદેવને લડતાં જોઈને એ કલ્પના આવી ગઈ. હું તો એવા એકાદ સ્વપ્નપુરુષને ઊભો કરવા માટે દેવનતિકા છું. એનું શું ? કોણે કહ્યું કે હું રાજા ભીમદેવને ઓળખું છું ? તમે હજી જોતા નહિ હો, આંહીં જે પરદેશીઓ આવે છે. તેને તમારાદેવની ડી નથી. તમારા મંદિરની પડી નથી. એમને તો એક વાતની પડી છે. આ ઠેકાણે લોકોએ ઘેલછામાં આવીને, સોનાં, રૂપાં, હીરા, માણેક, મોતી ઠાલવ્યાં છે. એક જ સ્થાનેથી બધું ભેગું કરી લેવા માટે આ સ્થાન ખોટું નથી. તમારે ફરીને આ સ્થળમાં હીરા, માણેક, મોતી શું એટલા માટે ભેગાં કરવાં છે ? એવું દેવમંદિર ફરીને બનાવવું છે ? ભીમદેવ એવું દેવમંદિર ફરીને ન બંધાવે, એટલા માટે તો હું એને વિજયચક્રવર્તીની મહેચ્છાનું પેલું પ્રેમપાન આપી રહી છું. કોણે કહ્યું કે માનવપ્રેમ છે ? હું કોઈ માનવપ્રેમને જાણતી નથી. હું શેને જાણું છું, એ ત્યાં મઠપતિજીને કહીશ. હું દેવનતિકા છું. મારો અખંડ નૃત્યનો ક્રમ કદી ભગ્ન થયો નથી, કદી ભગ્ન થવાનો નથી, કદી ભગ્ન થઈ શકે નહિ. તમને ખબર છે, ધૂર્જટિજી ! કે હું તો આંહીં દર શિવરાત્રિએ, વદ ચૌદશે હમેશ, આવતી રહી છું. એ ક્રમ કોઈથી નહિ અટકે, ચાલો, તમે સાંઢણી લાવ્યા છો ? આપણો વખત થઈ ગયો છે. ચાલો !'

'પણ દેવી...'
'પણ શું પંડિતજી ? હું છું ને, તમે કેમ ધ્રૂજો છો ? આ સમુદ્રના તરંગો, ભગવાન સોમનાથના પાદપ્રક્ષાલન કરતા ક્યારે અટક્યા છે, કે હું અટકીશ ? હું જ્યારથી અનુભવું છું કે, સમુદ્રનું મોજું છું, ત્યારથી મને કોઈ ભય નથી. ચાલો ક્યાં છે ધ્રુબાંગ ?'
'હું તો આ ઊભો દેવીજી !'
'ત્યારે ચાલો...'
દામોદર હવે પ્રગટ થવું કે ન થવું, એની મૂંઝવણમાં પડી ગયો. એણે મનમાં વિચાર કર્યો. એણે વધારે ઝડપથી પહોંચી જઈને આ ઘર્ષણ ટાળવું રહ્યું. આજે ચૌલા ત્યાં પહોંચવાની. કાલે તૈયારી કરવાની. કાલે રાત્રે એણે ઘર્ષણ સમયે ત્યાં પહોંચી જવું જોઈએ. આજની એની આ મુસાફરીએ એને એટલા બધા તો નવા કોયડાને નવા અનુભવો આપ્યા હતા કે, એ થોડી વાર શાંત ચિતે એ વિષે વિચાર કરવા પણ માગતો હતો.
એટલે અત્યારે પ્રગટ ન થવાનું એણે યોગ્ય માન્યું. એને આંહીં આ ત્રણ અદ્ભુત વિરલ પુરુષોનો પરિચય થઈ ગયો. એ જેવી તેવી વાત ન હતી. એમના વિષે વિચાર કરતાં તો હજી પણ એનું રૂંવેરૂંવું ખડું થઈ જતું હતું. આ એક અદ્વિતીય ઘટનાને એના મગજમાં સ્થિર ગોઠવવા જતાં એ ધ્રૂજી ઊઠતો હતો. કેવા પુરુષો અને કેવી ઘટના ? એ બધાને ચૌલામાંથી અદૃશ્ય પ્રેરણા મળતી હતી. આ વાત જેવી તેવી ન હતી. મહાન ચક્રવર્તીપદ વિના દેવમંદિર નહિ સચવાય. ચૌલાનું મહાન સ્વપ્ન સાંભળીને તો એને લાગ્યું કે કાં તો પોતાનું સ્વપ્ન એને ત્યાં ગયું છે, કે પછી, ચૌલાનું સ્વપ્ન પોતાને ત્યાં જન્મ્યું છે !
અને એ જ વખતે એના મનમાં ઊગી નીકળ્યું કે આ તેજસ્વી નારીને એના આ સ્વપ્નમાંથી કોઈ રોકી શકે તેમ નથી. મઠપતિજી પણ, એટલી વારમાં બધાંને એણે ખડક ઉપરથી નીચે ઊતરતાં જોયાં. એણે ત્યાં ઊભા ઊભા સોમનાથના સમુદ્ર ઉપર એક દૃષ્ટિ કરી એને ચૌલાના શબ્દો સાંભરી આવ્યા. ખરેખર, આવો સમુદ્રકિનારો જે દેશને મળ્યો હોય, તેણે કાં તો પોતાને ત્યાં સુંદર સમૃદ્ધ શક્તિશાળી, દેવભૂમિ જેવી દેવભૂમિ સરજવી રહી, અથવા તો પછી કેવળ એમાં વનરાજી ઉગાડવી રહી.
આવી નયનમનોહર ભૂમિમાં કલ્પના અને સ્વપ્ના વિનાનાં વેંતિયાં માણસો ઊભરાય, એ તો મા-ધરિત્રી ઉપર કેવો જુલ્મ ગણાય કે, કેવળ એ જુલ્મમાંથી એને ઉગારવા માટે જે, કોઈકે આવીને દાતરડાથી ઘાસ કાપે તેમ, માણસોને કાપવાં રહ્યાં. ગર્જનક બીજું શું કરતો હતો ? સૌના વેંતિયાપણાનો લાભ લેતો હતો.
'કદાચ...' દામોદર વિચાર કરતાં ધ્રૂજી ગયો : 'કદાચ એટલા માટે જ, આવાં ભયંકર આક્રમણો આવતાં નહિ હોય ?' પણ એને વિચારમાં પડી જવાનો વખત ન હતો. એને સાંભરી આવ્યું કે એણે ભીમદેવ મહારાજનો હજી પતો મેળવવાનો હતો. એ આંહીં જોવામાં ન આવ્યા. એનો અર્થ એ કે એ સોમનાથ પહોંચ્યાં હોવા જોઈએ !
આ વસ્તુની એને જાણ હશે, તો એ ત્યાં સોમનાથમાં જ ક્યાંક બેઠેલા હશે.
બધાને ઊપડી ગયેલાં જોતાં જ દામોદર પણ ત્વરાથી પોતાના ઘોડાની પાસે જવા માટે નીકળ્યો.

Chapter 19

રાજા, મઠપતિ ને મંત્રી

દામોદરે કલ્પનામાં નહિ દારેલું એવું ઘર્ષણ ઊભું થવાનો ભય એના દિલમાં વ્યાપી ગયો હતો. એ સોમનાથ પહોંચ્યો. પણ મહારાજનો પતો ન મળ્યો. ગુપ્તેશ્વરનું એક નાનું મનોરમ મંદિર થોડે દૂર જંગલમાં છુપાયેલું હતું. એટલે એ કોઈક રીતે વિનાશમાંથી બચી ગયું હતું. મા ધરતીના

પેટાળમાં જાણે નાનકડા શિશુની માફક એ ત્યાં સૂઈ રહ્યું હતું.
દામોદરે વિચાર કર્યો, મઠપતિ, મહારાજ કે ચૌલાને જુદા જુદા મળવામાં એણે વાતને વળે ચડી જવાનો ભય દીઠો. એમાં ગેરસમજણ ને પણ અવકાશ હતો. બધાને ઘર્ષણ ટાણે એક સાથે મળવાથી જ પોતે કાંઈક રસ્તો કાઢી શકશે એમ એને લાગ્યું.
તે પોતે ગુપચુપ ગુપ્તેશ્વરના મંદિર ભણી જવા માટે નીકળ્યો. કોઈ એને ન દેખે માટે, એણે લંબાણવાળો માર્ગ પકડ્યો. જંગલમાં જઈને પછી ગુપ્તેશ્વરના મંદિર ભણી પાછો આવતો પગદંડીનો એક માર્ગ હતો. તેણે તે પસંદ કર્યો. તે ગુપ્તેશ્વરના મંદિરે પહોંચ્યો. ત્યાં કોઈ આવ્યું ન હતું. મંદિરનાં દ્વાર બંધ હતાં. મંદિરની સામે ઊભો કરેલો નૃત્યમંડપ ખાલી હતો. દીપિકાઓ પ્રગટી ન હતી. વૃદ્ધ પૂજારી દેખાતો ન હતો. પૂજાને થોડી વાર લાગી.
દામોદરે મંદિરની ચારે તરફ ફરતો એક આંટો માર્યો. પાછળના ભાગમાં ક્યાંક શાંતિથી બેસાય તેવું સ્થાન એ શોધવા માંડ્યો. એક જગ્યાએ, મંદિરની તદ્દન જ નિકટમાં, બે-ચાર વૃક્ષો ઊભાં હતાં. ત્યાં એણે એક વિસામો દીઠો. કઠિયારાઓ માથેથી ભાર ઉતારવામાં એનો ઉપયોગ કરતા હોય તેમ લાગ્યું. વિસામાંની નીચે થોડી જગ્યા કોઈએ બેસવા માટે સાફ કરી હતી. દામોદરે ત્યાં જોયું તો એક તરફ ખૂણામાં નીચેની ભોં તરફ જતાં એક-બે પગથિયાં એની દૃષ્ટિએ પડ્યાં. એ ત્યાં નીચે જ અટકી જતાં હોય તેમ લાગતું હતું. દામોદરને આંહીં બેસવાનું ઠીક લાગ્યું. તે ત્યાં જઈને બેઠો. તેણે મંદિર તરફ દૃષ્ટિ કરી. મંદિરના બરાબર પાછલા ભાગમાં આ સ્થાન હતું. એટલે પોતે કોઈની દૃષ્ટિએ પડે તેમ ન હતો. વળી એ ઘણું જ નિકટમાં હતું. મંદિરની આગળ ચાલતી હિલચાલ થોડી થોડી આંહીંથી દેખાય તેવું હતું. દામોદરને અત્યારે આંહીં બેસી રહેવું ઠીક લાગ્યું. દીપમાળાઓ પ્રગટે, તૈયારી થાય, કાંઈક હિલચાલ દેખાય, એટલે પોતે આંહીંથી તરત જ ત્યાં પહોંચી શકે એવું હતું.
મઠપતિ ત્રિલોકરાશિ શી રીતે ચૌલાને નૃત્ય કરતાં રોકવાની આજ્ઞા આપશે, તે વિષે એને કાંઈ સ્પષ્ટ ખ્યાલ ન હતો. કદાચ ચૌલાને કહેવરાવી દીધું હોય. પણ ચૌલા ન મળી હોય, કે ન માને તો ? એટલે થોડા સાધુ બાવાઓ આંહીં આવી જાય ને મંદિરનો આવવા-જવાનો રસ્તો રોકી લે એ શક્યતા હતી. દામોદરને સમજણ ન પડી કે મહારાજ ભીમદેવ અત્યારે ક્યાં હશે અને શું કરતા હશે ? પણ એણે અનુમાન કર્યું કે એ આ ચિત્રમાં કોઈ ને કોઈ રીતે પ્રગટ થઈ જવાના - એટલું ચોક્કસ.
એ ત્યાં વિચાર કરતો ગુપચુપ બેઠો. એને બહુ વાર ખોટી થવું પડ્યું નહિ. થોડી વારમાં જ મંદિર તરફ કોઈક આવતું લાગ્યું. પૂજારી જ હોવો જોઈએ. તેણે વંદના કરીને વગાડેલા નાના ઘંટના પડઘા તરત સંભળાયા. દામોદર શાંત બેઠો રહ્યો.
બીજી એક-બે પળ ગઈ. ચારે તરફ દીપમાલાઓ પ્રગટતી જોવામાં આવી. પ્રકાશ રેલાવા માંડ્યો. મંદિર એકદમ સુરક્ષિત ને એકાંત સ્થાનમાં હતું. એટલે આંહીં શું થઈ રહ્યું છે, એ છેક નિકટમાં આવી ગયા વિના કોઈને ખબર પડે તેવું ન હતું. ભગવાન સોમનાથની કોઈ ને કોઈ પૂજા ચાલતી રાખવાની મઠપતિ મહારાજની ઇચ્છા, વગરહરકતે, તેથી જ, પળાતી લાગી.
મંદિર તરફથી શંખનાદ સંભળાયો. દામોદરે ઊભા થઈને શું છે તે જોયું. સાત-આઠ જટાધારી બાવાઓ આવી રહ્યા હતા. એ આવીને ત્યાં મંદિરના પગથિયે ઊભા રહી ગયા. દામોદરને લાગ્યું કે ચૌલાને રોકવાની આજ્ઞા મઠપતિ મહારાજે કદાચ એમને આપેલી હોવી જોઈએ.
થોડી વાર થઈ ને એક પાલખી આવતી દેખાણી. ત્રિલોકરાશિજી પોતે જ હોવા જોઈએ. દામોદરે દૃષ્ટિ કરી. મઠપતિ મહારાજની પાલખી પણ ત્યાં પગથિયાં પાસે થોભી ગઈ લાગી. મઠપતિ મહારાજ તેમાંથી ઊતરીને મંદિરમાં જતા દેખાયા. દામોદર સચિત બની ગયો. મઠપતિ, મહારાજ, ચૌલા બધાં ઘર્ષણપંથે જતાં જણાયાં.

એટલામાં પોતે જ્યાં બેઠો હતો ત્યાં વિસામાના પાછળના ભાગમાં એણે કાંઈક ખખડાટ થતો સાંભળ્યો. પોતે બેઠો હતો ત્યાં એક તરફના ખૂણામાં નીચે ભોંમાં પ્રવેશતાં હોય તેવાં બે-ચાર પગથિયાં એણે જોઈ લીધાં હતાં. આ અવાજ થતાં, એના તરફ એણે વધુ બારીકીથી જોયું. નીચે પણ કાંઈક ખંડ જેવું દેખાતું હતું. પગથિયાં ત્યાં જ અટકી જતાં હોવાં જોઈએ. કોઈકે જંગલી પશુઓથી રાત્રિરક્ષણ માટે આ યોજના કરેલી હોય તેમ જણાતું હતું. દામોદરે ત્વરાથી પગથિયાંનો લાભ લેવાનો વિચાર કર્યોં. તે પોતે આંહીં બેઠો છે એ વાતનો પણ પતો ન લાગે. અવાજ કોનો હતો તે એને સમજાયું ન હતું. પણ કોઈકે ત્યાં ઘોડો થોભાવ્યો હોય એવી એને ભ્રાંતિ થઈ. એને મહારાજ ભીમદેવ આવી પહોંચ્યાના ભણકારા વાગી ગયા. તે ત્વરાથી ખૂણામાં પહોંચી ગયો. બે-ત્રણ પગથિયાં નીચે ઊતરીને બેસી ગયો.

એને તરત જ પોતાની ભ્રાંતિ સાચી પડતી જણાઈ. પોતે જ્યાંથી હમણાં જ આ બાજુ છુપાઈ જવા માટે ત્વરા કરી હતી, તે જ જગ્યા તરફ મહારાજ ભીમદેવ પોતે આવતા એની નજરે ચડ્યા.

દામોદરે મઠપતિને આવતા જોયા. આ રાજા પણ આંહીં આવ્યો હતો. હવે ચૌલા આવવાની. એણે સચિત નેને એક પ્રકારની ઘર્ષણ સામગ્રી તૈયાર થતી નિહાળી. હજી એને સ્પષ્ટ ખ્યાલ આવ્યો ન હતો. પણ કોઈ રીતે કોઈક તણખો આમાં પડે તેટલી જ વાર ભડકો થવાને હતી, એટલું એ સમજી ગયો હતો. પોતાને શી રીતે આ ઘટનામાં વર્તવાનું છે. એ કાંઈ સમજાતું ન હતું. છેલ્લી પળે કાંઈક રસ્તો નીકળશે એવી આશા એ રાખી રહ્યો હતો.

એટલામાં મંદિરમાંથી આવી રહેલા અવાજો એને કાને પડવા મંડ્યા. એણે મહારાજ ભીમદેવ તરફ દૃષ્ટિ કરી. તે ત્યાં કોઈની રાહ જોવા માટે બેઠા હોય તેમ લાગતું હતું. દામોદરે મંદિર તરફ જોયું. ત્યાં પ્રગટેલા અનેક દીપોને લીધે એની શોભા અનોખી બની ગઈ હતી. બધે પ્રકાશ રેલાતો હતો. એના અજવાળામાં બધું હવે સ્પષ્ટ જણાતું હતું. થોડી વારમાં મંદિરના પાછળના ભાગમાં ચોક ફરતા દીપકો મુકાઈ ગયા. તેનો વધુ પ્રકાશ રેલાતાં વધુ સ્પષ્ટપણે બધું દેખાવા માંડ્યું. દામોદરે મહારાજને બરાબર નીરખ્યા. તે કોઈકના આવવાની રાહ જોતા હોય તેમ રસ્તા ઉપર દૃષ્ટિ રાખી રહ્યા હતા.

મહારાજ કોની રાહ જુએ છે તે જાણવા માટે પણ દામોદર મહેતાને લાંબું થોભવું પડ્યું નહિ. થોડી વારમાં જ એક રૂપાળો, તેજસ્વી, જોતાં જ મનમાં બેસી જાય તેવો, આકર્ષક, મનોહારી જુવાન દેખાયો. મંદિરના પાછળના ભાગમાં મુકાયેલા અનેક દીપોનો પ્રકાશ આ બાજુ રેલાઈ રહ્યો હતો. એ પ્રકાશ જુવાનના ચહેરા ઉપર અકસ્માત એવી રીતે આવી ગયો હતો કે એનો ચહેરો સ્પષ્ટ દેખાતો હતો. દામોદર એને જોઈ રહ્યો. તેના માથા ઉપરના મુલાયમ રેશમ જેવા કાળા લાંબા કેશ, પાછળ વાંસા ઉપર છુટ્ટા પથરાયેલા પડ્યા હતા. એની આંખો જાણે અમીકૂંપી મુકાઈ હોય તેમ એક પ્રકારની મધુરતા રેલાઈ રહી હતી. દામોદરે તેના ચહેરા તરફ જોયું. એનો ગૌર, તેજસ્વી, સુંદર, આકર્ષક ચહેરો, જોતાં જ આંખમાં વસી જાય તેવો મોહક હતો, પણ એક પ્રકારની એવી અદૃશ્ય કરુણ છાપ ઊઠતી હતી કે દામોદરના દિલમાં, કોણ જાણે ક્યાંથી, આ જુવાનને જોતાં, ન સમજી શકાય એવો વિષાદ આવી ગયો. કોઈ વહાલસોઈ માતાએ છેલ્લી વિદાય આપતાં મૂકેલું એના ચહેરા ઉપરનું પ્રેમનું આંસુ હજી પણ ત્યાં બેઠેલું દેખાતું હતું ! એના સુંદર ચહેરામાં એક આછી કરુણ રેખા સ્પષ્ટ-અસ્પષ્ટ અંકિત થયેલી હતી. દામોદરને છાતીમાં કોઈએ અદૃશ્ય ચોટ લગાવી હોય તેવું થઈ ગયું. તે કાંઈ સમજી શક્યો નહિ. એ આ અનુભવે ચમકી ગયો. ખુદ ધરતીને પોતાને જન્મ લઈને ઘડીભર મા થવાનું મન થઈ આવે એવો, આ રૂપાળો જુવાન કોણ હોઈ શકે, એ વિષે તત્કાલ અનુમાન પણ કરી શક્યો નહિ. એણે એને ક્યાંય જોયો હોય એમ જણાયું નહિ. પણ એને ત્યાં આવેલો જોઈને

ખુદ મહારાજ ભીમદેવ પોતે, જાણે મનથી ઊભા જેવા થઈ ગયા. એ જોઈને દામોદરનું મન વધારે વિચારમાં પડી ગયું. એના કપાળમાં શોભી રહેલું ચંદન ચચિત ત્રિપુંડ એને કોઈ પૂજારી હોવાનું જણાવતું હતું. કદાચ એ આંહીં અત્યારે પૂજા માટે જ આવ્યો હોય. પણ તો મહારાજ આટલા માનથી, એની સામે ઊભા રહે નહિ. કેવળ મઠપતિ મહારાજને અપાતું માન મહારાજે આ જુવાન પ્રત્યે બતાવ્યું હતું એ નવાઈ જેવું હતું. દામોદરને કાંઈ સમજ પડી નહિ. સોમનાથના પૂજારીને એ ઓળખતો હતો. પણ એ વૃદ્ધ હતો, આ તો જુવાન હતો. એણે એને એક વખત ફરીને નિહાળ્યો. સોમનાથ મહાદેવના કૈલાસધામના કોઈ શંકરગણ સમો એ દેખાતો હતો. એ જ ગૌરવ અને ભક્તિ એણે ત્યાં જોયાં. એ ત્યાં આવીને ઊભો રહી ગયો હતો.
એની ડોકમાં રુદ્રાક્ષની માળા પડી હતી. બંને હાથમાં પણ એણે રુદ્રાક્ષનાં કંકણ પહેર્યાં હતાં. જમણા હાથમાં ધારણ કરેલા રુદ્રાક્ષના બેરખા ઉપર એની આંગળીઓ ફરી રહી હતી. એ નમઃ શિવાયનો જાપ જપી રહ્યો હતો. બીજા અનેક હોઠમાંથી એવા જાપ નીકળતા દામોદરે જોયા હતા. પણ આંહીં તો એની આસપાસમાંથી કોઈ હવા પ્રગટતી જણાતી હતી. એ ત્યાં ઊભો હતો. પણ એને જોતાં જ લાગે કે આ એક પૂજારી આંહીં એવો હતો, જેણે ભગવાન શંકરનાં તમામ રૂપો પોતાના અંતરમાં ઉતારી દીધાં હતાં.
એ જેટલો ભક્ત દેખાતો હતો, એટલો વિનમ્ર જણાતો હતો. હિમાલયની રંગશોભા જેવી રમણીયતા એના દેહમાં દેખાતી હતી. તો ભગવાન ધૂર્જટિની કઠોરતા પણ ત્યાં હતી. અમીકૂંપી ધારી રહેલી એની મધુર આંખમાં જ દામોદરે ભયંકર નિશ્ચળતાના પ્રતીક સમી ભૈરવી ભીષણતા ફરતી જોઈ. અને એ ચમકી ગયો ! પળ બે પળમાં પ્રગટતા આવા જુદા જુદા ભાવ જોતાં એને નવાઈ લાગી. ભગવાન શંકર આ રૂપે તો આવ્યા ન હોય ? એને ઘડીભર શંકા થઈ ગઈ. પણ એ થઈ તેવી જ ઊડી ગઈ. રાજા ભીમદેવ પોતે એને કાંઈક કહેતો સંભળાયો. 'પંડિતજી મહારાજ ! ધૂર્જટિજી ! મેં પણ નિશ્ચય કર્યો છે, તમારી સાથે આવવાનો !'
દામોદર જુવાનનું નામ સાંભળતા છળી ગયો. મહારાજનો નિર્ણય સાંભળતાં એ ધ્રૂજી ઊઠ્યો. 'અરે ! ત્યારે આ તો એ જ પંડિત ધૂર્જટિ લાગે છે.' દામોદરે એ વીરને મનભર નીરખી લેવા ફરીને એક વખત એના તરફ જોયું. પણ આ વખતે પંડિતના ચહેરા ઉપર શિશુનું હાસ્ય રમી રહ્યું હતું !
પણ મહારાજનો નિર્ણય સાંભળતાં દામોદરનો જીવ તો તાળવે ચોટી ગયો હતો. એ શાંત બનીને ગુપચુપ બેઠો જ રહ્યો. એણે જરાય હિલચાલ કરવી બંધ કરી દીધી. તે અક્ષરેઅક્ષર પકડવા અધીર બની ગયો.
મહારાજ બોલ્યા હતા : 'મઠપતિજી મહારાજ કહે છે, અને એવા ત્રિકાલજ્ઞ પુરુષ જે બોલે તે કેમ મિથ્યા હોય ?'
'શું કહે છે મઠપતિજી મહારાજ ?'
'તમારાથી ક્યાં અજાણ્યું છે ? મઠપતિ મહારાજ કહે છે, દેવનતિકા ચૌલાના અધમ અપરાધી નૃત્યની છાયા, ભગવાન સોમનાથ ઉપર પડી ગઈ, ભગવાને વિદાય લીધી ! આજે એટલા માટે ગુરુઆજ્ઞા થઈ ગઈ છે કે આંહીં હવે ચૌલાનું નૃત્ય ન હોય. તમે કાશ્મીરના મહાશાસ્ત્રજ્ઞ પંડિત છો. તમારી સોમનાથભક્તિ જાણીતી છે. તમે મને રસ્તો બતાવો. હું સોમનાથનો અદૃશ્ય અપરાધી ગણાઉં ખરો ? તો મારે મારો દેહ આપવો રહ્યો. એ વાતની કોઈ નવાઈ પણ નથી. હું તમારી સાથે આવવાનો છું પંડિતજી ! આપણે ઊપડીએ, અમારાં લાવલશ્કર તો વખત લે. મારે તો ભગવાનના અપરાધમાંથી તરત છૂટવું છે.'
ભીમદેવને આંહીં ચૌલાના નૃત્ય માટે આવેલો દામોદરે કલ્પ્યો હતો. એમાં કદાચ મઠપતિ સાથે ઘર્ષણ પ્રસંગ થઈ બેસે એ શક્યતા પણ એણે જોઈ હતી. પણ આંહીં તો આ રણરંગી જોદ્ધાની

સોમનાથભક્તિએ ત્રીજી જ વાત બતાવી.
ભીમદેવ પોતે જ, હવે પંડિતજી સાથે જવા માગતો હતો. કદાચ એને ત્રણ વીરોનું સમર્પણ ડોલાવી ગયું હોય; કે વખતે દેવનતિકાની કલ્પનામાંથી એ પોતાના પ્રેમની વિફળતા જોઈ ગયો હોય. એટલે એ આ રસ્તે ગયો હોય.
દામોદરે પંડિતજીની ભીષણ વાત સાંભળી હતી. મહારાજ ભીમદેવનો રેતીમાં દટાઈ જવાનો સંકલ્પ એને ધ્રુજાવી ગયો. મહારાજના ચિતમાં હજી પણ બળી રહેલા પરાભવની જ એ ચિનગારી હતી કે બીજી કોઈ વાત હતી ?
પંડિતજીનો શું જવાબ આવે છે તે જાણવા એ અધીરો થઈ ગયો. પંડિતજી બોલ્યા, દામોદરે એમના એ સ્વરની મીઠાશ માણી હતી, પણ અત્યારે તો એનું મન એ મીઠાશ માણવા જેટલું મુક્ત ન હતું. છતાં પણ એ એના શબ્દે શબ્દે ડોલી ઊઠતો હતો. પંડિતજી બોલતા હતા :
'મહારાજ ભીમદેવ ! મેં સર્વ શાસ્ત્ર જોયાં છે. એ શાસ્ત્રઆજ્ઞાને ન માનનારાઓ સામે ધર્મજુદ્ધ ચલાવવાનો કાંઈ અર્થ નથી. ધર્મજુદ્ધ ભારતખંડમાંથી હવે અદૃશ્ય થાય છે. કેવાં ભયંકર ને ભીષણ જુદ્ધો આવશે, એનો કાંઈક ખ્યાલ, મારી આ રણરેતની ભોમિયાગીરીમાંથી બધાને મળી રહો ! એ સિવાય બીજી કોઈ મહેચ્છા મને રહી નથી. ભગવાન શંકરનો ડમરુ-બજંત, કાલખંજરીશબ્દગાજંત, મારે કાને રાત અને દિવસ આથડે છે. મહારાજ ! આ કોઈ દેખાદેખીથી કરવાની વસ્તુ નથી. તમારા દિલના પશ્ચાતાપના અગ્નિ માટે પણ આ નથી. લૌકિક પ્રેમની નિરાશામાંથી ઊપજતા ભાવને આમાં સ્થાન નથી. પરાજ્ય કલંકમાંથી બચવા માટે પણ આ નથી. આ તો કેવળ કૈલાસધામથી આવતી ભૈરવનાદી હવા છે. કેવળ એ કૈલાસી હવા મને પ્રેરે છે. પ્રભુ ! આમાં તમારું કે બીજાં કોઈનું કામ નથી. અમે ત્રણ બસ છીએ. હું છું, ધ્રુબાંગ છે, ધિજ્જટ છે. અમને સિંધના રણરેતનો ખ્યાલ છે. તમે જે કરો છો તે કરો. સાંઢણીદળ તૈયાર કરો. પણ જુઓ, તમારા મંત્રીશ્વરમાં જો શક્તિ હોય...'
દામોદર વધારે એકાગ્ર થઈ ગયો.
'તમારા મંત્રીશ્વરમાં જો સમજવાની શક્તિ હોય, તો ગર્જનકની સામે હમણાં જુદ્ધ માંડી વાળે. પણ એની ભૂમિકા સ્થાનેશ્વર હાંસી મુલતાન - ત્યાં સ્થપાઈ છે. પહેલાં એ ઉખેડી નાખવા મથે !'
'ત્યાં જઈને ?'
'હા, ત્યાં જઈને. પણ માત્ર તમારા એકના જવા ન જવાથી કાંઈ નહિ થાય. મેં રાજા કુલચંદ્રને, તમામ સ્વજનોને હણી, અને પછી પચાસ હજાર સૈનિકો સાથે રણમાં પડતો જોયો છે. એ કરુણતા ને ભીષણતા મારી આંખમાં હજી બેઠાં છે. મેં ત્રિલોચનપાલને જોયો છે. મેં બીજા અનેકને જોયા છે. પણ મહારાજ ! એ બધાં જ જુદ્ધ, અર્થહીન છે. જુદ્ધ એક જ હોઈ શકે. તમે બધા આંહીંથી ઊપડો. ભોજરાજ, હૈહયરાજ, નડુલરાજ, અર્બુદપતિ, બધા જ ઊપડો. સમશેર હવે તમારા ઉપર આવવાની છે. અને ત્યાં ઉતરાખંડની સાથે મળીને એક *જુદ્ધ ખેલો. એ જુદ્ધ તમને બચાવે. ઉતરાખંડે એના ઘા સહ્યા છે. એ તમને દોરશે. એની દોરવણી તમે લેશો તો તમે ફાવશો. તમે તમારી જાતને ઘડીભર ગાળી નાખો, મહારાજ ! આ તુરુષ્ક સામે યુદ્ધનો આ એક માર્ગ છે. પણ આંહીં તો ત્રિલોચનપાલને, એનાં સગાંઓએ પરાજય વેઠવા માટે હણ્યો, એવી વાત ચાલી છે. તમારો મંત્રીશ્વર આ કરે. અને મેં સાંભળ્યું છે એ જ એવો માણસ છે જે આ કરે. બોલો મહારાજ ! મારું બીજું શું કામ હતું ?"તમે ક્યારે જવાના છો ?'
'અમે ? અમે ત્રણે જણા, ગમે તે પળે ઊપડવા માટે તૈયાર જ બેઠા છીએ ! અમારી તૈયારી ચાલે છે !'
દામોદરને પ્રગટ થઈ જવા માટે આ જેવી તેવી ઘડી ન લાગી. એ પ્રગટ થઈ જાત, પોતાની જ

યોજનાના આ વીર લડવૈયાઓને એ નીરખી લેવા માગતો હતો. જે જાતના વીરો મેળવતાં એને આકાશપાતાળ એક કરવાં પડત, તે જાતના વીરો ભગવાન સોમનાથના મંદિરની હવામાંથી ઊભા થતા જોઈને, એની છાતી ગજગજ ઊછળી રહી હતી. એને થતું હતું કે સોમનાથની ભૂમિમાંથી કોઈ જ ન નીકળ્યો, એમ હવે કોઈ નહિ કહી શકે.
પણ એને હજી મહારાજ ભીમદેવ વિષે જાણવું હતું. એટલે એ શાંત રહ્યો. ભીમદેવ મહારાજ બે ડગલાં આગળ વધ્યા. તેણે ધૂર્જટિના ખભા ઉપર
* પરમદેવ તે ભીમદેવ એમ ગંગુલીએ કહ્યું છે. ને આ પરમદેવે વિ. સં. ૧૦૯૯ (ઈ.સ. ૧૦૪૩)માં અનેકની મદદથી હાંસી, થાણેશ્વર વગેરે ઠેકાણે વિજય મેળવેલો. ભીમદેવનો હમ્મુક વિજય, અને નડુલ, માળવા, ચેદી કલ્યાણનો ચૌલુક-એ બધાએ મેળવેલા, લગભગ સમકાલીન તરુષ્કવિજયો આવા કોઈ મહાન સંઘયુદ્ધની શક્યતા બતાવે છે.
હાથ મૂક્યા. એની આંખમાં આંખ પરોવી. મહારાજના ચહેરા ઉપર નજર પડતાં દામોદર ધ્રૂજી ઊઠ્યો. મહારાજના ચહેરામાં કેવળ મરી છૂટવાની અસહ્ય તમન્ના હજી પણ સ્પષ્ટ દેખાતી હતી. એને માત્ર એક જ વાત સમજાતી ન હતી. શી રીતે મરવું ! તેણે ધૂર્જટિને કહ્યું : 'પંડિતજી ! દામોદર મંત્રીરાજ તમે કહ્યું તેવા જ છે. એને પણ આ જ સ્વપ્ન છે, એણે એ મને ઘણી વખત કહ્યું છે. અત્યારે મને એ જ રોકી રહ્યો છે. પણ એ દુર્લભસેન મહારાજને પાછા પ્રગટ કરવા મથે છે. એમ બને તો મને લાગે છે, એની યોજના બરાબર પાર પડે. આપણે ગર્જનકને આડે પંથે દોર્યો હોય, એ હેરાન હેરાન થઈ જાય, ભગવાનનું વેર લેવાઈ જાય. આપણા ભલે ત્યાં પાળિયા થઈ જાય, કે નામશેષ વિનાની રેત થઈ જાય. પંડિતજી ! મને મહારાજ મૂલરાજદેવ સાંભરે છે. દુનિયાને છોડતાં જાણે ગામતરે જતા હોય તેમ, પગને અંગૂઠેથી અગ્નિ લાગ્યો ને એ હસતા હસતા ખાખ થઈ ગયા. પણ પોતાની નબળાઈનું પ્રાયશ્ચિત કર્યે રહ્યા ! કેવા અદ્‌ભુત દાદા ! કેવો એ જમાનો ? વલ્લભરાજ મહારાજ ! યોગરાજ ચાવડો આંહીં બળી મર્યો ! ચામુંડરાજ ગયા ! દુર્લભસેન મહારાજ, મારા પિતા નાગરાજ મહારાજ, ફોઈબા વાચિનીદેવી, કોઈને રાજ વૈભવ-રાજગાદી તજતાં એક ક્ષણ પણ લાગી નહિ. મને એ બધાં સાંભરે છે. મારે પણ આ બધું તજી દેવું છે. લાંબી મુદતે ફળે એવું જુદ્ધ પણ મને હવે કંટાળાજનક લાગે છે. મને તો વીરનું મરણ મળે એટલે બસ. એથી વિશેષ ઇચ્છા મને હવે રહી નથી !'
'મહારાજ ! તમને કાંઈ જ છોડવાનો અધિકાર નથી.' પંડિત બોલ્યો : 'તમારે શું સોમનાથનું મંદિર રચવાનું નથી ? એ કોણ રચશે ? તમારે જુદ્ધ ખેલવાનું નથી ? એ કોણ ખેલશે ? તમારે તો મહારાજ ! દેવનતિકાને મહારાણીદે સ્થાપીને, નવી જ પ્રણાલિકા પાડવાની છે !'
'પણ મઠપતિજી મહારાજ તો સોમનાથનું પતન એમાં જુએ છે, એનું શું ?'
'એને એમ દેખાતું હશે. મને આમ દેખાય છે. એની વાત બરાબર છે. દેવનતિકા દેવની જ હોઈ શકે. પણ એ પછી થઈ રહેશે. એ વાત સમય લેશે. મહારાજ ! તમને નતિકા જ એ વાત બતાવી દેશે. એ કહે તેમ કરો. પણ મહારાજ ! અમને એ વાતમાં હવે રસ રહ્યો નથી. અમને પેલી રેતની વાતો પૂછો !'
મહારાજ ભીમદેવની દ્વિધાવૃત્તિની છાયા દામોદર દેખી રહ્યો. છેવટે એમને ચૌલાની વાતથી નવો ઉત્સાહ પ્રગટ્યો હોય તેમ તે બોલી ઊઠ્યો : 'પંડિત ધૂર્જટિજી ! ત્રિલોકરાશિ મઠપતિ જે કહેવું હોય તે ભલે કહે, આખી દુનિયા સામે થઈને પણ ચૌલાનું નૃત્ય તો થશે, થશે ને થશે. હું ત્યાં મંદિર તરફ જાઉં છું. તમે પછી આવજો...'
રાજા ભીમદેવ આગળ વધવા જતો હતો; પણ ત્યાં એને કાને શબ્દો પડતાં, તે હતો ત્યાં થંભી ગયો.
મંદિરમાંથી ઘેરો, ગંભીર, આજ્ઞાધારીનું ગૌરવ ધારણ કરી રહેલો ત્રિલોકરાશિનો અવાજ

આવતો હતો : 'અઘોરરાશિજી ! એ કોણ છે ? ચૌલા ? પેલી દેવનતિકા ? એને કહી દો, ભગવાન શંકર પાસે નૃત્ય કરવાનો એણે અધિકાર ગુમાવ્યો છે !'

Chapter 20

રાજા, મઠપતિ ને મંત્રી

રાજા ભીમદેવ જવું કે ન જવું તેનો વિચાર કરતો ત્યાં ચમકીને ઊભો રહી ગયો. દામોદર પણ વિચારમાં પડી ગયો. તેને લાગ્યું કેજો રાજા થોડીવારમાં કોઇ પણ નિશ્ચયાત્મક પગલું લઈ લેશે તો પછી આ કોયડો વધુ મુશ્કેલ બની જશે. એક વખત એ એવું પગલું લેશે, મઠપતિ મહારાજનું ગૌરવ ખંડિત કરવા જેવું એને હાથે થી જશે, તો એ વાત માત્ર આંહીં જ દબાઈ નહિ જાય. એ વાત તરત જ પ્રગટ થઈ જશે. એ રા'ને પવનવેગે મળી જશે. રા' એનું કારણ જાણશે, એ જાણે તો છે જ. તો છેવટે વાત વીફરશે. એમાંથી મહારાજ માટે આંહીં એક નવો જ ભયંકર કોયડો ઊભો થશે. પોતાની યોજના એળે જશે. વીરોનો સંકલ્પ નિરર્થક બનશે. ધૂર્જટિના શબ્દોનું સૂચન પણ દામોદરને અત્યારે ઘણું ભયંકર પરિણામ લાવનારું જણાયું હતું. એ સૂચન તો નિત્ય ઘર્ષણ જન્માવનારું હતું. એમાંથી રાજાનું ગાદીગૌરવ જ હણાઈ જવાનો પ્રસંગ ઊભો થઈ જાય. રા'ને છટકવાનો સંભવ પણ ઊભો થાય. ભીમદેવના એક શબ્દે, એક પગલે, સોમનાથના નવા મંદિરનો પાયો જ હલબલી ઊઠે. અત્યારે દેવનતિકા વિશે રાજા મઠપતિને કાંઈ પણ ગૌરવભંગ જેવું બોલે, એમાં મહાન આપતિ હતી. રાજા ભીમદેવના ઉત્કટ પ્રેમને એ જાણતો હતો, એ જાગ્રત થયો હતો. એની શૂરવીરતાની પેઠે એનો પ્રેમ પણ અલૌકિક હતો. આ મહાન પરાભવને સહન કરવાનું બળ અને પ્રેરણા જ્યાંથી મળવાનું તેને લાગ્યું ત્યાં, એ આધાર માટે, વળી ગયો હતો. એ તદ્દન જ સ્વાભાવિક હતું. ચૌલાને એણે નાનપણથી જાણી હતી. એ એના હૃદયમાં હંમેશાં રહી હતી. અત્યારે એ ફરીને પ્રગટી હતી. ધૂર્જટિના શબ્દો સ્પષ્ટ હતા. એમાં ચૌલાને મહારાણીપદે સ્થાપવાનો ચોખ્ખો આદેશ જ જાણે હતો. દેવપુષ્પ તરીકે એ હવે ન રહી શકે, એ મઠપતિની વાત હતી. એને એણે પણ માન્ય રાખી હતી. પણ દેવનતિકા તો, રાજાને એક ચક્રવર્તી આદર્શ માટે તૈયારી કરવાનું સૂચવી રહી હતી. દામોદરે એ વાત ત્યાં ખડકોમાં ઊભાં ઊભાં સાંભળી હતી. એટલે એ દેવનતિકા શું રાજાના પ્રેમનો અત્યારે સ્વીકાર પણ કરે ? ન જ કરે. પણ એ ઉપરથી જો રાજા ભીમદેવ, અત્યારે કોઈ સાહસભરેલું પગલું ભરી બેસે, તો ભયંકર ઘર્ષણ થાય. અને રાજાની બેપરવાઈ શૂરવીરતા એવું જ પગલું ભરાવે એ કુદરતી હતું. તેમ જ પોતે અપરાધી છે. એ વિચારવાયુમાં જઈ ચડે તો પણ નિરુત્સાહી થઈ જાય. રાજા કદાપિ પણ એવું પગલું લઈ શકતો નથી. એ વાત ભીમદેવને અત્યારે જ સ્પષ્ટ રીતે કહી દેવાનો દામોદરે નિશ્ચય કરી લીધો. એક શબ્દ બોલીને બંનેનું ધ્યાન ખેંચવા તે તૈયાર થઈ ગયો.

એટલામાં ધૂર્જટિ ફરીને કાંઈક કહેતો સંભળાયો : 'જુઓ મહારાજ ! આ દેવનતિકા ચૌલા એ સામાન્ય નારી નથી. એ તો પહેલાં તમારા દેવત્વને પિછાનશે. પછી તો એ શબ્દ બોલશે. હા, જો એને મહારાણીપદે સ્થાપવામાં મહારાજ સફળતા મેળવે, તો કોઈ દૂર દૂરના ભવિષ્યમાં...' ધૂર્જટિ આંખો મીંચીને જાણે ગગનમાં કાંઈ જોતો હોય તેમ અવશપણે હવે બોલી રહ્યો હતો. દામોદર એ જોઈને ચકિત થઈ ગયો. ધૂર્જટિના શબ્દો જાણે બોલાતા ન હોય, પણ આવતા હોય તેમ લાગતું હતું. 'તો દૂર દૂરના ભવિષ્યમાં, કોઈ મહાન પ્રતાપી રાજવંશવેલાનું, અનુપમ ફુલ્લ-પ્રફુલ્લ પરિમલભર્યું અદ્‌ભુત પુષ્પ પ્રગટતું હું જોઈ રહ્યો છું...'

'પંડિતજી, શું કહ્યું તમે ? તમે મને અત્યારે જ... મારો નિશ્ચય કરવામાં... મદદ...'

'બસ મહારાજ ! હવે મને વધુ કાંઈ પણ સૂજતું નથી.' ધૂર્જટિએ આંખો ખોલી નાખી. એના

શબ્દો પણ સામાન્ય શબ્દો બની ગયા, 'મેં તમને શું કહ્યું, તે પણ મને યાદ નથી. પણ મહારાજ, મને લાગે છે આ દેવનતિકા એ અસામાન્ય નતિકા છે. એણે તમને કહેવરાવ્યું નથી - પહેલાં તમે દેવ જેવા બનો. પછી જ દેવનતિકાની છાયા જોવા મળે !... મહારાજ ! અને તો એના આ નૃત્યની યાદી, ત્યાં, સિંધના રેતરણમાં પણ, જાણે પ્રાણવાયુ આપતી હવામાં પ્રગટશે. અતિ સુંદર દૃશ્યનાં સંસ્મરણોમાં શુંનું શું ભર્યું છે એ અનુભવ હું તમને શી રીતે આપું ? પણ જે મેં માનસરોવરના તરંગોમાં જોયું છે, જે કૈલાસમાં જોયું છે, એ અનુપમ સૌંદર્ય આંહીં દેવનતિકાની ગતિમાંથી વહેતું જોયું છે. એ આ દેવનતિકા છે, એ જેવી તેવી નથી.'
દામોદરને નવું જ દૃષ્ટિબિંદુ મળ્યું. એ દૃષ્ટિબિંદુનો ચોક્કસ વિજય એને મઠપતિ સામે પણ સ્થાપવા જેવો લાગ્યો, તે પોતાના સ્થાનમાંથી તરત આગળ વધ્યો. તેના તરફ હજી કોઈનું લક્ષ ગયું ન હતું. મહારાજ ભીમદેવના અંતરમાં ધૂર્જટિના છેલ્લા શબ્દો બેસી ગયા હતા. તેણે ધૂર્જટિને બોલ્યા વિના ત્યાં જ રહેવાની નિશાની આપી. તે મંદિર તરફ બે ડગલાં આગળ વધ્યો. ચૌલા વિષે ગમે તે હોય, ને ગમે તેમ હોય, પણ તેની અખંડ નૃત્યઉપાસના ચાલુ રહેવી જ જોઈએ એવો રાજપદનો નિશ્ચય, એનાં એ બે ડગલાંમાં સ્પષ્ટપણે દેખાતો દામોદરે જોઈ લીધો.
દામોદર પોતાના સ્થાનમાંથી તરત ઉપર આવ્યો. હજી તેના તરફ કોઈનું ધ્યાન ગયું ન હતું. રાજા ભીમદેવ બે વધુ ડગલાં લઈ, ઉતાવળે મંદિર ભણી જવાનો નિર્ણય કરી ચૂક્યો હતો. તેણે બે ડગલાં ભર્યાં પણ ખરાં, તરત જ દામોદરનો મુરબ્બીવટના ગૌરવથી ભરેલો, માનભર્યો પણ આજ્ઞાવાહી, નિશ્ચયાત્મક, દૃઢ, પણ રાજાનું માન જાળવનારો, સતાધીશના સતાધીશ જેવો અવાજ આવ્યો : 'મહારાજ ભીમદેવ ! તમે એ તરફ જઈ શકતા નથી !'
કોણ બોલ્યું, તે જોવા રાજા ભીમદેવે ડોક પાછી ફેરવી. દામોદરને ત્યાં ઊભેલો જોઈને એ ચમકી ગયો. ધૂર્જટિ પંડિત પણ સ્તબ્ધ જેવો ઊભો રહી ગયો. દામોદર બે-ચાર ડગલાં આગળ આવ્યો.
'બલિરાજાએ ત્રણ ડગલામાં બધું ખોયું હતું. તમે એક જ પગલાંમાં બધું ખોઈ દેશો. તમે મહારાજ ! એ તરફ હવે આગળ વધી શકતા નથી.'
'શું છે દામોદર ? શાની વાત છે ?'
'શાની વાત છે તે મારા કરતાં મહારાજ ! તમે પોતે વધુ સારી રીતે જાણો છો !'
'શું છે ?' ભીમદેવે કાંઈક ઉતાવળે અવાજે ફરીને કહ્યું.
'તે હું કહું મહારાજ !' દામોદર આગળ વધ્યો. તેણે ધૂર્જટિ તરફ એક દૃષ્ટિ કરી. પંડિતને દામોદર મહેતાની હાજરીથી ક્ષોભ થઈ ગયો. પણ દામોદર તેને બે હાથ જોડીને ઘણા જ માનથી વંદન કરી રહ્યો. જે પંડિતને એ ભેટી પડવા માગતો હતો તે પંડિતને એ પ્રેમથી નમી રહ્યો. તે આગળ વધીને મહારાજની સામે આવી પહોંચ્યો. રાજા અને મંત્રીની સામસામી નજરોનજર મળી.
'દામોદર ! તું આંહીં ક્યાંથી ? શું છે તારે ? શું વાત છે ?'
'મહારાજ !' દામોદરે વધુ સ્પષ્ટ ન થવામાં સાચો ઉકેલ જોયો. 'મહારાજ ! તમારું એક ઉતાવળિયું પગલું બધું જ ઊંધું વાળી દેશે !'
'હું કાંઈ સમજતો નથી, તું શાની વાત કરે છે ?'
'તમે બધું જ સમજો છો મહારાજ ! મેં માંડ માંડ બધી વાત ભેગી કરી છે. રા' નવઘણ ત્યાં આવવાનો છે...'
'દામોદર !' ભીમદેવને રા' નવઘણનું નામ આવતાં દામોદરની એની સાથેની વાત યાદ આવી ગઈ. એ એને ગમી ન હતી. એણે અચાનક આકળા ઉતાવળા સ્વરે કહ્યું : 'હું સમજી ગયો, તું કેમ આવ્યો છે તે. પણ મારે તારી શિખામણ રાજકારણમાં ખપની છે, મારું ઘરતંત્ર ચલાવવા

મારે તારો ખપ નથી. તારા કહેવાથી હું ગમે તેને રાણીપદનું વચન આપી દઉં એમ ? એવો હું મૂરખો નથી. દુર્લભસેન મહારાજનું અપમાન કરનારને ત્યાંથી હું કોઈને રાજપદે બેસારું એમ ? એ નહિ બને, દામોદર ! તેં ભલે ગમે તેટલાં વચન આપ્યાં હોય ! આ મારો નિર્ણય છે !'
દામોદર અચાનક અવાક્ જેવો થઈ ગયો. તેને સાંભરી આવ્યું. રા' નવઘણ સાથેની એની વાતચીત સાંભળી જનાર ચોર મહારાજ પોતેજ હતા. એ સાંભળીને જ એ આંહીં આવી પહોંચ્યા હોવા જોઈએ. તેને ચૌલાના નૃત્યની ખબર સિહનાદે આપેલી. પંડિત ધૂર્જટિ છેલ્લે મળ્યા હોય. પણ ત્યારે મહારાજ ત્યાંથી જ, ચૌલાદેવી વિષે નિશ્ચય કરીને નીકળેલા એ સ્પષ્ટ થતું હતું. દામોદરને રાજાના અતિ ઉત્કટ અને બળવાન પ્રેમની વધુ પ્રતીતિ મળી. એણે એના એ દૃઢ અવાજે કહ્યું : 'મહારાજ ! તમારો હાથ મને નાગરાજ મહારાજે સોંપ્યો છે. હું એ છોડવા ધારું તોપણ છોડી શકું નહિ. એના ઉપર ભગવાન સોમનાથની શપથ - મર્યાદા બેઠી છે. હું તમને આ દિશામાં અત્યારે એક પગલું પણ ભરવા દઈ શકું નહિ !'
'ને હું ભરું તો ?'
'તમારાથી ભરી શકાય જ નહિ, મહારાજ !' દામોદરે વધુ દૃઢતાથી કહ્યું : 'તમે શું સોમનાથ ભગવાનના રખેવાળ નથી ? સોમનાથ ભગવાનની પાસે *રણશય્યા ઢાળવાનું તમારું સ્વપ્ન ક્યાં ગયું ? ચામુંડ મહારાજની આડે વજ્જર કિલ્લા જેમ ઊભનાર જુવાનનું હૈયું ક્યાં ગયું ? તમે મારા શબ્દને ઉથાપી શકો છો. રા'ને અવગણી શકો છો, પણ ભગવાન સોમનાથ મહાદેવ વિષેનું તમારું જીવનપ્રભાતી સ્વપ્ન તમે ઉવેખી શકતા નથી. એને અવગણવું, એ આપઘાત છે. તમે, મહારાજ, એક ડગલું આગળ ભરો તે પહેલાં સૌ ગરણે ગળીને વિચાર કરજો. તમારું એક જ ડગલું તમને રાજા અળસાવી દેશે, વીર રહેવા નહિ દે, માણસ મિટાવી દેશે.'
'દામોદર ! તું વાતને વધારે પડતી ગંભીર બનાવે છે. એવું એમાં શું છે ?'
'એ સમજવા જેવું છે મહારાજ ! કહું. આ આપણી સામે ઊભા પંડિતજી, એને તો તમે ઓળખો છો નાં ?'
'હા, કેમ ?'
'ના પ્રભુ ! ના, તમે એને ઓળખતા નથી. કોઈ ઓળખતું નથી. હું પણ ઓળખતો ન હતો. હવે કાંઈક જાણું છું. એ કોઈ સામાન્ય પૂજારી નથી. ભગવાન સોમનાથના કૈલાસગિરિના એ અંતેવાસી ગણધર છે. જે એની પાસે હોય તે આમની પાસે છે. જે એની પાસે હોય તે આમની પાસે છે. ભક્તિની પરાકાષ્ઠા. એ કોણ છે જાણો છો ? અત્યારે આખા ગુજરાતની આબરૂ એના હાથમાં છે. તમે એ જાણો છો ? એમનો સંકલ્પ તમે જાણ્યો છે ?'

----

* જુઓ 'વાચિનીદેવી'નું પ્રકરણ 'પહેલો ઘા'

ભીમદેવ સાંભળતાં કાંઈક ઠંડો થઈ ગયો. ધૂર્જટિના વીર સંકલ્પને એ જાણતો હતો. એવા મૃત્યુંજયી વીરની પાસે ઊભા રહેતાં એને લાગ્યું કે નૃત્યનતિકા, રાજ અને મંદિરમહોત્સવ, કોઈનો એની તુલનામાં કાંઈ જ હિસાબ ન હતો. અત્યારે અપૂર્વ મહતા એ વીરપુરુષના એક પગલામાં રહી હતી. પોતાના કોઈ પગલામાં નહિ. દામોદરના આ ધ્વન્યાત્મક વાક્યે એને જાગ્રત કરી દીધો.
'હા, મેં જાણ્યો છે દામોદર ! એમનો સંકલ્પ, આખા ગુજરાતનું રાજ એને ચરણે ધરો, તોય એ સંકલ્પનું મૂલ્ય ન થાય ! કેવળ સાથ આપીને જ એને મૂલવી શકાય.'
'સાથ આપીને મૂલવી શકાય ? ના, ના મહારાજ ! સાથ આપીને પણ ન મૂલવાય. એ તો વર્ષોના તપે એમનું સ્વપ્ન ફળે, ત્યારે એની મૂલવણી થાય. તમારે એ કરવાનું હોય, એ કરવું હોય તેને માટે પછી ઘણો વખત છે. તે વખતે એ દેખી લેવાશે. પણ જ્યાં આવું ત્રિલોકવિરલ,

મૃત્યુંજયી, મહાન સમર્પણી પગલું ભરનારો વીરભદ્ર સમો વીર આપણી સામે ઊભો છે, ત્યાંશું મઠપતિને આપણે એમ કહેવા દોડીશું કે દેવનતિકા નૃત્ય કરશે ને કરશે... એ વાત આની પડખે કોઈ ક્ષુલ્લક હાંસી જેવી લાગણી નથી ? આવી અદ્‌ભુત ભવ્ય સમર્પણની કથાની પડખે, એ એવી રીતે ઉચ્ચારવી શોભે પણ ખરી ? આપણે તો મઠપતિને કહીશું કે પ્રભુ ! શંકરગણ વીરભદ્ર પોતે, દેવનતિકાનું નૃત્ય જોવા માગે છે, એ નૃત્ય અટકી શકે નહિ, અટકી શકશે નહિ ! મહારાજ ! આપણે એ દિશામાં એટલા માટે, આવી રીતે પગલું ભરવું નથી. એ ગૌરવહાનિ જેવું છે.'

'દામોદર !'

'જુઓ મહારાજ ! હું સમજી ગયો, તમારે શું કહેવું છે તે મેં નવઘણજીને મને ઠીક લાગે તે કહ્યું. એણે ઠીક લાગે તે ગ્રહ્યું. તમને ઠીક લાગે તે તમે કરજો. પણ એ પ્રશ્ન શું અત્યારનો છે ? અત્યારનો પ્રશ્ન તો મહારાજ ! ભગવાન શંકરના ધૂર્જટિ સ્વરૂપ જેવા આ પંડિતજીને વંદના કરવાનો છે. હું તો એની વાત સાંભળીને જ રૂંવે રૂંવે ધ્રૂજી ગયો છું. આપણે યાદ કરો પ્રભુ ! આપણી યોજનામાં આવા વિરલ મૃત્યુંજયીની જ શોધ તો હજી આપણે કરવાની હતી... તે વિના તો આપણી યોજના ફોક થઈ જાત ! ત્યાં એ સામેથી મળ્યા...'

'દામોદર મંત્રીજી !' પંડિત પહેલી જ વાર બોલ્યો : 'મેં કેવળ ભગવાન સોમનાથની આજ્ઞા ઝીલી છે. એને બીજી કોઈ રીતે આપણે બિરદાવીએ એ પણ બરાબર નથી. એમાં કોઈ મૃત્યુંજવી શક્તિની વાત નથી. કેવળ સોમનાથ ભગવાનના કૈલાસ શિખરથી આવતી હવાની વાત છે. હું તો હવાનો હવાઈ આદમી છું. મારી હવા આંહીં છુટ્ટી છુટ્ટી થઈ જાય, કે ત્યાં રેતરણમાં છુટ્ટી છુટ્ટી થઈ જાય, તેમાં શું ફેર પડવાનો હતો ? ભગવાનની આજ્ઞા - ઇચ્છા હશે કે એ હવા ત્યાં વેરાઈ જાય - તો એ ત્યાં વેરાશે, આંહીં નહિ એટલી જ આ વાત છે, બીજું એમાં છે શું કે તમે મને વીરભદ્ર ગણો છો, એટલે હું માની લઉં કે, તમે અમારો સંકલ્પ જાણતા લાગો છો !'

દામોદરે ધૂર્જટિને તદ્દન નિકટથી હમણાં નિહાળ્યો. એના રૂપની જે મોહિની હતી તે કોણ જાણે ક્યાંની ક્યાં ઊડી જતી હતી. પેલી કરુણ રેખા પણ અદૃશ્ય થઈ જતી હતી. કેવળ ભગવાન સોમનાથના પરમ ભક્તની, કોઈ સમજી ન શકે તેવી આત્મસમર્પણની એક જ પરમ જ્યોત, એ મોં ઉપર હવે પ્રકાશી રહી હતી ! દામોદર એ દૃશ્ય જોઈ જ રહ્યો. એના મનમાં એક અવર્ણનીય ભાવ ઊભો થયો. એની હાજરીમાં તમામ લઘુ હોય - પોતે, રાજ, રાજા, મંદિર, મઠપતિ, તમામ લઘુ હોય - એવી એને લાગણી થઈ આવી.

દામોદરે બે હાથ જોડ્યા. એણે ધૂર્જટિને ફરીને પ્રેમથી વંદન કર્યું. અત્યંત માનથી એ બોલ્યો : 'તમારા શબ્દો સાંભળવાનું મહાન ભાગ્ય મને ત્યાં ખડકકિનારે જ મળ્યું હતું. ધૂર્જટિજી ! હજી પણ હું એ સંભારી રહ્યો છું !'

ધૂર્જટિના ચહેરામાં એક આછું સ્મિત આવીને ચાલ્યું ગયું.

'થયું ત્યારે,' તે બે શબ્દો બોલ્યો : 'તો તો આપણે ક્યારે વિદાય લેવી એ જ સવાલ છે. તમારી યોજના સાથે એ વિદાય સુસંગત બની રહે, હવે એટલું જ જોવાનું રહેશે.'

એ જ વખતે મંદિરમાં કાંઈક મોટેથી ઉચ્ચારાતા શબ્દો દામોદરને કાને પડ્યા. તે શાંત થઈ ગયો. મંદિર તરફથી શબ્દો આવતા હતા :

'કોણ હું ! હું તો દેવનતિકા છું, મઠપતિજી ! નૃત્ય તમારા કહેવા - ન કહેવાથી કરનારી નતિકાઓ બીજી મને તો ખુદ ભગવાન શંકર પોતે બોલાવે છે. નૃત્ય કરવા આવ, અને હું નૃત્ય કરવા આવું છું. મારું નૃત્ય બંધ રહેતું નથી. જો શંકર ભગવાનનું ડમરુ બંધ રહે, તો આ નૃત્ય બંધ રહે, એ તો ભગવાનની શંકરલીલાનો એક ભાગ છે. એ બંધ થાય નહિ...'

શંખનાદ સંભળાયો, ડમરુ વાગ્યું, ઘંટાઘોષ થયો; એક તુમુલ અવાજ ઊભો થતો જણાયો.

ભીમદેવ, ધૂર્જટિ પંડિત, દામોદર ત્રણે જણા શું થઈ રહ્યું છે એ જાણવા માટે મંદિર તરફ ઉતાવળે આગળ વધ્યા.

Chapter 21
દેવનતિકા

દામોદર સૌથી આગળ હતો, પાછળ મહારાજ ભીમદેવ હતા. ધૂર્જટિ પંડિત પછવાડે હતો. દામોદરને આ વાતનો લેશ પણ ઊહાપોહ થવા દેવો ન હતો. તે સમજી ગયો હતો. બે શબ્દો પણ ઘર્ષણના બોલાય એટલે થઈ રહ્યું. પવનપાંખે વાત ઊપડી જાય. પછી એ ગમે ત્યાં પડઘા પાડી દે. એટલે એને કોઈ શબ્દઘર્ષણ ઊભું જ થવા દેવું ન હતું. તો જ પોતાનું આવ્યું લેખે લાગે. તે ત્વરાથી મઠપતિ ત્રિલોકરાશિ તરફ આગળ વધ્યો. મઠપતિજી મંદિરના મુખ્ય દ્વારની બહાર નંદી ચોકમાં છેક આગળના ભાગમાં ઊભા હતા. દામોદર તે તરફ ગયો. મંદિરની બરાબર સામે થોડે આઘે એક કામચલાઉ રંગમંચ ઊભો કરવામાં આવ્યો હતો. ત્યાં આવવા માટે એક તરફથી પગથિયાં ઉપર આવી રહેલી ચૌલા દામોદરની દૃષ્ટિએ પડી. એ ત્યાં આવીને ઝળાંહળાં પ્રગટેલા અસંખ્ય દીપકોની વચ્ચે રંગમંચ ઉપર ઊભી રહી ગઈ હતી. તેની પાછળના ભાગમાં ભીંત ઉપર અદ્ભુત નૃત્યદેવ નટરાજની માણસ જેટલા ઊંચા કદની એક આરસપ્રતિમા દેખાતી હતી. રંગમંચમાં ચારે તરફ મુકાયેલા દીપકોનો પ્રકાશ રેલાઈ રહ્યો હતો. ત્યાં આગળ બીજી નતિકાઓ ચૌલાના નૃત્યને સાથ આપવા માટે પોતપોતાના સાજ સાથે, કોઈની નજરે ન પડે તેમ બેસી ગઈ હતી. ચૌલાને ત્યાં ઊભેલી દામોદરે જોઈ. એણે વયજલ્લદેવના મઠમાં જે ચૌલાને જોઈ હતી તે તો કોણ જાણે ક્યાંની ક્યાં ઊડી ગઈ હતી. દામોદર આશ્ચર્યચકિત થઈ ગયો. આંહીં ઊભેલી આ દેવાંગના સમી નારીમાં ત્રિભુવનમોહન રૂપ રેલાઈ રહ્યું હતું. સમુદ્રના તરંગોમાંથી પ્રભાતકાલે ઊઠતી સાક્ષાત્ લક્ષ્મી સમી એ શોભી રહી હતી. ગુજરાતની ધરતી - સમૃદ્ધિ રૂપ લે તો એ રૂપ આવું હોય ! દામોદરે અનેક રાજરાણીઓ જોઈ હતી, અનેક સૌન્દર્યદેવીઓ દીઠી હતી, દેવાંગના સમી રૂપભરેલી રમણીઓ એણે નીરખી હતી. એણે પેલી ચામુંડરાજને મોહમાં નાખનારી સુંદરતાની રાણી સમી નટ્ટાદેવી ક્યાં જોઈ ન હતી ? પણ ચૌલાને એણે આંહીં જોઈ, એને લાગ્યું કે એ કોઈક અનોખી જ સૌંદર્યની સ્વપ્ન-સૃષ્ટિમાં આવી પડ્યો છે ! એ ત્યાં ઊભી હતી, ગૌરવ ભરેલા લાલિત્યના સ્થિર, શાંત, તરંગવિહીન પ્રવાહ સમી; એ ત્યાં ઊભી હતી કાલિદાસ સમા મહાકવિની વિરલ સૌન્દર્યપંક્તિ સમી; જાણે એ પંક્તિ આંહીં બે પળ માટે સ્થિર થઈ ગઈ હોય ! એનામાંથી ત્રિભુવનમોહન રૂપસાગરના એક પછી એક તરંગ ઊભા થઈને રેલાતા હતા. અને આસપાસના વાતાવરણને સૌન્દર્યની નાની નાની અનેક પ્રતિમાઓ વડે ભરી દેતા હતા. સુંદરતાની દેવી પોતે, જો ઇંદ્રરાજના પુષ્પોધાનમાં નિદ્રામાં પડી ગઈ હોય, એ નિદ્રાંમાં એનું કોઈ મધુર સ્વપ્ન ચાલી રહ્યું હોય, ને એ પોતે સ્વપ્નમાં કોઈ સૌંન્દર્યરાણીને જુએ, તો એના સ્વપ્નની રૂપપ્રતિમા આવી હોય !

આ અનુપમ સૌંન્દર્યમાં પોતાની જાતને અને વાતને પોતે ખોઈ ન બેસે એની સંભાળ લેતો દામોદર મહેતા ત્રિલોકરાશિજીની છેક નજીક આવી ગયો. ત્રિલોકરાશિજી ત્યાં સામે ઊભેલી દેવનતિકા ચૌલાને નિહાળી રહ્યા હતા. મઠપતિજી જમણો હાથ લાંબો કરી, એક અંગુલિનિર્દેશથી તમામ પ્રવૃતિને રોકી દેનારી આજ્ઞા આપવાની તૈયારીમાં હતા, બરાબર એ જ વખતે, એમણે પોતાની સામે મંત્રી દામોદરને બે હાથ જોડીને પ્રણામ કરતો ઊભેલો દીઠો અને એ એક પળ થોભી ગયા.

'ગુરુજી ! જય સોમનાથ ! નમઃ શિવાય...' દામોદરે અત્યંત વિનમ્રતાથી કહ્યું.

'શિવાય નમઃ' મઠપતિજી યંત્રવત્ બોલી ગયા.

'મારે ગુરુજી ! આપને પોતાને જ બે શબ્દોની વિજ્ઞપ્તિ આપવી છે. માંડ પળ બે પળ લાગશે.'
'શું છે મંત્રીજી ? આ દેવમંદિરને કોઈના પણ પડછાયાની શેહ લાગવી ન જોઈએ. ભલે એ અત્યારે પડ્યું છે, પણ પડ્યું પડ્યું એ મહાદેવનું મંદિર છે. એમાં લાખો માણસની શ્રદ્ધા બેઠી છે. તમારે કે ભીમદેવ મહારાજે કે કોઈએ, એ શ્રદ્ધાની એક કાંકરી પણ ખેરવવાની નથી, એ જાણ્યા પછી બોલો, હવે તમારે જે કહેવાનું હોય તે.'
'મારે તો ગુરુજી ! લાખો લોકોનાં દિલમાં બેઠેલી તમામ શ્રદ્ધા - ભક્તિની અદ્‌ભુત કથા કહેવાની છે. બીજું કોઈ નથી !'
'શું છે દામોદર મહેતા ? તમારી વાત હમેશાં ન્યારી હોય છે. અમારે આ અધરમની વાતને અત્યારે દાટી દેવાની છે. એમાં તમારે કાંઈક વિલંબ કરાવવો છે. આ જ વાત છે નાં ?'
'ના. એ વાત નથી. આ વાત તો એવી છે ગુરુજી ! જે કરવાની શક્તિ મારામાં નથી, મહારાજમાં પોતામાં નથી, અરે ! ખુદ તમારા ત્રિકાલજ્ઞ સ્વરૂપમાં નથી...'
'દામોદર ! તું મંત્રી હો, તો ભલે હો...'
'અરે ! પણ સાંભળો તો ખરા ગુરુજી ! મારે ભગવાન સોમનાથના મંદિરના પાયાના પ્રથમ કનકપથ્થરની મહાન અને ભવ્ય, કથા કહેવાની છે, એ પણ તમે નહિ સાંભળો, ગુરુજી ?'
'હા, શું છે ? બોલ !'
'આજે મેં મારી પ્રત્યક્ષ આંખે ભગવાન શંકરના ગણને આ બાજુ સદેહે જોયો છે.'
'સદેહે ? શંકરના ગણને જોયો ?' ત્રિલોકરાશિજી આશ્ચર્યં પામતા હોય તેમ દામોદર તરફ જોઈ રહ્યા : 'એટલે ?'
'ત્યારે એ જ વાત છે ગુરુજી !' દામોદરે બે હાથ જોડીને માથું નમાવ્યું. 'એમ ન હોત તો ગુરુઆજ્ઞાને, અને તે પણ મંદિરના સાન્નિધ્યમાં; એક પળના પણ વિલંબમાં નાખવાનો મને શો અધિકાર છે ? ભગવાન સોમનાથનો શું હું સેવક નથી ? મહારાજ પોતે પણ ભગવાન સોમનાથના એક દ્વારપાલ નથી ? પણ આ તો મેં જે જોયું તે તમને કહેવા માટે હું દોડ્યો આવ્યો છું !'
ગુરુ ત્રિલોકરાશિજી વિચારમાં પડી ગયા લાગ્યા. તેને દામોદરની વાણીમાં કાંઈક વધારે વાત જણાઈ. તેની દૃષ્ટિ ત્યાં રંગમંચ ઉપર ગઈ. પોતાની આજ્ઞા ત્યાં ચૌલાને સંભળાવી દેવા માટે તેણે અઘોરરાશિને રંગમંચનાં પગથિયાં ચડતો દીઠો. તે ઉતાવળે મોઢેથી બોલી ઊઠ્યા :
'અઘોરરાશિ ! હમણાં ત્યાં નીચે રહે, હું કહું છું હમણાં...'મધુર સ્વરોનું પૂર્વરંગી ગુંજન, પ્રભાતને જગાડતાં બુલબલો સમું, ત્યાં ધીમે ધીમે રંગમંચ ઉપર પ્રગટવા માંડ્યું હતું.
ત્રિલોકરાશિજીએ ઉતાવળે કહ્યું : 'મંત્રીરાજ ! તમે શી વાત કરો છો ? જલદી કહો. તમારે શું કહેવાનું છે ? કોણ હતું ? ક્યાં હતું ? કેવું રૂપ હતું ? તમે કહ્યું ભગવાન શંકરનો ગણ હતો ? ખરેખર ? તો એ ક્યાંથી આવેલ ? સાચી વાત શી છે ?'
'કહું ગુરુજી ! કહું ! પહેલેથી માંડીને કહું. તે વિના એ નહિ સમજાય. આ તો આ ધરતીની વાત છે. મારી યોજનાને ગુરુપદના આશીર્વાદ મળ્યા હતા. એ આશીર્વાદે તો એ ધર્મરૂપ બની ગઈ હતી. પણ પછી, કાં મારે, કાં ભીમદેવ મહારાજને પોતાને, કાં સોમનાથના કોઈ પરમભક્ત ગુરુપાદના મહાન શિષ્યને, એક વાતને માટે તૈયાર થવાનું હતું.'
'કઈ વાત ?' ત્રિલોકરાશિજીને પહેલી જ વખત દામોદરની વાત કરવાની રીતનું આશ્ચર્યં થયું.
'બીજી કઈ વાત, ગુરુજી ? સિંધના રણરેતને માર્ગે હમીરને દોરી જવા માટે, કોઈ ખરેખરો ભોમિયો ફૂટી ન નીકળે, એ જેમ જોવાનું હતું, તેમ ભોમિયા વિના સુલતાન નીકળવાનું જ માંડી ન વાળે, તે પ ણ જોવાનું હતું. પહેલી વાત ગમે તેટલી તકેદારી છતાં ફૂટી જ નીકળવાની. અને તો થઈ રહ્યું ! પણ સોમનાથ ભગવાનની છત્રછાયાના પ્રતાપે, ગુજરાતભરમાંથી નહિતર તો

ક્યારનો કોઈ ને કોઈ ભોમિયો હમીર પાસે પહોંચી ગયો હોત, એ એની શોધમાં જ હોવો જોઈએ. પણ લુખ્ખોસુક્કો રોટલો ખાઈને જીવનારો ગુજરાતનો ગરીબમાં ગરીબ માણસ પણ, સોમનાથ ભગવાનનો દ્રોહ કરવા આગળ આવ્યો નહિ, એ શ્રદ્ધાની જ્વલંત કથા ન કહેવાય. ગુરુજી ?'

'કહેવાય, કહેવાય, દામોદર મહેતા ! પણ તમારે બીજું શું કહેવાનું છે તે કહોને !'

દામોદરે ત્યાં ભીમદેવ મહારાજને અને પંડિત ધૂર્જટિને આવીને ઊભા રહી ગયેલા જોયા. તેણે તેમને આગળ ન વધવાની સહેજ આંખઇશારત કરી દીધી. બંને આગળ ન વધતાં ત્યાં પાછળ જ અટકી ગયા. ત્રિલોકરાશિજીની તેમના ઉપર નજર ગઈ ન હતી. દામોદર વધુ શાંતિથી બોલતો હોય તેમ બોલ્યો. એને વાતનો એકદમ ઘટસ્ફોટ કરવામાં રહેલું જોખમ ધ્યાનમાં હતું. 'ઓહો ! આમાં શું !' એમ હવા ઊભી થતાં વાર ન લાગે ! એટલે એ વધુ શાંતિથી બોલ્યો :

'ગુરુજી ! એ શ્રદ્ધાની જ્વલંત કથા છતાં, આપણી યોજના નકામી જતી હતી. આપણે કોઈ એવો જોઈતો હતો. જે રણરેતનો જાણીતો હોય; અને જે સુલતાનને દોરવા તૈયાર હોય ! ને ધરતીમાં જીવતાં ભંડારાઈ જવા... માટે...'

મઠપતિ ત્રિલોકરાશિને વાતનો કંઈક ખ્યાલ આવતાં એ હવે ધ્રૂજી ઊઠ્યા. એમને પહેલી જ વખત રણરેત ધરતીની ભયંકરતા અનુભવમાં આવતી જણાઈ. હમીરને દોરનારા ભોમિયા થવું એટલે શું, એ, એ હવે સમજ્યા !

એમને લાગ્યું, એ તો જીવતાંજીવત સમાધિ લેનાર જોગીની મહાન યોગશક્તિનો પડછાયો હતો !

એવા જોગીને તે પોતે પણ માનલાયક માને. પોતે એને નમવામાં ગૌરવ ગણે. ભગવાન સોમનાથના મંદિરના પરમભક્તોની પંક્તિમાં એ સર્વોત્તમ હોય. એ તો નરસિંહ રૂપ ગણાય.

'દામોદર મહેતા !' એ કાંક નરમ અવાજે બોલ્યા : 'એ વાત તો તમારી સાચી છે. એવા ભોમિયા વિના તો આ બધી જ વાત મૂળમાંથી ખરી પડે !'

'હાં, ગુરુજી ! મારે એ જ કહેવાનું હતું. એ કહેવા માટે જ હું દોડ્યો આવ્યો હતો. ભગવાન સોમનાથનો કોઈ ને કોઈ પરમ ભક્ત નીકળી આવશે એવી શ્રદ્ધાથી મેં તો દોરીસંચાર હાથમાં લીધો હતો, પણ ભગવાન શંકરનો કોઈ પરમ ભક્ત દેખાયો નહિ !'

'દેખાયો નહિ ? આ... હા, ત્યારે તો... હવે...'

'ના ના, પણ ગુરુજી ! છેવટે મારી શ્રદ્ધા ફળી. એક દેખાયો. ભગવાન શંકરનો ગણ જ હશે નાં ? એને ગણ ન કહેવાય તો કોને કહેવાય ? ભગવાન કૈલાસપતિનો એ જ ગણ. બીજો કોણ એ નામને યોગ્ય હોય ? એને એવું મહામાન આપી દેતાં, કોઈ અધર્મ ન થાય.'

'અરે ! મંત્રીજી ! એમાં અધર્મ શેનો ? એ જ પરમધર્મ ગણાય, એ જ ભગવાન કૈલાસપતિનો સાચો ગણ, દામોદર ! પણ એવો એ જોગીઓનો જોગી છે કોણ ? ક્યાં છે ? મારે એને દેખવો છે, મંત્રીજી !'

'એ તો આંહીં દેખાશે ગુરુજી ! આંહીં દેખાશે, હમણાં દેખાશે. તમારી નિકટમાં જ છે.'

'ક્યાં ?'

'તે પણ કહું. પણ ભગવાન કૈલાસપતિ શંકરનો આ ગણ, એ ખરી રીતે તો, આંહીં દેવનતિકાનું નૃત્ય જોવા માટે જ આવી રહેલો હોવો જોઈએ. એટલા માટે જ આવતો હોય. નૃત્ય જોઈ લેવા - ને પછી ભોંમાં ભંડારાઈ - જીવતાં ભંડારાઈ...'

'પણ દામોદર ! દામોદર ! એ ગણ ક્યાં છે ?'

'ગણ તો આવશે - ભગવાન ! કેમ નહિ આવે ? એને દેવનતિકાના નૃત્યમાંથી પ્રેરણા મેળવવી હશે. સમયસર એ પણ આવશે. મેં જે કોઈનામાં જોયું નથી. તે આ દેવના ગણમાં જોયું છે. હું

તો એને કેવળ બે હાથ જોડીને નમવામાં જીવનની ધન્યતા અનુભવું છું.'
'પણ મંત્રીરાજ ! એ છે કોણ ? ક્યાં છે ? એની મને જલદી ઓળખાણ આપો.'
દામોદરે જાણ્યું કે હવે વાત ખીલે બાંધી શકાય તેમ જણાય છે.
'તે આપું ગુરુજી ! પણ એ આવ્યો છે નૃત્ય જોવા. જોવા નહિ. પ્રેરણા મેળવવા. એજીવતાં સમાધિ લેવાનો છે. લેવા જવાનો છે. એના માનમાં ગુરુજી ! દેવનતિકા આ નૃત્ય આજે આંહીં કરી રહી છે તે ભલે કરે. ભગવાન શંકરને, ભયંકર શંકરને, ભયંકર સંહારલીલા રમવાના ક્યારેક કોડ જાગે છે, ત્યારે એ દેવાધિદેવ કોઈ ને કોઈ વાહન શોધે છે. એ પોતે કાંઈ કરતો નથી. કરવા માગતો નથી. કરી શકતો નથી. એ વાહન શોધે છે. જેની મારફત એ સંહારલીલા રમી શકે ! ગુરુજી ! ત્રિકાલજ્ઞ દેવ !' દામોદરનો અવાજ હવે સહેજ સતાધીશનું ગૌરવ ધારવા માંડ્યો. એ જરાક મોટો પણ થયો. એના મનથી આજે પંડિત ધૂર્જટિજીની તોલે કોઈ ન હતું. એ એક હતો. અદ્વિતીય હતો, અદ્ભુત હતો. વીરોનો વીર હતો. એ ધ્વનિનું એમાં સૂચન હતું. જે અદ્ભુત શંકરગણની મંત્રીજીએ વાત કરી તેને જોવાની મઠપતિજીની અધીરતા પણ હવે ઘણી જ વધી ગઈ હતી. દામોદર એ સમજી ગયો હતો. તે આગળ વધ્યો : 'મઠપતિજી ! મહારાજ ! ગુરુજી ! ત્રિકાલજ્ઞ ભગવાન ! હું આપની ચરણરજ લઉં, આપને બે હાથ જોડું, આપને વંદના કરું. આપની પવિત્રતા ને અદ્ભુત અલૌકિકતા ભાળીને આશ્ચર્ય અનુભવું. પણ એ તમામ વસ્તુ, મારા આ શંકરગણના એક નમનની તોલે ન આવે, એટલી ભક્તિ એના પ્રત્યે મને છે. મારા નમનમાં એવી મારી જીવન્ત ભક્તિ જાગી ગઈ હોય. એને માટે આ દેવનતિકાનું નૃત્ય પણ શું છે ? કાંઈ જ નહિ ! કહો કે આજે જ ભગવાન શંકરનો સાચો નૃત્યમહોત્સવ છે. જેને જોવા માટે વીરભદ્ર આવે. એ નૃત્ય પણ સફળ, દેવનતિકાનું જીવન પણ સફળ, આપણી હાજરી પણ સફળ, અને આ રંગમંચ પણ આજે સફળ.'
'મંત્રીજી ! વાત તો તમારી સાચી છે. દેવનતિકા આવું નૃત્ય કરે, એનો વાંધો, આમ હોય તો લેવાનો નથી... વાંધો તો...'
'એનું અત્યારે આપણે ક્યાં કામ છે. ગુરુજી ? આ દેવનતિકા એના મનના અણુએ અણુમાં અત્યારે એક જ વસ્તુ અનુભવી રહી છે. આ શંકરગણનું અદ્ભુત સમર્પણ ! બીજો એક શબ્દ પણ બોલવો એ આ હવાનું ગૌરવ હણવા જેવું છે. એટલે કહું છું. આજ્ઞા આપો દેવ ! દેવનતિકા આપની આજ્ઞાની રાહ જુએ છે !'
મઠપતિએ હજી શંકરના ગણની વાત સાંભળી હતી. એને દીઠો તો ન હતો. પણ હવે એ વાતને અમાન્ય થાય તેમ ન હતી. તેણે આજ્ઞા આપવામાં ઔચિત્ય જોયું.
મઠપતિજીએ હવે ત્યાં ઊભાં ઊભાં જ હાથની એક નિશાની કરી. તરત ત્યાં રંગમંચ ઉપર ઢોલક વાગ્યું, મૃદંગે તાલ લીધો. રુદ્રવીણા જાગી ઊઠી સ્વરોની હેલી બેઠી થઈ. કિંકણીઓએ શબ્દ કર્યાં. મધુર સરોદની વર્ષા શરૂ થઈ. મઠપતિજી વચ્ચેથી ખસી ગયા. તે એક તરફ આવ્યો અને એની દૃષ્ટિ મહારાજ ભીમદેવ તરફ ગઈ.
'અરે ! મહારાજ ! તમે ! તમે ?...'
દામોદર મહેતાએ ત્વરાથી કહ્યું : 'પંડિતજી ! ધૂર્જટિજી ! જરા આ બાજુ આગળ આવો તો...'
ધૂર્જટિ પંડિત બે હાથ જોડીને આગળ આવ્યો.
'ગુરુજી ! ભગવાન સોમનાથની આજ્ઞા આપણે સાંભળી છે. એ શંકરના ગણ છે. એમને સંદેશો મળ્યો છે. ભગવાન શંકરનો.'
'આ ?' ત્રિલોકરાશિજી આશ્ચર્ય વ્યક્ત કરતા બોલ્યા : 'આ ? આ તો પૂજારીનો ધર્મપુત્ર !' એને મનમાં કાંઈક ખોવાઈ ગયાનો ઉગ્ર અસંતોષ જાગી ગયો. દામોદરને એ જાણ હતી. એ એમ જ થવાનું. વૃદ્ધ પૂજારીના પરિચિત છોકરાનું વીરત્વ જાણતાં છતાં, એ પણ વીરત્વ છે, એમ

માનતાં ઘણો વખત જવાનો. દામોદર તેને માટે તૈયાર જ હતો. તેણે બે હાથ જોડીને અત્યંત દૃઢ અવાજે કહ્યું : 'જે સત્વ એનામાં છે ગુરુજી ! એ ગુજરાતભરમાંથી કરોડો દ્રમ્મ ખરચતાં મળે તેમ નથી. એ પૂજારીનો પુત્ર નથી, એ ગુજરાતનું વીરત્વ છે. એને સંદેશો મળ્યો ન હોત, તો બીજા કોને મળ્યો હોત ? ેએને સંદેશો મળ્યો ન હોત, તો શું થાત ? આ પંડિતજી એક છે, અદ્વિતીય છે, અનન્ય છે, અદ્‌ભુત છે. એને આ રસ્તાનો અનુભવ છે. એટલે હમીર એની વાત તરત માને તેમ છે. એવા જ બીજા બે નીકળ્યા છે.'

'એ કોણ છે ?'

'ભગવાન સોમનાથની છત્રછાયા જેમના ઉપર પ્રેમથી ઢળી, એ નીકળી આવ્યા. એક ધ્રુબાંગ છે, બીજો ધિજ્જટ. જુઓ, એ પણ આ આવ્યા. એમને આશીવાઁદ આપો. ભગવન્ !'

કાંઈક અદ્‌ભુત ન જોયાનો અસંતોષ શમી જતાં મઠપતિજી હવે પોતાના મંદિરના આ ત્રણે વીરોને પિછાની શક્યા. તે પ્રેમથી આગળ વધ્યા. પહેલાં પંડિતજીને ભેટી પડ્યા.

ધ્રુબાંગ અને ધિજ્જટના માથા ઉપર એણે પ્રેમથી હાથ મૂક્યો. તેણે શોકઘેરા અવાજે કહ્યું : 'તમારો વિજય હો વીરપુરુષો ! તમારા માનમાં આંહીં બીજો પણ આવો જ નૃત્યમહોત્સવ કરવાની ભગવાન સોમનાથની આજ્ઞા મળો.'

તરત ત્યાં રંગમંચ ઉપર ચૌલાની પગપંક્તિની કવિતા ઊભી થવા માંડી.

બધા એકદૃષ્ટિ થઈ ગયા.

ભીમદેવ દામોદરની શક્તિ જોઈ નવાઈ પામ્યો.

Chapter 22

ચૌલાનું નૃત્ય

વિજયના ઉલ્લાસમાં જ્યારે વાયુમંડલનું અણુએ અણુ ઉત્સાહ ઝીલી રહ્યું હોય. ત્યારે કોઈપણ નતિકા, પગે બાંધેલી કેવળ સોનેરી ઘૂઘરીઓના નતઁન વડે પણ, લોકહૃદયને આનંદથી ભરી દઈ શકે. ત્યારે હવામાં જ આનંદ રેલાતો હોય છે.

પણ જ્યારે પરાજય ને પરાભવ ઘરઆંગણે આવીને બેઠાં હોય, જ્યારે હવામાં ભયંકર નિરાશાના પડઘા ઊઠતા હોય, જ્યારે ઉલ્લાસની એક નાની સુરખી પણ ક્યાંય દેખાતી ન હોય, ત્યારે આ આશાનો સંદેશો આણવો, એ જેવી તેવી વાત નથી. એવો સંદેશો કેવળ મહાન કલાકાર જ આપી શકે. માણસો ત્યારે નાચવા નાચવા માટે તૈયાર હોતા નથી. એમને નચાવવાં, એમની સામે આશાની ગુલાબી હવા ઊભી કરી દેવી, એમના દિલમાં ફરીને ઉત્સાહ ભરી દેવો, જીવનસિદ્ધિની એ જેવી તેવી કલા નથી. સમસ્ત પ્રજાને માણસ મૂરખ બનાવી શકે, એ સહેલું છે, એમાં કેવળ ઘેટાં માનસનું જ કામ છે. પણ જ્યાં નિરાશા સિવાય બીજું કાં દેખાતું ન હોય, ત્યાં આશાના અંકુરોની મોહક સૃષ્ટિને ઊભી કરવી, એ કામ કેવળ મહાન કલા જેને વરી હોય તે જ કરી શકે.

ચૌલાએ નૃત્યારંભે પગનો પહેલો જ ઠેકો લીધો અને એક આગામી વિજ્યારંભનું જાણે એ પહેલું જ દૃઢ સ્થિર પગલું હોય એવી સમથઁ શક્તિની હવા એમાંથી ઊભી થતી દામોદરે અનુભવી. એને આનંદ આનંદ થઈ ગયો. એને ખાતરી થઈ ગઈ કે હજારો રણશિગાં ફૂંકાય છતાં જે ુત્સાહ પ્રજાહૃદયમાંથી પ્રગટ ન થઈ શકે, તે ઉત્સાહ આ દેવનતિકા ચૌલાના એક એક પગલામાંથી ઊભો થાય છે ! એ સાચી દેવનતિકા છે. દેવનતિકાએ આટલાં વષોઁમાં કેવી મહાન સિદ્ધિ પ્રાપ્ત કરી હતી એને ખ્યાલ એને હવે આવ્યો. એ મનમાં ને મનમાં એની આ કલાસિદ્ધિને નમી રહ્યો.

મૃદંગે બોલ માંડ્યા. તંતુવાદ્યોએ હવાને વાણી આપી, આકાશી વાયુએ પડઘા ઊભા કયાઁ.

ચૌલાના એક પછી એક લેવાતા ગતિમય તાલબદ્ધ પગલામાંથી, વીરરસ ઊભો થવા માંડ્યો. અને પળ બે પળમાં તો જાણે પૃથ્વીની આખી હવા જ ફરી ગઈ ! રાશિજી, દામોદર, મહારાજ પંડિત, ધૂર્જટિજી, ધ્રુબાંગ, ધિજ્જટ અને અનેક સાધુ બાવા, પૂજારી, જંગલરક્ષક ભીલો - બધા જ જોઈ રહ્યા. ચૌલા આ પ્રમાણે દર શિવરાત્રિએ નૃત્ય કરવા આવે છે, આ વાતને જાણનારા કેટલાક નાના નાના સરદાર - સામંતો પણ આસપાસમાંથી આવી ગયા હતા. એક માનવમેળો થઈ ગયો હતો. પણ ખૂબી આ હતી. બધા ભૂલી ગયા હતા કે ભગવાન સોમનાથના ભગ્નમંદિરના અવશેષ ખંડેરોમાં એ મળ્યા છે. એ પરાજિત થયા છે, એમને માથે હજી યુદ્ધનોબત ગાજે છે, એમણે સર્વસ્વ ખોયું છે - એ બધું જ એ ભૂલી ગયા હતા. નૃત્ય આગળ વધ્યું. પગની વાણીને, હાથની વાણીનો સાથ મળ્યો. હાથના અભિનયે હવાનાં મોજાંમાંથી વિવિધ રત્નદીપો આણ્યા. અને તમામના અંત:કરણમાં એક નવી આશા ઊભી થઈ ગઈ. જીવન ન્યોછાવરી કરવાનો મહાન વિજય તો હજી આપણો જ છે, બીજા કોઈનો એ નથી, એવી મહાન આશા ત્યાં પ્રગટી ! આપણે હજી સ્વરસ્વ ગુમાવ્યું નથી, આપણામાં આપણાપણું છે, ત્યાં સુધી આપણે જીવંત છીએ, એવી હવા પ્રગટી !
દેવનતિકાના નૃત્યના એક એક પગલે, એના હાથની એક એક મુદ્રાએ, એની આંખના એક એક ભાવે, માણસના રૂંવેરૂંવામાંથી જાણે આશા ઊભી થતી હતી. મહાન નિરાશાના સમુદ્રમાં આશાની લહરીઓ આવતી હતી. દામોદરના આનંદનો પાર ન રહ્યો. એને આ જોઈતું હતું. એણે અનુભવ્યું હતું કે મહાશક્તિશાળી મહારાજ ભીમદેવ જેવો સમર્થ રણજોદ્ધો પણ હજી અંધારામાં આંટા મારતો હોય તેમ, કોઈ નિશ્ચયાત્મક પગલા વિષે આશાસ્પદ બની શકતો ન હતો. ઘડીમાં એને પોતાના દળ સાથે ગર્જનક ઉપર તૂટી પડવાનું મન થઈ આવતું હતું. તો ઘડીમાં રા'ની સાથે ગર્જનકની પૂંઠ પકડવામાં નાક જળવાતું જણાતું હતું. વળી ગઢ બીટલી પહોંચવામાં વિજય રહ્યો છે, એમ પ્રતીતિ થતી હતી. છેલ્લે છેલ્લે તો ધૂર્જટિ પંડિતની સાથે રણરેતસાગરમાં નામશેષ પાળિયા થઈ જવાની એની સમર્પણકથા દામોદરે હમણાં જ સાંભળી હતી. પોતાના રાજાને એક મહાન વિજયી ભવિષ્ય માટે તૈયાર કરવા એ મથી રહ્યો હતો. એમાં આ બદલાતી ધૂનો ભયંકર હતી. એણે તો વિજયની કેડી પાડવાની હતી.
આજે ચૌલાનું નૃત્ય, કોઈ મહાન વિજયના પંથ તરફ ચાલી રહેલા વીરનરના પ્રતીક સમું આવી રહ્યું હતું. પરાજયના પડઘામાં રહેલો વિજયનો એક અખંડ સૂર એમાંથી આવતો હતો. બધાં જ વાદ્યો જ્યારે નિરાશાના સૂર વગાડી રહ્યાં હતાં, હાથપગ અને મુખાકૃતિ પણ નિરાશાને બતાવી રહ્યાં હતાં, ત્યારે જેમ ઘનાન્ધકારે વિદ્યુત ચમકે, રાત્રિને અંતે પ્રભાત પ્રગટે, એમ એની આંખોમાં તે આશાની જ્યોત પ્રગટી રહી હતી - અનેક તંતુવાદ્યોની વચ્ચે એક અખંડ મધુર બંસીસ્વર, કોણ જાણે ક્યાંથી આવી રહ્યો હોય તેમ, આશાનો સંદેશો આપતો એ વહી રહ્યો હતો કે, હું હજી છું, હું હજી જીવંત છું ! હું આશા.
દામોદર આ નૃત્ય જોતાં ડોલી ગયો. એ મહારાજ તરફ જોઈ રહ્યો બધાના દિલમાં આશાનાં કિરણ પ્રગટી રહેલાં એણે જોયાં, બધાને લાગ્યું કે હજી આશા જીવંત છે. હજી બાજી આપણી છે. હજી સૃષ્ટિ રસાતળ ગઈ નથી. હજી તો આપણે ઘણું કરવા જેવું છે. આપણું આપણાપણું જ આપણને દોરી રહેશે.
અને નૃત્ય જેમ જેમ આગળ વધ્યું તેમ તેમ એ તો નતિકાની પોતાની જ ગૌરવ ગાથામાંથી, દેશમાંથી આગામી ઊભા થનારા વિજયના મહાકાવ્ય સમું બનતું ગયું. ચૌલા બોલતી ન હતી., એક શબ્દ પણ, પરંતુ એની મુદ્રાઓ, એની ત્વરિત ગતિઓ, પળે પળે પ્રગટતી એની આંખની મોહિનીઓ, એના મોં ઉપર આવી જતી કાવ્યપંક્તિઓ, એના રોમ રોમમાં ફરતી લલિત શક્તિઓ, બધાં જાણે મૌન ભરેલી મહાવાણીમાં બોલી રહ્યાં હતાં કે : 'તમે ભક્ત છો, પૂજારી

છો, તમે આ સ્થાનમાં આવીને ભગવાન શંકરની અદ્વિતીય આરાધના કરી રહ્યા છો, પણ હું, હું તો અનંતકાલથી ભગવાનની લીલાનું એક મોજું છું, હું એના વિના રહી શકું નહિ. એ મારા વિના રહી શકે નહિ. તમે પૂજા કરી છે. પણ મેં તો પૂજા અનુભવી છે. તમે સૌએ ભગવાન શંકરની ભક્તિ કરી છે, મેં તો એની સાથે પ્રેમગોષ્ઠિ માણી છે !'
અને નૃત્ય કરતાં કરતાં અચાનક એ ેક સ્થળે ઊભી રહી ગઈ. તમામ વાદ્યો બંધ થઈ ગયાં. સ્વરો શાંત થઈ ગયા. પગલાં થંભી ગયાં. કેવળ એની એક ભૂભઁગની છટા સર્વઁવિજયી બનીને ત્યાં પ્રકાશમાં વિદ્યુતરેખા સમી શોભી રહી.
એના એ ભ્રૂભંગની ત્રિભુવનમોહક છટા કોઈ સમજી શક્યું કે નહિ, તે કોણ જાણે, કેવળ એ છટાને જોતાં મઠપતિજી ત્રિલોકરાશિ ઊંચાનીચા થતા લાગ્યા. એ સમજી ગયા. એ છટામાં આહ્વાન હતું. એ ભ્રૂભંગ જાણે બોલી રહ્યો હતો :
'મઠપતિજી ! તમને શી ખબર પડે કે નારીની પાસે કેટલું મહાન હૃદય હોય છે ! કેટલું મહાન કામ હોય છે ? જેમ સમુદ્રમાં લક્ષ્મીજી બેઠાં છે, વડવાનળ છે, વિષનાં સરોવર છે, રત્નોના ભંડાર છે, કામદૂધા છે, ચંદ્ર છે. તેમ મારે ત્યાં અનેક વાતો છે. એમાં નૃત્ય છે, ભક્તિ છે, કલ્પના છે, કૈલાસી હવા છે, કવિતા છે, ભગવાન શંકરની લીલા છે. એમાં એક ખૂણે રાજા ભીમદેવ પણ છે. તેથી શું થયું ? હું તો દેવની છું. દેવનતિકા છું. દેવની જ રહેવાની છું. પણ હું એક જ જાણું છું કે મારે રાજા ભીમદેવને દેવગણ સમો બનાવવો છે. એ આ યુગનો દેવગણ છે. એ દેવપ્રેરિત થવાનું બળ ધરાવે છે. એ ભીમદેવ માટેની હું ભગવાન શંકરપ્રેરિત પ્રેરણા છું. એ આંહીં કનકવિભૂષિત દેવમંદિર રચશે. પાટણના વિજયી સૈનને એ રણની પાર દોરશે, એ મહા ગુજરાત રચશે. એ વિજય મેળવશે. ત્યારે હું દેવનતિકા, આંહીં ભગવાન સોમનાથને ચરણે મારું છેલ્લું નૃત્ય અર્પીઁ દઈશ. એ છેલ્લું હશે. પછી દેવનતિકા ભગવાન શંકરમાં વિલીન થઈ જશે - અને ચૌલા, ભીમદેવના પ્રેમમાં વહી જશે... મઠપતિજી ! તમને જોગીલોકોને નારીમાં રહેલા આ અદ્ભુત દ્વિનારી તત્વની શી ઝાંખી હોઈ શકે ? નારી કેટલીક વખત નારી હોતી નથી. એ પ્રજાની ભાગ્યવિધાતા હોય છે. સંદેશો લાવનારી દેવશક્તિ હોય છે. એ દેવનતિકા હોય છે. એમ જાણનારા ખાખમાં રમનારા આમાં શું સમજે ? ત્રિભુવનની આ મોહક છટાને એ શું જાણે ?
'અને મઠપતિજી ! દેવનતિકા, ભગવાન સોમનાથની છે. ચૌલા, રાજા ભીમદેવની છે. એમાં મીનમેખ નથી. અત્યારે હું ચૌલા નથી. હું દેવનતિકા છું. ભગવાન સોમનાથ દેવ મને પ્રેર છે, તું ભગવાનના ગણોને પ્રેરણા આપ.'
અને એક જ પળમાં પાછો તંતુવાદ્યોનો ઝંકાર ઊપડ્યો. મૃદંગ બોલ્યું, ઢોલક બજ્યું. ધીન ધા, ધીન ધા, ધીન ધાની વાણી સંભળાણી. પેલી અનુપમ અખંડ બંસી ચાલતી થઈ.
ચૌલો નૃત્ય શરૂ કર્યું. સૌ જોઈ રહ્યા.
ચૌલા પોતાના અભિનય વડે જે જે ભ્રમો ઊભા કરતી હતી તે તે મહાન સત્યો બની જતાં હતાં અને દુનિયાનાં મહાન સત્યો એની પડખે એક કોડીનાં થઈ જતાં હતાં. કલાકારની ભ્રમદુનિયા, મહાન વિજયધ્વનિ કરતી, ડાહ્યલાઓનાં સત્યોને ઝાંખાં પડી રહી હતી. એણે પહેલાં ભગવાન રુદ્રની સંહારલીલા ઊભી કરી.
જળમોજાં આવ્યાં. ડુંગર ડુંગર જેવડાં, શસ્ત્રાઘાતો પ્રગટ્યા. આંસુઓ ઊભાં ગયાં. માતાઓનાં ડૂસકાં સંભળાયાં. પત્નીઓનાં રુદન આવ્યાં. પિતાઓની છાતીફાટ વેદના ઊભી થઈ. પુત્રોની આંખોમાં નીર જોવામાં આ તો ભગવાન રુદ્રની સંહારલીલા હતી. સેંકડોનો કોઈ હિસાબ ન હતો. હજારોની કોઈ ગણના ન હતી. મંદિરોના પથ્થરો આકાશમાં ઊડ્યા. ગજરાજો કપાઈ ગયા. સાંઢણીઓ ભાગી ગઈ. ઘોડાં ત્રાસી ગયાં. જળનાં મોજાં રાક્ષસી બન્યાં, શાંત સોમનાથી

સમુદ્ર માણસોને ભરખનારો રાક્ષસ થઈ ગયો.
ભગવાન રુદ્રે રૂપ ફેરવ્યું હતું, તેણે ધરતીમાંથી માણસોને તણખલાની જેમ ઉડાડ્યાં હતાં. એને કહેવું હતું કે જગતજનો ! જીવન કાંઇ નથી, જીવન કાંઇ નથી, ઘાસ જેટલું પણ કીંમતી નથી, તણખલાની તોલે પણ નથી, ખરતાં પાન જેટલું પણ મહત્વનું નથી. ભગવાનરુદ્રની ચરણરજમાં ચૌલાએ ગતિ લીધી. અને સંહારની એની રુદ્રલીલાએ એક ઘડીભર તો જાણે બધાને જ આ સંસાર ભુલાવી દીધો. સૌને થઈ ગયું કે સગી માતા, તો મૃત્યુ છે. જીવન તો અપર મા છે. પંડિત ધૂર્જટિના ચહેરા ઉપર ભગવાન રુદ્રની અગ્નિરેખાનો તેજઅંબાર આવી ગયો. બધાનાં મનમાંથી મૃત્યુના મહાન મહોત્સવનું એક અમર કાવ્ય ઊભું થતું હતું.
એટલામાં તો સેંકડોને સંહારતા, બારમા રુદ્ર સમા, સમશેર, સાંગ અને સારંગ*ને શોભાવતા, મહારાજ ભીમદેવ જાણે જુદ્ધ કરતા દેખાયા. ચૌલા બાણ છોડતી હતી. ઘા વાળતી હતી. સમશેર ઝીકતી હતી. સમશેર ઝીલતી હતી, સંહારની ભયંકર લીલા પ્રગટી અને પછી પળભરમાં એ શમી ગઈ.
દૃશ્ય બદલાયું.
હવામાં બધે નિરાશા હતી. પરાભવની ગ્લાનિ જ્યાં ત્યાં દેખાતી હતી. પરાજય ને વિષાદ ચૌલાના અંગઅંગમાંથી પ્રગટતો હતો. હાથમાં એ હતો. આંગળીઓમાં એ બેઠો હતો. મોં ઉપર એની ઘેરી છાયા હતી. ગતિમાં એનું રુદન હતું. એવામાં કોણ જાણે ક્યાંથી, અદૃશ્ય ાકાશમાંથી, માનવના અંતરમાંથી, ભક્તિની છોળોમાંથી, શ્રદ્ધાની જ્યોતમાંથી, કોણ જાણે ક્યાંથી, સમુદ્રમાં લહરી ઊઠે તેમ કૈલાસની હવાનો આનંદ આવતો જણાયો. ચૌલાના ચહેરામાં ઉત્સાહ પ્રગટ્યો. આંખમાં ઉલ્લાસની રેખા આવી. ભ્રૂકુટિ આનંદથી લોલવિલ્લો થઈ રહી. નિરાશા જાણે અદૃશ્ય થઈ ગઈ.
દૂર દૂરથી આવતી કૈલાસની મનોમન હવાને પ્રગટ કરતા, એના બંને હાથના ગતિ અભિનયને, બધા જોઈ જ રહ્યા. એ જાણે હાથ ન હતા. હવાનાં મોજાં હતાં. એવી સુંદર ગતિથી એના બંને હસ્તની અંગુલિઓ નર્તન કરી રહી હતી કે વહેતી હવાના તરંગો એમાંથી ઊભા થતા સ્પષ્ટ જોઈ શકાતા હતા.

----

* ધનુષ

મંત્રમુગ્ધ બનીને આ જીવનદાયિની કૈલાસી હવાને બધા અનુભવી રહ્યા.
એટલામાં દૃશ્ય ફર્યું. સરોદ બદલાયા. સ્વરો જુદા થયા. હવા બદલાઈ ગઈ. ચરણગતિએ નવો વેગ લીધો. જાતસમર્પણ કરનારા જુવાનો ગુજરાતમાં ઊભા થતા જણાયા. શૃંખ ફૂંકાયા. રણશિગાં વાગ્યાં. ઢોલ ત્રાંસા ભેરીનાદ ગાજ્યાં. ઘંટ વાગ્યો. રણગીતોની પંક્તિઓ ગાજી રહી. આછા અંધારામાં વહેલી પ્રભાતે ચાલ્યા જતાં, ત્રણ જુવાનોની આછી પ્રતિમાઓની ઝાંખી જાણે ત્યાં આવી ગઈ.
દેવગણ સમા એ ત્રણ જણા ચાલ્યા જતા હતા. સામે રેતીનાં અફાટ રણમેદાન દેખાતાં હતાં. ઠેકાણે ઠેકાણે પરદેશી સૈનિકોનાં ટોળેટોળાં હતાં. એમાંથી કોઈ ચહેરો એમના માટે લેશ પણ લાગણી વ્યક્ત કરે તેમ ન હતો.
લાગણીનો ધોધ, રેતીના કણોમાં વહેતો હતો. પ્રેમ, સુક્કી ગરમ હવામાંથી આવતો હતો. કૌટુંબિક જીવન, એમણે એકબીજાનો આધાર લેવા, ખભે મૂકેલા હાથમાં આવી ગયું હતું. સઘળે નીરવતા હતી. શબ્દશૂન્યતા હતી. રેતીના સમુદ્રનું નિષ્ઠુર હાસ્ય હતું. અને એ ત્રણે વીરો ત્યાં ચાલવા જતા હતા. માતાવિહોણા, પિતાવિહોણા, ભાઈ, ભગિની ને સ્વજનવિહોણા. કેવળ દૂર - દૂર - દૂર કૈલાસ દેખાતો હતો. આઘે આઘે કોણ જાણે કેટલે આઘે ભગવાન

સોમનાથની ગરવી ધજા ફરફરતી હતી.
અને એ ત્રણે જણા ત્યાં ચાલ્યા જતા હતા.
ચૌલાએ દિશાના દેવોને અપાનારું નમનનૃત્ય શરૂ કર્યું. નૃત્યમાં એ પહેલું આવે. આજે એણે એ છેલ્લું આણ્યું.
પૂર્વના સ્વામી ઇન્દ્રદેવને એણે નમન કર્યું. પણ એ નમન અપાયું હતું પેલા ત્રણ વીરોને. એ ઇન્દ્ર સમા હતા. દક્ષિણના સ્વામી યમદેવને નમન અપાયું, પણ યમનો ભય જીતનારા, પેલા ત્રણ વીરોને જ એ ઉદ્દેશીને જ હતું, એ યમરાજ સમા હતા. એ જ કુબેર હતા. એ પાણી પાણી ઝંખવાના હતા. એ જ અમર યશ સમી સમૃદ્ધિના સ્વામી હતા.
ત્રણ વીરોની અપૂર્વ યશગાથા ગાતા મંજુલ તંતુવાદ્યોના મધુર સરોદ હવામાં રેલાઈ રહ્યા. મૃદુ ધીરા કરે શિશુને જેમ માતા ધરતી પોતાને ખોળે લેતી હોય તેમ, એક પછી એક સ્વરો હવે વિદાય લેવા મંડ્યા. વાદ્યો એક પછી એક શમતાં ગયાં. મૃદંગના બોલ ધીમા પડતા વિલીન થવા મંડ્યા. ગતિ વિરમવા માંડી. નૃત્યનાં ધીમાં ધીમાં શાંત પગલાં મૂળ સ્થાન ભણી વળી રહ્યાં.
નૃત્ય પુરું થયું ત્યારે જ, પોતે જે અદ્ભુત દૃશ્ય જોઈ રહ્યા હતા તે કેવળ દૃશ્ય હતું, એ જાગ્રતિ સૌને આવી. એ સાચી સૃષ્ટિ ન હતી. માયા હતી, ભ્રમણા હતી, એ ખબર ત્યારે પડી. કલાકારે ઊભી કરેલી ભ્રમણા સાચી સૃષ્ટિને ક્યાંયની ક્યાંય પાછી પાડી દેતી હતી !
નૃત્ય પૂરું થયું ત્યારે જ એમને એક નવીન અનુભવ થયો. એમણે જોયું કે હવે ચૌલા એક ન હતી. સારી હવા ચૌલામય બની ગઈ હતી. હવામાં નાની નાની અનંત ચૌલાઓ નૃત્ય કરતી હતી. ચૌલા સિવાય બીજું કોઈ જ જાણે ન હતું. ત્રિલોકરાશિ, રાજા ભીમદેવ, પંડિત ધૂર્જટિ, બધા આ અનુભવે ડોલી ઊઠ્યા.
સુંદરતામાંથી ત્યાં અનેક સુંદરતાઓ ઊભી થઈ ગઈ હતી.
ત્યાં હવે ચૌલા ન હતી. નૃત્ય પૂરું થતાં જ એ તો ધીમે ધીમે જ પાછળ અદૃશ્ય થઈ ગઈ હતી. ચૌલાએ કેવળ પોતાની જ જે વાણી હતી, તે વાણી દ્વારા મહારાજ ભીમદેવને, મઠપતિજીને, બધાને જવાબ આપી દીધો હોય તેમ લાગતું હતું.
પણ હવે ત્યાં એક નહિ, અનેક ચૌલાઓ દેખાતી હતી. દામોદર, ખડક ઉપરની ચૌલાની વાણીને સંભારી રહ્યો. ખરેખર એ દેવપ્રેરિત હોવી જોઈએ.
આ નવીન અનુભવે ડોલી ગયા હોય તેમ સૌ અનિમેષ નયને આ જોઈ જ રહ્યા.
અનંત પ્રવાહ આવી રહ્યો હતો. અનંત ચૌલાઓ આવી રહી હતી. અનંતના સાન્નિધ્યમાં એ સૌ પોતપોતાને અનંતના સંતાન તરીકે જોતા હતા.
સૌ આ અનંત લીલામાં વહી રહ્યા હતા.

Chapter 23

કુમારપાલને સાધવા માટે

ચૌલાના નૃત્યે ભીમદેવને નવું પ્રોત્સાહન આપ્યું હતું. એને હવે રણક્ષેત્ર જ ખેડવું હતું એણે નક્કી કરી લીધું. પાછા ફરતા ગર્જનકને, એ દિવસે તારા દેખાડવા માગતો હતો. ગર્જનક હવે આ દિશામાં પગ ન માંડે, એવું એને કરવું હતું. નીડર ભીમદેવના જેવી અણનમ જુદ્ધગીતાવલિ એને ઊભી કરવી હતી, એણે એ સંકલ્પ લઈ લીધો.

ચૌલાના નૃત્યે બધાના ઉપર અજબ મોહિની નાખી હતી. મઠપતિ જેવાને પણ દેવનતિકાનો સ્વીકાર કરવો પડ્યો. એને પણ લાગ્યું કે આ દેવપ્રેરિત નારી યુગ ઘડવા આવી છે. દામોદરને આ બધું બહુ જ અનુકૂળ હવા લાવનારું જણાયું. મહારાજનો જીવનપ્રભાતી પ્રેમ જાગીને

અત્યારે ઘર્ષણ ઊભું કરે, એ ભય હવે રહ્યો ન હતો. ચૌલાના નૃત્યમાં એનો જવાબ સ્પષ્ટ રીતે આવી જતો હતો.

તેણે હવે ભીમદેવને કહ્યું : 'મહારાજ ! તમે જોયું ? આ દેવનતિકા એ કોઈ સાધારણ સ્ત્રી નથી. એ તો દિગ્વિજયનાં સ્વપ્નાં જોનારી સ્ત્રી છે. એ ભગવાન સોમનાથની સાથે પ્રેમગોષ્ઠિ કરનારી અદ્ભુત રમણી છે. મહારાજ, આ ગર્જનકને હાંકી કાઢે, દિશાઓ પ્રત્યે નજર માંડે, ચક્રવર્તીપદ મેળવે, ભગવાન સોમનાથની ફરી પ્રતિષ્ઠા કરે, ત્યારે સેંકડો અને હજારો માણસની મેદની વચ્ચે આ દેવનતિકા એનું છેલ્લું નૃત્ય કરે.

'અને એ છેલ્લું નૃત્ય કરે ત્યારે પોતાના દેવ સ્વામીને ચરણે પડીને, ફરીને એ દેવમાંથી માનવ થવાનો ક્રમ સ્વીકારે. ત્યારે એ મહારાજાના પ્રેમને પિછાને.

'તે પહેલાં તો એની સાથે પ્રેમવાત પણ ન હોય. એણે મૌનમાં જ ન સમજાવ્યું કે એ તો દેવની છે ? ને દેવની જ રહેવાની છે ?'

'પણ હું એનું મન તો જાણું દામોદર ! એને શું કહેવાનું છે ?'

નતિકાની વાણી નૃત્ય, મહારાજ ! એ જો આપણે ન સમજ્યા હોઈએ તો સમજ્યા નથી એમ કહેવું, એટલે ગમારમાં ખપવું, આ નતિકાની આંખમાં એક હજાર ભાષા રહે છે, મહારાજે એ ન જોયું ? જેને નૃત્ય વર્યું છે, તે શબ્દને મહત્વ આપે ? એ કાંઈ નહિ બોલે.'

'પણ દામોદર ! તો તો ભૈ ચૌલાને ભારે અન્યાય થાય. તેં નવઘણજીને શું કહ્યું છે ?'

'પ્રભુ ! હવે એ વાત આપણે અત્યારે દાટી દઈ એ છીએ. મેં ભલે ગમે તે કહ્યું હોય, તમે કાંઈ કહ્યું છે ? દેવનતિકાને તમે કહેવા જશો. ઘટસ્ફોટ કરશો, એમાં તમે વાતનું વતેસર કરશો, એ તો પછી જોઈ લેવાશે, એમ જ રાખો. હજી તો કાર્યક્રમ ઘણો લાંબો છે. આપણે પહેલાં તો ગર્જનકને સંભાળવાનો છે. તમે શું નિર્ણય કરો છો, મહારાજ ? પહેલાં એ વાત કરો.'

'હું ? હું ને રા' નવઘણજી, સિંધને રસ્તે ઊપડવાના. ત્યાં ગર્જનકના સેનના પાછલા ભાગને દબાવતા રહીશું. રા' એ એ રસ્તો જોયો છે. જ્યાં બચ્છવ રાવળ ટોડો બાંધે, ત્યાં છેવટે અમારે પહોંચી જવું આ વસ્તુ બરાબર લાગે છે ?'

'એ તો બરાબર છે, થયું ત્યારે, હવે આપણે જયપાલને કહેવરાવવું પડશે. આ ત્રણ જણા કયે રસ્તે એને મળે ? મઠપતિજીને પણ આપણે મળી લઈએ. એમને મઠપતિજી આશીર્વાદ આપે.'

થોડી વાર પછી દામોદર અને ભીમદેવ મહારાજ મઠપતિજીને મળવા ગયા. પોતાના ભગ્ન મંદિરમાંથી ત્રણ-ત્રણ વીરભદ્રો બહાર પડ્યા, એ વાત સાંભળીને મઠપતિજી તો ગળગળા થઈ ગયા. પછી દામોદરે જ્યારે એમની સમક્ષ ધૂર્જટિનો સંકલ્પ વર્ણવ્યો, ત્યારે તો એ સાંભળી જ રહ્યા. એમને લાગ્યું કે એ માણસ ન હતો દેવગણ હતો. ભગવાન સોમનાથે પોતે જ આ પ્રેરણા આ દેવગણને મોકલી હોવી જોઈએ.

દેવનતિકા પ્રત્યેનો એનો વિરોધ તો ક્યારનો શમી ગયો હતો. નવા મંદિરની પ્રતિષ્ઠા -મહોત્સવનો વખત આવ્યે, એ વિષે વધુ વિચાર થશે, એવો રસ્તો એમણે કાઢ્યો હતો.

દામોદરે ત્રણ વીર વિદાયની વાત કાઢી, જયપાલને એ મળે અથવા જયપાલ કહે તેમ આસપાસ રહે. મઠપતિજી વિદાયની વાત આવતાં ગંભીર થઈ ગયા. તે પોતે એમને વળાવા જવા તૈયાર થયા. પણ એમાં મફતની વાત ચર્ચાઈ જાય. એટલે એ વિચાર છેવટે માંડી વાળ્યો.

ત્યાં ભીમદેવ મહારાજે કહ્યું : 'હું એમને વિદાય દેવા જઈશ, ગુરુજી ! મારો એ રસ્તો પણ છે !'

'અત્યારે તો એ દેવનતિકાને મૂકવા જવા ઊપડવાના હશે, ધ્રુબાંગ અને ધિજ્જટ. એમને તૈયારીનો વખત પણ જોઈશે. એટલે આપણે આપણા થાનકે જઈને પછી પાછા આવીએ. ધિજ્જટ કહેતો હતો કે એકાદ બે દિવસમાં એ સાંઢણીની તપાસ માંડશે !'

'દામોદર ! એમને સાંઢણી રા'ની પોતાની આપવાની. બીજી ન હોય. એમને ખેડવાનાં રણ જેવાં

તેવાં નથી. રા'ની પોતાની સાંઢણી.'
'કોણ રાણકી ? અરે મહારાજ !... રા'...
રા' ના નહિ પાડે. આ વાત સાંભળીને એની છાતી ગજ ગજ ઊંચી આવશે. એ તો વીરોનો વીર છે. આપણે પોતે વેણ નાખીશું.'
'ભલે તો આપણે રા'ને વાત કરીશું. ને પછી આંહીં આવીશું.
રા, ને હું દુર્લભસેન મહારાજનું પતાવવા જઈશું.'
'પણ એમાં રા'નું કામ છે. દામોદર ?'
'એ આપણે રસ્તામાં સમજીશું. પહેલા ધિજ્જટ - ધ્રુબાંગને મળી લઈએ.'
દામોદર ને મહારાજ મઠપતિને પ્રણમી, ધિજ્જટ - ધ્રુબાંગની શોધમાં નીકળ્યા.
એક ઝાડ પાસે એ સાંઢણી લઈને ઊભા હતા.
મહારાજને આવેલા જોઈને એ આગળ આવ્યા. મહારાજે બંનેના ખભા ઉપર પ્રેમથી હાથ મૂક્યો.
'ધ્રુબાંગજી ! તમે સાંઢણી ક્યાંય નજરમાં રાખી છે ?'
'એક છે. મહારાજ !' ધ્રુબાંગ બોલ્યો.
'તમારે મહા રણ ખેડવાં છે, ધ્રુબાંગજી ! એક છે એમ નહિ, રા' નવઘણની રાણકીને તોલે છે ?'
'રાણકીને તોલે કોઈ ન આવે પ્રભુ ! પણ એ તો રા' નવઘણજીની છે !'
'થયું ત્યારે દામોદર ! તમે ધ્રુબાંગજી ! તપાસ કરજો. અમે પણ તપાસમાં છીએ. તમે જ્યારે હમીરના સેનને દોરતા હશો, ત્યારે અમે, હું અને રા' નવઘણજી, પાછળના કોઈ ને કોઈ ભાગને દબાવતા રહીશું. હવે અમે પાછા આવીને તમને મળીશું, ત્યારે બધી વાત નક્કી થઈ જશે. ધિજ્જટજી તો એક શબ્દ બોલ્યા નથી...' મહારાજે કહ્યું.
'આમાં બોલાવાપણું શું છે, મહારાજ ? ભગવાનની આજ્ઞા થઈ છે, આપણે ઉઠાવવાની છે, અમે દેવનતિકાને પહોંચાડીને, ગયા નથી તેમ પાછા આંહીં આવી ગયા હોઈશું. રણપંખણી પણ એક-બે દીમાં દેખાશે.
ભીમદેવ મહારાજ કાંઈ બોલ્યા મહિ. દૂરથી આવતો સોનેરી ઘૂઘરીઓનો રણકાર સંભળાયો. અને દામોદરે મહારાજના ખભા ઉપર હાથ મૂક્યો.
મહારાજ સમજી ગયા. તરત રાજા અને મંત્રી અંધારામાં સરી ગયા.
પંડિત ધૂર્જટિને મળી થોડી વારમાં પોતે પણ ઘોડા ઉપર નીકળી ગયા. રસ્તે ચાલતાં મહારાજને પેલી દામોદરની વાત સાંભરી આવી. તેણે દામોદરને કહ્યું : 'દામોદર ! તું શું કહેતો હતો ? રા' ને સાથે લઈને જ દુર્લભસેન મહારાજને ત્યાં શા માટે જવાનું છે ?'
'જુઓ મહારાજ ! સાવચેત રહેવું હોય તો માણસને અરધો જ ડાહ્યો સમજવો. એનો અરધો ભાગ તો ભાગ્યે જ ગાંડો મટે છે.'
'એટલે ?'
'એટલે એમ કે દુર્લભસેન મહારાજ પણ, માણસ છે. મહા વિરક્ત છે. પણ વખત છે, એમને હવે છોડેલી વસ્તુનો મોહ જાગ્યો હોય તો ? રા' જેવો કોઈક ભેગો હોય તો સારું.'
'કેમ ?'
'એક તો એ મને ઉતેજન આપશે. બીજું દુર્લભસેન મહારાજને ખાતરી થશે કે રા' એની સામે પડે તેમ નથી. એટલે પોતાના મોહમાં વસ્તુ પાછી લેવાનો નિર્ણય કરતાં પાછા ન હઠે. આપણે તો એમનો સ્વીકાર આમ કે તેમ જોઈએ છે, અને ત્રીજું કારણ તો તમને કહેવા જેવું નથી.'
'ના ના, તોપણ ?'

'ના મહારાજ ! એ વાત જવા ધો.'
'ના, પણ બોલ તો ખરો. હું કાંઈ જ નહિ બોલું.'
'મહારાજ ! તમને બે વનરાજને ભેગા રેઢા મૂકવા, એ જેવું તેવું જોખમ નથી. હજી તમે ક્યારે ક્યાં ખાબકી પડશો, એ મારે મન કોયડો જ છે. એટલે પણ રા' મારી ભેગા સારા. વળી એ પોતે પણ આપણાં સાથમાં હોય તે સારું !'
દામોદરની દીર્ઘદૃષ્ટિ ુપર ભીમદેવ વિચાર કરી રહ્યો. એણે મનથી તો એને પોતાનો મહાઅમાત્ય બનાવી પણ દીધો.
દામોદર અને ભીમદેવ ઝડપથી આગળ વધ્યા.
એ જ્યારે પોતાને થાનકે પહોંચ્યા, ત્યારે હજી અંધારું હતું. પોતાને કોઈ ન દેખે તે પહેલાં જ એ સ્થિર થઈ જવા માગતા હતા.
દામોદર મનમાં ને મનમાં ભગવાન સોમનાથનો ઉપકાર માની રહ્યો હતો. એ જ્યારે આંહીંથી નીકળ્યો, ત્યારે પોતાની યોજના ઊંધી વળવાનો મહા ત્રાસ એને સતાવી રહ્યો હતો. પણ પાછા આવતાં આખી વાત બદલાઈ જતી હતી. હજી એના મનમાં એક વાત હતી. દુર્લભસેન મહારાજ રાજ સ્વીકારવા તૈયાર થાય, તો એ વાત સુલતાનની છાવણીમાં કહેવા કોણ જાય ? જયપાલે કાંઈક વિશ્વાસ સંપાદન કર્યો હતો તે ખરું. એણે જ સમાચાર મોકલ્યા હતા કે ગર્જનકને હવે જવાની તાલાવેલી થઈ છે. એની છાવણીનો મતભેદ ઉગ્ર થતો જાય છે. એ તો ઇષ્ટાપતિ હતી. પણ એટલે જ હવે તત્કાળ, કોઈએ રાજ સ્વીકારની, અને નામના પણ ખંડિયા બનીને હમ્મીરના સર્વોપરીપણાની, એને જલ્દી ખાતરી આપી દેવી જોઈએ.
દામોદર વિચાર કરી રહ્યો : જયપાલ હતો. પણ હવે એ કામ બીજો ઉપાડે તો ઠીક. એ કામ કોને સોંપવું ? એની નજરમાં કોઈ આવતો ન હતો.
એને સાંભર્યું : 'કુમારપાલજી એ કરે. ન કરે ?'
વૃદ્ધ કિલ્લેપતિની ખુમારી એ જાણતો હતો. પણ કોઈ અતિ અગત્યના માણસ દ્વારા વાત જાય તો જ હમીરને વધુ વિશ્વાસ બેસે. દામોદરને લાગ્યું કે આ કામને માટે કુમારપાલ જ યોગ્ય છે. તે એક વખત એને મળવા ગયો. પણ વૃદ્ધ ડોસો જે રીતે મહારાજ ભીમદેવની પડખે હજી પણ રેતરણમાં ઘૂમવા જવાની વાત કરતો હતો, તે રીત જોતાં દામોદરને લાગ્યું કે પોતે વાત પ્રગટ કરશે ને ડોસો રાતોપીળો થઈ જશે. વખતે એકલો અચાનક ઘૂમવા નીકળી પડશે.
વધારે યોગ્ય સમયની રાજ જોવામાં થોડો વખત કાઢવાનું, એને ઠીક લાગ્યું.
રા' નવઘણના આવવાની એ રાહ જોવા લાગ્યો. તે વખતે ધિજ્જટ - ધ્રુબાંગની વાત થતાં રા' ડોલી જશે. કુમારપાલને પણ એ વાતની અસર થયા વિના નહિ રહે. ડોસાને ત્યારે મનાવી શકાશે, એમ દામોદરને લાગ્યું.
એને તો હવે એક એક પળ જતી હતી તે વસમી લાગતી હતી.
એવામાં એક દિવસ વહેલીપ્રભાતે એને સોનેરી ઘૂઘરમાળાનો અવાજ જૂનાગઢની દિશામાંથી આવતો સંભળાયો.
એ આનંદી ઊઠ્યો. રા' નવઘણ વચન પ્રમાણે આવી ચડ્યો હતો.

Chapter 24

રા' અને મહામંત્રી

રા' નવઘણ આવ્યો. દામોદર એની જ રાહ જોતો હતો. રા' કોણ જાણે કેમ ઉત્સાહમાં લાગ્યો. એનું સાંઢણીદળ ઠીક તૈયાર થઈ ગયું હોવું જોઈએ. એના મનમાં તો એક જ વાત બેઠી હોય. પોતે સિંધનાં રણ ખેડે. એ રણજોદ્ધાને રસ, રણનો હતો. એણે દામોદરને ખંડમાં બેઠા, કે તરત

કહ્યું : 'મહામંત્રીરાજ ! હું ઉતાવળો આવી ગયો, એટલા માટે કે, વાત ખીલે બંધાઈ જાય. આપણે વિદાય થઈએ. અમારું ત્યાંનું સાંઢણીદળ તમે જોશો, અને તમારી છાતી ગજ ગજ ઊંચી આવશે. શું નામી સાંઢણીઓ આવી રહી છે ! એક જુઓ ને એક ભૂલો. ભગવાન સોમનાથ પ્રત્યેની અપાર લોકશ્રદ્ધાનું એ ફળ છે. અને હજી તો આવી જ રહી છે. એક હજી આવવાની છે, એ જ્યારે આવશે ત્યાર પછી કોઈની દેન નથી કે, ઝડપમાં અમને પહોંચે. હવે અમારે બહુ ખોટી થાવું પડે, એ ઠીક નથી. આપણે મહારાજની રજા લેવા જઈએ.
'જઈએ ભલે. પણ તમારી સાંઢણી ક્યાંથી આવવાની છે રા' ?' દામોદરને પોતાની વાત રજૂ કરવાની હતી. એટલે એણે ધીમેથી શરૂઆત કરી.
'સાંઢણી આવશે નાઘેર પંથકમાંથી, પ્રભુ ! રણપંખણી નામ પ્રમાણે જ એનું કામ. રણમાં જાણે પંખી ઊડ્યું એમ જોઈ લ્યો. એ આવવાની છે !'
દામોદર ચમકી ગયો. એણે આ નામ સાંભળ્યું હતું. એને મનમાં ચટપટી થઈ. ત્યાં ધિજ્જટજી ને ધ્રુબાંગ પણ આના ઉપર જ મદાર માંડીને રહ્યા હતા. અને પોતે તો એમને રા'ની રાણકી લાવી દેવાનું કહીને આવ્યો હતો. એણે રા'ની પાસે વધુ વાત કઢાવી.
'પણ રાણકીને કોઈ ન પહોંચે, નવઘમજી !'
'રાણકીને કાંઈ કોઈ ટપે ?' રા' નવઘણે અભિમાનથી ઉત્સાહમાં આવી જઈને કહ્યું. 'એ તો નવસોરઠનો પ્રાણ છે, પ્રભુ ? એ હઇને તો જૂનાગઢનો કિલ્લો છે ! અમારે પડવું નથી, પણ પાટણ સામે પડવું હોય, તો આ એક રાણકી ઉપર કાઠં ુ માંડ્યું, પછી તમતમારે પાટણનું બધું સેન મેદાનમાં ઉતારો ને !' રા' મોટેથી નિખાલસપણે નાના છોકરા જેવા ઉત્સાહથી હસી પડ્યો, 'તમે ઘોડો લઈ લીધો પણ હજી આ સાંઢણી છે !'
'પણ હવે તમારે પાટણ ઉપર કટક લાવવાપણું રહ્યું છે જ ક્યાં ? તમે તો પાટણમાં ભળી ગયા છો. આવડો મોટો તમે ભોગ આપ્યો છે એ કાંઈ અમસ્તો ? અમને ક્યાં ખબર નથી ? અમે તમારો કિલ્લો માગ્યો હતો, ઘોડો નહિ. પણ તમે ને પાટણ જુદાં હો તો દખધોખો ઊભો થાય. તમારું મનદુઃખ એ અમારું પહેલું મનદુઃખ !'
'મનદુઃખ તો એમાં શું પ્રભુ ! ઘોડાને રાખ્યો એ આજ લેખે લાગ્યું. ભગવાન સોમનાથને એ સમર્પણ થઈ ગયો. એના કરતાં બીજી કોઈ મોટી વાત થવાની હતી ? એ તો થઈ ગયું. જયપાલને હવે તો પહોંચી પણ ગયો હશે.'
'એવું છે રા' ! આપણે આ કર્યું ન હોત તો જયપાલ ઉપર કોઈને વિશ્વાસ બેસત નહિ. તમે તમારા ઘરમાંથી કોક અણમોલ રતન કાઢીને આપો, તો તમારો કોઈક ભરોસો કરે. આપણી આ વાત એવી હતી. હવે આપણી વાત ખીલે બંધાવાની !'
'એ તમે હવે બાંધી લ્યો મંત્રીરાજ ? એટલે બીજું કાંઈ નહિ અમે છુટા તો થાઈએ. પછી અમારું મન હાથ રહે ન રહે !'
રા' લડાઈના જ ધૂનભર્યાં ઉલ્લાસમાં લાગ્યો. દામોદરને લાગ્યું કે આ રણજોદ્ધાએ પોતાનું પંદરસો સાંઢણીદળ દીઠું છે, એનો આ બધો નશો લાગે છે !
રા' ની બેપરવાઈ ભરેલી શૂરવીરતાને વખાણવી કે વખોડવી એ એને સમજાણું નહિ. હજી આ બધા એકલજોદ્ધાઓ રણમાં મરી ખૂટવાની ખુમારીમાંથી ઊંચા આવતા જ ન હતા ! એનો ભીમદેવ પણ આ જ પંથનો હતો. રા' એ શોધ્યો છે જમાઈ, કેસર મકવાણો, એ પણ આ જ પંથનો. ચૌહાણ આ પંથના. આ બધી ગાંડી શૂરવીરતાઓને ગુપ્ત મહારાજ્યનો ચક્રવર્તી પંથ બતાવવો, એ આકાશમાંથી તારા લાવવા જેવું અઘરું કામ હતું. અત્યારે તો દામોદરે રા'ના ઉલ્લાસમાં ઉલ્લાસ પ્રેર્યો.
'રા' નવઘમજી ! કહો ન કહો, પણ તમે આજે કાંઈક મોજમાં છો. કોઈ દસોંદીએ કવિતાની

લાણ આપી છે કે શું છે ? કે કોઈ ચારણ-બારોટને લાખપસાવ આપીને આવ્યા છો ? તો મહારાજને વાત કરીએ !'
'ભૈ ! મંત્રીરાજ ! તમારા રાજમાં લાખપસાવ આપવા જેવું તો કોઈ પરાક્રમ હવે ક્યાં થાય તેવું છે ? પણ હું તો સાંઢણીદળના વિચારે મોજમાં આવી ગયો છું !' ભોળિયા રા' એ મનની વાત કહી નાખી.
'ત્યારે એમ કહો ને ! તમારા એ મોજના સમુંદરને હું પણ એક નવો રંગ આપું, રા' નવઘણજી ! ભગવાન સોમનાથે કોણ જાણે કેવી નીલગર વિજયા આંહીં મોકલી છે, પણ તમે વાત સાંભળશો ને ડોલી જશો.'
'શું થયું છે પ્રભુ ? કાંઈ નવા જુદ્ધના સમાચાર આવ્યા છે ?'
દામોદર હસી પડ્યો : 'તમે તો રા' નવઘણજી ! જુદ્ધ સિવાય બીજું કાંઈ દેખતા જ નથી.'
'બીજું હવે મારે ગલઢેગઢપણ શું દેખવાનું હોય, પ્રભુ ? હવે તો જુદ્ધ દેખતો દેખતો ચાલ્યોજાયઉં એટલે બસ, ગંગ નાયો.'
'પણ આ તો મહા જુદ્ધના યોદ્ધાઓ પણ બે ઘડી ડોલી જાય એવી વાત બની ગઈ છે, રા' આવી છે તમારે ત્યાંથી જ. જૂનાગઢના ભૈરવી ખડક વિના બીજે ક્યાં એનો જનમ હોય ?'
'અમારે ત્યાંથી આવી છે ?' રા' વિચારમાં પડી ગયો. તે કાંઈક સંભારતો લાગ્યો. તેને કાંઈ સમજણ પડી નહિ.
'મેં તો કાંઈ સાંભળ્યું નથી, શું વાત છે પ્રભુ ?'
----
* ભાંગ
'તમે સાંભળશો ને ડોલી જશો. તમને થઈ જશે કે લાખપસાવ શું, કિલ્લો પણ શું, અરે ખુદ રાણકીની ન્યોછાવરી કરી નાખીએ તો પણ આવતી કદરદાનીમાં ઓછું પડે. ભગવાન સોમનાથની મોકલેલી પ્રેરણા વિના આવી વાત જન્મે જ નહિ ને.'
રા' કાંઈક સંભારી રહ્યો, પણ એને દામોદરની વાતમાં કાંઈ સમજણ પડી નહિ. કોઈ વાત હમણાં બની હોય તેવું એણે જાણ્યું ન હતું.
'કાંઈ સમજાતું નથી મંત્રીજી !' તે બે હાથ જોડી બોલ્યો.
'નવઘણજી ! આપણે ક્યાં જવાનું છે, કહો !'
'કેમ વળી ? દુર્લંભસેન મહારાજને મળવા.'
'પણ શું કરવા એ તો તમે જોણો છો નાં ?'
'તમે કહ્યું તેટલું જાણું છું હમીરને સિધને રસ્તે પાછો વાળી દેવામાં એમની મદદ લેવાની છે."થયું ત્યારે. તમે સમજ્યા છો તે બરાબર છે.'
રા' આતુરતાથી દામોદરની સામે જોઈ રહ્યો. પણ દામોદર તો ધીમે ધીમે જ વાત ઉખેળવા માગતો હતો.
'એવું છે રા' નવઘણજી ! સિધને માર્ગેં સુલતાન પાછો તો ફરે. એ હવે પાછો ફરી જવા માગે પણ છે. એટલે કોઈક પણ પાટણનો રાજવંશી એની સતા સ્વીકારશે કે તરત એ ઊપડી જશે. આ વાત છે. પણ એને મોટામાં મોટી ચિતા સિધના મારગની છે. એ માર્ગેં એને દોરનાર કોણ ? એ મારગનો છેક સુધીનો ભોમિયો કોણ ? પોતે તો આ બાજુ પહેલવહેલો જ આવ્યો છે. આવતાં તો દોડતા આવવાનું હતું. પણ હવે અઢળક ધન કમાણો છે. લૂંટના માલનો કોઈ પાર નથી. આડે કોઈએ વિઘન ઊભું કર્યું હોય, તે તરફ જાય તેમ નથી...'
રા' ઊંચોનીચો થવા માંડ્યો.
આ બધી વાત થઈ ગઈ હતી. પણ જે વાત દામોદર કહેવાનો હતો, તે તો હજી આવતી જ ન

હતી.
દામોદર રા'ની અધીરતા કળી ગયો. તેણે ત્વરા કરી.
'સિંધનાં એ રણનાં અફાટ મેદાનો એને મૂંઝવી રહ્યાં છે. એને ભોમિયાની જરૂર છે, એ ક્યાં મળે ? આપણે પણ કોઈ ભોમિયાની શોધમાં હતા, એ તમે જાણો છો. ભોમિયા મળે, તો એને ધરપત થાય. એ એને રણરેતમાં દોરે !'
'હા....' રા' નવઘણના દિલમાં ધ્રાસકો પડી ગયો. ને નવો પ્રકાશ પણ આવી ગયો. દામોદર મહામંત્રીની વાતની કડી સમજતાં એ ઊંડો ઊતરી ગયો. આ ભયંકર માર્ગે, ભોમિયા તરીકે જનારા માણસોની છાતીની કલ્પના કરતાં, એ પોતે પણ ધ્રૂજી ગયો. સાંઢણી ઉપરની દોડ તો એના પ્રમાણમાં છોકરાની રમત જેવી લાગી. દામોદરે એની કલ્પનાને વધારે ઉત્તેજી : 'પણ એવા મરજીવા કાંઈ રેઢા પડ્યા છે રા' ? એવા માતાના બત્રીસ લક્ષણા કાંઈ ઘેર ઘેર પાકે છે ? એવા નરપુંગવોના કાંઈ ફાલ આવે છે ?' પણ ભગવાન સોમનાથે પ્રેરણા મોકલી, અને એક નહિ, બે નહિ, પણ ત્રણ ત્રણ વીરભદ્રો, આ કામ માટે મળી આવ્યા.
'હેં ! શું કહો છો ?' રા' અરધો ઊભા જેવો થઈ ગયો. 'મળી આવ્યા ? ખરેખર ? કોણ છે એ બત્રીસલક્ષણા ? કોની કૂખમાં આવાં અણમોલ રતન પાક્યાં ?'
'ભૈરવી ખડકમાંથી ઊભા થયેલા છે, નવઘણજી !'
'કોણ છે પ્રભુ ! કોણ છે ? ક્યાંના છે ?' દામોદર વાતને ખીલે બાંધી લેવા માગતો હતો. તે ધીમેધીમે જ વાતને ઉખેળતો ગયો : 'રા' ! નવઘણજી ! આ ગર્જનકને સોમનાથના ક્ષેત્રમાંથી હાંકી કાઢવાનો જશ તમારે ત્યાં આવે છે. જેવી અદ્ભુત તમારી રાણકી છે, તેવા અદ્ભુત આ નરોતમો છે. એમને રણરેતના મહાસાગરમાં જવા દેવા, અને ભાગી છૂટવાના આધાર વિના, સેંકડો અને હજારો દુશ્મનોની વચ્ચે ટુકડે ટુકડા થઈ જતા કલ્પવા....' દામોદરનો કંઠ ઘડીભર રૂંધાઈ ગયો. તે થોડી વાર થોભી ગયો.
રા' નવઘણજી ! એ કલ્પના મારા મગજમાં આવે છે, અને દેહ આખો વેદનાથી બળી ઊઠે છે. ત્યાં રણમાં એમને કાંઈક આધાર જેવું લાગે એવું મારે એમને સબળમાં સબળ એક સાધન આપવું છે, પણ સાધન મળતું નથી.'
'શું સાધન આપવું છે પ્રભુ ? શું આપવાનું છે ? શું મળતું નથી ? આવા મરજીવાને આપવાનું નહિ મળે તો તો થઈ રહ્યું ! તો તો દેશ રંડાઈ ગયો. હું લાવી આપું, જે જોઈતું હોય તે બોલો !"તમે તો છો જ, પણ એવું છે નવઘણજી ! આ તો જાણે મારી કલ્પના છે. પણ હમ્મીરના સેનને આ આડે માર્ગે દોરનારા ત્યાં જાય....
'પણ પ્રભુ ! એ છે કોણ એ તો કહો !' રા'એ ઉતાવળે વચ્ચે જ કહ્યું, એને બાળકની પેઠે નામ જાણવાની તાલાવેલી લાગી હતી.
'મેં તમને ન કહ્યું રા' ? ગિરનારના ભૈરવી ખડકમાંથી ભગવાન સોમનાથે પોતે એમને ઘડીને મોકલ્યા છે. જે હોય તે !'
રા' ને તૃપ્તિ થઈ નહિ, એ ઊલટાનો વધારે ઉત્સુક બની ગયો.
'હં.... પછી ? તમે શું કહી રહ્યા હતા, પ્રભુ ? સાધન જોઈએ છે. એની વાત હતી, શું સાધન જોઈએ ?'
'હા આપણે આ મરજીવાને ત્યાં મોકલીએ. એ ત્યાં જાય. સેનને દોરે. નપાણીઆ રેતરણમાં, ભયંકર વાવંટોળમાં, ભીષણ આગમાં, હાડ બાળી નાખે એવી ભોમાં. પણ આ સેન ખોટે મારગે ચડ્યું એમ હમ્મીર જાણે, ત્યારે હમ્મીર શું કરે ? કલ્પના કરો, હમ્મીર શું કરે !'
'હમ્મીર ભોમિયાના રાઈ રાઈ જેવડા ટુકડા ખરી નાખે.'
'આ.... હા.... એ કેમ જોયું જાય રા' નવઘણજી ! જાણ્યા છતાં આપણે આ થવા દેવું એમ ?

એ મરજીવા ત્યાંથી પણ હાથતાળી દઈને ભાગી નીકળી શકે, ત્યાં રણરેતમાં પણ કાંઈક નવું કરી બતાવી શકે, ત્યાં ગર્જનકની ત્રીસ હજાર સાંઢણી મોં વકાસીને જોતી રહે, ને એ હાથતાળી દેતા ઊડી જાય, એવું સાધન એમને આપવું છે. એ ક્યાંય મળતું નથી. ભોમિયા બનનારા એ જેવા તેવા નરપુંગવો નથી. એ તો મા પાર્વતીના દ્વારપાલો છે. એ જ ભગવાન શંકરના સાચા ગણો છે... તમારી રણપંખણી આપવાની છે, હું કહું છું. આપણે એ એમને આપીએ, તો સુલતાનની ત્રીસે હજાર સાંઢણી ફીંફાં ખાંડે. અને કદાચ.... અને કદાચ.... ભગવાન સાથે ાપે તો એ ભાગી છૂટે ! કામ કરીને પાછા આવી જાય ! આ માગણી છે રા' !'

રા' નવઘણ, આ એકલ લડાતા જુદ્ધની કલ્પના માત્રથી ઊંચો નીચે થઈ ગયો હતો. નરપુંગવોની સમર્પણકથાના રંગે એ રંગાઈ ગયો હતો. તેનો હાથ તલવાર ઉપર જ ગયો. તે અરધોપરધો બેઠા જેવો થઈ ગયો. તે ગોઠણભેર થઈ ગયો. 'મહેતા ! આ તો ભગવાન શંકરના ગણ શું... વીરભદ્રો પોતે જ આવ્યા છે એમ કહો ને ! એમને રણપંખણી શું, એમને તો મારી રાણકી આપું, તો પણ ઓછું. પણ એ બત્રીસા છે, કોણ ?'

'તમારા જ છે નવઘણજી ! ધ્રુબાંગજી ને ધિજ્જટજી ! તમારા જ છે ! બીજા કોઈ નથી.'

'હેં !' રા' નામ સાંભળતાં છક્ક થઈ ગયો. એ તૈયાર થયા છે ? આ ઉમ્મરે ? શું કહો છો ?'

'હા, નવઘણજી ! તમારા એ બે પ્રતાપી માણસોએ, છેવટનો રંગ રાખી દીધો છે. એ તૈયાર થયા છે. અને સાથે પેલા એક પંડિતજી છે.'

'પંડિતજી ? એ કોણ ?'

'પંડિતજી ધૂર્જટિજી !'

'અરે ! એ દૂધિયો બાળક ? શું કહો છો ? ત્યારે તો આ બધી વાતું, સોમનાથ ભગવાનની પોતાની મોકલેલી છે. તે વિના આમ થાય નહિ. મારો ગજ વાગે નહિ, ને વાત કળાઈ જાય, નકર મનમાં તો થાય છે કે હું પણ ભેગો ધોડ્યો જાઉં ! આ તો ભગવાનની મોકલેલી વાત છે !'

'મને પણ એમ જ લાગે છે.' દામોદર બોલ્યો : 'એટલે તો મેં તમને કહ્યું. પણ તમે ભેગા જાવ તો પછી સુલતાનના સેનમાં ખાબકે કોણ ? એટલે એવી વાત મનમાં લાવવાની હોય નહિ. તમે ક્યાં થોડું કર્યું છે ? તમે ઘોડો આપીને ભગવાનને ચરણે કિલ્લો મૂકીદીધો. સાંઢણી રામકી આપીને, રાજ આપી દીધું !'

'અને હજી આપવાનું બાકી છે. રણપંખણી ઉપર હું પોતે પણ ત્યાં હોઈશ - પ્રભુ ! રા' બોલ્યો. ભગવાન સોમનાથી ભક્તિની તલ્લીનતા એને દોરી રહી હતી. એના મોં પર તેજ આવી ગયું : 'મારે તો ત્યાં દેહ આપવાનો છે, આટલું આપ્યે શું વળે ?'

રા' મારા !' દામોદર પ્રીતિથી બોલ્યો : 'નવઘણજી ! તમારે અને મહારાજે તો હજારોનાં સેન દોરીને હમ્મીર સામે જવાનું છે. અત્યારે તો ઠીક, ગર્જનકને દાબતા પાછળ રહેશો, પણ મેં જે કહ્યું એ સ્વપ્નું નથી, નવઘણજી ! હું તો એ અત્યારે જ જોઈ રહ્યો છું. આપણી વાત મેળેમેળ ઊતરતી આવે છે. તેનો અર્થ જ એ છે. હવે ચાલો મહારાજની વિદાય લેવી હોય તો...'

Chapter 25

હમ્મીરને ત્યાં જવા માટે

રા' નવઘણ અને દામોદર બંને મહારાજ પાસે વિદાય લેવા માટે ગયા. તેમણે કુમારપાલને ત્યાં જ બેઠેલ જોયો. દામોદરને લાગ્યું કે કુમારપાલ સાથે વાત કરવાની આ ઠીક તક છે. શી રીતે વાત ઉપાડવી એનો જ એ વિચાર કરી રહ્યો.

રા'ને આવતો જોઈને મહારાજ બોલી ઊઠ્યા : 'નવઘણજી ! તમે ક્યારે હમણાં આવ્યા ?'

'આ હાલ્યો જ આવું છું, મહારાજ !' નવઘણે બે હાથ જોડ્યા.

ભીમદેવ મહારાજે દામોદરની સામે જોયું. ધિજ્જટ ધ્રુબાંગને માટે રાણકી મેળવવાની હતી. મહારાજના મનમાં એ વાત ઘોળાતી હતી. રા' આંહીં આવી ગયેલ છે, તો એ વાત પતાવી લેવી એવી કોઈ સૂચના મહારાજની નજરમાં દામોદરે વાંચી. પણ તેણે મહારાજને ઈશારતથી જ હમણાં આ વાત ન ઉખેળવાનું જણાવી દીધું. મહારાજ આગળ બોલતા અટકી ગયા.
રા' ત્યાં બેઠો. ડોસો કુમારપાલ આંહીં શા માટે બેઠો હશે, એ તો એની બેસવાની ઢબ ઉપરથી દમોદર કળી ગયો. કોઈ ઘાની અસર એના શરીરને થઈ ન હોય તેમ એ પોતાની પડખે લાંબી સમશેર રાખીને ત્યાં બેઠો હતો. મહારાજની સામે અચળ રાજભક્તિની દૃષ્ટિથી એ જોઈ રહ્યો હતો. એના મનમાં અનેક તરંગો ઊપડતા દામોદરે જોયા. પણ ડોસાને સુરત્રાણની છાવણીમાં મોકલવાનો હતો. વયોવૃદ્ધ રાજદ્વારી જવાબદાર વ્યક્તિ તરીકે, દુર્લભસેન મહારાજની વતી એ વાત કરવા જાય, એમાં જ ઓછામાં ઓછી શંકા પડે તેવું હતું. આ પણ કુમારપાલને અચાનક વાત કરવા જતાં વાત આડી ફાટે તેમ હતું. જયપાલ - કુમારપાલ વચ્ચે હજાર ગાડાંનું અંતર હતું.
દામોદરે મહારાજ સામે અર્થવાહી દૃષ્ટિથી જોયું, તેણે બે હાથ જોડીને કહ્યું : 'મહારાજ ! રા' નવઘણજી ને હું વિદાયની રજા લેવા માટે આવ્યા છીએ. રા'ને નવા સમાચાર મળ્યા છે. અમારે હવે શુક્લતીર્થ નહિ. પણ મંડલીગ્રામ જવાનું છે !'
'મંડલીગ્રામ ? ત્યાં શું છે ? શું સમાચાર છે નવઘણજી ?'
'એ તો મહારાજ ! પંચાસરનો વઢિયાર બાજુનો એક રબારી આ બાજુ આવી ચડ્યો હતો. એ ગીરમાં એના સગામાં જઈ રહ્યો હતો. એની સાથે સમાચાર આવ્યા કે સાધુ દેવશીલ મહારાજ મંડલીગ્રામમાં આવીને રહ્યા છે.'
મહારાજ ભીમદેવ વાત સાંભળીને વિચારમાં પડી ગયા, મંડલીગ્રામમાં* મહારાજ મૂલરાજદેવના સમયનું એક મંદિર હતું. મૂલેશ્વર મહાદેવનું. એ ધામ સોલંકીઓ માટે પવિત્રતાની અવધિ જેવું ગણાતું. ત્યાં મહારાજ મૂલરાજદેવ દર સોમવારે દર્શન કરવા જતા. નાના સરખા એ ધામ પ્રત્યે સોલંકી રાજાઓએ હંમેશાં સજીવન ભક્તિ બતાવી હતી, એ ધામ એ રીતે અનુપમ ગણાતું હતું, દુર્લભસેન મહારાજ એ તરફ આવ્યા, એ વાત સૂચક હતી. જીવનની અંતિમ પળોને, મહારાજ મૂલરાજદેવના ધામનો સ્પર્શ કરાવવા માટે જ એ આવ્યા હોય. મહારાજ ભીમદેવને સોલંકીઓની જીવનકથા યાદ આવી ગઈ. મંડલીગ્રામ પાટણની વધારે નજીક છે. એ સાંભરી આવ્યું ને એ બોલ્યા :
'પણ ત્યાં તો દામોદર ! ગર્જનકના માણસોની વધારે આવ-જા હશે, તેનું શું ? તમારું કામ કપરું બનશે.'
'એ તો છે જ મહારાજ ! પણ ત્યાં આગળ પંચાસર પાસે મોટો માલધારી કુંડધર રબારી પોતાનો વાડો નાખીને પડ્યો છે. આ રબારીએ જ વાત કરી. ગર્જનકના માણસોની એને ત્યાં વધુ અવર જવર છે.' રા'એ કહ્યું.
'કેમ ?' મહારાજ બોલ્યા.
'ભોમિયાની શોધમાં !' દામોદરે હાથ જોડીને કહ્યું, 'ગર્જનકને ત્યાં મતભેદ વધી પડ્યો છે. વળી એની બાજુ પણ કાંઈક સળગ્યું લાગે છે. આપણે જો ઉતાવળ કરીએ, તો એ ઉતાવળે ઊપડે. કુંડધર રબારીનો વાડો, આપણને ઠીક કામ લાગી જશે.'
----
* વીરમગામ પાસે માંડલને ગણાવવામાં આવે છે.
'આપણને ત્યાં શું કામ લાગે, દામોદર ?'
'મહારાજ ! આપણા આ ભોમિયાઓ એ પંથકમાં જ ફરતા રહે. જયપાલને આપણે કહેવરાવી

દઈશું, શોધ કરતાં કરતાં એમનો પતો લાગે એવું થાય તો એ વધારે ઠીક પડશે.'
કુમારપાલ જરાક સળવળ્યો. એણે તલવાર ઠીક કરીને મૂકી. એક બગાસું ખાધું. મહારાજ પ્રત્યે પ્રેમભક્તિથી એ જોઈ રહ્યો. ડોસાને એનો ભીમદેવ મહારાજ પાછો જોઈતો હતો. એણે દામોદર તરફ જરાક કતરાતી દૃષ્ટિએ જોયું, દામોદરે એનો ભીમદેવ ખોવરાવ્યો હતો.
'પણ દામોદર !' મહારાજે અચાનક વાતને નવો વળાંક આપ્યો : 'પેલી વાતનું શું ?'
'એ વાત મહારાજ ! ખીલે બંધાઈ ગઈ છે. રા' નવઘણની સોમનાથભક્તિ સોનાની નીકળી છે.'
ભીમદેવ મહારાજને એ જ જાણવું હતું. રાણકી વિષે. એને આનંદ થયો, તેણે રા' પ્રત્યે માનથી જોયું. રા'ને ઉત્સાહ આપતા હોય તેમ તે બોલ્યા : 'નવઘણજી ! અમે તમને આ વખતે લૂંટી જ લીધા છે હો ! તે પહેલાં દીકરો લીધો, અને હવે આ...' દકરી શબ્દનો અર્થ સમજાતાં ને એમાંથી ઉત્પન્ન થતા બીજા અર્થનો વિચાર કરતાં મહારાજ બોલતાં જ અટકી ગયા. પણ ત્યાં દામોદરે વાક્ય ઉપાડી લીધું.
'મહારાજ ! 'રા'એ ઘોડો આપ્યો, ત્યારે કિલ્લો આપ્યો હતો. આ સાંઢણી આપી, ત્યારે રાજ આપ્યું છે.'
'ખરું ગણો તો આપ્યું કાંઈ નથી, મહારાજ ! દેહ આપવાનો હતો, એ તો સાચવી રાખ્યો છે.'
'હાં, હવે જૂનાગઢના રા' બોલ્યા !' કુમારપાલ ડોસી તાનમાં આવી ગયો.
'કુમારપાલજી ! તમે આખી વાત જાણશો ને ભગવાન સોમનાથની ભક્તિ કરવાવાળા કેવા કેવા પડ્યા છે. એ સાંભળશો, ત્યારે તમારાં રોમેરોમ ખડાં થઈ જશે. તમે માંદા હતા, એટલે વાત તમારી જાણ બા'રી ગઈ હશે. રા'ના બે માણસ દ્વારપાલ બનીને ભગવાનને મંદિર બેઠા રહેતા, એ તો તમારા ધ્યાનમાં હશે ?'
'હોવે, એ ધ્યાનમાં નહિ હોય ?' કુમારપાલે કહ્યું, 'ક્યો પથ્થર ક્યાં પડ્યો છે એ પણ ધ્યાન બહારું ગયું નથી ને આ કાંઈ ધ્યાન બા'રું હોય ? એમ કાંઈ શાકમાં આખું કોળું હાલ્યું જાય ? એ બે વીર દ્વારપાલો ને એક હતો ત્રીજો...'
'પંડિતજી !' દામોદરે કહ્યું.
'હા, પંડિતજી પૂજારી મહારાજે દીકરો કરીને રાખ્યો હતો તે. શું છે એમનું ? દ્વારપાલ ધિજ્જટજી ને ધ્રુબાંગજી એ તો વીરગતિ પામ્યા છે, એમ સાંભળ્યું હતું !'
'ત્યારે એ વીરગતિ નથી પામ્યા, પણ ભગવાન સોમનાથના વીરભદ્ર બન્યા છે.'
કુમારપાલ કાંઈ સમજ્યો નહિ. તે વધારે જાણવા માટે દામોદરની સામે જોઈ રહ્યો.
'કિલ્લેપતિજી !' દામોદરે હવે વાત શરૂ કરી. 'ગર્જનક ઘા મારીને ભાગી ગયો. અને એને રાનરાન ને પાનપાન કરનારો કોઈ એક વીરલો પણ આંહીંથી નીકળ્યો નહિ, એવી વાત આપણી થાય, તો એમાં આપણું નાક કપાઈ જાય, એ તો તમે પણ જાણો છો.'
'એ તો હું જાણું છું, પણ કોઈ વીરલો નીકળ્યો નહિ એમ કેમ કહો છો ? હજી તો ગલઢો ગલઢો પણ મહારાજની સામે મીટ માંડીને હું બેઠો છું. આ જૂનાગઢના અમારા રા' હમણાં બોલ્યા, ન સાંભળ્યું ? તમતારે તમારી વેતરણ ગમે તે કરો ને મંત્રીજી ! અમારા દેહ તો ભગવાન સોમનાથ માટે પડવાના જ છે ! કેમ કહો છો કે કોઈ ન નીકળ્યો ?'
'કુમારપાલજી ! આ વાત તો અદ્ભુત છે, સાંભળવા જેવી છે.' મહારાજ બોલ્યા.
'હા બોલો મંત્રીશ્વર ! તમે શું કહ્યું ? એ વીરભદ્ર બની ગયા છે ? એ તો બને જ નાં ? મારા એક હાથમાં તલવાર હતી. એ તો બબ્બે તલવાર ઘૂમી રહ્યા હતા. મેં સગી આંખે દીઠા છે ને !'
કુમારપાલના વૃદ્ધ વીરત્વને દામોદર મનમાં પ્રશંસી રહ્યો. તે મોટેથી બોલ્યો : 'કુમારપાલજી ! આખી વાત સાંભળો, પછી તમને લાગશે કે આ તો હદ થઈ ગઈ છે ! તમને થઈ જશે, આવી ભક્તિ ? ભગવાન સોમનાથની પડખેથી ઊભા થઈને દેવી પાર્વતીએ વિજયનો કુંભ સ્વહસ્તે

આપ્યો હોય, તો જ આ વાત બને !'
કુમારપાલ હવે એક નજર થઈ ગયો. તે દામોદરને બોલતાં સાંભળી રહ્યો. દામોદર આગળ બોલ્યો : 'એવું છે કુમારપાલજી ! જયપાળને આપણે મોકલ્યા છે તે તમે જાણો છો. અમે જવાના છીએ, હવે તો મંડલીગ્રામ, એ પણ તમે જાણો છો. શા માટે એ પણ તમે જાણો છો. પણ તમે જાણતા નથી તે આ કે, આ બંને વીરભદ્રોએ એવું શું કામ માથે લીધું છે કે રા' નવઘણજી જેવા પોતાની રાણકી એમને માટે કાઢી આપે છે ?'
'રાણકી ?' કુમારપાલ પણ રાણકીનું નામ આવતાં ચમકી ગયો. રા'ની રાણકી એટલે રા'નું રાજ. રા' પોતે એ કોઈને દોરીને આપે ત્યારે વાત જેવી તેવી ન હોય. 'રાણકી આપે છે રા' ?'
'ત્યારે એ જ વાત છે, કુમારપાલજી ! તમે ભારત સાંભળ્યું છે, અભિમન્યુના કોઠા સાંભળ્યા છે. પણ અભિમન્યુ તો જુવાન જોદ્ધો હતો. એનું જીવન ગુલાબી આશાઓથી ચમકતું હતું. એની પડખે ભારતનો મહાન ગદાધર હતો. એને મા હતી. બાપ હતો. એને સ્વજનો પડખે ઊભા હતા, પણ આ તો એક એવી વાત છે કે સાંભળતાં તમે છક્ક થઈ જશો...'
કુમારપાલ સાંભળી જ રહ્યો. બોલવાનું હવે એને મન થાય તેવું ન હતું, દામોદરની વાતમાં એને કાંઈનું કાંઈ હોવાનું લાગતું હતું.
'આ તમારા બે દ્વારપાલો, ધિજ્જટજી, ધ્રુબાંગજી અને ત્રીજા પૂજારીના પુત્ર પંડિત ધૂર્જટિજી. એ ત્રણ જણા જો આવે નહિ, તો અમારી બધી વાત ફોક થઈ જતી હતી. સુલતાન આંહીંથી હમણાં ખસવાનું જ માંડી વાળે, ગઢબીટલીવાળા કાં થાકીને વેરાઈ જાય ત્યારે ખસે. કાં પાટણમાં જ ધામા નાખે. ત્યાંનું સંભાળવા શાહજાદાને એકને મોકલી દે. આમ પણ બને. કેમ બને ને કેમ ન બને, એ બધાં આપણાં અનુમાન હોય, તો પણ સુલતાન આંહીં વાસ લંબાવતો જાય છે. એને આંહીં રહેવાનું ગમી ગયું છે, એ વાત તો સાચી થતી જણાય છે. એટલે મને જેવી આવડી તેવી યોજના મેં કરી. તમે એ જાણી છે. પણ એમાં એક ખરી કડી જ ખૂટતી હતી. ગર્જનક પાછો ફરે, તો એવા ભોમિયા ક્યાં ? ભોમિયા વિના જોજનોના વિસ્તારના નપાણિયા રણમાં એ જાય ખરો ? ને તે પણ કરોડોનાં સોનાં-રૂપાં લઈને ?'
'ના. એ તો ન જાય.'
'ત્યારે કુમારપાલજી ? આ ત્રણ વીરભદ્રોએ સંકલ્પ કર્યો. પોતાના મનથી કોઈની વિનતી વિના સંકલ્પ કર્યો, કે આપણે જ હમ્મીરના ભોમિયા થવા બહાર પડવું !'
'હેં ? ભોમિયા થવા બહાર પડવું ? એ તો હાથે કરીને...'
'જમની દાઢમાં હાથ નાખવા જેવું ખરું. તમે ગર્જનકને એ રસ્તે જતાં, થોડોઘણો પજવી શકો. મહારાજ, રા' નવઘણ, તમે, હું આપણે બધા એ માટે તૈયાર પણ થઈ રહ્યા છીએ. નવઘણજીનું સાંઢણીદળ ઊભું થાય છે. પણ ગર્જનકને જો રાનરાન ને પાનપાન કરી નાખવો હોય, તો તો આ એક જ રસ્તો છે કુમારપાલજી ! ગર્જનકનો વિશ્વાસ મેળવીને ગર્જનકને દોરવાનો. તે વિના બીજે કોઈ રસ્તે એ વાત અત્યારે થાય તેમ નથી.'
'પણ મંત્રીરાજ ! તમે કાંઈ વિચાર કર્યો ? એમનું ત્યાં શું થશે ? આ ભોમિયાનું ? જ્યારે વાત જાણીતી થશે...'
'બીજું શું થાય કુમારપાલજી ! રેતીના અફાટ રણમાં પણ ગરજાં ને ગીધડાંની માયા, એમને આશ્વાસન આપશે. આપણી રાખોડીને તો દામોકુંડ ઠારશે. એમના અવશેષોને આપણે કોઈક ક્યારેક એ બાજુ જઈશું ત્યારે શોધીશું. બે પથરા ત્યાં ઊભા કરીશું ! બીજું શું થાય કુમારપાલજી ! ભગવાન સોમનાથ પણ જાણે છે, મારે માટે કોઈક ઝેર પિનારા નીકળશે. આ ઝેર પિનારા નીકળ્યા. એ નીકળ્યા એ જ ભગવાનની પ્રેરણા ગણો ને...! નહિતર કાં મારે ને કાં તમારે કોઈકને આ કામ માથે લેવું પડત. બોલો, હવે રા' નવઘણજી આમને ન આપે તો બીજા

કોને પોતાની રાણકી આપે ? રાણકી ઉપર એમની બેઠક હોય, તો વખત છે, એ હાથતાળી દઈને ભાગી છૂટી શકે.'
કુમારપાલ વાત સાંભળીને, ઊંડા વિચારમાં પડી ગયો. પોતાની પડખે પડેલી તલવાર એને સાંઠીકડું થઈ જતી જણાઈ. તલવારનાં જુદ્ધ તો સોરઠની છોકરીઓ પણ જાણે છે. આ વીર નરો તો ભૂમિમાં દટાઈ જવા માટે નીકળ્યા હતા. કેવળ જોગની જીવંત સમાધિ સાથે એને સરખાવી શકાય. વાત સાંભળીને રોમરોમમાં એ વેદના અનુભવી રહ્યો. છેવટે ભગવાન સોમનાથની છત્રછાયામાંથી જ વીરનરો નીકળ્યા હતા.
દામોદરે કુમારપાલ સામે જોયું. તે પણ હાલી ગયો હતો. તેણે તરત જ એને કહ્યું : 'કુમારપાલજી ! તમારી મહેચ્છા કાંઈ મારાથી અજાણી નથી. એ વીરત્વની અનોખી ભૂમિકા છે. આ એક જુદી જ વાત છે. આપણે જો આમાં ટેકો દઈએ. તો એમનું કામ કાંઈક સરળ થાય છે. એની ભયંકરતા તો એની એ રહે. પણ આપણે કાંઈક કર્યું કહેવાય. આ બીજા કોઈ નથી. ભગવાન સોમનાથની પ્રેરણાનાં સંતાન છે. એટલે હું તમને તે પહેલાં કહેવા માગતો હતો, તે આજે કહું છું. દુર્લભ મહારાજને જો અમે સમજાવી શકીએ, તો પછી એ વાત હમ્મીર પાસે મહારાજ દુર્લભસેન વતી રજૂ કરનાર કોણ ? કોઈક એવો જોઈએ જે વૃદ્ધ હોય. રાજસન્માનનો અધિકારી ગણાતો હોય. મહારાજ દુર્લભસેનનો અંતેવાસી બનવા જોગ હોય. વિમલને મોકલતા, પણ એ ત્યાં અર્બુદ મંડલમાં હોય એ જરૂરી છે. મહારાજ પણ આવા કોઈક માટે તમને પૂછવાના હતા !'
કુમારપાલ વાત સમજી ગયો. દામોદરની વાત સાંભળીને એ ડોલી ગયો હતો. એનું દૃષ્ટિબિંદુ એને ફેરવવા જેવું જણાયું હતું. વાત તો દામોદરની જ છેવટે સ્થાયી પરિણામ લાવનારી હતી. પણ હજી એ નિર્ણય કરતાં અચકાતો હતો. તેણે મહારાજ સામે જોયું. મહારાજ ભીમદેવ એની ગડભાંગ સમજી ગયા : 'કિલ્લેપતિજી ! તમે સોમનાથના છો. તમે નહિ જાઓ તો બીજા કોણ જશે ? મારી નજરમાં કોઈ નથી. છે કોઈ તમારી નજરમાં ?'
જયપાલ ત્યાં છે. એને એટલા માટે જ મોકલ્યો હતો. પણ એણે હવા તૈયાર કરી છે. તમે જાઓ તો વિશ્વાસ વધારે બેસે તેમ છે.' દામોદર બોલ્યો.
કુમારપાલે માથું નમાવ્યું : 'મહારાજ મને આજ્ઞા આપે, તો હું જઈશ !'
'વધારે યોગ્ય એ જ છે મહારાજ !' દામોદરે કહ્યું, 'જયપાલજી ત્યાં છે એ રીતે પણ કુમારપાલજી ઉપર વિશ્વાસ બેસે. આપણે માત્ર ગર્જનકને હાંકી કાઢવો હોત તો તો એ એની મેળે પાંચે પંદરે જ્યારે રવાના થાત ત્યારે આપણે પાછળ પડત. પણ આપણે તો એને આ તરફ દૃષ્ટિ કરવાનું ન રહે. એવો અનુભવ કરાવવાનો છે. અને કુમારપાલજી ! મહારાજ ને રા' નવઘણજી આ વીરભદ્રોની પડખોપડખ રણખેતમાં ઘૂમતા હશે. એટલે રણનો લહાવો તો મળવાનો જ છે. પણ પહેલાં આ આપણું કામ કેવી રીતે પાર ઊતરે તે વિષે વિચાર કરવાનો રહે છે. અત્યારે તો આ વાત આપણે ખીલે બાંધીએ છીએ. કાં મહારાજ ?'
'એ તો એમ જ. તમે જઈ આવો, ત્યાર પછી આપણે મંત્રણા કરવી પડશે.'
'પણ વખત થોડો છે. મહારાજ ! વેશ ઝાઝા છે. ને અમારે મંડલીગ્રામ જવાનું છે. ત્યાં વાતાવરણ હજી જુદું જ છે.'
'તમે ત્યાં ક્યાં જશો ?'
'એ વાતનો બંદોબસ્ત રા' નવઘણજીએ ક્યારનો કરી દીધો છે. એક સાંઢણીસવાર ઊપડી ગયો છે. કુંડધર રબારીનો વાડો ધ્યાનમાં રાખ્યો છે. એ બે બાપ દીકરો-કુંડધર ને ઝીંઝુ-જબરા રબારી છે. મોટા માલધારી છે. તો અમે ઊપડીએ મહારાજ ! ધિજ્જટજીને આપણે કહેવરાવી દઈએ.'

'શું ?'
'કે અત્યારે આખો કાફલો સાથે ઊપડે એ ઠીક નથી. ત્યાં જઈને અમે પાછા ફરીએ ત્યાં સુધી એ થોભી જાય. ઝીંઝુ રબારીને ત્યાં એમના રહેવાની વાત અમે નક્કી કરતા આવીશું. અઘોરરાશિજીને મઠપતિજીએ અગાઉથી મોકલી દીધા છે. એ સમાચાર આવી ગયા છે.'
'થયું ત્યારે, કરો કંકુના. જય સોમનાથ !'
એક સાંઢણીસવારને તરત ખબર આપવા માટે મોકલી દેવામાં આવ્યો.
થોડી વાર પછી રા' ને દામોદર સાંઢણી ઉપર નીકળ્યા, ત્યારે ઘડીભર તો મહારાજ પણ ભ્રમમાં પડી ગયા. ત્યાં રા' કે દામોદર મહેતો હતા નહિ. બે રાયકા હતા. દામોદરે વરહોજીને સાથે ઉપાડ્યો હતો.

Chapter 26
મંડલીગ્રામમાં

દામોદર ને રા' મંડલીગ્રામ તરફ ઊપડ્યા. રસ્તામાં એમણે હજી લોકોને સોમનથ ભગવાન વેર લેશે જ, એવી આશા સેવતા જોયા. એમણે લીધેલો માર્ગ આટકોટ પાસેથી ફંટાઈ જતો હતો. નળબાવળી અને ધવલક્કને માર્ગે એ મંડલીગ્રામ જવા માગતા હતા. એ તરફ ગર્જનકનાં માણસો ઓછાં હોવાનો સંભવ હતો. વર્ધમાનપુરને પડખે રાખી દઈને એ સીધા મંડલીગ્રામ પહોંચ્યા.
એ પહોંચ્યા ત્યારે ત્યાં મંડલીગ્રામમાં કોઈ મોટો ઉત્સવ થઈ રહ્યો હતો.
ગામને પાદર એક નાનું સરખું તળાવડું હતું. તેના કાંઠા ઉપર મંડલીશ્વરનું નાનકડું પણ અત્યંત દેખાવડું મંદિર હતું. નાનકડું હોવાને લીધે ને ગામનું ખાસ કોઈ મહત્વ નહિ ને ખૂણે પડ્યું હતું તેથી, અત્યારે તો તે વિનાશમાંથી બચી ગયું હતું.
શાનો ઉત્સવ છે એ પહેલાં તો દામોદર કળી શક્યો નહિ. પણ ગામ આખું આબાલવૃદ્ધ સૌ બહાર નીકળી પડ્યાં હતાં. સૌએ નવાં વસ્ત્રો પહેર્યાં હતાં. ઢોલ, ત્રાંસાં ને શરણાઈઓ વાગતી હતી. શંખ ફૂંકાતા હતા. સૌથી મોખરે ગામના મહાજનના મોવડી, પટેલ, ગ્રામમુખી, બધા ચાલી રહ્યા હતા. એ બધા એક વડ તરફ જતા હતા.
વડ તરફ દામોદરે દૃષ્ટિ કરી, ત્યાં પાથરણાં પથરાઈ ગયાં હતાં. ને દસ-બાર સાધુઓની મંડળી બેઠી હતી. ગામના કેટલાક લોકો ત્યાં અગાઉથી પહોંચી ગયા હોય તેમ લાગ્યું. ત્યાં એક મોટું કૂંડાળું વળીને લોકો બેસી ગયા હતા. વચ્ચે એક મોટી છત્રી ખોડી હતી. તેની નીચે એક ઊંચા આસન ઉપર એક જટાધારી જોગી બિરાજ્યા હતા. તે હાથ ઊંચો કરીને વારંવાર આશીર્વાદ આપતા જણાતા હતા.
પોતાને કોઈ ઓળખી ન કાઢે એની સાવચેતી રાખવાની હતી. કૂંડાળું લઈને વરહોજીએ સાંઢણીને મંદિરના પાછલા ભાગમાં લીધી. મંદિર ટેકરા ઉપર હતું. ત્યાંથી પેલા વડ ઉપર દૃષ્ટિ પડે તેવું હતું. દામોદર ને રા'મંદિરના પાછલા ભાગમાં ઊતર્યાં. વરહોજીએ સાંઢણીને પગે બાંધી દીધી. તે પણ રા'ની પછવાડે પછવાડે ચાલ્યો.
મંદિરના પાછલા વરંડાનું એક દ્વાર ઉઘાડું હતું. તેમાંથી બધા અંદર ગયા. અંદર પણ મોટી ધામધૂમ હતી. મંદિરને આસોપાલવથી શણગાર્યું હતું. ફૂલના ઢગલેઢગલામાં આખું મંદિર ઢંકાઈ ગયું હતું. મુખ્ય દ્વાર ઉપર દીપમાલા પ્રગટી હતી.
કોઈ ત્રણ અજાણ્યા માણસને આવતા જોઈને પૂજારી એક ઘડીભર દીવા પ્રગટાવતો અટકી ગયો. દર્શને આવનારા સીધા દ્વારમાંથી આવતા. આ ત્રણે પાછળના ભાગમાંથી આવ્યા હતા. જમાનો બદલાઈ ગયો હતો. ગર્જનકના એક-બે હિદુ સૈનિકો એક વખત કોઈ ભોમિયાની

શોધમાં આંહીં આવી ચડ્યા, ત્યારે એમણે મહારાજ મૂલરાજદેવ જેવાના શંકર પ્રત્યે જે અદબ રાખવી જોઈએ તે રાખી ન હતી. આ પણ એવા જ કોઈક છે કે શું ? એની ચિંતામાં પૂજારીએ શંકાથી તેમની તરફ જોયું. પછી એમને રબારી ધારીને એ કાંઇક શાંત થયો. કોઈક સાંઢણીઓના સોદાગર હોવા જોઈએ. હમણાં ગજઁનકને ત્યાં સાંઢણીઓના ભાવ સારા આવતા હતા. એટલે આ રસ્તે અવારનવાર કોઈ કોઈ સોદાગર નીકળતા.

પૂજારીએ એમને પડખેને ઓટલે બેસવાનું કહ્યું : 'હમણાં ત્યાં બેસો ગોકળી ! ક્યાંથી આવો છો ?'

'આવવું આમ પંચાસરથી !' વરહોજી બોલ્યો.

'પંચાસર તો બરાબર, પણ વાડો કોનો ? ત્યાં તો પાર વિનાના વાડા પડ્યા છે નાં ?'

'વાડો રબારી કુંડધરનો !' દામોદર બોલ્યો.

'કુંડધર ને ઝીંઝુ-બાપદીકરો બે સાચા.' પૂજારીને આ માહિતી સાચી હોવાથી કાંઈક ધરપત થઈ લાગી.

'આમ ક્યાં જવું છે ?'

'આમ આંહીં સુધી જ,' દામોદરે કહ્યું, 'આંહીં કીધું મંદિરમાં મહંતજીનાં દશઁન કરીને, પછી આગળ જઈએ.'

'મહંતજી તો આજ આવ્યા છે, એટલે આખું ગામ દશઁને આવ્યું છે. નાનાંમોટાં સૌ. કેમ નો આવે ભાઈ, રાજ જેવું રાજ છોડીને સંન્યાસ લીધો છે !'

દામોદર ચમકી ગયો. એને થયું કે ત્યારે તો આ વડ નીચે મેળો મળ્યો છે તે દુલઁભસેન મહારાજ માટે જ હોવો જોઈએ.

'હમણાં પોતે આંહીં આવશે. દેવશીલ મહારાજનું નામ તો તમે સાંભળ્યો હશે નાં ?' પૂજારી દીવાનું કામ પૂરું થવાથી તેમની પાસે આવ્યો.

'એ કેમ ન સાંભળ્યું હોય ? ત્યાં શુક્લતીથઁમાં નમઁદાકાંઠાના જોગીરાજ. એને તો પાંચ વરસનું છોકરું પણ જાણે. કે' છે એના નામની તો માનતા પણ હાલે છે !'

'હાલે ભૈ ! કેમ નો હાલે ? હું કે તમે એક ચાર દ્રમ્મનું ચીંદરડું છોડી શકીએ છીએ ? આમણે આવડું મોટું રાજ, જાણે એક કોડીનું હોય એમ છોડી દીધું, ને ભત્રીજાને સોંપી દીધું એ કાંઈ જેવો તેવો જોગ છે ? પછી એમને સિદ્ધિ નહિ વરે તો કોને મને કે તમને વરશે ?'

પૂજારી ખૂબ વાતોડિયો લાગ્યો. દામોદરને જે સમાચાર જોઈતા હતા. તે મળી ગયા. દુલઁભ મહારાજ પોતે જ આવી ગયા હતા. એને ધરપત થઈ કે રા' ને મળેલા સમાચાર તો સાચા હતા. પણ આજે જ દેવશીલ મહારાજ હમણાં પધાયાઁ, ને થોડા દિવસમાં જ એ પાછા ઊપડી જાય, તો એ વાતની ચચાઁ જન્મે. એટલે દામોદરને એ વાત વાળી લેવા જેવી લાગી. તેણે પૂજારીને વાતમાં ચડાવ્યો.

'દેવશીલ મહારાજ હમણાં તો હવે આંહીં રહેશે નાં ?'

'ભૈ ! કે' છે. બાકી તો ભેખને કોનો ભે' ? ને કોની શે' ? આ તો મહારાજ મૂલરાજદેવનું મંદિર, અને હમ્મીર આંહીં પડખે પડ્યો છે, મફતનો રોળીટોળી નાખે, એટલે પોતે સામે ચાલીને આંહીં આવ્યા છે.'

'પણ એ એકલા શું કરવાના હતા ?'

'કેમ શું કરવાના હતા ? મૂઠી હાડકાં લેખે તો લાગ્યાં, એવી મનની ગાંઠ વાળીને ફરનારા આ તો જોગંદર કહેવાય. એને ક્યાં ક્યાંય ભણવાનું હતું કે કિલ્લો શોધવાનો હતો કે રક્ષણ ગોતવાનું હતું ? કે' છે સોમનાથનું તો ધનોતપનોત થઈ ગયું. સાચું ?'

'હા, સાચું છે.' દામોદરે જવાબ આપ્યો. વાત આગળ ચલાવી. :

'આમના નામની તો માનતા હાલે છે, એમ અમે સાંભળ્યું છે એ સાચું ?'
'હા, સાચું માનતા કેમ ના હાલે ભૈ ! જોગંદર છે. નાળિયેર વધેરવા અલકમલકથી માણસ આવે છે. આમ હાથમાં નાળિયેર લઈ, માથે અડાડીને પાછું સોંપી દે છે. જાવ બાપા ! ભગવાન મંડલીશ્વર સૌ સારાં વાનાં કરશે. અને કૈંકને ત્યાં ઘોડિયાં બંધાય છે. કૈંકનાં નિવિઘ્ને કામ થઈ જાય છે. કૈંકને ત્યાં છોકરાં ઊઝરતાં ન હોય ઊઝરે છે. આ તો મેં સગી આંખે જોયું છે. અમારા ભાઈને ત્યાં એ ત્રણ વરસનો ગટકુડિયો રમે !'
'એમ ? ત્યારે તો અમને ભગવાન જ આંહીં લાવ્યા. અમારે આ વરહોજીને બચારાને બાર આવ્યાં ને ભારે ભગવાન ઉપાડી ગયા. અમારે હમણાં આંહીં રહીને મહારાજજીની સેવા ઉપાડવી છે. ભગવાન આ વખતે વરહોજીનું પાંશરું પાડી ધે ! એટલે ગંગ નાહ્યા !'
વરહોજી મનમાં ને મનમાં હસી રહ્યો. દામોદર મહેતાએ એની જુવાનજોધ મોતડી વહુને બાર વેંજાંની મા બનાવી દીધી હતી. પણ મહેતાએ એને ચૂપકીદી રાખવાની આંખ-નિશાની કરી હતી. તે મનમાં ને મનમાં હસતો રહ્યો.
દામોદર મહેતો વધારે રંગમાં આવ્યો. પૂજારીને બહુ ઊતાવળ ન હતી. તે આંહીંથી વડની નીચેનું દેવશીલ મહારાજનું મંડળ દેખી રહ્યો હતો. હજી ત્યાં માણસો ઊભરાતાં જતાં હતાં.
'મહારાજજીને લોક છોડે નહિ, સૂરજ માથે આવ્યા પહેલાં. કેટલા વખત પછી આવ્યા છે ! ભેખ લીધો ત્યારે આવ્યા હતા.'
દામોદરે મંદિર તરફ ચારે બાજુ દૃષ્ટિ ફેરવી. એને પોતાની રહેવાની ગોઠવણ કરવાની હતી, અને દેવશીલ મહારાજની થોડા વખત પછી થનારી વિદાય માટે પણ, બધાને તૈયાર કરી દેવાના હતા. નહિતર નાહકની વાતચર્ચાં જાગે. આ પૂજારી વાતોડિયો હતો. જે વાત થાય તે હવામાં ફેંકી દેવાની એને ટેવ લાગી. દામોદરને કેટલીક વખત વાતોડિયા માણસો, ભગવાન જેવા જણાતા હતા, અત્યારે એને આ પૂજારી સોના જેવો લાગ્યો.
'અમારી વાત એવી છે, દેવતીરથતજી મહારાજ !....'
દેવતીરથ ભડકી ગયો. 'અરે ? તમે મારું નામ ક્યાંથી જાણો ? હું તો તમને ઓળખતો નથી.'
દામોદર હસી પડ્યો. તેણે તેની મુદ્રિકા તરફ નજર કરી. 'ત્યાં લખ્યું છે, જુઓ !'
'હા, ત્યારે તો તમે ગજબના.'
'ગજબના તો ઠીક, પણ અમારે આંહીં બે-ચાર દી રોકાવું છે, એનું શું ? અમારા વરહોજીનાં વહુ બચારાં, હવે વાજ આવી ગયાં છે. બાર બાર છોકરે એને ત્યાં ઘોડિયું બંધાણું નહિ !'
વરહોજી મનમાં ને મનમાં હસી હસીને ઊંધો વળી જતો હતો. પણ એની વહુ મોતડી દામોદર મહેતાના શબ્દે શબ્દે ગલઢી થતી જતી હતી તે તેને ગમતું ન હતું. પોતાની વહુ ગલઢી થાય એ કોને ગમે ? પોતે ગલઢો થાય તો ભલે, પણ વહુ પોતાની અમર જુવાની ભોગવે, એ ઇચ્છાએ તો આખી પૃથ્વી રસાતાળ નથી ગઈ ? તો બિચારો વરહોજી, જંગલનો રાજા, એને આવી વાત સાંભળતાં મનમાં મોતિયાં મરી જાય તેમાં શી નવાઈ ?
પણ દામોદર મહેતો સમજી ગયો કે હવે જો વરહોજીની મોતડીને છોકરાં જન્મશે, તો આ તો પછી જંગલનો રાજા, વખતે આડો ફાટશે !
એટલે એણે વાત ફેરવી : 'એમ તો ભગવાનની કિરપા છે. ઘી-દૂધની બોળપ છે. એટલે શરીર જુઓ તો રાતીરાણ જેવું છે. પણ ભૈ ! ખોટ ઈ તો ખોટ નાં ? એટલે આ સમો, ભગવાને જોગાનુજોગ આપી દીધો છે, તો બે દી રોકાઈ જઈએ. તમારે અમારી વતી બે વેણ બોલવાં પડશે !'
'હા, હા, બોલવાના. એમ તો કુંડધર રબારી, અમારા યજમાન છે. ધાબળો એક, દર શિયાળે, કારતક સુદ પાંચમે આવી જવાનો !'

'દેવશીલ મહારાજ આંહીં છે, ત્યાં સુધી અમે અમારી બધી સેવા એમને આપી. અમને ક્યાંક પાછળ એક કોટડી કાઢી દો. એક સાંઢણી અમારા ભેગી છે.'
દેવતીરથને હવે કાંઈક શંકા પડવા લાગી હોય એવું દામોદરને જણાયું, તે જવાબ આપવા જતાં ખચકાતો હતો.
'આ તમારી ભેગા કોણ છે ?'
'એ જ વરહોજી ! ને આ છે, અમારા કાકા !'
રા' નવઘણજી પણ મનમાં હસી રહ્યો.
'કોટડી તો ઘણીયે છે પાછળ, પણ પછી તમે આંહીંની વાત ફેલાવી ધો. તો મફતનું આંહીં વળી કોઈ આવી ચડે... ગરજનક હજી આંહીં આટલામાં પડ્યો છે.'
'અમે વાત ફેલાવવાવાળા નથી. અમે તો વાત ઢાંકવાવાળા ઈછે. અમે એમ સાંભળ્યું છે કે દેવશીલ મહારાજ આંહીં લાંબા અનુષ્ઠાનમાં બેસવાના છે, કાં ભગવાન સોમનાથ જવાના છે. સોમનાથથી મઠપતિજીએ એક બાવાજીને તેડવા પણ મોકલ્યો છે, આવ્યું છે આંહીં કોઈ ?'
'આવ્યું હોય તો અત્યારે આ લોકમાં ભળી ગયું હોય. થોડી વાર પછી ખબર પડે. પણ દેવશીલ મહારાજ સોમનાથ હમણાં તો શું જાય ?'
'તો તો અનુષ્ઠાનમાં આંહીં બેસી જાય એમ પણ સાંભળ્યું છે. આ તો દખિયા લોકની વાતું છે. મહારાજ ભીમદેવ નવો પથ્થર મૂકે, તે પહેલાં આ અનુષ્ઠાન પૂરું કરવાનું છે, એમ સંભળાય છે. જે હોય તે ખરું. તમે જાણતા હશો નાં ?'
'જાણું તો છું !' દેવતીરથ બોલ્યો.
દામોદર મનમાં હસી પડ્યો. પોતે સર્વજ્ઞ છે એ વાતનો દેવતીરથને જેવો તેવો શોખ ન લાગ્યો. દામોદરે મનમાં એના આ સ્વભાવની પણ નોંધ લઈ લીધી, પણ દેવશીલ મહારાજ સોમનાથ ઊપડી ગયા છે કે અનુષ્ઠાનમાં બેઠ છે, એમ કહેવાય, તો બેમાંથી ગમે તે એક વાત ચાલે ખરી. દામોદરને તો એ જાણવું હતું.
'આંહીં છે અનુષ્ઠાન માટેની જોગવાઈ ? એવાં ગુપ્તગૃહો છે ?'
'આંહીં નહિ હોય ? આંહીં તો ભલભલા જોગંદરો પણ બે ઘડી મોહી પડે એવાં જોગધામો આંહીં છે. આ ઉતરાદિ કોરે શિવાલયની નીચે.'
'હા ભૈ ! હશે તો ખરાં નાં ? ધામ મહારાજ મૂલરાજદેવ જેવાએ બંધાવ્યું છે.'
'અમારે તો આંહીં ચાર-પાંચ દી રોકાવું છે. ધરમનું થાનક છે, જોગાનુજોગ આવા સિદ્ધ પુરુષની સેવા મળી ગઈ છે. અમારા વરહોજીનું કામ થઈ જાય, પછી ભલે અનુષ્ઠાનમાં બેસી જાય.'
'તો ભલે, આ બાજુ પાછળની કોટડીઓ તમે જોઈ આવો. હમણાં મહારાજજી ગાજતેવાજતે પધારશે, એટલે મારે સામે જવાનું છે. તમે પાછળ આંટો મારી, તમારું થાનક ગોઠવીને આંહીં આવો. ત્યાં ચોકી ઉપર મૂળભદર બેઠો હશે, તેને કહેજો, દેવતીરથ મહારાજે કહ્યું છે, એટલે ના નહિ પાડે.'
દામોદરે ભૂમિકા તૈયાર કરી લીધી હતી. બહુ માણસો પોતાને આંહીં ન જૂએ એ જ ઠીક હતું. દેવતીરથ એના પૂજાપાઠની તૈયારીમાં પડ્યો, એટલે એ ત્રણે જણા પાછળ ગયા.
વરહોજી હસી પડ્યો : 'અરે ! શું પ્રભુ તમે પણ ? મારી મોતડીને...'
'કેટલાં બધાં છોકરાંની મા બનાવી એમ નાં ? અરે ! પણ ગાંડાભાઈ ! પૂછ આ રા'ને દીકરો તો દેવને પણ દુર્લભ છે. આ તો હવે તારે મહારાજજીને પ્રતાપે ઘેર ઘોડિયું બંધાશે ! '
ત્રણે જણા હસી પડ્યા. પણ જંગલના ભોળિયા રાજા ઉપર દામોદરે બતાવેલી, આ નિકટતાની એવી ઊંડી છાપ પડી ગઈ હતી કે તે ત્યાં સ્થિર થઈ ગઈ હતી. કોટડીમાં ઠરીને ઠામ બેઠા ને રા' જરાક રાણકી પાસે ગયો કે, તરત એ દામોદરને એકલો જોઈને ત્યાં આવ્યો. હાથ જોડીને ઊભો

રહ્યો. દામોદરને નવાઈ લાગી, વરહોજીને આંહીં શું વાત કરવાની હશે ?
ત્યાં તો એ બોલ્યો : 'પ્રભુ ! એક માગણી છે. ભગવાન સોમનાથનું નવું મંદિર બંધાય, એમાં મારી મોતડીએ પાણી મૂકીને બધું ભગવાનને ચરણે ધર્યું છે. એ થઈ જાય પછી મને, પ્રભુ ! પાટણ તેડી જાય. મને પોતાને ત્યાં તમારી પાસે રાખો. તમારો હું ચોકીદાર. મારે હવે બીજે ક્યાંય જવું નથી.'
'અરે ! વરહોજી ! ભોળિયા રાજા ! એ તો બધું ત્યારે થઈ રહેશે. એનું અત્યારે શું છે ? પણ ગાંડાભાઈ ! તારા જંગલનું રુદન સાંભળીને હું પાટણની હવેલીમાં પણ રાતે જાગી જાઉં એનું શું ? એ તને ખબર છે ? તારા વિના ગીરનાં જંગલ કેવાં અને ગીરનાં જંગલ વિના તું કેવો ?''મારે તો પ્રભુ ! તમારી સાથે જ હવે રહેવું છે.'
'ભલે ભલે, તને એક વખત આપણે પાટણ દેખાડવું. બસ ?'
એટલામાં રા' નવઘણને આવતો જોઈને બંને શાંત થઈ ગયા.

Chapter 27

સાધુ દેવશીલ

દુર્લભસેન મહારાજ મંડલીગ્રામના મૂલેશ્વર મંદિર ભણી આવી પહોંચ્યા હતા. તેમાં દેવતીરથ પૂજારીએ કહ્યો એ હેતુ પણ મહારાજનો હોય તો ના નહિ. એ વસ્તુ એમના સાધુધર્મ સાથે સંગત પણ હતી. દામોદર જે વસ્તુ એની પાસે મૂકવા માગતો હતો. તે વિષે હવે એના મનમાં ગડભાંગ થવા લાગી. એકાદ દિવસ પછી અઘોરરાશિ આવી પહોંચ્યો. તેની પાસે ખુદ મઠપતિ મહારાજની આજ્ઞા હતી. દામોદરે કોઈ ન હોય ત્યારે રાતને વખતે, મહારાજને મળવાનો વિચાર કર્યો.
દેવતીરથ પૂજારી રાતે ઘેર જતો હતો. બે-ચાર સાધુ રહેતા હતા. તે આડાઅવળા પડસાળમાં મોડી રાત સુધી ગપ્પાં મારતા બેસતા હતા.
દામોદરે અઘોરરાશિને પાછળથી આવવાનું સૂચન આપ્યું. વરહોજીને કોઈ આવી ન ચડે, માટે ચોકી ઉપર મૂક્યો.
પોતે ને રા' બંને, દુર્લભસેન મહારાજને મળવા ગયા.
મહારાજે જે દિવસ સંન્યસ્ત લીધું, ને ભીમદેવ મહારાજને બધું સોંપી દીધું, તે દિવસ દામોદરને યાદ આવી ગયો. પટ્ટણીઓ તમામ દરબારગઢ પાસે ભેગા થયા હતા. સ્ત્રીઓ, પુરુષો, બાળકો, વૃદ્ધો, સામંતો, સરદારો તમામ ત્યાં હતા. વાતાવરણ ગંભીર હતું. તમામની આંખમાં આંસુ હતાં. થોડી વાર થઈને મહારાજ દુર્લભસેન સંન્યાસીને વેશે બહાર આવ્યા. મેદની આખી એમને બે હાથ જોડીને ભાવથી પ્રમાણ કરી રહી. પણ જ્યારે દુર્લભ મહારાજ ગજ પંક્તિઓની પાસેથી નીકળ્યા, અને પોતાના હાથીને જોયો, ત્યારે સોનેરી અંબાડી ધારણ કરેલા, એ મહાન ગજરાજને મળવા માટે, એક પળ એ ત્યાં થોભી ગયા. તેમણે તેની સૂંઢ ઉપર હાથ ફેરવ્યો. જ્યારે ગજરાજે સૂંઢ ઊંચી કરી ને એની સાથે તમામ ગજરાજોએ સૂંઢ ઊંચી કરી, છેલ્લું વિદાયમાન મહારાજને આપ્યું, ત્યારે તેની આંખમાં આંસુ હતાં, ને તમામ ગજરાજો રડી રહ્યા હતા !
આ હતા મહારાજ દુર્લભરાજ. એમને મન યુદ્ધમાં પાછું હઠવું એ મરણ જેવું હતું. એના ગજરાજો લડતા, પડતા મરતા. કોઈ કદાપિ પાછો પગ ન દેતા. આવા એ જબરજસ્ત સેનાની હતા. એમને ગજરાજો ને ઘોડાં સ્વજનો સમાં પ્રિય હતાં. પાછલાં વર્ષોમાં એ જૈન સાધુઓના રંગથી વધુ પડતા એકાકી જ્ઞાની બની ગયા હતા. એમને દુનિયા આખીમાં મૈત્રી દેખાતી. એમણે બાપદાદાનો શૈવધર્મ રાખ્યો. પણ એમાં ડમરુબજંત ભૈરવનાથ કરતાં, એમને રાખ ને ખાખની

જ માયા વધારે લાગી. અત્યારે એ જોગી રાજ દેવશીલ મહારાજ નામે ઓળખાતા.
એટલે આ દેવશીલ મહારાજને ડગાવવા, એ હિમાચલને ડગાવવા જેવું દામોદરને લાગવા માંડ્યું. અત્યારે એણે રા'ને ભેગો રાખ્યો હતો કે દેવશીલ મહારાજને એ પણ, ભગવાન સોમનાથને નામે, બે વેણ કહે.
દામોદર ને રા' નવઘણજી ત્યાં ખંડમાં પેઠા. એક પ્રકારની મોહક સુગંધી ત્યાં આવી રહી હતી. ત્યાં એક વ્યાઘ્રાંબર ઉપર જટા-દાઢીધારી દેવશીલ મહારાજ બેઠા હતા. તેની સામે ઘીનો દીપ બળતો હતો. ખૂણામાં એક દીવીમાં કેટલાક દીપો પ્રગટાવ્યા હતા. ખંડમાં પ્રકાશ રેલાઈ રહ્યો હતો.
દુર્લભસેન મહારાજ ત્યાં બેસીને આંખો મીંચી ભગવાન સદાશિવનું ધ્યાન ધરી રહ્યા હતા. તેમના હોઠ શિવનામનો જપ જપતા જરા જરા હાલી રહ્યા હતા. તે શાંત સ્થિર પદ્માસને વિરાજ્યા હતા. તેમના મોં ઉપર જે તેજ હતું, તે જોતાં જ દામોદરને લાગ્યું કે પોતે આ માણસમાં હજી કદાચ રાજલોભ હોવાની જે કલ્પના કરી હતી તે તો અડબંગ જ હતી.
પણ તેથી તો પોતાનું કામ ઘણું ઘણું જ મુશ્કેલ બનતું હતું. જે માણસ ત્રિલોકના લાભ માટે પણ હવે ભેખ - છોડે, એ માણસ પોતાની આ યોજના માટે ભેખ છોડે ખરો ?
દામોદરને ફરીને ઊંડાં પાણી દેખાયાં.
છતાં તે હિમ્મથી આગળ વધ્યો. મહારાજ દેવશીલની સામે જઈને ઊભો રહ્યો.
એણે બે હાથ જોડી રાખ્યા. દેવશીલ મહારાજની આંખ ઊઘડવાની રાહ જોતો એ ત્યાં ઊભો.
થોડી વારમાં દેવશીલ*નાં નેત્ર ઊઘડ્યાં. એમાં દામોદરે અપાર પ્રેમ નહિ, દયા નહિ, આનંદ નહિ, શાંતિ નહિ... પણ કરુણા જોઈ. અપાર કરુણા. જાણે એક અણુથી પણ નાનકડું, કેવળ સંચાલન વડે જીવન્ત જણાતું જંતુ પણ, આ સાધુરાજની દૃષ્ટિમાં મિત્ર જેવું પ્રિય લાગતું હોય, દુર્લભસેન મહારાજના જબરજસ્ત પરિવર્તને દામોદર પણ પળ-બે પળ ક્ષોભ પામી ગયો.
દુર્લભરાજ મહારાજનાં નેત્ર ઊઘડ્યાં. દામોદરને પ્રેમથી જોઈ રહ્યાં. પછી તેણે રા' તરફ દૃષ્ટિ કરી. નેત્રસંજ્ઞાથી બંનેને ત્યાં બેસવાનું જણાવ્યું.
----
* લગભગ તમામ તિહાસકારોએ આ 'દાબશલીમ'ની દંતકથા થોડાઘણા ફેરફાર સાથે આપી છે. એ દંતકથા પ્રમાણે મહમૂદગજનવીએ રાજ, આ દાબશલીમને સોંપ્યું હતું. દાબશલીમ શબ્દ દુર્લભસેન માટે હોઈ શકે. તે વખત સુધી એ સાધુ તરીકે જીવંત હોય તે તદ્દન શક્ય છે. જો કે દ્વાશ્રય પ્રમાણે તો નાગરાજ અને દુર્લભરાજ તો થોડા વખતમાં જ મરણ પામ્યા હતા. પણ તેથી તેઓ રાજગાદી છોડ્યા પછીના આટલા ટૂંકા ગાળામાં જીવંત હોય તે શક્યતા ઊડી જતી નથી. આ દાબશલીમ-દુર્લભસેન હોય, તો પ્રચલિત દંતકથામાં બે દુર્લભરાજ-બે દાબશલીમની વાત આવે છે. તેથી વાત ગોટે ચડે છે. પણ લોદ્રવાનો રાવળ વચ્ચરાજ (રાવળ બેચર. દુ. શાસ્ત્રી કહે છે તે) વલ્લભરાજનો જમાઈ હતો. તો એનો પુત્ર દુસલરાજ હતો. પાટણના મહારાજ દુર્લભરાજ, ને આ દુસલરાજ એ બે પાટણની ગાદીના નિકટના વારસ ગણાય, એ બંને નામો દુર્લભરાજ ને દુસલરાજ, તુરુષ્કોને એકસરખાં જ લાગે. એ દૃષ્ટિએ જોતાં બે દાબશલીમની વાત દંકથા જેવી છે. છતાં, કાંઈ સત્યનો અંશ જાળવી રહે છે.
ભીમદેવનો કાકો, ભીમદેવનો ભાણેજ, એ બે જ વારસ ગજનવીની દૃષ્ટિએ પડે એ સ્વાભાવિક છે. કાકો વધારે. ને તો વલ્લભની દીકરીનો દીકરો પાટણ ઉપર દાવો કરતો આવશે, એ ફરિયાદ પણ સ્વાભાવિક ઠરે.
મહમદ ગજનવી પાછા ફરતાં ત્યાં જાટો સાથે લડ્યો છે, એ પણ સૂચક છે. છતાં આ કલ્પના જ છે. વધારે માહિતી શોધાય તો વધારે હકીકત મળી રહે. બંને ત્યાં સામે બેઠા. દુર્લભસેન

મહારાજ ધરતી તરફ જોઈ રહ્યા હતા. એમનાં નેત્રમાંથી હજી પણ જાણે કરુણા જ વરસી રહી હતી.
દામોદરને લાગ્યું કે શસ્ત્ર ઊતરાવે એવી કોઈ કરુણા શાસ્ત્રોમાં આવે છે. તે આવી જ હોઈ શકે. એને પોતાની અશક્ય વાતની કલ્પના હવે આવી. દુલઁભરાજ મહારાજ તૈયાર ન થાય તો શું થાય ? બચ્છરાવ રાવળનો સંદેશો આવ્યો છે, એટલું સારું છે. નહિતર ગર્જઁનકને જો વખત મળે તો એ મહારાજના ભાણેજ દુસલરાજને જ શોધી ન કાઢે ?
અત્યારે તો કદાચ નહિ, પણ ભવિષ્યમાં એ વસ્તુ ઊભી થાય તો પાટણમાં ભયંકર ઘર્ષઁણ* આવે.
દામોદરે દુલઁભ મહારાજને કોઈ પણ હિસાબે પોતાના કામ પૂરતો ભેખ છોડાવવાનો નિર્ણઁય કરી લીધો. અત્યારે અને ભવિષ્યમાં પાટણને ઉગારવું હોય, તો રસ્તો આ હતો.
દુલઁભરાજ મહારાજે થોડી વાર પછી રા' અને દામોદર બંનેની સામે જોયું. એમની આંખમાં અમી છલકાતું હતું. દામોદરને એમની આંખ તદ્દન જુદી જ લાગી. દુલઁભરાજ મહારાજ અવસાન પામ્યા હતા. સાધુ દેવશીલ જન્મ્યા હતા. દામોદર એ જોઈ રહ્યો. એટલામાં દેવશીલ મહારાજ બોલ્યા. એમના શબ્દો શાંત, એકદમ સ્વસ્થ, શુદ્ધ અને પ્રેમભરપૂર હતા.
'બોલો આતમરામ ! કેમ આવ્યા છો ?'
દામોદર આ સંબોધનથી જ મોટી ચિતામાં પડી ગયો.
'પ્રભુ ! મને તમે ન ઓળખ્યો ! હું દામોદર ! આ મારી સાથે છે એ રા' નવઘણજી ! જૂનાગઢના. તમે અમને ઓળખ્યા નહિ કે શું ?'
'જ્યાં ક્યાંય કોઈ નામ રહ્યું નથી. અને રહેવાનું નથી, ત્યાં નામનું શું મહત્વ છે ? શું કામ છે એ કહો ને !'

----

* આવું ઘર્ષઁણ સિદ્ધરાજ કુમારપાલના જમાનામાં આવ્યું હતું પણ ખરું. એમાં ગાદીના વારસ ભત્રીજા ને ભાણેજનો પ્રશ્ન હતો.

'હું આપને મળવા આવ્યો છું.' દામોદર બોલ્યો : 'મહારાજે સોમનાથની વાત તો સાંભળી હશે નાં ?'
દુલઁભ મહારાજને વાત રુચિ હોય તેમ લાગ્યું નહિ. તેણે ધીમેથી ડોકું ધુણાવ્યું : 'સાંભળી છે પણ હું સંન્યાસી છું ! સંન્યાસીને કોઈ વેરી નહિ, કોઈ મિત્ર નહિ.'
'પણ આ તો ગર્જઁનકની વાત છે. હજી એ પાટણમાં બેઠો છે. એ પાટણ છોડવા ન માગતો હોય તેમ જણાય છે, એટલા માટે મહારાજ ભીમદેવ પોતે તમને આંહીં મળવા માટે આવવાના હતા, પણ ત્યાં સૈન્યરચના કરવામાં રોકાઈ ગયા. એટલે હું આવ્યો. મારે આપને...'
પણ જૂનાં સંસ્મરણોની કોઈ વાત દેવશીલ મહારાજને ખપતી ન હતી. દેવશીલ મહારાજે એક હાથ ઊંચો કરીને દામોદરને આગળ બોલતો અટકાવી દીધો :
'દામોદર ! તમે કે રા' અનોખી દુનિયાની કોઈ વાત જાણવા આવ્યા હો, તો કાંઈક બોલો. નહિતર આ તો ભગવાન મહાકાલનું અપમાન થાય છે. અનંતને ઓળખવાની તાલાવેલી હોય, તો જ શબ્દનો વ્યાપાર કરવો ઠીક છે. નહિતર મૌનના જેવો આનંદ બીજો એકે નથી !'
દામોદર અસ્વસ્થ થઈ ગયો. સાધુ દેવશીલ મહારાજ તો લેશ પણ પગલું આગળ માંડતા જ ન હતા. એમાં વાત જ શી રીતે થાય ? જાણે ઓળખતા જ ન હોય તેમ એમની આંખ પણ તદ્દન નિર્લેઁપ, શાંત, સ્વસ્થ, પોતાનામાં રમમાણ જણાતી હતી. જયપાલે એને કહ્યું હતું, ત્યાં દુલઁભરાજ મહારાજ છે. જ નહિ, એ સાચું હતું. એણે પોતે જે દુલઁભરાજ મહારાજને નડૂલમાં જોયા હતા તે ત્યાં નહિ હોય એ તો એ જાણતો હતો. પણ આટલી બધી પોતાની વાતને,

દેવશીલ મહારાજ, રોળીટોળી નાખશે, એની એને નવાઈ લાગી.
દામોદરે વધુ એક પ્રયત્ન કર્યો : 'જુઓ મહારાજ દુર્લભરાજ !' એ જાણી જોઈને જૂનું નામ વધારે મોટેથી ને કાંઈક વેગથી બોલ્યો : 'જુઓ મહારાજ દુર્લભરાજ ! ચૌલુક્યોમાં ગાદીત્યાગ બબ્બે પેઢીથી થતો આવ્યો છે. તમે કાંઈ આ નવી પ્રણાલિકા સ્થાપી નથી. પણ મહારાજ મૂલરાજદેવ જેવા જે દર સોમવારે આ મંડલીગ્રામમાં ભગવાન સદાશિવને પૂજવા આવતા, તે પણ સમજતા હતા કે ધારણ કરેલા ત્યાગધર્મ કરતાં પણ, એક ધર્મ મોટો છે અને તે જાતજન્મધર્મ. મંદિરને પડતું બ્રાહ્મણ જોઈ રહે. પ્રજાને લૂંટાતી ક્ષત્રિય જોઈ રહે. દુકાળપીડિત મરનારાઓને વૈશ્ય જોઈ રહે. અને જાતશ્રમની આળસથી દેશને રંક બનતો શૂદ્ર જોઈ રહે, ત્યારે જાણવું કે હવે દેશના રામ બોલો ભાઈ રામ થઈ ગયા છે. હવે એના પ્રાણ પરવારી ગયા છે. તમે મહારાજ ! સાધુસંન્યાસી થયા છો, પણ અત્યારે તમારા મૂળ રૂપનો અમને ખપ પડ્યો છે તેનું શું ? હું તમને એ કહેવા માટે આવ્યો છું. આ નવઘણજી રા' પણ એટલા માટે જ આવ્યા છે. આપણે કોઈક જુક્તિ નહિ કરીએ, તો ગર્જનક આ દેશમાંથી કદાપિ પણ જશે નહિ. કાળી ટીલી તમારે નામે ચડશે. ભાવિ પ્રજા તમારા નામ ઉપર ફિટકાર વરસાવશે. તમે ચૌલુક્ય સિહાસનને છેહ દીધો કહેવાશે. તમે નિર્વંશ હતા, માટે રાજા ભીમદેવનું નિકંદન... તમે... ઉપર ઊભા... રહી...'
'દામોદર ! તું ઊઠીને...' પછીનું વાક્ય દેવશીલ મહારાજ બોલ્યા નહિ. તે ધરતી ભણી જોઈ ગયા. દામોદરને આ જ જોઈતું હતું. એ આનંદી ઊઠ્યો. અજાણ્યા એકાકી જોગપંથીની પગદંડીમાંથી દુર્લભરાજે, જાણીતા સ્વજનો ભણી જરાક તો પગ માંડ્યો હતો. એને એટલું જ જોઈતું હતું.
'મહારાજ ! હું જે બોલી રહ્યો છું તે તમારી નિદા માટે નહિ. દેશ હાલહવાલ થઈ ગયો છે, ગર્જનક જ્યાં જ્યાં ગયો છે ત્યાં ત્યાં એણે પોતાને અધીન રાજાઓની હાર ઊભી કરી છે. એટલે એને આંહીંથી કાઢવો હોય તો કાં મહારાજ ભીમદેવે અધીનતા સ્વીકારવી રહી, પોતાની ટચલી આંગળી* કપાવવી રહી, ચૌલુક્યોની સ્વતંત્રતા ખોવી રહી અથવા તો અત્યારે એમના ઉપરનો આ ઘા, પોતાના ઉપર ઝીલી લઈને, રાજગૌરવને ખંડિત ન થવા દેવા માટે કોઈકે આગળ આવવું રહ્યું. તે વિના ગુજરાત નહિ બચે.'
----
* મહમૂદ ગવનવી ઘણી વખત અધીનતાની નિશારી તરીકે ખંડિયા રાજાની ટચલી આંગળીનું ટેરવનું માગતો. અધીન રાજા સ્વહસ્તે એ કાપી દેવો. એવી ઘણી ટચલી આંગળીઓ એણે ભેગી કરી હતી.
'પણ કોણ આગળ આવે, દામોદર ?'
'કોણ આગળ આવે ? પરંપરાથી વાત જાણીતી છે કે પુત્રને બચાવવા માટે પિતા જ આગળ આવે. બીજું કોણ આવે ? મહારાજે પોતે આગળ આવવું રહ્યું.'
'એટલે ? મારે ભેખ છોડવો એમ ? સંન્યસ્ત છોડવું ? જે અધર્મ શાસ્ત્રકારોએ નિધ માન્યો છે તે મારે કરવો ? તું બ્રાહ્મણ ઊઠીને મને આવી સલાહ આપે છે ?'
'હું નથી આપતો, મહારાજ ! સોમનાથના મઠપતિજી જેવા મઠપતિજી પણ એ જ કહે છે."મઠપતિજી કોઈ દિવસ એ કહે જ નહિ. મેં રાજ છોડી દીધું છે. હું સંન્યાસ છોડી શકતો નથી. તેં તારા આત્માને પૂછ્યું છે ?'
'હા, મેં પૂછ્યું છે !' દામોદરે જવાબ વાળ્યો : 'મેં પૂછ્યું છે, મહારાજ ! અને ત્યાંથી મને એક જ જવાબ મળ્યો છે.'
'શું ?'

'કોઈ આગળ ન આવે, ચૌલુક્યોની ગાદી પોતાનું ગૌરવ ગુમાવે, તારા વખતમાં પાટણ પરાધીન બને, તો હે મંત્રી ! તારે માટે એક જ માગૅ હોઈ શકે.'
દુલૅભરાજ મહારાજ સાંભળી રહ્યા. એમને ભીમદેવ પ્રત્યે અગાધ પ્રેમ હતો. પણ દામોદરની વાત એમને રુચતી ન હતી.
'શું માગૅ હોઈ શકે ?'
'પ્રભુ ! એક જ માલવાના મુંજ મહારાજને વારી ન શકવાથી જે માગૅ એનો મંત્રી રુદ્રાદિત્ય ગયો, એ એક જ માગૅ મારે માટે હોઈ શકે - જીવતાં બળી મરવાનો. ગુજરાતને બચાવી ન શકું, તો મારે-મંત્રીએ-જીવતું બળવું રહ્યું !'
'અરે !'
'હા પ્રભુ ! બીજું શું થાય ? જળસમાધિ આરામ ગણાય, ભૂમિસમાધિ શાંતિ ગણાય. અગ્નિસમાધિ એક જ માગૅ, મારા જેવા માટે હોઈ શકે. અને હું આંહીં આવ્યો છું જ એટલા માટે. મહારાજ મૂલરાજદેવે અગ્નિપ્રવેશ કર્યો હતો. એમનું આ ધામ છે. એમણે આ રચ્યું છે. તમે ના પાડો, એટલે બીજા કોઈકને ગજૅનક રાજવારસ ગણે તેમ છે નહિ. અને બીજો રાજવારસ પોતે આંહીં સ્થાપ્યો એ વાત ન થાય, તો એ જાય તેમ નથી. પછી કાં તો એ આંહીંથી જશે જ નહિ. અને છતાં જશે, તો આંહીં પગદંડો રાખતો જશે, પાટણ રંડાશે, પરાધીન થશે, એનો રાજા ગૌરવ ખોશે. ગુલામ હશે.'
'એ પગદંડો તમે કાઢી નાખજો. બીજું શું ? ખરો રસ્તો એ છે... આ નહિ, દામોદર !'
'એ રસ્તે તો એ જાય તો ને પગદંડો એવો મૂકે તો. પણ ન જ જાય તો ? વિલંબમાં ને વિલંબમાં એને આંહીં રહેવાનું ગમી ગયું, તો ? ને ગમી જશે. આ તો એને, આ બધી લૂંટ કાબુલિસ્તાન ભેગી કરવી છે, એટલે એ લૂંટાયા વિના પાછો ફરવા માગે છે, એટલે જાય તેમ છે. એ માટે એ ભોમિયા શોધે છે. મહારાજ ! તમે તો આ સંન્યસ્ત છોડવાની વાત આવતાં અધમૅથી ધ્રૂજો છો, પણ ત્યારે સાંભળો, ખુદ સોમનાથ ભગવાનના પૂજારીનો ધમૅ-પુત્ર પોતે, અમને મદદ કરવા તૈયાર થયો છે એનું શું ? એ ભોમિયો થવાનો છે. મરણનો ભય છોડીને એ નવજૂવાન સંધની રણરેતમાં સુલતાનને દોરવાનો છે... એનો દગો જણાશે, ત્યારે સુલતાન એને રેતમાં જીવતો ભંડારી દેશે, એ એ જાણે છે છતાં એ તૈયાર થયો છે. જીવતો ભંડારાઈ જવા. અને તમે ? થોડો વખત શું વેશ ન છોડી શકો !
'અરે દામોદર !'
'એમ નહિ મહારાજ ! મેં માંડ માંડ ચારે તરફથી બધી સામગ્રી ભેગી કરી છે. આ રહ્યા રા', પૂછો એમને. રા' એમની રાણકી આપવાના છે... ભોમિયાઓને વાપરવા માટે. પોતાની સાંઢણીને મારવા મોકલનારને પાપ નહિ લાગે ? એનો એ વિશ્વાસઘાત દુનિયાનો નાથ જવા દેશે ? અને જે કોઈનાથી ન બને, જૂનાગઢની અજિત ગિરિમાળાના કીતિધ્વજમાં જે કલંક સમાન ગણાય. એ પણ નવધણજીએ કરી બતાવ્યું છે. લાખ્ખો દ્રમ્મ ખરચતાં ન મળે તેવો પોતાનો ઘોડો, એમણે સુલતાનની છાવણીમાં મોકલવા માટે અમને સોંપી દીધો છે. તમે જાણો છો મહારાજ ! કે રા'નો ઘોડો એટલે શું ? એનો કિલ્લો.'
'મહારાજ !' રા'એ કહ્યું : 'દામોદર મહેતાની વાત સાચી છે. બધું ગોઠવાઈ ગયું છે. તમે રાજા થવા આગળ આવો, એટલે તમારે નામે હમ્મીરને વાત કહેવા સારુ કુમારપાલજી જાય. આ બધી વાતનો મેળ જોતાં. મને તો એમાં ભગવાન સોમનાથની પ્રેરણા કામ કરતી લાગે છે. મઠપતિજી જેવા મઠપતિજી માન્યા છે ને !'
'શું માન્યા છે ?'
દામોદર તરત ઊભો થયો. એણે આવતાં પહેલાં અઘોરરાશિને ત્યાં બહાર ઊભો રાખ્યો હતો.

'અઘોરરાશિજી ! આવો તો, મહારાજને મઠપતિજીનો પત્ર આપવાનો છે, તે ક્યાં છે ?
અઘોરરાશિએ એક પટ્ટલેખ મહારાજ દુર્લભરાજના હાથમાં દીધો. વાંચીને મહારાજ ઊંડા વિચારમાં પડી ગયા લાગ્યા.
'શું વિચાર કરો છો પ્રભુ ? મઠપતિજી બોલ્યા છે, ભગવાન સદાશિવનાં ભીષણ રૂપને પૂજવા માટે આ બધી સામગ્રી છે. એમાં સંન્યસ્તત્યાગ એ કોઈ વસ્તુ નથી. ન માનતા હો તો મહાન કાલિકાચાર્યને સંભારો ! કેટલી શક્તિ ? કેવો ભેખ ? કેવો ભેખત્યાગ ? યુગ અત્યારે તમારી પાસે આ માગે છે !'
'ભીમદેવ જેવો ભીમદેવ, દામોદર ! તારી પડખે ભીમદેવ ન રહ્યો !' મહારાજ દુર્લભરાજને હવે લાગી આવ્યું. 'છેવટે તેં બ્રાહ્મણે - આ રસ્તો બતાવ્યો ?'
'પણ શા માટે પ્રભુ ? તમે ભૂતકાળ યાદ કરો. ઉયાભટ્ટે શું કહ્યું હતું ? અરધી સદીમાં ગુજરાતને ભારતવિખ્યાત મહાન રાજ બનાવવાનું કોના ભાગ્યમાં છે ? એ ભાગ્યવિધાતાને જાળવવાનો આ મારો પ્રયત્ન છે. બાકી આ નવઘણજી રહ્યા, એમનું સાંઢણીદળ તૈયાર થઈ રહ્યું છે. મહારાજ પણ ત્યાં ચઢવાના છે. મરજીવા ભોમિયા હમ્મીરને દોરનારા છે. તમારી હા ઉપર... બધો આધાર છે. તમે વાત હમ્મીરની સ્વીકારી લો, આ ભેખ બે ઘડી છોડી દો, એના અધીન રાજા થઈ રહો, રાજ્યખંડણીને સ્વીકારો, પાર પડે તેમ છે. બોલો મહારાજ ! તમારો શું જવાબ છે ? પળેપળ કીંમતી છે.'
મહારાજ દુર્લભરાજ હવે વિચારમાં પડી ગયા. એને દામોદરનો પરિચય તો હતો જ. બાર બાર વર્ષથી એ બ્રાહ્મણ ભીમદેવને પડખે ચડ્યો હતો. એણે પાટણની કેંક ઊથલપાથલો જોઈ હતી. એનું સ્વપ્ન દુર્લભ મહારાજ જાણતા હતા.
પણ પોતે સંન્યાસી અત્યારે પાટણના શું હતા ? કાંઈ નહિ.
દામોદર મહારાજના વિચારને કળી ગયો. તેણે બે હાથ જોડ્યા : 'જુઓ મહારાજ ! મારું વર્ષો જૂનું સ્વપ્નું તમે જાણો છો. તમે મને નડૂલમાં જોયો છે. તમારી જ્ઞાનદશાએ પાટણને ઘણું ગૌરવહીન કર્યું છે, એમ મેં હંમેશા માન્યું છે. હું ભીમદેવ મહારાજને મહાન બનાવવા મથી રહ્યો છું. પણ હજી તો અમે સ્થિર થઈએ તે પહેલાં આ આવ્યું છે. એટલે અત્યારે મદદ કરવી એ તમારો ધર્મ છે. તમે હમણાં જ અમને સતા સોંપી છે. ભોજરાજ જેવાએ તો તમને ઉપદેશ આપ્યો છે કે, આ સતા આને અકાળે છોડવી એ રાજધર્મ જ નથી. તમે એમ સજી લઈને પણ, અત્યારે આ વાત સ્વીકારી લ્યો !'
દુર્લભમહારાજની સમક્ષ મોટો કોયડો ઊભો થયો. સતા સ્વીકારતા નથી તો દામોદરની વાત સાચી પડવાનો ભય હતો. સતા સ્વીકારે તો પોતે ધર્મ જ તજી દે છે.
'દામોદર ! તારા દિલની ઉમેદ મારા ધ્યાનમાં છે, પણ તને ખબર નથી લાગતી કે સંન્યાસી કદાપિ પણ સંન્યસ્ત છોડે નહિ. એ મહા અધર્મ છે, હું સંન્યસ્ત ન તજી શકું.'
દામોદરને લાગ્યું કે આ તો વાત લંબાય છે. તેણે તરત છેલ્લા પાટલે બેસવામાં ઉકેલ દીઠો.
'થયું ત્યારે, ઊઠો રા' નવઘણજી ! આપણે બહાર ચિતા ખડકીએ. હું બળી મરું. તમે સાંઢણીદળ દોરીને કેસરિયાં કરો. ભીમદેવ મહારાજને મારા પ્રણામ કહેજો. કહેજો કે દામોદર પણ, કેસરિયાં કરવા આવત. પણ એને તો પ્રાયશ્ચિત કર્યે છૂટકો હતો. એટલે ત્યાં બળી મર્યો. ઊઠો રા' મહારાજનું સંન્યસ્ત ભલે અમર તપે ! બીજું શું થાય ?'
રા' નવઘણજી ઊભો થઈ ગયો. તે અત્યાર સુધી બહુ બોલ્યો ન હતો. તેણે પોતાની તલવાર ઉપર હાથ મૂક્યો : 'મહારાજ ! આના સોગન ખાઈને કહું છું કે અમને પણ જવામાં જે મજો આવે છે, તે આમાં નથી આવતો. પણ કરવું શું ? આ બ્રાહ્મણમંત્રીના મનમાં કોણ જાણે ક્યાંથી કોઈક વાત આવી છે. એ બોલ બોલ ક્યાં જ કરે છે. 'ગુજરાતને મહાન બનાવવું છે.

ગુજરાતને ભારતભરમાં સ્થાન અપાવવું છે. માત્ર ગુજરાતના રાયે જ તુરુષ્કોને કોઈ દિવસ નમતું આપ્યું નથી. હમ્મીરનો આ ઘા જાળવી લો. ગુજરાતનો અણનમ ધ્વજ પછી લહેરાશે. એક દશકો સાચવી લ્યો.' આ વાત છે માનવી ન માનવી મહારાજની ઇચ્છા. એ આંહીં બળી મરશે. બ્રહ્મહત્યા મહારાજને કપાળે ચોંટશે. અપકીતિ થાશે. ગર્જનક ફાવી જશે. મારે શું છે ? હું તો એની રાખોડી ભેગી કરીને દામોકુંડમાં નાખી આવીશ. પણ એ જશે, એની સાથે પાટણનું ગૌરવ પણ જશે. મહારાજથી એ અજાણ્યું નથી. હું એની ભેગો કાંઈ અમથો નથી હાલ્યો !'

દુર્લભરાજ મહારાજ ઊંડા ઊંડા ઊતરી ગયા. દામોદરે એટલો બધો પથારો પાથર્યો લાગતો હતો કે હવે એમાં પગલું લીધે જ છૂટકો હતો. તેમનું મન ઊંડે ઊંડે ઊતરી ગયું. આ બ્રાહ્મણે, પાટણ માટે ભીમદેવ માટે જે કર્યું હતું તે કોઈ જ ન કરે. ભીમદેવની મા લક્ષ્મીદેવીનો એ પડછાયો જ રહ્યો હતો. ભીમદેવને એણે જ સ્વપ્નાં આપ્યાં હતાં. એની વાત હંમેશાં સફળ નીવડતી. અત્યારે પણ, એની વાત જ સાચી હતી. તે ધીમેથી બોલ્યા :

'દામોદર ! તેં ભારે કરી છે. પણ હવે શું થાય ? આનું પાપ...'

'મારે માથે મહારાજ !' દામોદરે ત્વરાથી કહ્યું : 'માત્ર આ પાપ જ નહિ, મારી આ યોજનાને અંગે જેટલાં પાપ થાય, તે બધાં મારા માથે. પછી છે કાંઈ કહેવાનું ?'

'અરે ! દામોદર ! તું તો હજી એવો ને એવો રહ્યો. તેં મારી ફજેતી આદરી છે. પણ ચાલ, બોલ, શી વાત છે ? મારે ક્યાં જવાનું છે ? કેવી રીતે જવાનું છે ? કોને મળવાનું છે ?'

'તે બધી વાત હવે આપણે નિરાંતે ગોઠવીએ છીએ. આ અઘોરરાશિજીને સંદેશો આપીને પહેલાં રવાના કરી દઈએ. એટલે કુમારપાલજી ને મહારાજ જાણી લે. કુમારપાલ તમને આંહીં મળવા આવશે.'

થોડી વાર પછી અઘોરરાશિ ત્યાંથી ઊપડી ગયો. અને મંડલીશ્વરની જોગગુફામાં દામોદરે દુર્લભ મહારાજને પોતાની વાત સમજાવવા માંડી.

દુર્લભરાજ મહારાજ દામોદરની વાતનો અક્ષરેઅક્ષરે ધ્યાનથી સાંભળી રહ્યા. કુમારપાળ આંહીં મંડલીગ્રામ આવે, ત્યાર પછી એની સાથે પાટણ જવાનું હતું. પરંતુ દરમ્યાન પોતે અનુષ્ઠાનમાં બેસવાના છે, એ વાત આંહીં ફેલાઈ જવી જોઈએ. દેવતીરથ તેને માટે યોગ્ય માણસ હતો.

બીજે દિવસે દામોદર ને રા' ઊપડવાના હતા. દામોદર ફરીને મહારાજ દુર્લભરાજને મળી આવ્યો. તેમને આ નિર્ણયની મહતા સમજાવી. જો ભીમદેવ મહારાજના પાટણનું ગૌરવ ભવિષ્યમાં વધે તેવું કરવું હોય તો આ એક જ રસ્તો રહ્યો હતો.

રા' દુર્લભરાજની રજા લેવા ગયા ત્યારે બંને પ્રેમથી ભેટી પડ્યા.

જૂની વૈરવાતને એ વીસરી ગયા હતા.

દુર્લભરાજ મહારાજ હવે ડગે તેમ નથી, એ ખાતરી થયા પછી જ બંને નીકળ્યા. રા' નવઘણ ને દામોદર બંને જે રસ્તે આવ્યા હતા તે રસ્તે જ પાછા વળ્યા. એ રસ્તો નિર્ભય લાગ્યો હતો. તે નિર્વિઘ્ને પહોંચી ગયા, પણ કુમારપાલજીને મોકલવાનું કામ કરવાનું હજી બાકી રહ્યું હતું.

ભીમદેવ મહારાજને દામોદરની સફળતા વિષે શંકા રહેતી હતી. પણ જ્યારે તેણે સાંભળ્યું કે દુર્લભમહારાજે જ્યારે ભેખ જેવો ભેખ છોડવાની તૈયારી બતાવી છે, ને પાટણ જવાના છે, ત્યારે એને આશ્ચર્ય થયું !

કાકાનો પોતાના તરફનો પ્રેમ એમણે જાણ્યો હતો. પણ આ અવધિ હતી. દુર્લભ મહારાજ જ્ઞાનમાર્ગ તજે, એ જેવી તેવી વાત ન હતી.

પછી દામોદર કુમારપાલને મળ્યો. તેને પોતાનું કામ સફળ થયાની વાત કરી. ડોસાને તે દિવસે વાતની જે અસર થઈ હતી તે હજી ભૂંસાઈ ન હતી. તે આનંદી ઊઠ્યો.

એને મંત્રીની અટપટી વાતમાં કોઈ દિવસ કાંઈ બહુ ગતાગમ પડતી નહિ. પણ એણે આ વાત બહુ જ ધ્યાનથી સાંભળવા માંડી.
દામોદરની વાતમાં પહેલાં તો કુમારપાલને કાંઈ સમજ પડી નહિ. દામોદરે એને શાંતિથી સમજ પાડી.
'જુઓ, કુમારપાલજી ! તમારે સુલતાન પાસે જવાનું. મહારાજ દુર્લભરાજ રૈયતના ત્રાસે ત્રાસી ગયા હતા, ને રાજ છોડ્યું હતું, પણ તે હવે રાજ પાછું લેવા તૈયાર થયા છે. સુલતાનની ખંડણી પણ કબૂલે છે. પણ તમારે સુલતાનને કહેવું કે, એક બીજો હક્કદાર પણ છે.'
'કોણ ?'
'કોઈ નહિ. પણ એ તો આપણે સમજવાનું છે. સુલતાનને કહેવાનું કે દીકરીના હક્ક લેખે લોદ્રવાવાળા આંહીં દોડે. જો દુર્લભરાજ મહારાજ હવે પાછું રાજ સ્વીકારે તો, એ ક્યાં ખાતરી કરવા બેઠા છે ? એટલે એ બીજા હક્કદાર દુસલરાજને, તમારા રસ્તામાં આવે છે એટલે તમે વશ કરતા જાઓ, તો અમે ખંડણી કબૂલ કરીએ ને આંહીં રહીએ. આંહીંના બધાને અમે પહોંચી વળીશું, સુલતાને, અમે મદદ માગીએ તો, તરત આપવી.' વાતનું ઊંડાણ સમજતાં કુમારપાળ ઘડીભર ક્ષોભ પામી ગયો. 'પણ સુલતાન માનશે ?'
'તમને મોકલીએ છીએ જ એટલા માટે, કુમારપાલજી ! તમારી વાત એને કુદરતી લાગવી જોઈએ. બધે આ વાત બને છે. રાજ છોડ્યા પછી, હવે દુર્લભ મહારાજને, રાજનો મોહ લાગ્યો છે, માળવાવાળા પણ એમ ઇચ્છે છે. ભીમ મહારાજ કજિયાળા છે. કોઈ એની સાથે મેળમાં નથી. આ બધી વાત કરાય. પછી જેવો મોકો. એને એ કુદરતી લાગે એટલે બસ. આંહીં તમને કહેવું બધું નકામું. એ તો ત્યાં જેવા પડશે, તેવા દેવાશે, એમ રાખવું, બાકી, એક બીજી વાત એ ઉખેળશે ?'
'શું ?'
'એ મહારાજની ટચલી આંગળીનું ટેરવું માગશે. મહારાજ દુર્લભરાજ અધીનતા સ્વીકારે છે. એની એ નિશાની રાખે છે.'
'તો તો ભારે થાય ! ટચલી આંગળીનું ટેરવું આપે એટલે તો નાક વાઢી આપ્યું ગણાય !"એનો જવાબ એમ વાળવાનો, કુમારપાલજી ! કે તમારા ગયા પછી આ વાત ગઢબીટલીમાં ભેગા થયેલા જાણે, તો અમારા ઉપર સૌ દોડે. તમારી આપેલી સતા પૂરા પંદર દી પણ ન રહે. તો ખંડણીનું વચન કોણ આપી શકે ?'
દામોદરની વાત કુમારપાલ મનમાં ઉતારી ગયો. પણ ડોસાને લાગ્યું કે આ કામ મરણથી પણ આકરું છે, કારણ કે એમાં ડગલે ને પગલે અપમાનની વાત છે. તલવારનો તો ખપ જ નથી. દામોદર તેની વાત કળી ગયો. તે ધીમેથી બોલ્યો : 'તમને કેવા કામમાં જોડું છું, એ વાત મને આંહીં બેઠી છે, કુમારપાલજી !' દામોદરે છાતી ઉપર હાથ મૂક્યો : 'પણ આપણે એક વખત આ વાત સંભાળી લઈએ, તો ભગવાન સોમનાથ ચક્રવર્તીપદ ાપશે. આપણું સોમનાથનું ભવ્ય મંદિર આપણે જોઈ શકીએ એટલા માટે મારી આ મહેનત છે. મારે ભીમદેવ મહારાજનું ગૌરવ ખંડિત થવા દેવું નથી.'

Chapter 28
સંદેશો

કુમારપાલે મંડલીગ્રામ જવું અને ત્યાંથી મહારાજ દુર્લભરાજનો સંદેશો લઈને હમ્મીરની છાવણીમાં જવું, આ પ્રમાણે નિશ્ચય થયો.
મંડલીગ્રામથી જયપાલ તરફ એ વાત કહેવા માટે એક માણસ ક્યારનો. રવાનો કર્યો હતો. તેણે

વાત પહોંચાડી છે, એ સમાચાર મળ્યા કે તરત ડોસો કુમારપાલ મંડલીગ્રામ જવા ઊપડ્યો. એની સાંઢણી સાથે વરજાંગજી જઈ રહ્યો હતો.
દામોદર ને મહારાજ એની સાંઢણીને જતી જોઈ રહ્યા. એ અદૃશ્ય થઈ કે તરત દામોદર ગંભીર બની ગયો. એના મનમાં કૈં કૈં વિચારો આવી ગયા.
મહારાજ ભીમદેવે એ જોયું. તેમને દામોદરમાં મહત્વાકાંક્ષા કરતાં કાંક જુદી જ વાતનું દર્શન થયું હતું. એની પાસે યોજનાઓ હતી. જુક્તિ હતી. વાત દોરવાની તાકાત હતી. વાત કરવાની કુનેહ હતી. પણ એ બધા કરતાં કોઈક જુદી જ વસ્તુથી પોતાની જાતને એ દોરી રહેલો જણાતો હતો. મહારાજે તેના ખભા ઉપર પ્રેમથી હાથ મૂક્યો : 'દામોદર ! શું છે ? તને શું થાય છે ? કાંઈક તારા મનમાં છે !'
'મારા મનમાં શું હોય મહારાજ ? આમ આ બધાને મોકલું તો છું, પણ મારી જાતને જીવતાં બળ્યે પણ શાંતિ ન મળે, એવો કોઈ ભયંકર ઘા ક્યાંક કોઈક મારી જાય નહિ; ચિંતા તો હવે એ વાતની છે.'
'જયપાલના સમાચાર તો આશાભર્યાં છે ના ?'
'સમાચાર તો આશાભર્યાં છે. એમ તો ગર્જનકના માણસો વારંવાર વઢિયાર પંથકમાં, હવે જે કોઈ ગલઢેરો મળી આવે, તેની તપાસમાં પણ ફરી રહ્યા છે. ત્યાં કાબુલિસ્તાન તરફ કાંઈક સળગ્યું પણ છે. એ બધું છે. પણ આ તો હમ્મીર ! જેણે એકલે હાથે આખા ભારતવર્ષને ભડકાવ્યું, તેની પાસે કેટલી નવી નવી વાતો હશે ? એમાં ક્યાંક આપણે બની જઈએ નહિ ? આ ચિંતા છે મહારાજ ? બીજું કાંઈ નથી.'
'ભગવાન સોમનાથ બધું પાર ઉતારશે દામોદર !' ભીમદેવ મહારાજ મંત્રીની વેદનાનું કારણ જાણીને આશ્ચર્ય પામ્યો હતો.
થોડા દિવસમાં જ કુમારપાલનો સંદેશો આવ્યો, મંડલીગ્રામથી એ મહારાજ દુર્લભરાજ સાથે પાટણ તરફ જવા રવાના થઈ ગયો હતો. સાધુ દેવશીલ મહારાજ અનુષ્ઠાનમાં બેસવાના છે. એ વાત દેવતીરથે ફેલાવી દીધી હતી.
ને પછી એ બેઠા છે, એ વાત ફેલાઈ ગઈ હતી.
કુમારપાલ ને દુર્લભરાજ બંને આવવાના છે, એ વાત જયપાલ જાણતો હતો. એક વહેલી સવારે એ આવી પહોંચ્યા. પહેલાં તો જયપાલ માની શક્યો નહિ કે ખરેખર દેવશીલ સાધુએ આ વેશ બદલાવ્યો છે. પણ કુમારપાલ પાસેથી બધી વાત જાણી ત્યારે એને મહામંત્રીની અજબ શક્તિમાં વધુ શ્રદ્ધા બેઠી. એને લાગ્યું કે આંહીંની વાત પણ હવે સાંગોપાંગ પાર ઊતરશે. પણ એ સાવચેત હતો. એણે તિલકને વાત કરી રાખી. એક દિવસ તિલકે એને બોલાવ્યો :
'જયપાલ ! ક્યાં છે તું કહે છે તે ? નહરવાડાના રાય ? કોણ ભીમદેવ પોતે આવેલ છે ?
'ના સરદાર ! હું ખોટું નહિ બોલું. ભીમદેવ તો બહારવટે નીકળેલ છે.'
'કોની સામે ?'
'જે કોઈ પાટણમાં બેસશે, તે એનો દુશ્મન બનશે !'
'ત્યારે આ કોણ છે ?'
'એ છે ભીમદેવનો કાકો દુર્લભરાજ. એણે ગાદીત્યાગ કર્યો હતો. એને કુમાર નથી. એને પછી પોતાના વંશવેલામાં ગાદી રહે તેની લગની લાગી છે. એના વજીર સાથે છે.
'કોણ ?'
'સોમનાથનો કિલ્લેપતિ-કુમારપાલ.'
'તમારો સગો છે તે ?'

જયપાલે બેધડક જવાબ આપ્યો : 'હા એ જ. એટલે તો હું વાત કરવાની હિમત કરું છું."તો રાય મળે, નામદાર સુલતાનને. દગો હશે તો રાયનું માથું, તારું માથું ને મારું માથું ત્રણે ઊડી જાશે.'
'દગો કરનારાને માથાં હોતાં નથી. નામદાર ! જયપાલે વધુ હિમ્મતથી જવાબ વાળ્યો. આટલા દિવસના સહવાસે એ એક વાત સમજ્યો હતો કે આંહીં જે થોથરાણો તે ગયો, એવી વાત છે. 'પણ આ તો જે આવેલ છે, એને પૂછીને તમે પોતે જ ખાતરી કરો. હું તો તમને એટલી ખાતરી આપું કે આવનાર છે, દુર્લભરાજ મહારાજ... બીજો કોઈ નથી. !'
'સાધુ થઈ ગયો હતો તે ?'
'હા, એ.'
'અને સાધુપદ ?'
'રાજપદ લેવા માટે છોડી દીધું. તેને ને ભીમદેવને મેળ હતો જ નહિ.'
તિલકે સુલતાનને સમાચાર પહોંચાડ્યા હતા. એક દિવસ સુલતાનના દરબારમાંથી રાયના વઝીરને બોલાવવા માટે માણસ આવ્યું.
કુમારપાલ એકલો શસ્ત્ર સજીને સુલતાનને મળવા માટે ઊપડ્યો. એ વીર જોદ્ધાનું મન અત્યારે કૈંક ગડભાંગ અનુભવી રહ્યું હતું. એણે જતાં જતાં જયપાલને બોલાવ્યો : 'જયપાલજી ! તમારી સાંઢણી કેવીક છે ?'
'કેમ એમ બોલ્યા ? છે કાં ?'
'બીજું કાંઈ નથી. વખત છે, હમ્મીર કાંઈક અપમાન જેવું કરી નાખે તો મારે ત્યાં દેહ દેવો પડે. ગલઢેગઢપણ વધુ અપમાન સહેવાં મટ્યાં. આ તો દામોદર મહેતાનું બધું ઊંધું વળતું લાગ્યું. એટલે હું આવ્યો; પણ એ વખતે તમારા ઉપર આફત ઊતરે એટલે ભાગવાની તૈયારી રાખવી.'
'એવું કાંઈ થવાનું નથી. કુમારપાલજી ! આ સુલતાનને ત્યાં ગીજનીમાં કૈંક હિદુઓ રહે છે. પોતાપોતાના ધર્મ પાળે છે. એમને રહેવાનો મહોલ્લો જુદો છે. આ આપણો જ વાસ તમે ન જોયો ? એને ત્યાં ગીજનીની ભરબજારમાં એક સતી થઈ ગઈ, તેની તો કવિતા પણ થઈ છે. માત્ર એક જ વાત ત્યાં છે. તમારા મનમાં શું છે, એ ખબર પડવી ન જોઈએ. તમારે કોઈ વાત કળવા દેવી નહિ, બાકી તમો ધારો છો, એવું કાં છે નહિ.'
'તો પણ તમને ચેતવ્યા સારા !'
'તમે એક વાત રાખજો ને, રાય વતી હું બધું કબૂલી લઉં છું, પણ જો તમે મને વઝીર બનાવો તો. એટલે દુર્લભરાજ મહારાજને પણ બહુ તકલીફ ન થાય. તમે કોઈ સ્વાર્થથી દોરાયા છો, એ વાત આગળ પડતી થવી જોઈએ.'
કુમારપાલ સુલતાનને મળવા ચાલ્યો. છાવણીમાં વચ્ચોવચ્ચ સુલતાનનો મોટો વિશાળ તંબુ ઊભો હતો. તેને ફરતી મજબૂત ચોકી હતી. કુમારપાલને નવાઈ લાગી. કેટલાક ચોકીદારો એને રજપૂત જેવા લાગ્યા. એને હવે લાગ્યું કે દામોદર મહેતાની વાત સોએ સો વસા સાચી હતી. આ હમ્મીર આંહીં રહી જવાનો નિર્ણય કરે, તો પછી એ આંહીં જ રહી જાય તેવો હતો. એણે ઘણાને મેળવી લીધા હતા.
તેને તંબુની બહાર દ્વારપાલોએ રોકી દીધો. અંદર જઈને રજા મેળવી. પછી તેને સુલતાનની સમક્ષ લઈ જવામાં આવ્યો.
કુમારપાલે ત્યાં જોયું તો એક ઊંચા બહુ મૂલ્યવાન સિહાસન ઉપર બાદશાહ મહમૂદ ગઝનવી બેઠો હતો. એનો ચહેરો કડક પણ રૂપાળો ગણાય તેવો હતો. એની દૃઢતા અને હઠાગ્રહી સ્વભાવને એ પ્રગટ કરતો હતો. મજબૂત બાંધાનો, ઊંચો, કદાવર અને એકદમ ભયરહિત એ જણાતો હતો. આંહીં પોતે દુશ્મનોની વચ્ચે હજી છે. એવો કોઈ ભય એના ચહેરામાં ક્યાંય ન

હતો. અને છતાં એના જેવો સાવધ કોઈ નહિ હોય.
કુમારપાલે નીચા વળીને એને સલામ કરી. સુલતાનના બોલવાની રાહ જોતો સામે ઊભો રહ્યો. એણે આસપાસ દૃષ્ટિ કરી. તિલક કે સેવંતરાય દેખાતા ન હતા. સુલતાન સિવાય બીજું કોઈ ત્યાં હતું નહિ. કુમારપાલ સુલતાનના વજ્જર જેવા મજબૂત શરીરને જોઈ રહ્યો. એના એ કસાયેલા, લડાઈથી રીઢા થયેલા શરીર ઉપર કેટલા બધા ઘા હતા ? કુમારપાલ ગણવા માંડ્યો. ઓછામાં ઓછા સાઠ*તો એ જોઈ શકતો હતો. આ એ જ અદ્વિતીય સેનાપતિ હતો, જેની સમક્ષ કલિંજરના ગંડરાય જેવા પણ નમી પડ્યા હતા. ત્રણસો ત્રણસો હાથીની ભેટ આપીને, અને પોતાની ટચલી આંગળીનાં ટેરવાને તાબેદારી સ્વીકારવાની નિશાની તરીકે મોકલીને, રાજ બચાવીને, આબરૂ વિહોણા રાહ જોતા બેસી રહ્યા હતા. વૃદ્ધ ડોસા કુમારપાલને, આંહીં ઊભો રહ્યો ત્યારે, હવે દામોદરની ખરી મહતાનો ખ્યાલ આવ્યો. એણે કોઈ રીતે ભીમદેવને ગૌરવહીણો બનાવવામાંથી અત્યારે બચાવી લીધો હતો... રાજાનું ગૌરવ એક વખત હણાય, પછી એની શી કિંમત હતી ? રણરેતમાં પાળિયો બનવાના ગાંડા સંકલ્પથી પણ ભીમને બચાવી લીધો હતો. એણે હમ્મીરની છાવણીમાં સાંઢણીઓ જ સાંઢણીઓ જોઈ હતી ! કેટલી સાંઢણીઓ ? એટલે હમ્મીરનો આ ઘા અત્યારે ગમે તેમ ઝીલી લઈને, ગૌરવભેર સલામત રહી જવાનું હતું. પછી પાટણને થોડા વખતમાં જ મહાન ચક્રવર્તીં પદે લઈ જવાના દામોદરના સ્વપ્નાને એ અત્યારે સમજી શક્યો.
એ પોતાના વિચારમાંથી જાગી ગયો. એને લાગ્યું કે એને કોઈએ પ્રશ્ન પૂછ્યો હતો. એણે ત્યાં દૃષ્ટિ કરી. ત્યાં બે હિંદુ સરદારોને એણે આવી ગયેલા જોયા. એક તો તિલક હતો. કુમારપાલને લાગ્યું બીજો સેવંતરાય કહે છે તે હોવો જોઈએ. સુલતાનની નજીક એ ઊભા હતા. એટલામાં સુલતાનને જમણે હાથે આવીને કોઈ અમીર જેવા માણસે કુનિસ બજાવી. તેણે ત્યાં પાસે પોતાની જગ્યા લીધી. કુમારપાલને લાગ્યું કે એ હમ્મીરનો વજીર હઝનક હોવો જોઈએ. સેવંતરાયે એને સવાલ પૂછ્યો હતો : 'તમે ક્યાંથી આવો છો ?'
'હું નહરવાડાના રાયનો મોકલ્યો આવ્યો છું. મંડલીગ્રામથી.' કુમારપાલે જવાબ વાળ્યો.
'એ ક્યાં આવ્યું ?'

----

* ગજનવીના શરીર ઉપર બોંતેર ઘા હતા.

'વઢિયાર પંથકમાં, પંચાસરની પાસે. કચ્છના નાના રણના મારગમાં.'
'નામદાર સુલતાન પૂછે છે, તમારે શું કહેવાનું છે ?'
કુમારપાલ વિચાર કરી રહ્યો. તેણે નીચા નમીને કુનિસ બજાવી. તે સ્વસ્થતાથી બોલ્યો : 'હું તોજૂના જમાનાનો માણસ છું. મારા મહાદેવનું પતન મારાથી સહન થયું નથી. કુંવર ભીમરાયે આટલી બધી હુજ્જત ન કરી હોત, તો આટલી બધી ખુવારી ન થાત. એના ગાંડપણે રૈયત હેરાન હેરાન થઈ ગઈ છે. હું સોમનાથનો કિલ્લેપતિ હતો. મને મહારાજ દુર્લઁભરાજે, ત્યાં મંડલીગ્રામ બોલાવીને કહ્યું કે નામદાર સુલતાન સાથે સંધિ કરી હતી. આપણે પણ સંધિ કરી લ્યો. રૈયતને ત્રાસમાંથી બચાવી લ્યો. હું એટલા માટે આવ્યો છું.'
'પણ રાય ભીમદેવ પોતે ક્યાં છે ?'
'એ તો બહારવટે નીકળેલ છે. એ અમારા કહેવામાં નથી. એ છે, જૂનાગઢનો રા' છે, એ અમારા કહેવામાં નથી. અમારે તો પાટણ બચાવવું છે. રૈયતને બચાવવી છે ?'
'રા'ની પાસે કેટલી સાંઢણીઓ છે ?'
'પંદરસો ! કુમારપાલે ત્વરાથી જવાબ દીધો. પોતે જે કામ માટે આવ્યો હતો તે હવે પાર ઉતાર્યેં જ છૂટકો હતો. એટલે તેણે ત્વરાથી તેમ જ રાજીપાથી જવાબ આપવામાં પોતાના કામની

સફળતા જોઈ. દામોદરનું કામ હવે ન બગડે એની ડોસાના મનમાં ચીવટ રહેવા મંડી. દામોદરે એને જે કહ્યું હતું તે બધું એને યાદ હતું.
'જૂનાગઢનો રા' કેટલી સાંઢણી આપશે ?'
'એકે નહિ ! કુમારપાલે જવાબ દીધો. 'એ તો પંદરસો સાંઢણીથી તમને હંફાવવા નીકળશે !' હમ્મીર કુમારપાલના જવાબથી હસી પડ્યો. પણ એને એવી છાપ પડી કે આ માણસ સાચી રીતે સંધિ કરવા આવ્યો છે.
'રાય દુર્લભરાજ ભીમદેવને શું થાય ?'
'કાકો !'
સુલતાન બોલતો સંભળાયો : 'રાય દાબશલીમ ?'
તિલકે એની જબાનમાં જવાબ વાળ્યો ! 'ના નામદાર ! દુર્લભસેન-દુર્લભરાજ. એ ભીમરાયનો કાકો છે. બે વરસ પહેલાં એ જ રાજા હતો. એને કુમાર ન હતો. એટલે એણે આ ભીમદેવને રાજ સોંપ્યું. પોતે સાધુ થયો. એ દાબશલીમ રાજનો માલિક છે. ભીમદેવના ત્રાસથી ને હુજ્જતથી એણે ગાદી છોડી હતી. એ મળતી હોય તો એ ભીમને એક તરફ રાખી દે. એને આપણે રાજ સોંપીએ તો એ તાબેદારી સ્વીકારે.'
'કેટલી સાંઢણી તમે આપશો ?' તિલકે કુમારપાલને પૂછ્યું.
'અમે ?' કુમારપાલે વિચાર કર્યો. કાંઈક ગણતરી કરતો હોય તેમ તે થોભ્યો : 'અમે હજાર આપીએ.'
'ત્રણ હજાર આપો !'
'ભીમદેવના કાકાને સુલતાન રાય બનાવે તો તમે તાબેદારી સ્વીકારીને રહો ? ખંડણી બરાબર મોકલો ? સૈનિકો બરાબર મોકલો ? બરાબર વજીરાત કરો ?'
'મને નામદાર સુલતાન વજીર બનાવે, તો એ વાત થાય. રાયને દોરનારો હોય તો એ દોરાય. તાબેદારી તો સ્વીકારીએ, એ બરાબર, પણ બીજાનાથી અમને બચાવવાનું કોણ માથે લે તેમ છે ?'
'બીજું કોણ છે ?'
'આ ભીમદેવનું બહારવટું અમારા ઉપર રહેવાનું. અમે એને આંહીં ઘરઆંગણે છીએ એટલે પહોંચી વળીએ. પણ દુસલરાજ રાજનો દાવો કરતો લોદ્રવાથી દોડે - તેને અમે શી રીતે પહોંચીએ ? અમારે કેટલી દશ સંભાળવાની ?'
'દુસલરાજ ? એ કોણ છે ?' તિલકે સવાલ કર્યો.
'દાબશલીમ - દૂસરા દાબશલીમ ?' સુલતાને સવાલ કર્યો. દો દાબશલીમ ?'
'એક દુર્લભરાજ, બીજો દુસલરાજ.
'દુસલરાજ, એ દુર્લભરાજના મોટાભાઈના વેલાનો ગણોને !' કુમારપાલ બોલ્યો : 'એનો રાજપુત્રીની રીતે ગાદીનો હક્ક થાય, એ એવો પણ દાવો કરે છે. સાચો ખોટો કોને ખબર ? વર્ષોની વાત થઈ. પણ અમને તો હેરાન કરે ! હવે દુર્લભરાજ ફરીને ગાદી ઉપર આવે છે, એ વાત એ જાણે, એટલે એ દોડવાના ! તો અમે તમારી ખંડણી ભરીએ, તમારી તાબેદારી કરીએ, કે આની સાથે આખડીએ ? કારણ કે અમે આંહીંનું સાચવી શકીએ. બે બાજુના બે હુમલા ભારે પડી જાય. એટલે જો નામદાર સુલતાન જતી વખતે એને વશ કરવાનું માથે લે, તો અમે આંહીં રહીએ. ખંડણી ભરીએ. સાંઢણીઓ મોકલીએ.'
'પણ તમે શપથ લો છો ?'
'કોના શપથ લેવાના ?'
'તમે કોને માનો છો ?'

'ભગવાન સોમનાથને !'
'તો એના શપથ લ્યો.'
કુમારપાલે જવાબ વાળ્યો : 'પણ એના શપથ તમારે શું ખપના ? તમે ક્યાં એમાં માનો છો ?'
'તો તો તમારા દુર્લભરાજ રાયને આંહીં લાવો. એની પાસેથી નામદાર સુલતાનને વચન મળે, એ ટચલી આંગળી કાપીને ખંડણીની વાત સ્વીકારે, ત્યાર પછી તમને આંહીં રાખવાનો વિચાર થાય. તમે એના વજીર છો. એને વાત કરો. આ શરત છે.
કુમારપાલને દામોદરની વાત યાદ આવી. એણે લેશ પણ ગભરાટ બતાવ્યા વિના જવાબ વાળ્યો :
'નામદાર ! શરત તો નામદાર સુલતાનની બરાબર છે. પણ તમારે વેણ લઈને જવું છે. અમારે વેણ પાળવું છે. રાય દુર્લભરાજ ટચલી આંગળી કાપી આપે એ ગઢ બીટલીવાળા જાણે, પછી એ અમને જીવતા રહેવા દે કે ? કનોજના રાજપાલને બધાએ ભેગા થઈને હણી ન નાખ્યો ? એ દશાતમારા ગયા પછી અમારી થાય ! અમારે તો રૈયતને ઉગારવી છે. શાંતિ રાખવી છે. શાંતિ પ્રજાને પાછી આપવી છે. એટલે તમારી ખંડણી કબૂલીએ છીએ. તમને નિયમસર એ મોકલીએ. તમારી સતા સ્વીકારીએ. અમે તો જે વેણ આપીએ, એ પાળવાનું કદી ચૂકતા નથી. અત્યારે હજાર સાંઢણી આપીએ.... પણ બીજી વાતની તમે હઠ કરો, તો તમારા ગયા પછી અમે મરીએ. હવે તમે વિચાર કરી જુઓ. અમારે તો રૈયતને બચાવવા માટે આ કરવું છે. ભીમદેવને રાજ સોપ્યું તો આ થયું. હવે અમને સુલતાનનું રક્ષણ મળે તો જ અમે ટકીએ એટલે ખંડણી ભરીએ. હવે નામદાર સુલતાન જવાબ આપે.'

Chapter 29

હમ્મીરનો જવાબ

કુમારપાલ હમ્મીરના * જવાબની રાહ જોતો ત્યાં ઊભો હતો. યમીનુદ્દોલા સુલતાન મહમૂદ ગઝનવી વિષે એણે અનેક વાતો આંહીં આવ્યા પછી સાંભળી હતી. અને એ સાંભળીને એની શક્તિ વિષે એને નવાઈ ઊપજી હતી. જે માણસ આવાં ભયંકર રણ ખેડીને હજારોની સેના આંહીં લાવી શકે, તે માણસ જેવો તેવો ન હોય. આજે એણે એને પ્રત્યક્ષ જોયો. અને એને ખાતરી થઈ ગઈ કે એ નીડર સેનાપતિ છે, અને નિર્ભય યોદ્ધો છે. એ ગમે તેવું સાહસ કરી શકવાની તાકાત ધરાવે છે. એ તો આંહીં રહીને સિંહલદ્વીપમાં મોતી લેવા દોડે તેવો સાહસિક જણાયો. આંહીં રહેવાનું સાહસ એને માટે સહજ લાગ્યું. દામોદર સાચો હતો. અત્યાર સુધી એણે એને લડાઈના દૃષ્ટિબિંદુથી જ જોયો હતો. એ મહાન સેનાપતિ ઘણો જ ચપળ હતો. અને એના વિજયો એની ચપળતાને આભારી હતા.
પણ કુમારપાલે આંહીં આવ્યા પછી, સુલતાનની બીજી બાજુ વિષે જાણ્યું. એ કવિ હતો. કવિઓનો મિત્ર હતો. વિદ્વાનોનો પોષક હતો. એની સભામાં મહાન ભોજરાજની સભાની પેઠે ચારસો ચારસો શાયરો રહેતા. ચાર લાખ દીનાર એ એમને માટે વાપરતો. એણે ગીજનીમાં મથુરાંની સ્પર્ધા કરનારાં ભુવનો ઊભાં કરવા માંડ્યાં હતાં. સુતાર લુહાર કડિયા કારીગરોને મુલતાનની આસપાસ લાવીને એણે થાણાં સ્થાપવા માંડ્યાં હતાં. છેલ્લાં બે-ત્રણ વર્ષથી ભારતવર્ષમાં રાજ સ્થાપવાની એને ઝંખના જાગી ગઈ હતી. એ હેતુથી મુલતાન તરફ એણે કિલ્લા થાણાં સ્થાપવાં શરૂ કર્યાં હતાં. એણે ઘણા રાયોને મિત્રો

----

* હમ્મીર શબ્દ રાજતરંગિણીમાં કલ્હણે વાપર્યો છે.

બનાવવાની કુનેહ હમણાં હમણાં બતાવવા માંડી હતી. કલિંજરના રાય ગંડે* એની પ્રશંસામાં

હિંદીમાં એક કાવ્ય લખી મોકલ્યું હતું. પાંચ લાખ માણસો, વીશ હજાર ઘોડાં અને પાંચસો હાથીઓ, જે કિલ્લામાં આસાનીથી કાંઈ ન હોય તેમ હરીફરી રહી શકે, ને દુશ્મનના ઘેરાનો લાંબા વખત સુધી તાબે થયા વિના સામનો કરી શકે, એવા કલિંજરના દુર્ગને પણ આ સુલતાને કાંઈ ન હોય તેમ જીતી લીધો હતો. વળી ગંડરાયને મિત્ર બનાવ્યો. તેની ત્રણસો હાથીની ભેટ સ્વીકારી લીધી. તેનું કાવ્ય વાંચ્યું. ને એને પોતે સામે ભેટો મોકલી. આસપાસથી જીતેલા પંદર દુર્ગો એને સાચવવા સોંપ્યા. સુલતાને આમ મૈત્રીસંબંધો પણ શરૂ કર્યાં હતા.
સૌને સુલતાનની આ ઉદારતા લાગવા માંડી હતી. કુમારપાલ આ વાતમાં ઊંડો ઊતરી ગયો હતો. જયપાલે એને કહ્યું હતું કે તિલક તો એટલે સુધી વાત કરતો હતો કે પોતે ધારે ત્યારે ભારતભરને હથેળીમાં રમાડી શકે એટલી સતા અત્યારે સુલતાનની પાસે હતી. એ તો સારું હતું કે એને એ બાજુ દુશ્મનો પણ એવા જ મળ્યા હતા. અને ખુરાસાન સળગતું હતું.
નહિતર આ હમ્મીર તો આંહીં ધીમે ધીમે ધામા નાખે એવો હતો.
ગંડરાય પ્રત્યેના એના વર્તનની કેવી જબ્બર અસર ત્યાં થઈ ગઈ હતી ? જયપાલ એની નવાઈ જેવી વાતો કહેતો હતો. ત્યાંના પાડોશના એક રાયે એક અદ્ભુત પંખી સુલતાનને ભેટ મોકલાવ્યું હતું. ને મૈત્રી કરી હતી. એ પંખી કોઈ પણ ભોજનમાં ઝેર જુએ ને એની આંખમાં આંસુ આવી જાય ! અને હમ્મીરને એક અદ્ભુત સંજીવની મણિ જેવો મણિ એક રાયે મોકલાવ્યો હતો.
એ મણિમાં અજબ કરામત હતી. ગમે તેવો ઘા ભલેને લાગ્યો હોય, આ મણિ મૂકે એટલે એ રુઝાવા મંડે !
પણ કુમારપાલને આ બધું જાણ્યા પછી મંત્રીરાજ દામોદરની દીર્ઘદૃષ્ટિ માટે એક પ્રકારનું માન થઈ આવ્યું. એ એક જ માણસ એવો હતો જે સમજી ગયો હતો કે, આ ગર્જનક આંહીં રહી જાય તેવો છે. એણે આંહીં શિયાળો

----

* કલંજર અને કલિંજર બે જુદાં છે. એક કલંજર દક્ષિણ કાશ્મીરમાં હતું.

કાઢ્યો, ઉનાળો કાઢ્યો, એક ચોમાસું ગાળી નાખ્યું. એક બીજો શિયાળો જવા દીધો અને આ ઉનાળો પણ હવે જઈ રહ્યો છે ! એને આંહીંની મોહિની લાગી છે. એ સમજી ગયો છે. આંહીં રાજ કરવા જેવું છે. આ પ્રજા શાંતિપ્રિય છે. અને વળી અંદર અંદર ભારે કલહવાળી ને ચડસવાળી છે.
એટલે એની છાવણીમાં મતભેદ છે ત્યાં જ, રવાના કરવાની જોગવાઈ કરવામાં ન આવે, તો થોડા વખત પછી, એક પછી એક રાય, લાટના, અર્બુદનાસોરઠના, કચ્છમંડલના - એક પછી એક રાય એને રીઝવવા માટે સ્પર્ધા માંડે ! અને ગર્જનક આંહીં રહી જાય ! વાત લંબાય તો છેવટે પરિણામ આ આવે. કુમારપાલ ગર્જનકની કોઈ પણ વાત માનભેર સ્વીકારી લેવા માટે હવે તૈયાર થઈ ગયો હતો. એને દામોદર મહેતાની વાત સમજાઈ ગઈ. પોતાની ચિંતા કળાય નહિ, તેમ એ શાંત ઊભો રહ્યો.
ગર્જનકે વજીર સાથે ગુફ્તેગો માંડી હતી. થોડી વાર પછી તે તિલક તરફ ફર્યો : 'તિલક ! પૂછી જો એને, તારો રાય અમારો ધર્મ પાળશે ?'
તિલકે સવાલ કર્યો. કુમારપાલે આ સવાલની તો આશા જ રાખી ન હતી. છતાં તેણે લેશ પણ ગભરાયા વિના ત્વરાથી જ ઉત્તર વાળ્યો : 'અમારો રાય વિદ્વાન છે. તમારા કોઈ પંડિતને મોકલો. જો અમારા રાયને એ સમજાવી જાય, તો એનો વિજય થાય. ન સમજાવી શકે, તો વિજય અમારો થાય. આને માટે અમારે ત્યાં આ રીત છે !'
મહમૂદ મૂછમાં હસી રહ્યો. આ જ જવાબ એને કલિંજરમાં *મળ્યો હતો. એણે ફરીને કહ્યું :

'તો પછી તમારો રાય અમારી તહેનાત ઉઠાવશે એની ખાતરી શી ? ખાતરી આપો !'
'નામદાર સુલતાનને શી ખાતરી જોઈએ છે ?' કુમારપાલે જવાબ આપવાને બદલે સામે સવાલ કર્યો.
'નામદાર સુલતાન જાણવા માગે છે કે, તમને શેતરંજ આવડે છે ?' તિલક બોલ્યો.
----
* નાઝિમ ઁ હડધૈટ ન્.
કુમારપાલ તો આ સવાલથી ડઘાઈ જ ગયો. હમ્મીર હસી પડ્યો. 'એને પૂછ તિલક, કે તમે શેતરંજ રમ્યા છો ?'
'ચોરંગી ?' કુમારપાલ રહી રહીને બોલ્યો : 'હા, હું શેતરંજ જાણું છું. કોઈ રમવાવાળો હોય તો હું રમવા માટે તૈયાર છું ! હારજીતની હોડ માટે પણ તૈયાર છું !'
'રમવાનું કામ નથી,' તિલકે કહ્યું. 'નામદાર સુલતાન જાણવા માગે છે કે, એમાં ક્યાંય બે રાજા, એક સાથે, એક ખાનામાં બેસે છે ?'
'ના.' કુમારપાલ સવાલનું રહસ્ય સમજ્યો ન હતો. સુલતાન પ્રત્યેની અધીનતા વિષેની આ વાત હતી, કે ભીમદેવ દુલઁભરાજ વિષે એ વાત હતી, તે એકદમ કળી શક્યો નહિ. એ ટૂંકો જવાબ દઈને વધુ સવાલની રાહ જોઈ રહ્યો.
'તો પછી આંહીં કાકા-ભત્રીજા બેનો અમલ શી રીતે હોઈ શકે ? જે રાય અત્યારે ગાદી ઉપર છે, એને લઈને આવો.'
'જુઓ નામદાર !' કુમારપાલ શાંતિથી બોલ્યો : 'હું તો મહારાજ દુલઁભરાજ તરફથી આવ્યો છું. એમણે ભત્રીજાને ગાદી સોંપી હતી જ હમણાં. હવે એને લાગે છે કે એ બધું ટાળે તેમ છે. એણે સોમનાથ ભગવાનનું મંદિર નાશ કરાવ્યું. એણે પાટણનો નાશ કરાવ્યો. એનામાં વ્યવહારુ ડહાપણ હોત તો એ બધાં બચી જાત. એટલે દુલઁભ મહારાજ પાછા ગાદીપતિ થવા માગે છે. પાટણના એ જ રાય છે, એ સંધિ માગે છે. તમે કહો તે કરવા એ તૈયાર છે. તમને મારી વાત માન્ય ન હોય તો ના કહો, એટલે હું જાઉં. ઘણા માણસો પોતાના વારસોની બિનલાયકાતને લીધે, પાછી સતા લેવા મથે છે. ન લે તો બધો નાશ થાય. એના જેવી આ વાત છે.'
સુલતાન કાંઈક સંભારી રહ્યો. એને ત્યાં સીસ્તાનમાં જ ખલીફ - બિન-અહમદે પોતાના શાહજાદા તાહીરને રાજ આપી દીધેલું. શાહજાદાની નાલાયકી જોઈ, પછી પસ્તાવો થયો. એને મળવા માટે બોલાવ્યો. એને બાંધી દેવરાવ્યો. સતા પાછી લીધી. તાહીરનું મરણ જેલમાં જ થયું. પોતે જ એ વાતની તપાસ માટે ગયો હતો, તે તેને સાંભર્યું. પોતે કિલ્લાને ઘેરીને પડ્યો હતો તે દિવસો એને યાદ આવી ગયા. ત્યારે પહેલી વખત પોતાને ખલીફાએ 'અમીર' -માંથી 'સુલતાન'નો અધિકાર આપ્યો હતો ! અને છેવટે તો પોતે ખલીફ બિન-અહમદને માફી બક્ષી હતી.
એટલે સતા છોડ્યા પછી સતાની વાત પાછી લેવા રાજવંશી ઘણી વખત અધીરા થાય છે, એ કુદરતી વાત હતી.
સુલતાનને ભીમદેવની દોડાદોડી યાદ આવી ગઈ. એણે ધાર્યું હોત તો યુદ્ધ વિના જ ઘણું બચાવી લીધું હોત. ડોસો દુલઁભરાજ એટલા માટે આગળ આવે એ તદ્દન સ્વાભાવિક હતું. એણે વઝીર તરફ દૃષ્ટિ કરી : 'હઝનક ! કેમ લાગે છે ?'
'આપણે પોતે જ નામદાર ! ખોટા શૂરાતનથી થાકી નથી ગયા ? હમણાંનું જ સંભારો ને !'
વઝીરની વાત સિપાહ સાલાર શાહજાદા મસઉદ વિષે હતી. મસઉદ સાથે એને આંખો વઢતી હતી. આંહીં સુલતાન રહી જાય તો મસઉદ ત્યાં કાબુલિસ્તાનમાં રહે. વઝીરને એ ભયંકર લાગતું હતું. પોતે મસઉદની સતા નીચે એક દિવસ પણ ટકે તેમ ન હતો. મસઉદને કેટલાક

નાપાક ગુલામોએ એવી સલાહ પણ આપી હતી કે સુલતાન મહેમૂદને અમે કેદ કરી દઈએ. તું આગેવાની લે. મસઉદે એમને ફીટકાર્યાં હતા. પણ વાત સુલતાન પાસે આવી હતી. અને બાપ-દીકરાનો વિરોધ વધ્યો હતો.
તિલક વઝીરની વાતને સમજી ગયો હતો. તેણે આંખ આડા કાન કર્યાં. પણ સેવંતરાયે ટેકો આપ્યો : 'આ કિસ્સો બરાબર એવો છે. એમાં કુંવર રાયને લડાઈનું અભિમાન છે. એનું લોહી જુવાન છે. દેશનો એમાં નાશ થઈ રહ્યો છે. દુર્લભરાજને એ ગમતું નથી. આ વાત છે.'
સુલતાન બોલ્યો : 'તો તિલક ! દાબશલીમ, એક હજાર સાંઢણી દર સાલે મોકલે. એક વખત આપે એમ નહિ. પૂછજો. છે કબૂલ ?'
તિલકે સુલતાનની વાત કુમારપાલને કહી. કુમારપાલે તે તરત સ્વીકારી લીધી. સુલતાને ફરીને તિલકને કહ્યું : 'અને એને કહે, અત્યારે જૂનાગઢના રા'ની સાંઢણી લાવી દે !'
સુલતાને દગાફટકાની ગંધ લેવા માટે આ કહ્યું હોય તેમ લાગ્યું. તેમ જ રા'ની સાંઢણી પોતાને ત્યાં હોય, તો પછી કોઈ એની ગતિને પહોંચી ન વળે, એ નેમ હોય.
પણ કુમારપાલે તરત જ જવાબ વાળ્યો : 'એ ન બને, નામદાર ! જૂનાગઢનો રાય અમારા હાથમાં નથી, જૂનાગઢના કિલ્લાને લેતાં છ મહિના હાલ્યા જાય. હા, તમારે સાંઢણી લેવી જ હોય તો ચાલો, અમે રસ્તો બતાવીએ. અમે સાથે ચાલીએ. પણ છ મહિના તો વાત કરતાં નીકળી જશે !'
સુલતાનને સંતોષ થયો લાગ્યો.
સુલતાન બોલ્યો : 'તિલક ! એને કહે કે તમારે આ ખંડણી હર સાલ નિયમ મુજબ મોકલવી પડશે !'
'એમાં જરાય ફેર નહિ પડે, નામદાર ! હું વજીર છું, ત્યાં સુધી ફેર નહિ પડે !' કુમારપાલે જવાબ વાળ્યો.
'એક ેક સાંઢણી વીણી વીણીને મોકલવાની છે.' તિલક બોલ્યો : 'ગમે તેમ નહિ. એક સાંઢણી સાધારણ બે સાંઢણી જેટલી મજબૂત હોવી જોઈએ. અને દોઢસો મણ વજન ઉપાડી શકે તેવી તાકાતવાળી હોવી જોઈએ.'
'એ વાત તો બરાબર છે.' કુમારપાલે એ વાત કબૂલ કરી લીધી.
'અને ત્રિલોચન હાથીઓ ઉપર મોકલતો તેમ, તમારે સાંઢણીઓ ઉપર, આ દેશની અવનવી ચીજો ભરીને મોકલવાની છે, ખાલી સાંઢણીઓ નહિ !' તિલકે કહ્યું.
કુમારપાલે બે હાથ જોડીને માથું નમાવ્યું.
'ખ્વાજા હસન ! એક પાલખી મંગાવો. અલી ખેશાવંદ રાયના આ વઝીર સાથે જશે. ક્યાં છે અલી ખેશાવંદ ?' સુલતાને કહ્યું.
થોડી વારમાં જ એક ગુલામ કુર્નિશ બજાવતો ત્યાં હાજર થયો.
એ ખેશાવંદ સાથે સુલતાને કાંઈક વાત કરી. એનો એક અક્ષર કુમારપાલ સમજ્યો નહિ. પણ થોડા વખતમાં જ એક પાલખી ત્યાં દેખાણી. સુલતાને તિલકને કહ્યું : 'તિલક ! તું પણ સાથે જા. અને આને સમજાવ. રાયને અધીનતા બતાવવા માટે, શી શી વાત કરવાની છે, એ એને કહે. તે પછી રાય આંહીં આવે.'
તિલકે કુમારપાલને કહ્યું : 'નામદાર સુલતાન રાયને તલવાર ને કમરબંધની ભેટ મોકલે છે, શરીરે પહેરવાનો ઝબ્બો મોકલે છે. પાઘ મોકલે છે. એ પહેરીને રાય આંહીં આવે. અમે એને આંગળીની છાપમાંથી માફી આપીએ છીએ. પણ એણે નામદાર સુલતાનની તહેનાતમાં હમેશાં વિશ્વાસથી રહેવાના સોગંદ લેવા પડશે ! અમારે ત્યાં પણ આંહીંના જ ઘણા સૈનિકો ગીજનીમાં છે. એમને પૂછો, અમે એમને શંખ પણ ફૂંકવા દઈએ છીએ, એમના દેવને પૂજવા દઈએ

છીએ.* અમારે દોસ્તી ખપે છે. નામદાર સુલતાનની સતા સ્વીકારે તે બધા એમના દોસ્ત બને છે. તમે દોસ્ત થઈને રહો. તમે આ પાલખીમાં મારી સાથે ચાલો.'
તિલક કુમારપાલની સાથે જવા માટે નીચે ઊત્રોય. કુમારપાલે સુલતાનને નમીને રજા લીધી.
'હવે શાયર ફારૂકીને બોલાવો.' સુલતાન એક ગુલામને આજ્ઞા આપતો સંભળાયો. 'એનો લુદરવાનો કસીદા સાંભળીએ ! બહુ સરસ લખ્યો છે.'

Chapter 30

વિદાયની વેળા

સૌથી વસમી એવી વિદાયની પળના ભણકારા વાગી રહેલા દામોદર મંત્રીએ સાંભળ્યા. અને એ ગંભીર શોકગ્રસ્ત બની ગયો. કુમારપાલે આવતા-જતાં રાયકા સાથે બધા સમાચાર મોકલી દીધા હતા. નાના રણની આજુબાજુનાં ગામડાંઓમાં ભોમિયાની તપાસ માટે જયપાલ અને તિલક અવારનવાર નીકળતા હતા. હવે આંહીંથી જેમને જવાનું હતું તેમની વિદાયની વેળા આવી ચડી. સૌથી વસમી એ પળ હતી. ત્રણે માણસો જાણી જોઈને ધરતીમાં દટાઈ જવા માટે જ જવાના હતા. એમના જવા ઉપર જેવોતેવો આધાર ન હતો.
દુર્લભરાજ મહારાજને ગાદીપતિ તરીકે સ્વીકાર થયો છે, એ સમાચાર બધે ફેલાવા મંડ્યા. એમણે હવે સામે ચાલીને, સુલતાનને મદદ કરવાની હતી. મંત્રી કુમારપાલ પણ ભોમિયાની તપાસમાં રહેતો. સુલતાન માટે સાંઢણીઓ, ઘોડાઓ, જાણકાર વળાવિયાઓ એમનો પ્રવાહ સોરઠમાંથી ગુજરાતમાં વહેવા માંડ્યો હતો. દામોદરને રાયકાઓએ સમાચાર આપ્યા. હજારો સાંઢણીઓ, માલ, સામાન, ઘોડાં, હથિયાર, માણસો, પાટણમાં તૈયારીમાં પડ્યાં હતા. વિશ્વાસપાત્ર અને જાણીતા સાચા ભોમિયઓની શોધ થઈ રહી હતી.
કુમારપાલના સમાચાર આવ્યા અને રા'ની પ્રવૃતિ પણ વધી ગઈ. એનું સાંઢણીદળ તૈયાર થવા માડ્યું. મહારાજ ભીમદેવ પણ હવે વધુ વખત જૂનાગઢ ગાળતા હતા. ઘોડેસવારો, સાંઢણીઓ, એક નાનું સરખું દળ, ધીમે ધીમે ત્યાં તૈયાર થવા માંડ્યું.
એવામાં એક દિવસ મંત્રી દામોદરના સમાચાર આવ્યા. પવનવેગે મહારાજ ભીમદેવ અને રા' ઊપડ્યા, મઠપતિના આશીર્વાદ મેળવવા. સૌ પાછા સોમનાથનાં ભગ્ન ખંડેરોમાં ભેગા થઈ ગયા.
સાંજનો સમય થયો. અને ધીમે ધીમે જંગલના ગુપ્તેશ્વર મંદિરના દીપો પ્રગટવા માંડ્યા. વાતાવરણ બધું ગંભીર થઈ ગયું. આજે મઠપતિજી પોતે ભગવાન શંકરની આરાધના કરવા માટે આવ્યા હતા.
તેમણે પોતે આજે આરતી ઉતારી. નાગરું વાગ્યું. ઘંટાઘોષ થયો. શંક ફૂંકાયો. બીલીપત્ર અને પુષ્પાંજલી લઈને મઠપતિજી પોતે મંદિરના અંદરના ભાગમાંથી બહાર આવ્યા. સામે ધિજ્જટઊભો હતો. ધ્રુબાંગ હતો. પંડિત ધૂર્જટિ આંખો મીંચીને અંતરના ઊંડાણમાં શંકર ભગવાનને જોતા ત્યાં ઊભા હતા. એક તરફ રાજા ભીમદેવ, દામોદર અને રા' નવઘણજી હતા. બધી જ વાત જાણે પોતે સમજતી હોય તેમ રા'ની અદ્ભુત સાંઢણી ત્યાં મેદાનમાં નીચે બેઠી હતી. રા', ભીમદેવ મહારાજ, દામોદર, બધા હાથ જોડીને મઠપતિજીને નમી રહ્યા.
મઠપતિ ધિજ્જટ, ધ્રુબાંગ અને ધૂર્જટિ તરફ ગયા. તેમની સમક્ષ ભગવાન શંકરની પ્રસાદી ધરી. ત્રણે જણાએ ભક્તિભાવે નમીને સદાશિવનું છેલ્લું જળ ટીપું લઈ લીધું. બીલીપત્ર આંખે અડાડ્યાં. પુષ્પો માથે ચડાવ્યાં, હાથ જોડીને ભગવાનને ભક્તિભાવે નમી રહ્યા.
મઠપતિજીએ પ્રેમથી તેમના માથા ઉપર હાથ મૂક્યો, અને ખભો થાબડ્યો. તે ગદ્ગદ થઈ ગયા હતા. કાંઈ બોલી શક્યા નહિ તેમણે મૂંગા મૂંગા આશીર્વાદ આપ્યા.

ત્રણે વીરનરોએ છેલ્લા પ્રણામ કરી લીધા. એક વખત મંદિર તરફ દૃષ્ટિ કરી. ધીમે પગલે એ ત્યાંથી નીચે જવા માટે ચાલી નીકળ્યા. રાણકી તેમને આવતા જોઈ રહી.
મંદિરનાં પગથિયાં ઊતરીને છેલ્લે પગથિયે આવ્યા. એમણે એક વખત ફરીને હજી મહાદેવ તરફ દૃષ્ટિ કરી. પછી એ મેદાનમાં થઈને સાંઢણી ભણી જવા માટે આગળ વધ્યા. મઠપતિજી એમની આગળ ચાલતા હતા. રા' નવઘણજી, મહારાજ, દામોદર પાછળ આવી રહ્યા હતા. સાંઢણી રાણકી જાણે બધું જાણી ગઈ હોય તેમ ત્યાં બેઠી હતી. રા' નવઘણ એની દૃષ્ટિમર્યાદાની બહાર રહેવા મહારાજ ભીમદેવની પાછળ આવતો હતો.
મેદાનમાં અચાનક કોઈ બે ડોશીઓ ઊભેલી દેખાઈ.
એમને જોતાં બધા ચમકી ગયા. આગળ ચાલી રહેલ મઠપતિજીના દીપકધરે એમના તરફ પ્રકાશ કર્યો. કોઈ બે જુગજુગ જૂની વેદનાની પ્રતિમાઓ હોય તેવી બે ડોશીઓ ત્યાં ઊભી હતી. એમના હાથમાં ફૂલની માળાઓ દેખાતી હતી.
તેમણે મઠપતિજીને જોયા ને હાથ જોડ્યા. એ આગળ આવી.
'કોણ ? કોનું કામ છે ? મઠપતિજી બોલ્યા.
'હું ધ્રુબાંગની મા ! મા'રાજજી અને આ....'
એક ક્ષણમાં વાતાવરણમાં જુદા જ પ્રકારની ગંભીરતા આવી ગઈ. મઠપતિજી સમજી ગયા. નેવું વર્ષ વટાવી ગયેલી બે ડોસીઓ પોતાના પુત્રોને અત્યારે છેલ્લું જોઈ લેવા માટે આવી હતી. મઠપતિજી પણ વિચારમાં પડી ગયા લાગ્યા. આ બંને અબળાની પાસે તમામ બળવાન પુરુષો પણ જાણે અબળ બની જતા લાગ્યા. તે પોતે તરત થોભી ગયા.
પહેલાં ધ્રુબાંગજી આવી રહ્યો હતો. વાંકી વળી ગયેલી, ડગુમગુ ચાલતી એની વૃદ્ધ માતા, પોતાના હાથમાં એક કોડિયું રાખીને આગળ આવી. તેણે ધ્રુબાંગજીને કંકુનો ચાંદલો કર્યો, ચોખા ચોડ્યા. ફૂલનો હાર એની ડોકમાં નાખ્યો. એણે પાઘડીને બે હાથ અડાડીને ઓવારણાં લીધાં : 'દીકરા ! સો વરસનો થા, ને ભગવાનનું વેર લઈને પાછો આંહીં ચોકી કરવા આવતો રે' માડી !'
ડોશીમાનો વેદનાભર્યો, ધ્રૂજતો, પણ અજબ શ્રદ્ધાવાળો અવાજ સાંભળીને બધાનાં માથાં માનથી એની મેળે જ નમી ગયાં. મહારાજ ભીમદેવે બે હાથ જોડ્યા.
ધિજ્જટની મા એની પછવાડે જ હતી. ધિજ્જટ આવ્યો અને માતાની સામે હાથ જોડીને ઊભો રહ્યો : 'દીકરા ! ચોસઠ ભુજાળી મારી મા તારી રખેવાળી કરે, ભગવાનનું વેર લઈને તું આપણી ભોમકામાં આવતો રે' બેટા ! ભગવાન તને સો વરસનો ગલઢો બૂઢો કરે !'
ધિજ્જટની ડોકમાં કરેણની માળા શોભી રહી. કુંકુમના ચાંદલાવાળું તેનું કપાળ બધાને આકર્ષી રહ્યું.
દામોદર મહેતો એ વખતે એકદમ આગળ આવી ગયો હતો. તેના ચહેરા ઉપર એક પ્રકારની દિલગીરી છવાઈ ગઈ હતી. ધિજ્જટ, ધ્રુબાંગની તરત પાછળ જ આવી રહેલા, મહાપંડિત ધૂર્જટિનું આંહીં અત્યારે કોઈ સ્વજન ન હતું. એની કોઈ માતા આંહીં ન હતી. એની કોઈ બેન આંહીં ન હતી. એ મહાન પરદેશીને, સેંકડો જોજન દૂર પડેલું પોતાનું ઘર અત્યારે સાંભરી આવશે, એને વિદાય દેવા કોઈ ન હતું. પોતે આ વાત જોઈ શક્યો ન હતો, અને એને લીધે, આ છેલ્લી પળે તો ગજબની વેદના ભરેલી હવા ફેલાઈ જતી, એ પોતે પણ અનુભવી રહ્યો, પણ હવે શું થાય ?
આ દૂધમલ જુવાન વીરનું આંહીં કોઈ ન હતું !
પોતે જ એને માળા પહેરાવવા આગળ જાય, એ એક જ રસ્તો એને સૂઝતો હતો.
પણ એટલામાં મઠપતિજીની પછવાડેથી, એક સુંદર પ્રેમભરપૂર અવાજ એને કાને આવ્યો. અને

એ ચમકી ગયો.
મઠપતિજીની પછવાડેથી ચૌલા પોતે આવી રહી હતી. તેના હાથમાં સોનેરી કંકાવટી હતી. હાથમાં અમૂલ્ય જૂઈ-મોગરાની માળા હતી. તે મઠપતિ પાસેથી આગળ વધી. પંડિત ધૂર્જટિ આગળ આવતાં જ એ એની સામે થોભી ગઈ હતી. દામોદર આ જોતાં ડોલી જ ગયો. એને લાગ્યું કે, પોતે ઇચ્છે કે ન ઇચ્છે, પણ આ નારી રાજરાણી થવા માટે જ જન્મી છે. એનામાં એક એક પળને સુંદર બનાવવાની કલા રહી છે ! એને રાજા ભીમદેવની માતા લક્ષ્મીદેવી સાંભરી આવ્યાં. એ રાજરાણી હતાં. એનામાં એવી પ્રેમની સમજ હતી. આજ ચૌલામાં એણે એ જોઈ.
ચૌલાએ આગળ આવીને ધૂર્જટિના કપાળે પ્રેમથી કુંકુમ ચાંદલો કર્યો. ચોખા ચોડ્યા. એની ડોકમાં માળા પહેરાવી. તેણે તેનાં અત્યંત સુંદર રીતે ઓવારણાં લીધાં. પ્રેમભર્યો એનો મધુર સ્વર વાતાવરણને ગજબની મીઠાશથી ભરી દેતો સંભળાયો : 'ભાઈ ! વીર ! તમારી નામના જુગ જુગ અમર રહો. તમે પરાક્રમ કરીને પાછા ભગવાન સોમનાથ ને ચરણે આવો ! અમે સૌ એના મહોત્સવ વખતે તમારી રાહ જોતાં ઊભાં હઈશું ! તમારા વિના મહોત્સવ શરૂ નહિ થાય. તમને પાછા આવતા જોવા ભગવાન પોતે હાજર હશે !'
વાતાવરણ જાણે ફરી જતું લાગ્યું. આ પાછા ફરવાના, એવી આશા હવા પ્રગટતી જણાઈ. બધા મેદાન તરફ આગળ વધ્યા. રાણકી એમના આવવાની રાહ જોતી ત્યાં બેઠી હતી. એ અધીરી થતી હતી. રા' નવઘણને જોવા એ આમતેમ ડોક ફેરવતી હતી.
રા' નવઘણ આગળ આવ્યો. તેણે રાણકીને ગળે હાથ મૂક્યો. 'રાણકી ! બેટા ! આજ તારે ભગવાન શંકરના ગણોને લઈ જવાના છે હો !' રાણકી ઊંચીનીચી થવા માંડી, જાણે એ બધું જ સમજતી હોય તેમ રા' એને કહી રહ્યો : 'તૈયાર થા. જોજે, આપણી રા'ના ઘરની આબરૂ જાય નહિ હો !'
રાણકીએ એને વહાલમાં અવાજ આપ્યો. અવાજનો જાણકાર રા' પ્રેમથી ઠપકો આપતો હોય તેમ બોલ્યો :
'લે હવે ગાંડી થા મા ! હું તારી વાંહોવાંહ આવું છું !'
'ધ્રુબાંગજી !'
ધ્રુબાંગજી આગળ આવ્યો. તેણે રાસદોરી હાથમાં લીધી. તે આગળ ચઢી બેઠો. વચ્ચે પંડિતજી આવ્યા. ધિજ્જટ બેઠો ન બેઠો ત્યાં રાણકી ઝડપભેર ઊભી થઈ ગઈ હતી.
હવે ઉતાવળ કરવાની હતી. રા' નવઘણ, દામોદર અને મહારાજ ભીમદેવ બીજી સાંઢણી ઉપર હતા. સાંઢણી 'રણપંખિણી' ઉપર રા' આવી ગયો.
એક પળભર બંને સાંઢણીઓ ત્યાં ઊભી રહી ગઈ.
'જય સોમનાથ'ના, ગંભીર ઘોષ સાથે તમામનાં મસ્તકો વિદાય લેનારાઓની નમી પડ્યાં.
અને બીજી જ ક્ષણે બંને સાંઢણીઓ અદૃશ્ય થઈ ગઈ.

Chapter 31

દામોદર માર્ગ બતાવે છે !

રાણકી અને રણપંખણીએ પ્રભાતનું પહેલું કિરણ પ્રગટ્યું, ત્યાં તો પંચાસર ગામનું પાદર સર કર્યું. કુંડધર રબારી અને તેનો નાનકડો છોકરો ઝીંઝુ, ગામને પાદર વાટ જોઈને ઊભા હોય તેમ લાગ્યું. એમને સમાચાર મળી ગયા હોવા જોઈએ. દામોદરને નિરાંત થઈ. બધી વાત બરાબર પાર ઊતરતી હતી.
આંહીં એકાદ બે દિવસ રોકાવાનું હતું. કુંડધર ધીમેથી આગળ આવ્યો. તેણે રાણકીને તરત

ઓળખી. રાણકી પણ તેને જાણતી હોય તેમ હરખમાં આવી ગઈ.
તે મહારાજને અને રા' નવઘણને પગે પડ્યો. દામોદર મહેતાને ખભે હાથ અડાડીને બે હાથ જોડ્યા. એનો નાનકડો છોકરો ઝીંઝુ પણ બાપનું અનુકરણ કરી રહ્યો હતો.
'તારો છોકરો છે, કુંડધર ?' રા' નવઘણ આ પંથકના ઝાડવે ઝાડવાનો જાણકાર જણાયો. દામોદર તેની સામે જોઈ રહ્યો. 'શું નામ રાખ્યું છે ?' રા' નવઘણે ખરા ઉમળકાથી પૂછ્યું.
'છોકરો ભગવાનનો, મહારાજ !' કુંડધરે વહાલથી પોતાના એકના એક છોકરાના માથા ઉપર હાથ મૂકતાં કહ્યું : 'એને સૌ ઝીંઝુ, ઝીંઝુ કહેવા માડ્યાં છે. ભગવાન એને મહારાજને ત્યાં સાંઢણીઓ ચારવા મોટો કરે એટલે બસ !'
'અરે ! હોય કાંઈ ? એ તો મોટો માલધારી થવાનો. ત્યારે તેં વાડો પણ આ છોકરાને નામે નામ રાખ્યો લાગે છે ! અમે તો કીધું કોણ જાણે આ ઝીંઝુ કોણ હશે !'
સૌ એમ બોલવા માંડ્યાં, ઝીંઝુનો વાડો, ઝીંઝુનો વાડો, એટલે પછી મેંય ઠરાવી દીધું કે હા ભૈ ઝીંઝુનો વાડો ! મારો નહિ. ઝીંઝુનો વાડો આ સામે દેખાઈ ઇ. ત્યાં નદીનેય વાળવાનું કર્યું છે. એટલે જેવું તેવું તળાવડું ભરાય છે. ઢોરઢાંખરને પાણીની આંહીં મજો છે. એક-બે ગાઉ આથમણી કોરે વળી એક ભોટવો છે ઝીલાણંદ. ત્યાંય પાણીની ઓળબોળ છે. માતાજી સંતાણાં છે ને !'
'ત્યારે આ નાના રણને રસ્તે તો પાણી મળતું રહે કાં ?'
'હા, આણીકોરથી સંઘમાં જવાનો મારગ જ આ નાનું રણ મૂકીને, કચ્છ સોંસરવો થઈને સોઢાના મલકમાં ! અમારે તો આ નતનું થયું !'
રા' નવઘણે ધ્રુબાંગજીની સામે જોયું. 'ધ્રુબાંગજી ! તમારે બેને વધારે આથમણી કોરથી મારગ લેવાનો રહેશે હો !'
'અમારા ધ્યાનમાં છે મહારાજ !'
'આપણે સૌનું ક્યાં ગોઠવ્યું છે, કુંડધર ?'
'આંઇ તો મા'રાજ ! હમણાં બે'ક રંજાડ વધુ છે. અવારનવાર માણસ આવતાં જ હોય છે. કોકે ગરજનકને સમાચાર આપ્યા છે કે આ પંથકમાંથી ભોમિયા મળી રહેશે. ગઈ કાલે જ એકલો બે વરસના આલીદડ ભરવાડને ઉપાડ્યો'તો. પેલો કે' ભૈ ! મેં બાપદાદે રણ ઓળંગ્યું નથી, મને મારગની ખબર નથી. ત્યારે માંડ માંડ છોડ્યો. એટલે આંઇ હમણાં રંડાજ વધુ છે. આપણો મુકામ ત્યાં ભોટવાને કાંઠે ગોઠવ્યો છે. ત્યાં ઝાડનું ઝુંડ છે. પાછળ છેટે ડુંગરો છે. પડખે અમારા નેહ પડ્યા છે. નાનામોટા થઈને પંદરસો જીવ છે. ઍલે ત્યાં બે-ચાર તુંબડાં પણ ઊભાં કર્યાં છે. ત્યાં મુકામ નાખ્યો છે.'
'...પણ...'દામોદર બોલ્યો. પછી એ બોલવું કે ન બોલવું તેના વિચારમાં પડી ગયો.
કુંડધર રબારી આગળ સર્યો. 'જે' પાળ મારા'જ એક-બે દીમાં આ બાજુ પાછા શોધ કરવા આવવાના છે. એક વખત તો આવી ગયા. સાથે કો'ક હતો !'
'કોણ હતો ?'
'કોક તલક કે એવું નામ હતું !'
દામોદર સમજી ગયો. કુમારપાલે મોકલેલા સમાચાર પ્રમાણે જ આ વાત થઈ રહી હતી. આકાશપાતાળ એક કરતા હોય તેમ ભોમિયાને શોધવા માટે એ ફરી રહ્યા હતા. ગઢ બીટલીના સમાચાર આવ્યા હતા. ત્યાં વાક્પતિરાજ રાહ જોઈને બેઠા હતા. નીડર ભીમદેવ ત્યાં હતો. અર્બુદપતિ ત્યાં હતો. લાટનો રાય હતો. નડૂલનો અણહિલ હતો. આટલા બધાની વચ્ચે જવાનો કાંઈ અર્થ ન હતો. સુલતાન લૂંટના માલ સાથે, કોઈ દિવસ એવું યુદ્ધ ન લે. એટલે હવે આ માર્ગ નક્કી હતો. ભોમિયાની શોધ ચાલતી હતી. એક-બે દિવસમાં કુમારપાલ કે જયપાલ આ

બાજુ આવવાના. તે પહેલાં ધ્રુબાંગ અને ધિજ્જટને આંહીં ગોઠવી દેવાના હતા.
એ આ બાજુ ઘેટાંબકરાં લઈ ફરતા હોય તેમ ફરવાના હતા.
ધૂર્જટિ તો જાણે કાશ્મીરનો બ્રાહ્મણ પાછો કાશ્મીર જવા નીકળ્યો છે. એ રસ્તો જાણે છે. પણ ત્રણમાંથી કોઈએ રસ્તો બતાવવાની તત્પરતા પ્રગટ કરવાની ન હતી.
તે રાતે બધા ઝીલાણંદ રહ્યા. ત્યાં રણમાં ગુપ્ત ઝરણાંની માફક રેતમાંથી પાણી ફૂટતું હતું. અને આસપાસ કેટલાય પ્રદેશને લીલોછમ બનાવી મૂકતું હતું. થોડાંક મોટાં ઝાડ પણ ત્યાં ઊગ્યાં હતાં. રબારીઓ ઘેટાં-બકરાં લઈને ચારે તરફ પડ્યા રહેતા. આ જગ્યાએ ધિજ્જટ અને ધ્રુબાંગ રહેવાના હતા. એ પોતાનાં ઘેટાં-બકરાં ચરાવતા ફરતા હોય, ત્યાં જયપાલજી કે કુમારપાલજી એમને મળે. સુલતાનનો કોઈ માણસ સાથે હોવાનો. એની હાજરીમાં અકસ્માત સવાલ-જવાબ થાય અને એમાંથી એમની ભોમિયાની વાત પકડાય તેમ કરવાનું હતું.
એ પ્રમાણે ધિજ્જટ, ધ્રુબાંગ ત્યાં રહી ગયા. પંડિત ધૂર્જટિ એમની સાથે નીકળવાનો. એને પણ કાશ્મીર જવાનું હતું.
આ પ્રમાણે ગોઠવણ થઈ. દામોદર ને મહારાજ ને રા' પાછા ઊપડી જાય એ નક્કી થયું.
સાંઢણીદળ હવે તત્કાળ તૈયાર થઈ જવું જોઈએ. વહેલી પ્રભાતે ઊઠીને દામોદર એકલો ત્યાં આંટા મારી રહ્યો હતો. રણપંખણી તૈયાર હતી. રા'ની અને મહારાજની રાહ જોવાઈ રહી હતી. કુંડધર રબારીનો છોકરો ઝીંઝુ કાલે સાંજે સમાચાર લાવ્યો હતો કે કુમારપાલજી, તિલક અને જયપાલજી આ બાજુ આવવાના હતા.
ધિજ્જટ અને ધ્રુબાંગ ખભે ધાબળા નાખી ડાંગ લઈને તૈયાર થયા હતા. તેમનાં બકરાં ને બીજો માલ, ધીમે ધીમે સામેના ડુંગરના ચરણ તરફ જઈ રહ્યો હતો. દિવસ ઊગ્યા પહેલાં તે ત્યાં જઈ પહોંચવાના હતા.
દામોદર બંને નરવીરોને નીરખી રહ્યો. કાશ્મીર કેસર ચર્ચિત ત્રિપુંડધારી પંડિતજી પણ એટલામાં આવ્યા.
'જુઓ ધિજ્જટજી ! આ કામ જેવું તેવું નથી,' દામોદરે છેલ્લી ભલામણ આપી. 'પહેલાં તો તમારો એને વિશ્વાસ પડવો જોઈએ !'
'એ તો પ્રભુ ! અમે બરાબર સમજાવીશું. અમે કહીશું કે વાંધો નહિ આવે ! અમે તો રાતદીના જાણકાર છીએ. આમ રણ પાર કરાવી દેશું !'
દામોદરે એને બોલવા દીધો. એ બોલી રહ્યો એટલે એણે ધ્રુબાંગ સામે જોયું : 'ધ્રુબાંગજી ! તમે ? તમે શું વાત કરશો ?''હું પણ પ્રભુ ! ધિજ્જટજીના શબ્દે શબ્દ પકડીશ.'
દામોદર કાંઈક નિરાશ થયો. તેણે પંડિતજીની સામે જોયું 'પંડિતજી ! તમે જાણે કાશ્મીરના છો. સોનાનાં કમળ દર વર્ષે લાવો છો. તમને રસ્તો જાણીતો છે. તમે પાછા કાશ્મીર ફરી રહ્યા છો. ત્યાં સુધી તો બધું ઠીક, પણ પછી શું ? તમને રસ્તો જાણીતો છે, એટલે તમે રસ્તો બતાવી ધો એમ ? એને ભોમિયા થઈ રસ્તાની માહિતી આપો ? કાંઈક કારણ હોવું ન જોઈએ ?'
'અરે ! પ્રભુ ! કારણ બીજું શું ? કારણમાં દ્રમ્મ. દ્રમ્મ દેખીને મુનિવર ચળે, એ કારણ. અમે મારગ બતાવીએ, તો એક લાખ દીનાર સુલતાન પાસે માગીશું !'
દામોદરને આનંદ થઈ ગયો. એને આ જોઈતું હતું.
'જુઓ ત્યારે ધિજ્જટજી ! ધ્રુબાંગજી ! તમે સુલતાનના કોઈ સગા નથી. તમે રસ્તો બતાવવા ભોમિયા શા માટે બનો ? તે પહેલાં ચોખ્ખી ના પાડજો. અમને ખબર નથી. વળી તમારામાંથી જ એક જણો મશ્કરી કરતો હોય તેમ બોલે : 'બતાવને બતાવને ! અમસ્તો તો વગર દામે ઘોડા કરે છે ત્યારે આ તો દામ લઈને કામ કરવું છે !'
એટલે વળી બીજો બોલે : 'આવડો મોટો બાદશા' છે, તે શું બે ચાર ગામડાં દઈ દેવાનો છે તે હું

ટાંટિયા તોડું ?'
'હાં હાં, સમજાઈ ગયું !' ધિજ્જટ, ધ્રુબાંગ બંનેએ વાતનો દોર પકડી લીધો.
'એમ કરતાં કરતાં મારવા જેવું થાય ત્યાં સુધી એને ચીવડજો. અને પછી ધીમે ધીમે એક લાખ દીનાર માગજો. દરેકે એક એક લાખદીનાર માગવાના.' દામોદરે ભારથી કહ્યું. ને તેમની સામે જોઈ રહ્યો. શિક્ષકની અદાથી એણે ફરી કહ્યું :
'પણ જો જો, એક લાખ દીનાર માગ્યા પછી, એક દ્રમ્મ પણ ઓછો કરતા નહિ. તમે જો દ્રમ્મ ઓછો કરસો તો એ વાત ઉપરથી જ તમારો વેશ કળાઈ જશે, સોદો આખો તૂટી જવા જેવું લાગે તો પણ દ્રમ્મ ઓછો નહિ. આ મહા વિચક્ષણ માણસ છે. મારું વિખ્યાત ઠીંગણાપણું મને પ્રગટ કરી દે, એ ભય ન હોત તો હું જ રોકાઈજાત. એને સાંઢણીઓ લાવી દેત !'
'પ્રભુ !' ધૂર્જટિ બોલ્યો. 'ભગવાન સોમનાથની કૃપા હશે તો બધી વસ્તુ બરાબર ઊતરવાની છે. કોઈ એક દ્રમ્મ ઓછો લેવાની વાત જ નહિ કરે. તમારી વાતને રસ્તે જ વાત બંધાય તેમ છે. અમે તો કહીશું કે જો, એક લાખ દીનાર લઈશું એટલું જ નહિ, રસ્તામાં અમે સંધ્યા કરીશું. શંખ વગાડીશું. ડાબલીમાંથી શંકર કાઢીશું... તમારાથી કાંઈ નહિ બોલાય. તમારે આઘે રહેવું પડશે.... એમ આપણે લેશ પણ દરકાર ન હોય તેમ વાત ચલાવવાની છે.'
'બસ, બસ, ત્યારે ધૂર્જટિજી ? તમે સમજ્યા છો. મારે એટલું જ કહેવાનું હતું.'
'તમે બધું જાણો છો. ધિજ્જટ ! ધ્રુબાંગ ! તમારા મનમાં ગમે તે વાત આવી હોય, પણ એની એક રેખા જો તમારા ચહેરા ઉપર દેખાશે, તો આખો ખેલ ખલાસ થઈ જશે !'
'તમારા ચહેરા ઉપર એક રેખા દેખાવી ન જોઈએ. તમારા હાથપગ પણ તમારી વાત પ્રગટ કરી નાખવાની શક્તિ ધરાવે છે ! સેંકડો ને હજારોને આંહીં દોરનારા માણસની સામે, તમે જો બે પળ બરાબર જાળવી લીધી, તો તમારો બેડો પાર છે !
'અને હા, એક બીજી વાત, તમે પોતે ભાગશો શી રીતે ? આ રાણકી સાથે છે. એ તમને આપી છે એટલા માટે. તમારી દગાની વાત પ્રગટ થશે, પછી રણમાં તમારી ઉપર લાખ વાતું વીતશે. તે વખતે આ રાણકીનો આધાર તમારે હોય તો તમે ભાગી છૂટો. રાણકી તમને આપી છે એટલા માટે; કારણ કે એનો જોટો ક્યાંય નથી !'
'અમને રાણકીનો વિશ્વાસ છે પ્રભુ ! રાણકી માથે બેઠો, ઈ ભગવાનને ખોળે બેઠો !'
રા' ને મહારાજ આવતા લાગ્યા.
'કોણે રાણકીને સંભારી, મહેતા ?'
'એ તો અમે વાતો કરીએ છીએ પ્રભુ !'
'પણ વાત સોએ સો વસા સાચી છે. રાણકીની પાછળ ભલેને એક હજાર સાંઢણી ઘોડે, એમાંથી એકે એને પૂગે તો નહિ, પણ એક તીર વા અંતરમાં ક્યાંય આવી પહોંચે નહિ. રાણકી ઉપર બેસનારને વાંહેથી તીર આવશે, એની પણ ચિતા નહિ. એવી એની ધોડ છે.'
'ધિજ્જટજી ને ધ્રુબાગજી આગળ આવ્યા. મહારાજને પગે પડ્યા. રા' નવઘણ એમને ભેટી પડ્યો : 'અરે ! મારા બહાદુર ચોકીદારો, તમે તો નવખંડમાં સોરઠનું નામ રાખ્યું છે !'
'મહારાજ ભીમદેવ ધૂર્જટિજીને નમી રહ્યા. રા'એ એને પ્રણામ કર્યાં. દામોદર પાસે જઈને માથું નમાવ્યું : 'પંડિતજી ! પાછા વહેલા પધારો. ભગવાન સોમનાથ તમને રક્ષે !'
'ભગવાન સોમનાથ બધે છે, પ્રધાનજી !'
ત્રણે જણા જવા માટે તૈયાર થયા.
રા'એ દામોદરને ખભે હાથ મૂક્યો. રા'ને કાંઈક કહેવું હતું. દામોદર રા' સાથે ગયો.
'દામોદર મહેતા ! એક વાત આમને કહેવી છે. કહેવી કે ન કહેવી એ વિચારમાં પડ્યો છું !'
'શું છે, મહારાજ ?'

'રાણકી...'
દામોદર ભડકી ગયો. રા' અત્યારે એ પાછી માગશે કે શું ? તો તો ભારે થાય ! ત્યાં રા' બોલ્યો : 'મારે એમ કહેવાનું છે, વખત છે ને, રાણકીને ભીડવવાનો વખત આવી જાય, બનતાં સુધી તો નહિ આવે, પણ ન કરે ના'રણ ને એવો વખત, આવે તો આટલું કરવાનું છે. રાણકીને ગુડી નાખે, જે રીતે ઠીક પડે તે રીતે. રાણકી કોઈને હાથ જાય તો તો નાક કપાઈ જાય. એટલે એ કોઈને હાથ ન જાય એટલું જોવાનું છે.'
'આ ત્રણે જબરા છે. રાણકી જબરી છે. એ વખત નહિ આવે. નવઘણજી ! પણ તમારા મનની વાત હું સમજી ગયો છું. રાણકી જાય એટલે શું, એટલું તો જાણું છું !'
'રાણકી જાય ત્યારે રાણકી જાતી નથી. એ તો રા' નવઘણની રાણી જાય છે મહેતા ! ગીજનીના બજારમાં રા' નવઘણની જો રાણીની હરરાજી બોલે, તો તો પછી થઈ રહ્યું ! એ જીવ્યું ન જીવ્યું ! પછી જીવતરમાં કાંઈ નહિ. ધાનમાં મૂઠી ભરીને હંમેશાં ધૂળ નાખો તોય એનું વળતર વળે નહિ. એટલે કહ્યું છું મહેતા ! આમને કહું ? કે ના કહું ? એમને જાવા ટાણે... આની વાત...'
દામોદરની ને રા'ની વાત પંડિત ધૂર્જટિના કાને પડી લાગી. તે વચ્ચે જ બોલ્યો :
'મહારાજ ! કહેવું હોય તો ભલે, નહિતર અમે સાંભળી લીધું છે. રાણકી જીવશે તો અમારી ભેગી, મરશે તોપણ અમારી ભેગી. તમે જૂનાગઢની ગાદી અમને સોંપી છે, આબરૂ સોંપી છે, એ અમારા ધ્યાનબારું નથી, પ્રભુ !'
'શું છે, રા' નવઘણજી ?'
'એ તો મહારાજ ! સુતારનું મન બાવળીએ એવી વાત છે. અમારું મન અમારી સાંઢણીમાં. પારકે હાથ પડે નહિ, એટલી સંભાળની વાત છે.'
'ત્યાં તો પ્રભુ ! અનેક પગદંડીઓ એવી આવે છે, જ્યાં કેવળ દ્રમ છે !'
'દ્રમ ?' ભીમદેવ મહારાજ બોલ્યા :
'હા, મહારાજ !' ધૂર્જટિએ કહ્યું : 'દ્રમ-એટલે રેતીનાં ભયંકર પોલાણ, પગ મૂકતાં ચૂક્યો, કે આખો માણસ સાંઢણી સોતો અંદર ગેબ. જાણે ધરતી ગળી ગઈ !'
'હેં ?'
'ભગવાન રુદ્રનું ડમરુ બજંત ભૈરવીરૂપ વિજય મેળવો ! એનો જ વિજય હો...! બીજા કોઈનો નહિ. કેટલીક વખત એ પોતે પોતાનો સંહાર કરે છે. રુદ્રરૂપ માત્ર બીજા માટે નથી, પોતાના વિનાશ માટે પણ છે.' ધૂર્જટિ બોલીને આકાશ સામે જોઈ રહ્યો : 'જેણે રુદ્રરૂપ જોયું છે, મહારાજ !' તે અદૃષ્ટને સંબોધતો હોય તેમ બોલી રહ્યો હતો : 'તે તરી ગયો. શિવ ઠીક છે. શંકર ઠીક છે. ભૈરવ ઠીક છે. વીરભદ્ર પણ ઠીક છે. પણ જેણે રુદ્રતપ જોયું, એ અમરને વરી ગયો. એને પછી મરવાનું નહિ ! એ ભલે ગાયા કરે, 'અબ હમ અમર ભયે, ન મરેંગે !'
આકાશમાંથી જાણે ભીષણ ઓળા ઊતરતા હતા. સૌ ગંભીર થઈ ગયા.
રા' સમજી ગયો. આ બ્રાહ્મણ તો ઝેર પીને નીકળ્યો છે. એ રાણકીને શું, રાણકીના મુડદાને પણ કોઈનો હાથ અડવા દે તેવો ન હતો.
તે પોતાની રાણકીને ગળે છેલ્લો હાથ ફેરવી લેવા આગળ વધ્યો. એની આંખમાં અદૃશ્ય આંસુ હતાં.
થોડી વાર પછી, ઝાંખા આછા અંધારામાં રણમાં ચાલ્યા જતા ત્રણ માણસો દેખાયા.
એમના દેહ પડછાયા જેવા જણાતા હતા. તે ધીમે શાંત પગલે સામેના ડુંગર ઉપર મીટ માંડીને જોઈ રહ્યા હતા.
ચારે તરફ શાંત રેતી સૂતી હતી. પ્રભાતની હવા શાંત હતી. બધે પ્રકાશ પહેલાંની નિગૂઢ અંધારી છાયા પથરાયેલી હતી.

મહારાજ ભીમદેવ. રા' નવઘણ, એ નિગૂઢ પડછાયાને આછા અંધકારમાં આગળ ને આગળ જતા જોઈ રહ્યા.
દામોદર મહેતો આ દૃશ્ય અંતરમાં ઉતારી ગયો. ત્રણ માણસો, હજારો ને લાખોમાંથી, ત્રણ માણસો, જઈ રહ્યા હતા, યમની સામે લડવા, ખુદ મૃત્યુને ભેટવા, જીવતા દફનાઈ જવા.
દામોદરના દિલમાં ચૌલાની નૃત્યકલ્પના રમી રહી. એ નારી ગજબની હતી.
એણે પણ આછા અંધકારમાં સાગરમાં વિલીન થવા જતા ત્રણ નરપુંગવોને પોતાના નૃત્યમાં અમર કર્યાં હતા.
આવી વ્યગ્ર દશામાં પણ દામોદરના મનમાં ખ્યાલ આવી ગયો. આ ત્રણને, પાટણમાં ઘરઘરના નાટક દ્વારા, વીરસંદેશો આપનારા બનાવે, એવું નાટક કોણ લખશે ? એને કોઈનું નામ યાદ આવ્યું નહિ !

Chapter 32

ગોગદેવ ચૌહાણ ફરીને આવ્યો

મહારાજ ભીમદેવ રા' નવઘણજી, દામોદર મહેતો ત્રણે હવે પાછા ફરવાની ઉતાવળમાં હતા. રણપંખણી તૈયાર હતી. એમને સુલતાનનો કેડો લેવાનો હતો. અને દામોદરને તો બીજી એક ચિંતા પણ વળગી હતી. એને મનમાં બીક હતી કે ગઢ બીટલીમાં ભેગા થયેલા સુલતાનની પાછળ જવા જેટલી એકતા ભલે ન બતાવે - પણ ગુજરાતને પીંખવા જેટલી એકતા તો જરૂર હવે બતાવવાના !
એમ ન થાય એ વાત સંભાળવાની હતી. જ્યારે આ બાજુ, સુલતાને પાટણ છોડ્યું એ ખબર મળે કે તરત રા'નવઘણ ને મહારાજ ભીમદેવ પોતે, સાંઢણીદળ લઈને એમની પાછળ દોડવા માટે અધીર હતી. ભોમિયાની વાત સાંગોપાંગ પાર ઊતરી જાય, સુલતાન રવાના થાય, એટલે પછી દામોદરને પોતાને તો ગઢ બીટલી દોડવાનું હતું. એ દિશા પણ સંભાળવાની હતી.
સુલતાન બીજા માર્ગે ગયો છે, એ ખબર પડતાં જ એ બધા વીખરાઈ જવાના. એમાંનો દરેક વીર હતો, અને દરેક માનતો કે સુલતાન એને ત્યાં આવે તો એ રજપૂતવટમાં ખપી જવાનો છે. એ ભાગવાનો નથી, એ નમવાનો નથી. અને એની એ બહાદુરીથી ડરીને એને ત્યાં કોઈ આવવાનો નથી. ગઢ બીટલીવાળાને જે રસ સુલતાનને રોકવામાં હતો, તેનાથી વધુ રસ, ગુજરાતનો આ અભિમાની અને જુવાન બહાદુર રાજા ભીમદેવ, એમનું સર્વસ્વ સ્વીકારે, તેમાં હતો. એટલે પોતાને ધનુર્ધર ગણાવતા ભીમદેવને નમાવવામાં એ બધા એક થઈ જાય એવા હતા.
ગુજરાતી પ્રત્યે, તમામ સરહદી રાજ્યોને સામી પ્રીત જેવું હતું, લાટ, અર્બુદમંડલ, નડૂલ, સાંભર એ બધાં માલવરાજ ભોજના વર્ચસ્વને સ્વીકારતાં. હજી ગઈ કાલે ઊભું થયેલું ગુજરાત, લાટને પોતાનામાં ગણે, નડૂલને સગાને દાવે પોતાનું માને, અર્બુદમંડલ તો એનો કુદરતી દુર્ગ છે એમ ગણે, અને રાજા ભીમદેવ, પોતાના ધનુર્ધરના અભિમાને સૌને પોતાનું વર્ચસ્વ બતાવે અને પોતે જ સૈન્ય દોરવા મથે, એ વાત આ વીરો માન્ય કરે કે ? ગઢ બીટલીમાં બધા એમ માનવાના કે ભીમદેવે સુલતાનને નાસી જવા દીધો. એનો પ્રત્યાઘાત શું થાય ?
સુલતાનની પીઠ ફરે કે તરત પાટણ ઉપર આવનારા આઘાતને રોકવા માટે દામોદરને દોડવું રહ્યું.
ગંડુ ગુજરાતીઓ હજી હમણાં, મૂલરાજદેવના સમયમાં જ પોતાનું રાજ હોઈ શકે, એટલી સાદી સમજ મેળવી શક્યા હતા. ત્યાં એટલી વારમાં વીરોના વીરોની નેતાગીરી કરવા આવે, પછી ભલેને સુલતાનના હલ્લા જેવો પ્રસંગ હોય, પણ એ તો ગુજરાતના અભિમાની રાજાની મૂર્ખાઈ

જ ગણાય ! ગઢ બીટલીવાળા આમ માનવાના !
આ માન્યતા ગઢ બીટલીવાળા સૌની હતી. એ બધા દરિયાકિનારા વિનાના હતા. વ્યાપારની સમૃદ્ધિછોળ ગુજરાતને આંગણે ઊતરે એ એમને ગમતી વાત ન હતી. ગુજરાતની સમૃદ્ધિ, એનો વ્યાપારમાર્ગ, વ્યારાપરમાર્ગ ઉપર એનું વર્ચસ્વ, દેશવિદેશ સાથે સંબંધ રાખવાની એની કુદરતી સગવડ, ગુજરાતના લક્ષ્મીપતિઓની સાહસિક વીરતા, એક પણ વિદેશી તુરુષ્ક, કે સિંધી કે અરબ્બના રાજને વેપાર માટે ગુજરાતમાં થઈને જવાનો માર્ગ આપવાની એની સ્પષ્ટ ના. આ બધી જ વસ્તુઓએ ગુજરાત પ્રત્યે ઠીક ઠીક તેજોદ્વેષ જન્માવ્યો હતો. માલવરાજ ભોજરાજને ગુજરાતનું વર્ચસ્વ જામે તે ગમતું ન હતું. આ તરફ ગુજરાતને એક બળવાન રાજ બનાવવાનું દામોદર મહેતાનું સ્વપ્ન હતું. ઘર્ષણ અનિવાર્ય હતું. પણ દામોદર હજી પગ માંડી રહ્યો હતો. એટલે એ ગઢ બીટલીવાળાના જૂથને તરત મળવા માટે દોડવાની ચિંતામાં પડ્યો હતો !
રણપંખણી ઊપડવાની તૈયારીમાં હતી. રા' નવઘણજી પોતે હાંકવા બેઠા હતા. એક પળમાં તો એ ઊડવાના વેગમાં આવી જવાની. પણ જ્યાં એ બેઠી થઈ ન થઈ, ત્યાં દોડતી સાંઢણીએ આવતો કોઈ આંઠી રા'ની નજરે પડ્યો.
સૌને તરત થઈ ગયું કે કાંઈક નવાજૂની બની છે. કાં તો પાટણમાં પાછું સળગ્યું છે કે પછી ગઢ બીટલીવાળાનું સેન આવવાના સમાચાર મળે છે. શું હશે, કોણ આવતો હશે, એ જાણવા માટે રા' સાંઢણીને ઊભી રાખીને, એ દિશા તરફ જોતો ખડો થઈ ગયો.
થોડી વારમાં જ ઓઠી આવી પહોંચ્યો. ભળભાંખળા અજવાળામાં હજી એ ઓળખાતો ન હતો. પણ તેણે સાંઢણીને ત્યાં ઊભી રાખી દીધી. એ ઝોકી ન ઝોકી, ત્યાં પોતે કૂદતો હોય તેમ નીચે જ ખાબક્યો :
'મહારાજ ! મહારાજ છે ?' તેણે ઉતાવળે વ્યગ્ર અવાજે કહ્યું.
'કેમ ? કોણ છો તમે ? શું કામ છે મહારાજનું ? ક્યાંથી આવો છો ?' રા' એ પૂછ્યું.
'મને ન ઓળખ્યો ? હું ગોગદેવ ચૌહાણ, સાંભરરાજનો સંદેશો લઈને તમારે ત્યાં આવ્યો હતો તે !'
'ઓ હો ! આ તો ગોગદેવ* ચૌહાણ છે ! કેમ ગોગદેવજી ? કેમ આટલા ઉતાવળા આવ્યા છો ! શું છે ? અમે આંહીં છીએ એ તમને ક્યાંથી ખબર ?' દામોદરે પૂછ્યું.
----
* રણથંભોર પડ્યા પછી છેલ્લો રજપૂત પ્રયત્ન તે માલવામાં. ત્યાં મહલકદેવ. તેના સેનાપતિ કોકા-ગોગદેવ ઘોઘા ચૌહાણ. પણ આ ગોગદેવ ચૌહાણને, લોકકંઠમાં જળવાઈ રહેલા અને હજી જીવંત રહેલા એ ઘોઘા ચૌહાણ સાથે કાંઈ જ સંબંધ નથી. ખરી રીતે ઘોઘા ચૌહાણનું પરાક્રમ અને એની યશોજ્જવલ કથાને તો છેક કરણરાય વાઘેલાના, અલાઉદ્દીન ખીલજીના, જમાના સાથે સંબંધ છે. ઘોઘાબાપા-ઘોઘા ચૌહાણ, એ હમ્મીર હઠવાળા હમ્મીર ચૌહાણના જમાનાનો વીરપુરુષ હતો. મરાઠી રાજમાં જેમ બાપુ ગોખલે છેલ્લો વીરપુરુષ ગણાયો છે, તેમ ચૌહાણના મુસ્લિમ સામેના વીરત્વ ભરેલા. પ્રતિકારનો એ છેલ્લો પુરુષ. તે ચાલીસ હજાર માણસો સાથે અલાઉદ્દીન ખીલજીના જમાનામાં લડતા લડતાં મર્યો (જુઓ ૐૈજૅઅિ ંક ૅટ્રદ્બિટ્ટ િડઢઅહટ્ટજંઅ અને ઈડમડમૈં ફૅડમ. ૈૈૈ. ૭૬). એના એ અપ્રતિમ વીરત્વની યાદ લોકોએ ઘોઘાબાપાના નામથી હજી પણ દિવાળી જેવા પ્રસંગે જાળવી રાખી છે. મહમૂદ ગજનવીના વખતને આ ઘોઘાબાપા સાથે કાંઈ સંબંધ નથી.
'સૂરજ કાંઈ છાબડે ઢાંક્યા રે' છે ? આમ દોટ તો હતી સીધી સોમનાથ ઉપર, પણ વચ્ચે જ ખબર મળી ગયા કે પાટણમાં તો દુર્લભરાજ મહારાજ આવી પણ ગયા છે. પાટણનું ગૌરવ છેવટે પડ્યું છે. એમણે નમતું જોખ્યું છે. ગઢ બીટલી આ વાત ઊડતી મળી હતી. આંહીં

આવતાં એ સાચી જણાઈ. ગઢ બીટલીવાળા તો ઉતાવળા થઈ ગયા છે !'
'શું કરવા, ચૌહાણ ?' દામોદરે ઉતાવળે પૂછ્યું. એને પોતાનો ભય ખરો પડતો લાગ્યો.
'પે'લી કહેવત સંભારો ને પ્રભુ ! આ બધા ઘરશૂરા વધુ છે. હું આંહીં દોડ્યો આવ્યો છું જ એટલા માટે.'
દામોદરના પેટમાં સીસું રેડાયું. આ દોડ્યો આવ્યો છે ખબરઆપવા કે ગઢ બીટલીવાળા તમારા ઉપર આવવાના છે તો તો ભારે થાય. સુલતાન જાય કે તરત જ પાટણને ખોટી લડાઈમાં સંડોવાવું પડે.
'તમે શું આયા છો, ગોગદેવ ચૌહાણ ? વાત કરી નાખો એટલે ખબર પડે.'
'હું તો પ્રભુ ! આ ગઢ બીટલીવાળાની વાતોથી થાકીને આંહીં દોડ્યો આવ્યો છું.'
'થાકીને ? કેમ, શું થયું છે ત્યાં ?' દામોદરે પૂછ્યું.
'ત્યાં તો એમ વાત થઈ છે કે ભીમદેવ મહારાજ જ આવી રીતે ગજઁનકને ભગાડી મૂકે છે. માટે આપણે એના ઉપર જ ચાલો.'
'હા... એમ વાત છે ગોગદેવજી ?'
'એટલે હું આંહીં દોડ્યો. મેં જે કાંઈ તે પહેલાં આંહીં જોયું હતું, તેમાં તો સૌની ભગવાન સોમનાથ પ્રત્યે ભક્તિ નીતરતી હતી. હું પોતે પણ સાત સાત પેઢીથી સોમનાથ ભગવાનનો ભક્ત છું. સોમનાથ ભગવાનને લૂંટનારો વગર હરકતે ચાલ્યો જાય, એવું તો મહારાજ પણ ઇચ્છતા નથી. એટલે મને થયું કે હું દોડું. ખબર તો કાઢું. શી વાત છે તે જાણી લાવું. મંત્રીરાજને મળું. અને મારો પોતાનો કાંઈ ખપ હોય તો હવે એમાં રહી જાઉં.'
'તમારો ખપ ?'
ગોગદેવ ચૌહાણે બે હાથ જોડ્યા : 'જુઓ પ્રભુ ! ત્યારે હવે હું પેટછૂટી વાત કરી નાખું. આંહીં હું આવી ગયો. મેં જ મહારાજને વિનંતી કરી. હું પાછો ગયો, તો મને લાગ્યું કે આંહીં કાંઈક વાત હતી. ત્યાં તો હૂંસાતૂંશી જ હતી. તમારા મનમાં કોઈ નવીન જ વાત હોવાની મને શંકા તો પડી હતી. એટલે કીધું એવી કોઇ યોજના હોય, તો એ અત્યારે જ તમારે ત્યાં અમલમાં આવતી હોય. હું સાત સાત પેઢીથી સોમનાથનો ભક્ત છું. ત્યાં બેઠાં મેં ગઢ બીટલીવાળાની, આ કે તે, ઢંગધડા વિનાની વાત સાંભળી લીધી. મારા બાપના બાપ ને એના બાપને નામે અમારું અન્નક્ષેત્ર સોમનાથને આખે માગઁ, આજે નહિ નહિ તો સો વષઁથી ચાલ્યું આવે છે. મારી તો ભૂમિ કેટલી ? પણ મારે એ અન્નક્ષેત્ર પાછું ચાલુ કરવું છે. અને મારે ભગવાનને નામે મારી જાતને ક્યાંક હોડમાં મૂકીદેવી છે. પછી જ મારે સોમનાથ ભગવાનનું નવું મંદિર જોવા આવવું છે, અને ઘરઆંગણે પાછા ફરવું છે. એટલે મને થયું કે હું આંહીં, મહારાજને મળું. તમને મળું. મેં તમને ભગવાન સોમનાથને નામે મારી જાત સોંપી દીધી. મહારાજ હવે ઠીક પડે તે કામ ભગવાન સોમનાથનું મને સોંપે !'
'ગઢ બીટલીમાં દુલઁભરાજ મહારાજ સિવાય બીજા શું સમાચાર આવ્યા છે ?' દામોદર સમજી ગયો કે ગોગદેવ ચૌહાણ આંહીં ભક્તિથી દોડી આવ્યો છે.
'બીજા ? બીજા કાંઈ સમાચાર ત્યાં નથી !'
'ગજઁનક પાછો ફરવા ધારે છે તે ત્યાં કોઈએ જાણ્યું છે ?'
'જાણ્યું ન હતું. લંબાણું એટલે સૌ અનુમાને ચડ્યા હતા કે ભીમદેવ મહારાજ, રાજના બદલામાં ગજઁનકને ચોક્કસ ભાગવા દેશે ! તો તો ભીમદેવ મહારાજે જ સોમનાથ ભગવાનને લૂંટાઈ જવા દીધા એમ કહેવાય. આપણે સૌ પાટણ ઉપર જઈએ. ત્યાં એ વાત થાય છે ! બીજી કોઈ વાત જાણી નથી. નીડર ભીમદેવ મહારાજે, એ જાણ્યું ને એ ચોંકી ઊઠ્યા. એને લાગ્યંુ કે આયાઁવતઁનું નસીબ જ વાંકું છે. નહિતર આવી વાત સૂઝે જ કેમ ? એમને થયું કે એમને હવે

કોઈ કરુણ કથા જોવા મળશે. કાં તો કનોજના રાજ્યપાલ જેવી કે પોતાના જ પિતા ત્રિલોચનના જેવી. વર્ષોની એની અણનમ લડતને ધ્યાનમાં લીધા વિના, કેવળ પોતપોતાનાં ક્ષુલ્લક સાધન-સગવડ, સમાધાનથી વહેલાં મળી જાય, એવી વૃતિથી પ્રેરાઈને, સગાંવહાલાંઓએ જ એક દિવસ એમને હણી ન નાખ્યા ? એવી કોઈ કરુણકથા આંહીં પણ પોતાને જોવાની મળશે. એટલે એ અચાનક જ કાશ્મીર જવા માટે ઊપડી ગાય.'*

'ઊપડી ગયા ?'

'હા.'

'તો આપણે ગોગદેવજી ! સોમનાથ જઇને પછી તમારી વાતનો વિચાર કરીશું. ગઢ બીટલીમાં બીજા કોઈ સમાચાર આવ્યા નથી નાં ?' દામોદર જાણવા મથી રહ્યો.

'ના.'

'થયું ત્યારે. આપણે ગઢ બીટલી સૌને મળવા જવાની વાત તો હતી. એ પણ સોમનાથના ભક્ત છે. વાત પૂરી ન જાણે એટલે લાગે તો ખરું જ નાં ? હવે આંહીંથી તો આપણે તત્કાલ ઊપડવાનું છે !'

થોડી વાર પછી સોમનાથને પંથે બંને સાંઢણીઓ રવાના થઈ. દામોદર મહેતો ગોગદેવની સાંઢણી ઉપર આવ્યો હતો. બીજી કોઈ વાત ગઢ બીટલી પહોંચી ન હતી, એ વાત જાણીને દામોદરને નિરાંત થઈ ગઈ.

એને ભોમિયા વિષે સમાચાર વહેલામાં વહેલી તકે મળે માટે એણે કુંડધર રબારીને તરત રવાના થવાનું કહ્યું હતું.

રા' અને ભીમદેવ મહારાજ તો સોમનાથ સમુદ્રને કાંઠે પહોંચ્યા કે તરત જ પોતાના સાંઢણીદળમાં ગૂંથાઈ ગયા.

પણ દામોદરને હજી ક્યાંય નિરાંત ન હતી. એને ગોગદેવ ચૌહાણ સાથે ગઢ બીટલીવાળા તરફ જવાનું હતું. પણ ગોગદેવને જ્યારે ખબર પડી કે મહારાજ ભીમદેવ અને રા'નવઘણજી થોડા જ વખતમાં સિંધના રણમાર્ગે ગર્જનકની પાછળ જવાના છે, ત્યારે તેણે દામોદરને હાથ જોડીને કહ્યું :

----

* નીડર ભીમદેવનું મરણ અજમેર (સાંભર)માં થયું એમ મનાતું હતું. પણ મળી આવેલા કેટલાક છેલ્લા ઉલ્લેખ પ્રમાણે એને કાશ્મીરમાં છેલ્લો આશ્રય મળ્યો હતો. તે ત્યાં મરણ પામ્યો. વંશ પણ પૂરો થયો.

'પ્રભુ ! મને હવે મહારાજની સાથે જવા દો. તે વિના મારા મનને નિરાંત નહિ વળે !'

દામોદરે કહ્યું : 'ગોગદેવ ચૌહાણ ! તમે મારી સાથે રહો તો સારું. કારણ વિનાનું ઘરઆંગણે ઘર્ષણ ઊભું કરનાર આ વીરોને સમજાવવામાં તમે મદદરૂપ થશો.'

એટલે ગોગદેવે સાંભરમાંથી પછી મહારાજની સેના સાથે જવું એવું નક્કી થયું.

પછી અચાનક એક દિવસકુંડધર રબારીનો માણસ આવ્યો.

સેંકડો ને હજારોનાં દળ સાથે ગર્જનક પાછો જવા માટે ઊપડ્યો હતો. તે ત્વરાથી રણ ઓળંગી જવા માગતો હતો. પાટણમાં મહારાજ દુર્લભરાજની આણ વર્તાતી હતી. કુમારપાલ મહામંત્રી હતો. જયપાલ સેનાપતિપદે હતો. ધીમે ધીમે બધું વ્યવસ્થિત કરવાના પ્રયત્નો ચાલુ થયા હતા. એ સમાચાર આવ્યા ને આંહીંથી ભીમદેવ મહારાજ, રા' નવઘણ, દામોદર મહેતો, ગોગદેવ ચૌહાણ બધા ઊપડ્યા.

એમની સાંઢણીદળની સંખ્યા ઠીક વધી હતી. મહારાજ, ગર્જનકની પાછળ પડે છે, એ સમાચારે પ્રજામાં ઉત્સાહ ફેલાવ્યો હતો.

મહારાજે પરાજય સ્વીકાર્યો ન હતો. ગર્જનક સાથે સમાધાન કર્યું ન હતું. વાવટો હવામાં ઊડતો રાખ્યો હતો.
એ ઊડતા વાવટાએ તો કૈંકને પ્રાણ આપ્યા. જે ઘરઆંગણે બેસી ગયા હતા, તેમને થયું કે આ પ્રસંગ આવ્યો છે. જે પસ્તાવો કરતા કે આપણે લડ્યા વિનાના રહી ગયા, તે હવે લડવા દોડ્યા.
જોતજોતામાં મહારાજનું સાંઢણીદળ વધતું ચાલ્યું. વિમળમંત્રીએ પણ વીણી વીણીને સાંઢણીઓ રવાના કરી હતી. કેટલાંક નામી ઘોડાં પણ આવ્યાં હતાં. નાનું સરખું મરણિયું દળ લઈને રા' નવઘણ અને ભીમદેવ મહારાજ ઊપડ્યા.
રસ્તામાં એમને માણસો મળતાં જ રહ્યાં. એક માણસ વાવટો ઊડતો રાખે તો એ પ્રજાને જીવતી રાખે છે. મહારાજનો વાવટો હજી નમ્યો નથી કે પડ્યો નથી. પડનારા ને નમનારા તો દુર્લભ મહારાજ છે. એ તો છે જ પહેલેથી એવા જ્ઞાની અને અહિંસાને વરેલા, એવી હવા ફેલાતાં, ભીમદેવ મહારાજનું ગૌરવ એનું એ રહ્યું. થોડું વધ્યું. સૌને થયું કે મહારાજ તો મહાન બાણાવળી છે. નમતું જોખે જ નહિ.
નવો પ્રાણ પ્રગટ્યો, નવી આશા આવી, નવો ઉત્સાહ જન્મ્યો. અવનવી કલ્પનાના રંગો પ્રગટ થયા. સૌને થયું કે ઉયાભટ્ટે જન્મોત્રીમાં ભાખ્યું હતું તે થવાનું છે. મહારાજ ભીમદેવને હાથે મહાન ગુજરાતનો પાયો નખાવાનો છે. એક દિશા માલવામાં હશે. બીજી સિંધ પાર હશે. ત્રીજી દ્વારામતીમાં થોભશે. ચોથી કોંકણસ્થાનને અડશે.
ભીમદેવ મહારાજના આગામી મહાન રાજની કલ્પનાથી બધા રંગાઈ ગયા.
આ દીર્ઘ દૃષ્ટિ મંત્રીશ્વર દામોદરની હતી. એણે મહારાજનું ગૌરવ ખંડિત ન થાય એ પગલું ભરીને પ્રજાની આશાને જીવંત રાખી હતી.
મહારાજ ભીમદેવ અને રા'નવઘણ છેક આસાવલથી જુદા પડ્યા. ત્યાંથી મહારાજ પાટણને બાજુએ રાખી દઈને થરના રણ તરફ જવા ઊપડ્યા. એ રસ્તે ગર્જનક ગયાના સમાચાર હતા. દામોદર ને ગોગદેવ ચૌહાણ સાંભર પ્રદેશ તરફ જવા માટે ઊપડ્યા.
ગોગદેવને મહારાજ સાથે જવાની મનમાં તાલાવેલી થતી હતી. એને ભગવાન સોમનાથ માટે કાંઈક કરી લીધાનો લહાવો લેવો હતો. પણ અત્યારે તો મંત્રી દામોદર સાથે એને જવાનું હતું.

Chapter 33

ભોમિયાની ભૂલથાપનો ભેદ

ગર્જનકે દુર્લભરાજને પાટણની ગાદી સોંપી દીધી. પછી એને જવાની ઉતાવળ જ હતી. ખુરાસાનમાં ભયંકર તોફાન ફાટ્યાના સમાચાર હતા. શાહજાદો મહમદ ત્યાં ગીજનીમાં હતો, પણ એનું એ કામ ન હતું. સિપાહસાલાર મસઉદ વિના ખુરાસાન કબજે રાખવું મુશ્કિલ હતું. ગર્જનકે જવાની ઉતાવળ માંડી. એને વખત પણ ઘણો થઈ ગયો હતો. હજી લાંબો ભયંકર વિકટ રણનો રસ્તો આડે પડ્યો હતો. અને એ રસ્તામાં પણ દુશ્મનો ફૂટી નીકળવાનો સંભવ હતો.
પણ ગર્જનકની તૈયારી જબ્બર હતી. એની સાથે નાના મોટા થઈને* બે લાખ જીવ હતા. સેંકડો ઘોડાં હતાં. હજારો સાંઢણીઓ હતી. ભાર ઉપાડવાના ઊંટો જુદા જ હતા. તે મક્કમતાથી આગળ વધ્યો.
પહેલે દિવસે તો સુલતાનને ઠીક ઠીક રસ્તો જણાયો ખારીકાબા અવારનવાર આવતા હતા, એટલે પાણીનો સવાલ ઊભો થાય તેમ ન હતું. બે-ત્રણ દિવસ તો સુખમાં ગયા. રણ ઉજ્જડ ને શૂન્ય જણાતું હતું. ઠેકાણે ઠેકાણે રેતીના મોટા ઢગ પડ્યા હતા. કોઈ જગ્યાએ ખારું કડવું

પાણી આવતું. ને વનસ્પતિ જણાતી. રણથાક્યો મુસાફર દોડે અને ત્યાં પહોંચે ત્યારે ખબર પડે કે, ભયંકર રામબાવળિયાની કાંટ માત્ર ત્યાં હતી ! જે ન છાંયો આપે, ન છાંયો લેવા દે. રણની મુશ્કેલીનો ગર્જનકને ખ્યાલ હતો. આવી તો અનેક મુશ્કેલીઓ એણે જોઈ કાઢી હતી. એટલે એ આગળ વધ્યો.--------------------

* ફરુંખી, જે સુલતાન સાથે હતો, તેણે તેના કસીદામાં આપ્યું છે. રણદ્વીપો.

સત્યપુર*થી ભોમિયાઓએ રસ્તો બદલ્યો હતો. ભિન્નમાલ જનારો માર્ગ છોડી દીધો. એમણે ટૂંકો માર્ગ બતાવ્યો. લુણસાગરને વટાવી એમણે થલ કા ટીંબા ઉપર નજર દોડાવી. ત્યાંથી લોદ્રવા પહોંચવું એ છોકરીનો ખેલ હતો. આ ભયંકર રણમાં સુલતાનના સૈન્યે પ્રવેશ કર્યો, હજી કોઈ કોઈ ખારીકાબા જણાઈ આવતા હતા.

પણ ત્રીજો દિવસ પૂરો થયો, ને ચોથા દિવસની શરૂઆત થઈ, તેની સાથે થલ કા ટીંબાનો પરિચય મળવા માંડ્યો.

ખારીકાબાનું નામનિશાન હવે ક્યાંય દેખાતું ન હતું. ચારે તરફ રેતીનો મહાસાગર જાણે રેલાઈ રહ્યો હતો. જ્યાં નજર કરે ત્યાં રેતી જ રેતી ! પર્વતો રેતીના, ખીણો રેતીની, રૂપાળી છાયા આપતી ટેકરીઓ પણ રેતીની. રસ્તાઓ તો ભયંકર રેતીના, કોઈક જગ્યા એવી પણ આવે, જ્યાં જરાજેટલી ભૂલ કરે કે ઘોડેસવાર ઘોડા સહિત ગેબ ! કોઈ કહેતાં કોઈ જાણે નહિ કે ઘોડેસવાર ક્યાં ગયો ? એવી ભયંકર પોલી રેતીની ખીણો ધરતીમાં નીચે પડી હતી.

ભોમિયાઓ એમાં કુશળતાથી માર્ગ બતાવી રહ્યા હતા. સૌને આશા હતી કે થલ કા ટીંબા પૂરો થશે, એટલે મીઠો મહેરામણ રેલાતો હશે. નીલ આબ દેખાશે. એને કાંઠે કાંઠે મુલતાન સુધી પહોંચી જવાશે. મુલતાન પહોંચ્યા એટલે તો કાબુલિસ્તાન આવી ગયું સમજો ને ! સોનાંરૂપાં, મણિ, મોતી, હીરા, જાતજાતનાં કાપડ ને ઢગલેંઢગલા વસ્તુઓ જોઈને ગીજનીવાળા છક્ક થઈ જશે.

એવી મીઠી આશામાં સૌ રસ્તો કાપી રહ્યા હતા.

ભોમિયા ખરેખર હોંશિયાર હતા. રસ્તા ઉપરનો દ્રમપ્રદેશ તો આંખને પલકારે ઓળખી કાઢીને સૌને ચેતાવી દેતા હતા.

પણ જ્યારે રેતીના રણનો કોઈ પાર જ નહિ, આમ નજર કરો કે આમ, દસ દસ હજાર ઓરસચોરસ અર્ધકોશનું રણ જ રણ દેખાવા માંડ્યું, એમાં ક્યાંય ઝાડ, પાન, છોડ, પાણી, છાયા, આરામનું થળ, ગામડું, ભીંતડું, તંબુ, ડેરા કાંઈ કહેતાં કાંઈ મળે નહિ ત્યારે સુલતાનના સૈનિકો ત્રાહ્ય ત્રાહ્ય પોકારવા-------------------

* સાચોર. થલ એટલે રેતી. માઇલ.

માંડ્યા. પાણીના એક એક બુંદ માટે પડાપડી થવા મંડી. ચારે તરફ માણસો નજર કરે અને દેખાવ જોઈને ઘેલાઘેલા થઈ જાય. કેવળ ખાર જ ખાર બધે ચળક્યા કરે. ક્યાંક પાણી નીકળે તો સૌ દોડે, પાણીના ઘડા ભરી લે. ખારું હોય તો ખાર બેસી જાશે એવી કલ્પના કરીને ઘડાના ઘડા રાખી મૂકે. સવારે જુએ ત્યાં ઘડો આખો મીઠના મોટા ગાંગડાથી ભર્યો હોય ! માણસ એ જુએ ને ગાંડો થઈ જાય !

સુલતાનને મનમાં શંકા પડી ગઈ. એ ઘા ખાઈ ગયો. ભોમિયા જ ભયંકર હતા. તેમણે જાણી જોઈને આખા સેનને આડે રસ્તે દોર્યું હોવું જોઈએ. પણ એણે ત્રીસ વર્ષ જુદ્ધનાં જોયાં હતાં. પોતે નબળાઈ જરા જેટલી બતાવે, એટલે શું થાય તે એ સમજતો હતો. એણે અજબ જેવી વીરતાથી રસ્તો કાપવા માંડ્યો. એ સમજતો હતો, કે આ બાજુ ક્યાંક પણ નીલ આબ દેખાશે જ દેખાશે.

એક દિવસ સાંજે એની નજરે એક ભાંગેલો તૂટેલો ગઢ પડ્યો. રણમાં કોઈકે ઊભો કર્યો હશે,

ને પછી છોડી દીધેલો લાગ્યો. તે પોતે ગઢ ઉપર ચડ્યો. દૂર દૂર ક્ષિતિજમાં એની નજર ગઈ. ચારે તરફ એણે દૃષ્ટિ કરી.
ક્ષિતિજમાં દૂર દૂર, ભવ્ય મહાલયો દેખાતા હતા. ત્યાં ગગનચુંબી ગુમ્બજોની હારની હાર લાગી ગઈ હતી. એવી તો સુંદર આકર્ષક બનઘટા ત્યાં દેખાતી હતી કે સુલતાનના મનમાં આનંદ આનંદ થઈ ગયો. નાનાં રૂપાળાં મકાનો હતાં. મોટાં મહાલયો હતાં. વૃક્ષકુંજો હતી. આકાશ અડતા સુંદર સ્તમ્બો હતા. વાદળઘેરી મહેલાતો હતી. દૃશ્ય જોઈને સુલતાન ડોલી ઊઠ્યો, એને લાગ્યું કે પોતે કોઈ મોટા નગરની સમીપ આવી પહોંચ્યો છે. ખાર નદી પરનું ભાલોત્રા તો ક્યારનું વટાવી દીધું હતું. એટલે એને લાગ્યું કે આ મનસુરા હોવું જોઈએ. તો તો ભટિંદા, ચીકુદમ, લોદરવા, મુલતાન.
મનસુરામાં સરદાર ખારીફ હતો. એની સાથે લડી લેવું એ કાંઈ મોટી વાત ન હતી.
તેણે તિલકને બોલાવ્યો. ભોમિયા પંડિત ધૂર્જટિને બોલાવવાનું એને કહ્યું.
પંડિત ધૂર્જટિ આવ્યા. સુલતાને તેની સામે જોયું. તેની આંખમાં હજારો ઝેરની પ્યાલી દેખાતી હતી. સુલતાન ચોંકી ગયો. આ માણસ ભયંકર હતો. દેખાતો હતો. સૌમ્ય, પણ એ તો જીવતા અગ્નિ જેવો હતો. ગર્જનકે તિલકને કહ્યું : 'એને પૂછી જો તિલક ! આ સામે દેખાય છે, તે કયું નગર ?'
પંડિત ધૂર્જટિ સવાલ સાંભળીને મોટેથી હસી પડ્યો. એના હાસ્યમાં ભયંકર નિષ્ઠુરતા હતી. ગર્જનકની બેઅદબી તો હતી જ. પણ એ વિશે અત્યારે કોઈએ એને કાંઈ કહ્યું નહિ.
તિલકેપૂછ્યું, તેના જવાબમાં પણ તે બેદરકારીથી બોલ્યો : 'એ મુસાફરોનું મરણ નગર છે.'
'મરણ નગર ! એ શું ?'
'નામદાર ! આ સામે દેખાય છે. તેમાંથી એકે વાત સાચી નથી. ત્યાં કાંઈ નથી.'
'કાંઈ નથી ? ખરેખર !' સુલતાન પહેલાં માની શક્યો નહિ. 'આ નગર દેખાય છે, ત્યાં ત્યારે છે શું ?
'કેવળ ખોટી આશાના મિનારા.' અને પછી પંડિત મનમાં બોલ્યો : 'જે તમે બાંધી રહ્યો છો !'
'તિલક ! એને પૂછી જો, આપણે ક્યાં છીએ ?'
'આપણે ? રેતીના રણમાં !' ધૂર્જટિએ જવાબ વાળ્યો.
સુલતાન ભોમિયા પંડિતનો જવાબ સાંભળીને એનો હેતુ પામી ગયો. તે વાતને સમજી ગયો. આ ભોમિયાઓએ દગો કર્યો લાગે છે. પણ ત્રીસ ત્રીસ વરસના લડાઈના જીવનઅનુભવે એને શીખવ્યું હતું કે સંગ્રામમાં એ જીતે છે. જે નિર્ભય રહી શકે છે. નિર્ભયતા જ જીવન છે. એણે લેશ પણ ગભરાટ વિના પુછાવ્યું :
'આ રેતીના રણનો ક્યારે પાર આવશે ?'
પંડિત ધૂર્જટિ હસી પડ્યો. તે ઉપેક્ષાથી બોલ્યો : 'આનો હવે પાર નહિ આવે. આ રેતીનાં રણ ચારે તરફ ફેલાયેલાં છે. આગળ જતાં તો ભયંકર માથાડૂબ ખારાં પાણી આવવાનાં છે.
'ત્યારે તું અને આંહીં લાવ્યો શું કરવા ?'
વધારે નિર્ભયતાથી, વધારે વધારે બેદરકારીથી, વધારે ઉપેક્ષાથી, વધારે આનંદના ઉમળકાથી, પંડિતે ડંખીલો જવાબ વાળ્યો :
'ભગવાન સોમનાથની એ આજ્ઞા હતી.'
તિલક તો આ સાંભળીને ધૂંઆપૂંઆ થઈ ગયો. એને લાગ્યું કે આ માણસ જ દગાખોર છે. તેનો હાથ તલવાર ઉપર ગયો. સુલતાને તેને રોક્યો. 'તિલક ! એને પૂછી જો, સોમનાથની ભલે આજ્ઞા હોય, પણ આવો ભયંકર વિશ્વાસઘાત તેં શા માટે કર્યો ?'
ધૂર્જટિએ જવાબ વાળ્યો : 'જે તમને અગ્નિથી બાળે તેને અગ્નિથી બાળો, જે વિશ્વાસઘાત કરે

તેને વિશ્વાસઘાતથી મારો, જે ચોરી ને લૂંટ કરવા આવે તેને ગમે તે રીતે હણી નાખો. જે મૈત્રી આપે તેને જ મૈત્રી આપો. જે રાજનીતિની વાત કરે તેની સાથે જ રાજનીતિની વાત કરો. ગમે તેની સાથે રાજનીતિની વાત કરવા નીકળનારો મોટામાં મોટો બબુચક છે. અમારે મોટા બબુચકોનો ખપ ન હતો. એટલે અમે આ કર્યું. સેંકડો જોજન દૂર બેઠેલાને, આંહીંના માણસને હણવામાં મજા આવી, લૂંટવામાં મજા આવી, મઝહબને બા'ને મારી નાખવામાં મજા આવી, અને હવે તમે કહેવા નીકળ્યા છો કે મેં આ વિશ્વાસઘાત શા માટે કર્યો ? આને વિશ્વાસઘાટ કોણ કહે ?' પંડિતે ઉગ્રતાથી સવાલ કર્યો. અને પછી હસીને ઉમેર્યું : 'ભગવાન સોમનાથ પોતે જ, ક્યારેક સંહારલીલા સરજે છે. ભગવાન રુદ્ર એક વખત સૌનો સંહાર કરે છે. એ પોતાનો પણ સંહાર કરે છે. તમે ભગવાન રુદ્રની એક લીલા સરજી ગયા. આ બીજી, હું સરજું છું. જે મજા આતતાયીને હણવામાં છે, તે મજા ખુદ શંકરભક્તિમાં પણ નથી. હું પોતે જ તમને અવળે માર્ગે લાવ્યો છું. ભગવાનની એ આજ્ઞા હતી, ભીમદેવ મહારાજનો એ હુકમ હતો. આમાંથી હવે તમે ઊગરી રહ્યા ! ચારે તરફ જોજનો વિસ્તારમાં પાણીનું એક ટીપું નહિ મળે. વેંત ઊંચો એક છોડવો નહિ મળે. પંખીનો એક પડછાયો નહિ જડે. સુલતાન ! સિત્તેર સિત્તેર શેર હીરા, માણેક, મોતી ને કરોડોનું સોનું આંહીં રેતીમાં વેરાઈ જશે. આંહીં તમને એક જ આશ્વાસન મળશે.'

લેશ પણ ગભરાટ વિના, મોંની એક રેખાને પણ બદલાવ્યા વિના, સામાનાં હાડ ઠારી નાખે, એનો વૈરનો આનંદ જ ઉડાડી મૂકે, એવી અજબ જેવી શાંતિ ભરેલી ધીરજથી ગર્જનકે પૂછ્યું : 'શું ?'

'આંહીં તમને કેવળ રડ્યાંખડ્યાં ગોરખોર* મળશે. આશ્વાસન માટે એ ખોટાં નથી.' ધૂર્જટિએ ઠંડી ક્રૂરતાથી કહ્યું : 'અને પૂર્વ દિશા તરફ આંગળી લાંબી કરી. 'એ ત્યાં એક રખડે જુઓ ! એ ત્યાં રખડે, જુઓ...'

પણ ધૂર્જટિએ પોતે ત્યાં નજર કરી, અને તેની આંગળી, પક્ષાઘાત થયો હોય તેમ જડ બની ગઈ. તેની નજર એ દિશામાં ચોંટી ગઈ. કેટલાક માણસો ગાંડાની માફક આમતેમ દોડી રહેલાં એની નજરે પડ્યાં. કેટલાંક દોડતાં હતાં. પછડાટ ખાતાં હતાં. કૂદતાં હતાં, ઊલળતાં હતાં. આકાશ સામે જોઈને રાડારાડ કરતાં હતાં. 'પાણી ! પાણી ! પાણી !' ની બૂમો ચારે તરફથી આવી રહી હતી.

એમના તુમુલ અને ભયંકર અમાનવી અવાજથી હવા ભરાઈ ગઈ હતી. રેતપટમાં સૂતેલી ભૂતાવળ જાગી હોય તેમ એ બધા દિશાવિહોણા આમતેમ દોડી રહ્યા હતા. ઘોડાં, ઊંટ, સાંઢણીઓ, માણસો આમથી તેમ ને તેમથી આમ દોડતાં હતાં. માણસો બૂમાબૂમ કરતાં હતાં. પ્રાણીઓ ભયંકર વેદનાભર્યાં અવાજો આપતાં હતાં. રેતીના થરો ઊડીને એમની વચ્ચે ને આસપાસ દોડતા હતા. પવન સૂસવાટા કરતો હતો. આકાશ ભયંકર જણાતા આસમાની રંગમાં જાણે મૃત્યુનું ગાન કરતું હતું.

મજા કેવળ ગોરખરને - જંગલી ગધેડાને હતી. તે આનંદમાં આવી જઈને આમથી તેમ ભૂંકતો પાછલા પગ ઉડાડી રહ્યો હતો. વર્ષો પછી આવી ભયંકરસંહારલીલા એને જોવા મળી એનો એના મનમાં આનંદ ઊભરાઈ ગયો હતો.

સુલતાન મહમૂદ ગઝનવ ધીર, વીર ને ધીટ યોદ્ધો હતો. તે જાણતો હતો. પોતે જરા જેટલી નબળાઈ બતાવશે, તો સૈનિકોની રહીસહી ધીરજ ખૂટી જશે.

તેણે કાંઈ જ ન હોય તેમ કહ્યું :

'પૂજારી ! તું શું એમ માને છે કે વિશ્વાસઘાતનો ઘા લડાઈના ઘા કરતાં વધારે આકરો નીવડે ? વિશ્વાસઘાત પણ એક જગ્યાએ સાવ નમાલો નીવડે છે, એ તને ખબર નહિ હોય. નસીબ

પાસે, લડાઈ ને વિશ્વાસઘાત બંને, નાનકડી---------------
* જંગલી ગધેડાં.
છોકરી જેટલું પણ બળ ધરાવતાં નથી. જા, તિલક ! આને લઈ જા. કાલે સવારે એનો વિચાર કરીશું, અને આગળ વધવા કરતાં આંહીં જ મુકામ નાખી ધો ?'
'આના કરતાં વધારે સારું સ્થળ છે. નામદાર' ધ્રૂજટિ બોલ્યો.
'કયું ?'
'પેલો સામે ક્ષિતિજમાં દેખાય છે તે *સી-કોટ ! આ તો મરુસ્થળી છે. આંહીં એવા એવા મહાલયો ઊભા છે કે જેની પાસે સુલતાનના મોટા મહેલો પણ કાંઈ હિસાબમાં ન હોય ! આ તો ઉમરાસુમરાની ભોમકા છે. આંહીં મહાલયોનો, વનકુંજોનો, પાણીના સાગરોનો કોઈ પાર નથી. અને એમાંનું એક પણ સાચું નથી. સાચું તો કેવળ એક જ છે, મૃત્યુ !'
'પૂજારીના છોકરા !' સુલતાને ભયરહિત અવાજે કહ્યું, 'તને સુલતાનના બળની ખબર નથી. એના નસીબનો સિતારો તું જાણતો નથી. એ આ બધું તરી જવા માટે છે. જા, ખુદાની એક બંદગી, અને આમાંનું આવતી કાલે સવારે કાંઈ નહિ હોય... અને જો તું પણ નહિ હોય.' સુલતાને છેલ્લો શબ્દ દેખીતી કડકાઈથી ફરી વાર કહ્યો : અને તું પણ નહિ હોય... સમજ્યો ?'
જવાબમાં આકાશમાં પડઘા પાડતું એક મુક્ત, ભયંકર, બેપરવાઈ ભરેલું ધૂર્જટિનું હાસ્ય સંભળાયું : 'હું વળી ક્યારે હતો ગર્જનરાજ ! કે હવે હું નહિ હોઉં ? હું પણ આ રણરેતના ઉમરાસુમરાનું જ એક સ્વપ્નું છું. હું હતો, એ ભયંકર ભ્રમ હતો; અને હવે હું નહિ હોઉં, એ વળી એના કરતાં પણ મોટો ભ્રમ હશે !'
તિલકે તેનો ખભો હલાવીને કહ્યું : 'ચાલ ચાલ, પૂજારી ! આ લવારો જવા દે ! કાલે સૌથી પહેલો તું જ રેતમાં દટાઈ જશે. ચાલ...'--------------------------
ઊૈહંી િઝટ્ટજંડમીજ- રેતરણમાં દેખાતા મૃગજળી દેખાવો માટેનો સ્થાનિક શબ્દ સીકોતર એમ આપણે બોલીએ છીએ તે આમાંથી ન હોય ?

Chapter 34

રણનાં ફૂલ !

થોડી વારમાં જ સુલતાનનો માણસ તિલકને પાછો બોલાવવા આવ્યો. તિલકે ધૂર્જટિને એક બાજુ નજરકેદમાં મૂકી દીધો હતો. ધ્રુબાંગ ને ધિજ્જટ ઉપર પણ ચોકીદારી ગોઠવી દીધી. પણ વાત ફેલાઈ જાય કે આ પ્રમાણે ભયંકર દગો થયો છે, તો સૈન્યની નિરાશાનો કોઈ પાર જ રહે નહિ. અત્યારે દોડી રહેલા દીવાનાઓ કોણ જાણે કેટલા વધી જાય ! એટલા માટે બે-ચાર વિશ્વાસુ સાંઢણીવાળાઓને જ એની સખ્ત ચોકીદારી માટે એણે કહી રાખ્યું. પોતે સુલતાન પાસે ગયો.
સુલતાન પોતાના તંબુમાં બેઠો હતો. ત્યાં એક ઝાંખો દીવો બળતો હતો. એક બાજુ સેવંતરાય હતો. વઝીર હઝનક હતો. એક્બે વિશ્વાસુ, ગુલામો આસપાસ ચોકીદારીમાં ઊભા હતા.
તિલક આવ્યો. તેણે ધાર્યું હતું કે સુલતાન તેના ઉપર કોપાનલ સમો તૂટી પડશે. તે દેશપાર થવા કે મરણની સજા લેવા માટે તૈયાર થઈને જ આવ્યો હતો. તેણે સેવંતરાયને અગાઉથી જ બેઠેલો જોયો. એટલે તો એના રામ રમી ગયા. ધૂર્જટિ કાશ્મીરનો હતો તે વાત પણ અત્યારે એને માટે તો ભયંકર હતી.
સિપાહ સાલાર મસઉદ હજી આવ્યો ન હતો. તિલકને પોતાનું આખું જીવન નજર સમક્ષ તરવા માંડ્યું. ક્યાં કાશ્મીરની હરિયાળી કુંજો ? ક્યાં આ રણનો ત્રાસ અને પોતાનો આંહીં નિમાયેલો

સર્વનાશ ?
પોતે શહેર કાઝી અને વઝીર ખ્વાજા અહમદ હસનની હરીફાઈ વચ્ચેનો લાભ ઉઠાવીને આગળ વધ્યો હતો. ધીમેધીમે ખ્વાજાનો જ વિશ્વાસુ મંત્રી બન્યો. હિન્દુઓ સાથેની તમામ મસલતોમાં, પોતે જ સંદેશો ચલાવતો, સંધિની શરતો નક્કી કરતો. એમની પાસેથી જામીનગીરીઓ લેતો. પણ ખ્વાજા અહમદ હસનની વજીરાત એક દિવસ આથમી ગઈ. અત્યારે તો એ કેદમાં સડતો હતો. પણ પોતે હજી સુલતાનનો જમણો હાથ રહી શક્યો હતો.
કોઈ ભંયકર કેદમાં જીવનભર સડવાનો આજ હવે એનો પોતાનો વારો આવ્યો હતો !
નસીબની કેવી બલિહારી ?
તિલક ત્યાં વિચાર કરતો અદબ વાળીને ગુનેગારની માફક ઊભો હતો. એટલામાં સુલતાન મોટેથી હસી પડ્યો.
બધા ચમકી ગયા. સુલતાનને પણ નપાણિયા ભૂમિના ત્રાસથી દીવાનાપણું લાગુ પડ્યું કે શું ? પણ એટલામાં તો સૌના આશ્ચર્ય વચ્ચે અજબ જેવી ધીરજ અને શાંતિથી સુલતાન બોલ્યો :
'અલ્યા તિલક ! મોટો મલિક બિન - જયસેન થયો છે. ને આમ કેમ સાવ કોઈએ ભરખી ખાધો હોય તેમ ઊભો છે ? શું થયું છે તને ?
'નામદાર !' તિલક બોલ્યો : 'મેં ભારે ભૂલ ખાધી. આ ભોમિયા ભયંકર છે. આંહીં તો દિવસે હરિયાળી વનકુંજો દેખાય છે. રાતે ભયંકર આસમાનમાં તારા ઊગી નીકળે છે. ક્યાંય પાણીનું નામનિશાન નથી. બે દિવસમાં પાણી ન મળે તો આ હજારોનું થાય શું ?'
'જો તિલક ! ખુદા ચાહે સો પળમાં કરવાની તાકાત ધરાવે છે. પાણી પણ મળશે, સૈન્ય પણ આગળ વધશે અને વિશ્વાસઘાતીઓનાં મોં કાળાં થશે !'
'પણ એ ત્રણેને ઝબ્બે તો કરી નાંખો... સા.... લા..... કમજાત !' સેવંતરાય બોલ્યો.
તિલકે તલવાર ઉપર હાથ મૂક્યો. સુલતાને એને રોક્યો. 'હમણાં એ વાત જવા દે. બધા આ વાત જાણે તો એકદમ નિરાશ થઈ જાય. આપણને કાલે પાણી મળવાનું છે !'
'કેમ જાણ્યું નામદાર ? આંહીં તો બધે જ મૃગજળનાં સરોવર દેખાય છે.'
'ખુદાની ઉપર વિશ્વાસ રાખનારને ખુદા પોતે દોરે છે !'
સુલતાનની આ અજબ જેવી હિમ્મત જોઈને સૌને મનમાં ફરીને વિશ્વાસ જન્મયો. સુલતાને હવે કયો રસ્તો લેવો તેની મસલત માંડી. થોડી વારમાં જ સિપાહસાલાર મસઉદનો ખાસ માણસ આવ્યો. તેની પાછળ નામદાર સુલતાનને કુનિશ બજાવતો સિપાહસાલાર પોતે આવ્યો. તેના ચહેરા ઉપર ગુસ્સો હતો. તેના હાથમાં ભયંકર તલવાર હતી. તેણે આવતાવેંત કહ્યું : 'ક્યાં છે તિલક ? એ ત્રણે કાફર ક્યાં છે ? પહેલાં ચાલ એને હણી નાખીએ. રસ્તો તો મળી જવાનો છે ! રસ્તો મને માલૂમ છે !'
'મસઉદ ! પહેલાં તું વાત સાંભળ. આંહીં બેસ હમણાં.' સુલતાને શાંતિથી કહ્યું, 'અત્યારે ેને તમે હણશો, તો તેથી શું થશે તેની ખબર છે !'
'એ ત્રણે જહન્નમમાં જશે !'
'એ તો જતાં જશે, પણ પહેલાં આપણી ઘોર ખોદતા જશે. તું કાંઈ સમજે છે ? આટલી નિરાશા સૈન્યમાં આવી ગઈ છે. એમાં આ વાત જાહેર થશે તો કેટલી બધી ભયંકર નિરાશા ફેલાઈ જશે ? હમણાં તિલકે એમને નજરકેદમાં રાખ્યા છે. એમના ઉપર જાપ્તો છે. એ ખબર પ ણ ફેલાવી દેવાના નથી, તિલક ! પણ જાપ્તો એવો રાખવાનો છે કે એ ફરકી શકે નહિ. એ વાત પૂરી થઈ. બોલો તમે કોઈ આંહીંના રસ્તા વિષે કાંઈ જાણો છો ?'
વઝીર હઝનક દાઢી ઉપર હાથ ફેરવી રહ્યો. એને પોતાનું અજ્ઞાન અત્યારે સાલતું લાગ્યું. મસઉદ પણ તરત શાંત થઈ ગયો. સેવંતરાયની પાસે પણ કાંઈ નવી વાત લાગી નહિ. માત્ર

તિલક બોલવું કે ન બોલવું એ દ્વિધામાં પડી ગયેલો જણાયો.
સુલતાને તેના તરફ એક આશાભરી દૃષ્ટિ કરી : 'તિલક ! તારે કાંઈક કહેવું લાગે છે !'
'કહેવું તો છે....'
'પણ હવે તો કહેતાં હજાર વખત વાતનો વિચાર કરવાનો રહે છે, નામદાર !' સેવંતરાય બોલ્યો : 'આ એક ઘા વસમો છે. પણ બીજો ઘા તો છાતી સોંસરવો નીકળે !'
તિલકે સેવંતરાયની વાણીને સાંભળી ન સાંભળી કરી. તે અદબ વાળીને આશાથી સુલતાનની સામે જોઈ રહ્યો.
'પણ આપણે, એની વાતને જોખવાવાળા ક્યાં નથી ? શું વાત છે તિલક ! જે હોય તે કહી દે.'
'મેં એમ સાંભળ્યું'તું કે આ તરફ આથમણી દિશામાં નીલઆબની એક શાખા વહે છે. એ શાખાનો આપણને જો આધાર મળી જાય, તો કદાચ આપણે છેક જાટના મુલક ભેગા થઈ જઈએ.'
'એટલે જાટ લોકોની સામે હાથે કરીને લૂંટાવા જવું એમ ?' સેવંતરાય બોલ્યો.
મસઉદ તિલકની મદદે આવ્યો : 'એ તો જો આથમણી દિશા નહિ પકડો, તો ઉગમણી કોર, પણ આપણે ક્યાં સાંભળ્યું નથી કે નહરવાડાનો રાય રખડવા નીકળ્યો છે ? એ તો એ બધાયને માપી લેવાશે. એમનુંય માપ નીકળશે !'
'સિપાહસાલાર ! વજીર બોલ્યો : 'આપણી બહાદુરી સાબૂત રાખવાની વાત નથી. આપણી અક્કલ સાબૂત રાખવાની વાત છે. આપણી પાસે જોખમ કેટલું ? આવનારાઓને ખોવાનું શું ? આ વાત છે. આપણે અત્યારે ક્યાંય લડવા રોકાવું પોસાય તેમ જ નથી.'
'પણ સામે આવશે ત્યારે શું કરશો ?'
'તે વખતની વાત તે વખતે.'
'આપણે તિલકની વાત સાંભળો, બીજી વાતમાં ક્યાંક એ ભૂલી જવાય. તારે શું કહેવાનું છે, તિલક ?'
'મેં એમ સાંભળ્યું છે કે મીઠો મહેરામણ છલકે ત્યારે આ શાખા પાણીથી છલકી જાય છે. આપણે એ શાખાએ પહોંચી જઈએ, આ સમો છે.'
'એ જ બરાબર લાગે છે !' સુલતાને કહ્યું, 'કાલે સવારે પાંચ સાંઢણીસવારો ઊપડે. એ રસ્તાની ખબર કાઢે ! કોઈ જાણતા હોય તો એમને પૂછે. બસ, હવે રાતે ખુદાની બંદગી કરો. આપણને રસ્તો જડશે જ જડશે. ખુદા ચાહ્ય સો કરે. એના કરતાં કોઈ મોટો નથી.'
સુલતાનની પાસેથી બધા ખસી ગયા. પણ સુલતાનને ઊંઘ ન આવી.
તે પોતાના તંબુની બહાર ફરવા ચાલ્યો ગયો.
તિલકે જઈને ધૂર્જેટિની તપાસ કાઢી. ધ્રુબાંગ ધિજ્જટ ઉપરની ચોકી જોઈ. પછી એ પોતાના તંબુમાં ગયો, પણ એને ઊંઘ ન આવી. એને પોતાની આબરૂના કાંકરા થઈ ગયા.તે ખૂંચતું હતું તેણે નિશ્ચય કર્યો કે આ પૂજારીના છોકરાને કાંક એવી મોટી લાલચ આપવી જોઈએ કે એ હજી કાંઈક રસ્તો બતાવે. તે એકલો અંધારી રાતે ધૂર્જટિ પાસે ગયો.
ધૂર્જટિ ઘસઘસાટ ઊંઘતો હતો. તેણે તેને ઉઠાડ્યો. ચોકીદારોને દૂર જવાની સંજ્ઞા કરી. તે છેક ધૂર્જટિ પાસે આવ્યો.
'પૂજારીના છોકરા !' તિલકે કહ્યું. 'તેં આ વિશ્વાસઘાત કર્યો તેથી તારા હાથમાં શું આવ્યું ? તને એવો રસ્તો બતાવું કે જેમ હું અત્યારે આંહીં કર્તાહર્તા છું - તેમ કાશ્મીરમાં તું બને. એ સારું કે આ સારું ? તને ખબર નહિ હોય. પણ આંહીં મનસુરા છે, તેનો સૂબો એક દિવસ હું હોઈશ !'
ધૂર્જટિ સાંભળી રહ્યો. કાંઈ બોલ્યો નહિ, 'જો આ તારી સાંઢણી ઝડપીમાં ઝડપી છે. કાલે સવારે તું મારી ભેગો ચાલ. આપણે બે જ જણા ઊપડીએ. મીઠા મહેરામણની એક શાખા

ક્યાંક વહે છે તે શોધી કાઢીએ. પાછા દોડીને એ સમાચાર નામદાર સુલતાનને આપીએ. એના બદલામાં પૂજારી ! તુંય ક્યાંક રાજા થઈ જશે !'
'રાજા ?' ધૂર્જટિ હસી પડ્યો : 'રાજા થઈને શું ? હું તો રાજાનો રાજા છું જ. મારા દિલનો આનંદ હું તમને શી રીતે બતાવું ? પણ બોલો. તમારે બીજું શું કામ છે ? તમારે મને અત્યારે મારવો છે કે સવારે ? તમે એટલા માટે આવ્યા છો ના ?'
તિલક છક્ક થઈ ગયો. તેને તો હજી પૂજારી પાસેથી એની અજબ સાંઢણી પડાવી લેવી હતી. એટલે તેણે એ વાત જ ઉડાવી મૂકી.
'તને જંતુને સુલતાન મારે ? શું વાત કરે છે ? એની ઉપેક્ષા કરતો હોય તેમ તિલક બોલ્યો : 'સુલતાન તો હાથીનાં જુદ્ધ કરે. તને શું મારવો'તો ? તું જાણે છે કે તેં સુલતાનને રોળીટોળી નાખ્યા છે. પણ સુલતાનને તો કાલ પાણી દેખાશે. અને તારા મોંમાં ધૂળ રહેશે. એ વખતે તારું નિરાશા પામેલું મન જ તને મારી નાખશે. મારું હજી માન. તું ક્યાંક રાજા બની જઈશ, કાશ્મીરનો કાલંજર દુર્ગ તારો થશે. સુલતાનના શાહજાદા પાસે તને સોગંદ ઉપર બદલો અપાવું. ચાલ પૂજારી ! આમાં તારું કાંઈ નહિ વળે. તારી પાસે લાખો દ્રમ હશે, તો તું સોમનાથ જેવાં ત્રણ મંદિર બાંધી શકીશ.'
ધૂર્જટિએ તિલકને બોલતો રોક્યો : 'તિલક પ્રધાનજી ! તમે મારા દેશના છો. આપણએ એકબીજાને સમજી લઈએ : આનો બદલો મને ભૂંડામાં ભૂંડું મોત મળે. એ સમજીને જ મેં આ કામ કર્યું છે. એમાં હવે પાછું હઠવાતું નથી. ડગવાનું નથી, ડરવાનું નથી. તમારે અત્યારે તલવાર ચલાવવી હોય તો હું તૈયાર છું. સવારે આવવું હોય તો સવારે આવજો. મારે રાજ જોઈતું નથી. તમને જીવન વહાલું લાગતું હશે. જીવન અને મરણમાં કોને વધારે વહાલું ગણવું. એ મારે માટે હંમેશાં કોયડો રહ્યો છે. બોલો, તમે અત્યારે કામ પતાવવા માગો છો કે બધાને બતાવવા માટે મને રાખવો છે ? મારે બંને વસ્તુ સરખી છે !'
તિલકે ઘણી લડાઈઓ જોઈ હતી. નિર્ભય મરવાવાળા જોયા હતા. પણ મૃત્યુ પ્રત્યેની આટલી લાપરવાહી એણે ક્યાંય જોઈ ન હતી. આ માણસ મૃત્યુમાં જાણે કાંઈ સમજતો જ ન હતો, છ મહિનાનું શિશું મૃત્યુમાં ન સમજે, ને ભુજંગ સાથે રમે, એવી વાત હતી.
તિલક વધારે કાંઈ બોલી શક્યો નહિ. આને આમ કહેવું કે તું નહિ માને તો ધ્રુબાંગ ધિજ્જટનું મૃત્યુ અત્યારે છે, અને તારું મૃત્યુ સવારે છે. સવાર સુધી વિચાર કરી જો. માની જા. હજી રસ્તો બતાવ. પણ એવી કોઈ વાતને પણ, એ તો મશ્કરી જેવી જ ગણવાનો હતો. તે બોલ્યા વિના જ બેઠો થયો. ચોકીદારને કાંઈક કહ્યું, અને તે ચાલ્યો ગયો.
થોડી વાર થઈ અને ધૂર્જટિએ પાસેના તંબુમાં કાંઈક ગડબડ સાંભળી.
ધૂર્જટિ સમજી ગયો. ધ્રુબાંગ અને ધિજ્જટ ભાગ્યાધીન થઈ રહ્યા હતા. પોતાને વાર હતી. તે બેઠો થયો. તેણે પદ્માસન વાળ્યું. થોડી વાર શાંત બેઠો રહ્યો.
અચાનક તેને સાંભર્યું. ધિજ્જટ ધ્રુબાંગ રા'ના અણનમ ચોકીદાર હતા. એમને મનમાં રા'ની રાણકીની વાત અત્યારે રમતી હોવી જોઈએ. કોઈ રીતે એમને ખાતરી આપવી જોઈએ કે તમે નચિંત રહીને જાઓ. રાણકી તો જૂનાગઢની રાણકી જ રહેવાને સરજાઈ છે.
તે ચોકીદાર પાસે ગયો : 'ચોકીદાર !' તે ધીમેથી બોલ્યો : 'મારી પાસે કાંઈ હથિયાર નથી. તમારે જોવું હોય તો જોઈ શકો છો. પણ પાસેના તંબુમાં કાંઈક ગરબડ થતી લાગે છે. મારા બેવ ભોમિયા દોસ્ત ત્યાં છે. મારે એમને મળી લેવાનું છે !'
'હવે મળજો ત્યાં....' ચોકીદારે આકાશના તારા દેખાડ્યા.
ધૂર્જટિએ આસપાસ જોયું. આ એક સિવાય બીજો કોઈ જાગતો જાણ્યો નહિ. તેણે તેને વધુ હિમ્મતથી કહ્યું : 'જો તું દેખીશ એમ હું ત્યાં દોડ્યો જઈશ.'

'દોડી તો જો. ગળે ફાંસલો પડી જાશે.'
'એમ નથી, હું દોડીશ, એટલે તું મારી પાછળ દોડીશ. સાચું ના ?'
'હા હા, સાચું. તું બહુ ડાહ્યો થા મા. નહિતર મારે હાથે બે ખાઈ બેસીશ.'
પણ એટલામાં એક ભયંકર ચીસ સંભળાઈ. આખું રણ વીંધી જતી એ ચીસમાં કોઈ મરણોન્મુખ પ્રાણની વેદના ભરી હતી.
ધૂર્જટિ ચમકી ગયો. ચોકીદાર ચોંકી ઊઠ્યો. એટલામાં તો કોઈ ગાંડો થઈ ગયેલો માણસ આ તરફ દોડતો આવતો હોય તેમ લાગ્યું. ભયંકર ગરમી, એક બુંદ પાણી પીવા મળે નહિ. મળે ત્યારે તરસ વધે એટલું. રેતીનાં તોફાન, હવામાં ચડતી આંધી, ઢગલે ઢગલા રેતી ઊડીને એક ઠેકાણે ઢોરો કરે, બીજે ખાડો સરજે, અને માણસ જ્યાં નજર કરે ત્યાં આઘે આઘે મોહક વનકુંજો નજરે પડતી હોય ! કેવી સુંદર, કેવી આકર્ષક, કેવી લલચાવનારી, કેટલી બધી સાચી ! રેતીની આવી ભયંકર લીલાએ કેટલાયનાં મગજ ફેરવી નાખ્યાં હતાં. એવો કોઈ મગજ ફરેલો આદમી અત્યારે છૂટો એકલો નીકળી ગયો લાગ્યો. તે આ તરફ દોડતો આવ્યો એટલે ચોકીદાર ભાગ્યો. એને ભાગતો જોયો કે તરત જ ધૂર્જટિ મૂઠીઓ વાળીને દોડ્યો જ ગયો, જે તંબુ તરફથી એણે અવાજ આવતો સાંભળ્યો હતો, તે તરફ એ દોડ્યો ગયો.
એણે એ તંબુમાં ધિજ્જટ ધ્રુબાંગને જોયા. એમના બંનેના ગળામાં દોરડાં હતાં. એમના હાથપગ બાંધ્યા હતા. ધૂર્જટિને જોતાં એ મોટેથી હસી પડ્યા : 'અરે ! પંડિતજી, તમે ક્યાં આમાં ઘોડ્યા ? અમે તો એમને ખેલ બતાવવા જઈએ છીએ !'
'શેનો ખેલ ?'
'આંહીં રણરેતમાં બીજો કયો ખેલ હોય ? મરણનો ખેલ !'
ધૂર્જટિ સમજી ગયો. આમને થોડે આઘે લઈ જઈને જબ્બે કરવાના હતા. તેણે બંનેના સામે જોયું એ દૃષ્ટિમાં જ એણે એમને એક હજાર વાત કહી નાખી.
ધ્રુબાંગ ધિજ્જટ છુટકારાનો દમ ખેંચી રહેલા જણાયા. એમને નિરાંત થઈ ગઈ. ધૂર્જટિએ એમના ચહેરા ઉપર એ વાંચી. એમને ખાતરી થઈ ગઈ કે કોઈ હિસાબે આ બ્રાહ્મણ, રાણકીને કોઈને હાથ પડવા નહિ દે !
એણે મીઠાં ઝેરનું છલોછલ પ્યાલું, ખુદ ભગવાન શંકરના હાથમાંથી લઈને પીધું હતું. એ ઝેર પિનારા જુદા જ બની જાય છે !
થોડી વારમાં ધ્રુબાંગ ધિજ્જટને દોરીને ચોકીદારો આગળ ચાલ્યા.
ધૂર્જટિએ એમને કહ્યું : 'મને એમના કાનમાં એક વાત કહેવા ધો !'
'શું વાત છે બમના ?'
'વાત બીજી કાંઈ નથી. એમને કહેવાનું છે કે ભગવાનમાં ભરોસો રાખો !'
'બીજું બોલ્યો તો તારું માથું વધેરી નાખીશું હો.'
'તલવાર હાથમાં લઈને મારી પાછળ જ આવો, સરદાર ! મારે બીજું કાંઈ કહેવાનું નથી.'
ધૂર્જટિ ધ્રુબાંગ-ધિજ્જટ પાસે ગયો. તેણે તેના કાનમાં સંભળાય તેમ કહ્યું : 'હું મરીશ. આબરૂ નહિ મરે. વેણ નહિ મરે. ભગવાનનો ભરોસો રાખો.'
ધિજ્જટ-ધ્રુબાંગને હવે વધુ નિરાંત થઈ ગઈ. તેમણે તરત ચોકીદારોને કહ્યું : 'અમે તૈયાર છીએ.'
બે-ચાર ચોકીદારો, ધિજ્જટ-ધ્રુબાંગની આગળ ચાલ્યા. આડે અવળે રસ્તે આઘે જઈને એમનો શિરચ્છેદ કરવાનો હુકમ થયો હતો.
ધૂર્જટિ એમની પાછળ પાછળ ગયો. ચોકીદારોએ કાંઈ વાંધો લીધો નહિ. પણ એમણે એના ઉપર સતત નજર રાખી. ધૂર્જટિ સમજી ગયો. આ બંનેનો શિરચ્છેદ જુએ એમ એ પણ ઇચ્છી

રહ્યા હતા. બામણો એ જોશે તો ધ્રૂજી જશે. વખતે ડગી જશે. એવી કોઈ માન્યતાને લીધે કોઈએ વાંધો ઉઠાવ્યો નહિ હોય. ધૂર્જટિને તો આ બંનેનો એટલી વાર વધારે સહવાસ થશે, એ જ મોટો લાભ હતો. એ બોલ્યાચાલ્યા વિના જ એમની પાછળ ચાલ્યો. એની પડખે પણ એક-બે માણસો ચાલી રહ્યાં હતાં.

છાવણીથી ઠીક ઠીક દૂર એ ગયા. ત્યાં એક તરફ રેતીના કેટલાક ઢોરા દેખાતા હતા. દિવસે તો એ ડુંગરા જેવા જણાતા હતા. અત્યારે અંધારઘેરા પડછાયા જેવા એ ઊભા હતા. એમને જોતાં ધિજ્જટ અને ધ્રુબાંગ બંને એક પ્રેમભરી દૃષ્ટિથી પોતાના તરફ જોતા હોય એવું ધૂર્જટિને લાગ્યું. અધારું હતું. અને તારાઓના થોડાક પ્રકાશથી જે દેખાતું હતું. તેમાં કરેલું આ અનુમાન કેટલું સાચું એ જાણવું મુશ્કેલ હતું. પણ જ્યારે બીજી કે ત્રીજી વખત પણ ધ્રુબાંગ ધિજ્જટે, ધૂર્જટિ તરફ જોયું હોય તેમ જણાયું, ત્યારે ધૂર્જટિ ચોંકી ગયો. 'હા... હા...' તેના મનમાં મોટો આનંદ ઓઘ ઊઠ્યો. શોકની પરાકાષ્ઠા પણ આવતી જણાઈ. એકી સાથેજાણે મનસાગરમાં ભરતી અને ઓટ આવ્યાં !

ધિજ્જટ અને ધ્રુબાંગ રેતીના ધોરાની નજીક આવ્યા એટલે એમને હિમતથી કહ્યું : 'સરદાર ! હવે અમારા બંધ છોડી નાખો. તમારી તલવારને છૂટે હાથે વાપરો બાપા ! તમારે જોવું હોય તો જોઈ લ્યો, અમારી પાસે કાંઈ નથી.'

ધિજ્જટ-ધ્રુબાંગનાં બંધન છૂટ્યાં. ગળેથી રસી નીકળી ગઈ. બંને ત્યાં ઊભા. ચોકીદારો સાવધ રહ્યા. 'ચલાવો ! શું જુઓ છો ? અમે તો આ માટે જ આવ્યા હતા. અમને આ કાંઈ નવાઈ નથી.'

બંનેના ચોકીદારોએ એકી સાથે તલવાર ઉપાડી. બંનેનાં ઉપર એકી સાથે જનોઈ વઢ ઘા કર્યોં. પણ ઘા કર્યોં ન કર્યોં ને એ ગોઠણભેર થઈ ગયા. તરવાર હવામાં વીંઝાતી રેતીમાં ભટકાણી. આંખના પલકારા માત્રમાં આ શું બની ગયું. એ જોતાં બંનેના ચોકીદારો આભા બની ગયા. પણ એ આંખ ચોળીને ઉઘાડે ત્યાં તો રેતીના પેલા ધોરા ઉપર બે પડછાયા નજરે પડ્યા. 'અરે !' ચોકીદારોના મોંમાંથી શબ્દો નીકળી પડ્યા, પણ એ શબ્દો નીકળ્યા ન નીકળ્યા, ત્યાં તો એમને કાને માત્ર એક જ વાક્ય સંભળાયું : 'જય સોમનાથ ! ભવોભવ જય સોમનાથ !' એમાં સોમનાથ આવ્યું એટલું જ એ સમજ્યા. શું હતું એ તો એ પણ સમજી શક્યા નહિ. ધિજ્જટ ને ધ્રુબાંગ બંને રેતીના ધોરા ઉપરથી બે હાથ જોડીને ધૂર્જટિને છેલ્લા પ્રણામ કરતા દેખાયા. અને એક પળમાં આંખના પલકારા માત્રમાં તો એ અદૃશ્ય થઈ ગયા. પોલી રેતી એમને ગળી ગઈ હતી.

પણ એ જોતાં તો ચોકીદારો ધ્રૂજી ઊઠ્યા. રેતીનાં ભયંકર પોલાણો વિષે એમણે સાંભળ્યું હતું. આજે એ પ્રત્યક્ષ દેખ્યું. જાણે પેલા બે, કોઈ દિવસ ત્યાં હતા જ નહિ તેમ, કેવળ રેતીના ધોરા ત્યાં ઊભા હતા !

ચોકીદારોને હવે બીક લાગી. પાછા ફરવા જતાં, વખતે એ પોતે પણ આવા કોઈ પોલાણનો ભોગ થઈ પડે તો ? તેમણે ધૂર્જટિને જોવા માટે પાછળ દૃષ્ટિ કરી, પણ ત્યાં કેવો ધૂર્જટિ ? ને કેવી વાત ?

'અરે ! એને પણ રેતી ગળી ગઈ કે શું ?'

અને તરત જ એમને ભયભરેલો ખ્યાલ આવી ગયો કે એ જ પ્રમાણે આ રેતીનાં રણ તો એમને પણ ગળી* જશે.

તે મૂઠીઓ વાળીને એકદમ છાવણી તરફ દોડ્યા.

----

* આવા પોલાણવાળા ધોરા દ્રમ કહેવાય છે. એના વિષે નોંધ છે. જેસલમીર પાસે તે ઘણા

પ્રમાણમાં હોવાનો ઉલ્લેખ છે.

Chapter 35

રા' નવઘણની રામકી

ધૂર્જટિ રેતના ધોરા જોઈને જ, ધ્રુબાંગજી શું કરશે તે સમજી ગયો હતો. એ ધોરો એટલે શું, એ એનાથી અજાણ્યું ન હતું. એનાં ભયંકર પોલાણને જાણવાવાળા જાણે છે. એના ઉપર પગ જેણે મૂક્યો. એ થોડી વારમાં ગયો ! એક જ પળ - અને એ માણસ જાણે કોઈ દિવસ હતો જ નહિ ! એ કરુણ કથાની ભવ્યતા પણ એણે આંહીં નિહાળી. એને પણ સ્વેચ્છાથી વરનારા નીકળ્યા હતા ! આ ધ્રુબાંગજી અને ધિજ્જટજી રા'નવઘણના બહાદુર સોમનાથી દ્વારપાલો ! ભગવાન સોમનાથના ભક્તો ધ્રુબાંગજી ને ધિજ્જટે જેવા પોતાની સામે હાથ જોડ્યા ને એ અદ્રશ્ય થવા લાગ્યા કે તરત ધૂર્જટિ વાતને સમજી ગયો. હવે રાણકી કોઈને હાથ ન જાય એ જોવાનું હતું એક પળના વિલંબ વિના એ તરત મૂઠીઓ વાળીને ત્યાંથી દોડ્યો જ ગયો. પહેલાં તો એને એમ હતું કે પોતે જ્યાં હતો ત્યાં જ જાય. પણ એને તરત યાદ આવ્યું કે રાણકી જેવી રાણકીને, હવે ગર્જનકનાં માણસો રેઢી નહિ મૂકે. તિલક આવી ગયો તેમાં પણ એને એ જ ભેદ લાગ્યો હતો. સવારે એનો શિરચ્છેદ થાય તે પહેલાં એ રાણકીને હાથ કરી લેવાના. તે એકદમ પોતાના તંબુના છેક પાછળના ભાગમાં જ્યાં ટોડડી*ની વરધ રહેતી હતી તે તરફ દોડ્યો ગયો. પેલા ચોકીદારો એમના અચરજમાંથી જાગીને દોડતા પાછા ફરે તે પહેલાં, ધૂર્જટિને કામ પતાવવાનુંહતું. તે પાછા ફરશે કે તરત પહેલું કામ એની પોતાની તપાસનું જ હાથ ધરશે. એને લાગ્યું કે હવે તંબુ તરફ તો જવું

----

* સાંઢણી

જ નહિ. સદ્‌ભાગ્યે સુલતાનની છાવણીમાં ઠીક ઠીક ગાંડા* થયા હતા. તે અત્યારે પણ ઊભા થઈ થઈને વખતોવખત બૂમો મારતા નીકળી પડતા હતા. એટલે પોતે પણ જો કોઈ એવા ગાંડાનો દેખાવ કરે તો કામ નભી જાય તેવું હતું. પણ એને રાણકી હાથ કરવી હતી. હજી એના પર જોઈએ તેવો જાપ્તો આવ્યો નહિ હોય. એને એક બીજો વિચાર આવ્યો. એ તરત રેતપટમાં લાંબો થઈને સૂઈ ગયો. અને ઘસડાતો ઘસડાતો આગળ વધ્યો. પોતાના પાછલા ભાગમાં જ્યાં સાંઢણીઓની લંગર રહેતી હતી તે તરફ એ ગયો. એણે લીધેલો માર્ગ પાછળનો હતો ને લંબાણવાળો હતો. ઘણી વાર થતી હોય તેમ તેને લાગ્યું. એ એવી રીતે કેટલી વાર સુધી પેટે ઘસડાતો ગયો તેનું તેને કોઈ ભાન રહ્યું નહિ. કોઈ ચોકીદાર દેખાય, કોઈ અવાજ કરે, જરાક પ્રકાશ દેખાય. થોડો પડકાર થાય, કે તરત એ રેતીપટમાં લાંબો થઈને ગુપચુપ પડ્યો રહેતો. પછી આગળ વધતો. ધીમે ધીમે પાછળના ભાગમાં જ્યાં સાંઢણીઓની લંગર હતી ત્યાં તે આવી પહોંચ્યો. રાણકી કઈ બાજુ રહેતી તે એને ખબર હતી. તે તેની તરફ ગયો.

તે પેટે ઘસડાતો આવતો હતો ત્યારે, કોઈકનું ખંજર રસ્તામાં પડેલું તે એના પેટ સાથ ભટકાયું. તેણે તે તરત લઈ લીધું અત્યારે એ ખંજર એની પાસે હતું. એને પહેલો ભયંકર વિચાર એ આવ્યો કે સાંઢણીને ગળે ખંજર મારી દઉં ! કોઈ હિસાબે એને કોઈને હાથ તો ન જ જવા દેવાય. એમ જો એ જાય, તો એનું બધું કર્યું કારવ્યું ધૂળ થાય. તે વિચાર કરતો કરતો, રાણકી પાસે સરતો સરતો ગયો.

રાણકી રેતીપટ સરખી લાંબી ડોક કરીને ઊંઘતી પડી હતી. પંડિતનો હાથ અડતાં તે હાથની ભાષા તરત કળી ગઈ. તે તરત જાગી ગઈ, એણે જિંદગીમાં રા'ની સાથે રખડવામાં કૈંક રંગો જોયા હતા. અને સિંધનાં રણમેદાનો એને તો જનમભોમકા જેવાં હતાં. પોતાના આ જાનવરને

આંહીં આવવા દેવામાં રા'એ કેટલી યાતના ભોગવી હશે, તેનો ખરો ખ્યાલ ધૂજઁટિને હવે આવ્યો. ધૂજઁટિ ત્યાં થોડી વાર બેઠો. તે વિચાર કરી રહ્યો, શું કરવું ? રાણકીને મારી
----
* ઇલીવટ ॥ ૪૭૫. ફેરીસ્તાની નોંધ
નાખવી ? અરર ! પહેલી વખત એને અરેરાટી થઈ ગઈ. તેને એક ખાતરી હતી, એ રાણકી ઉપર ઊપડે, પછી કોઇ એને આંબી રહ્યો !
તેણે હાથતાળી દઈને ભાગી જવાનો વિચાર કર્યોં. હજી આ રાણકી ઉપર સખત ચોકીપહેરો મૂકવા માટે પેલા ચોકીદારો પાછા ફર્યાં હોય તેવું લાગ્યું નહિ. રાણકી રા'ની હતી. રા' જે રીતે વર્ત્યોં હોત તે પ્રમાણે વર્તવામાં ઔચિત્ય હતું. રાણકીની આસપાસમાં ક્યાંક એનું કાઠું પડ્યું હોવું જોઈએ. એણે થોડો બીજો સામાન આસપાસમાંથી મેળવી લીધો. કાઠું મૂક્યું. પોતે રાશ હાથમાં લીધી. સાંઢણી ઉપર ચડી બેઠો. રાણકી તો એ બેઠો કે તરત ઊભી થઈ ગઈ. રાણકી ઊભી થઈ ગઈ પછી હવે એક પળ ગુમાવવાની ન હતી. કોઈ ને કોઈ ચોકીદારની દૃષ્ટિ હવે પડ્યા વિના નહિ રહેવાની.
રા' નવઘણની રાણકી એટલે શું એનો ખ્યાલ આપી દેવો એ વિચાર ધૂજઁટિના મનમાં અત્યારે પ્રબળ બની ગયો હતો. રેતીના રણમેદાનમાંથી હાથતાળી દઈને ભાગીજવું એમાં જ રાણકીનું ગૌરવ હતું ! એને લાગ્યું કે એણે આ સાંઢણીની, એની છેલ્લી યશગાથા, ખોવરાવવી નહિ. એ પણ વીર હતી. એને એનું વીરત્વ હતું. એ વીરત્વની કસોટી કરાવવામાં એનું ગૌરવ હતું. એને ગુડી નાખવી એ નિર્બળતા હતી. ધૂજઁટિ તરત ઊપડ્યો. હવે કાંઈક ભળભાંખળું થવા આવ્યું હતું. ઘણા જાગી ગયા હતા. એક સાંઢણી ઉપર ત્રંબાળું વાગતું હતું. સૈન્યને તૈયાર થવાની એ નિશાની હતી. ધૂજઁટિએ રાણકીને ઉપાડી. આવા દરેક સમયની જાણકાર રાણકી ઊપડી કે તરત પંખીનો વેગ પકડ્યો.
ધૂજઁટિ વેગમાં ઊપડ્યો. તેને ખાતરી હતી. તેની પાછળ સેંકડો સાંઢણીઓ છૂટવાની. એને બે પળમાં ઘેરી વળવાની. જે વખત એને મળ્યો તે એનો. પણ એના મનમાં એક જ વાત થર ખરી ગઈ હતી. રા' નવઘણની રાણકી એ રામકી. એમ આંહીં, એક વખત તો ડંકો વાગી જવો જોઈએ. પછી ભલે દેહ ગમે ત્યાં પડે. ને રાણકીને પણ ગુડવી પડે. તેણે ખંજર બરાબર સંભાળી લીધું. એટલામાં એણે સાંઢણી ઉપર વાગતા ત્રંબાળાની સાથે સુલતાનનો હુકમ સાંભળ્યો. આખા સૈન્યને જાહેરાત થતી હતી : 'આ મુલક ઓમરાસોમરા પાસેનો છે. આંહીં રેતપટમાં મહેલો દેખાશે. મહેલાતો દેખાશે. બાગબગીચા, વાડીવજીફા નજરે પડશે, એ તમામ ખોટી વાત માનવી. ખુદાએ સરજેલો મીઠો મહેરામણ તો આપણી આગળની કૂચમાં રસ્તા ઉપર આવી રહ્યો છે. જેટલી બને તેટલી ઝડપથી આપણે આગળ વધો. ખુદા આપણી સાથે છે. આગળ મીઠો મહેરામણ છલકાય છે ! આજે જ આપણે પાણી દેખવાનું છે !'
ત્રંબાળાના અવાજ સાથે જ સૈન્યમાં હિલચાલ વધી ગઈ હતી.
અને તે વખતે ત્યાં ફરી રહેલા તિલકની દૃષ્ટિ, એક ભાગી જતી જેવી જણાતી સાંઢણી ઉપર પડી.
તે એક પળમાં સમજી ગયો. રા'ની સાંઢણી ઉપર પેલો પૂજારીનો છોકરો ભાગી રહેલો હોવો જોઈએ. એટલામાં તો પાછા ફરી રહેલા ચોકીદારોએ પેલા બંને રેતપટમાં દટાઈ ગયાની અજબ જેવી વાત કહી. તેણે એક પળના પણ વિલંબ વિના હુકમ કર્યોં.
એક સાથે સો સાંઢણીઓ તૈયાર થઇ ગઈ. પૂજારીનો છોકરો ભાગતો લાગે છે. તેને ઘેરો. પણ જોતજોતામાં રાણકી તો અદૃશ્ય થઈ ગઈ હતી.
સો જેટલી સાંઢણીઓ એને ઘેરવા માટે ચારે તરફ ઝપાટાબંધ ઊપડી.

રેતમેદાન ઉપર દૃષ્ટિ જતાં સૈનિકોમાં પણ મોટો કોલાહલ થઈ ગયો.
'એ જા...ય !' એમ હજી વાત થાય છે, ત્યાં તો જેમ ગગનમાં પંખી અદૃશ્ય થઈ જાય, તેમ રણમેદાન વીંધતી રાણકી ઊપડી ગઈ હતી ! સૌ જોઈ જ રહ્યા.
ધૂર્જટિને ખાતરી હતી કે રાણકી આજે પોતાનો રંગ બતાવવાની છે. એનું ગૌરવ જરા પણ હીણું ન પડે, એ જોવાનો એનો પણ નિશ્ચય હતો.
રસ્તામાં એક ઠેકાણે એ ઝડપથી પસાર થઈ રહ્યો હતો. તે છાવણીથી થોડે જ દૂર. એની નજર એક માણસ ઉપર ગઈ. અને એ આશ્ચર્યચકિત થઈ ગયો.
રણના એ અફાટ મેદાનમાં સુલતાન મહમૂદ ગીજની ખુદાની બંદગી કરી રહ્યો હતો.
રાણકી તેની પાસેથી પસાર થઈ ગઈ. પણ ન એ સુલતાનની બંદગીમાં ફેર પડ્યો, ન એને લેશ પણ એની અસર થઈ.
પંડિત ધૂર્જટિ એ દૃશ્ય જોઈને છક્ક થઈ ગયો. એને પહેલી વખત સમજાયું કે ગર્જનક ખુદાઈ પ્રકાશમાં માનનારો અજબ જેવો આદમી હતો. તેની અપાર ધીરજ ત્યાંથી જન્મી હતી. તેની લેશ પણ ન ડગતી શાંતિ ત્યાંથી જ આવી હતી.
આટલાં સંકટોને તરીજવાની એનામાં તાકાત હતી. ધૂર્જટિને લાગ્યું કે એ પોતે રસ્તો શોધવા માટે જ નીકળેલો હોવો જોઈએ. આવો માણસ ગમે તે દેશનો હોય, ગમે તે કોમનો હોય, પણ એ વીર છે. એની વીરતા ગમે ત્યાંથી સમૃદ્ધિ લાવે જ લાવે.
પણ ધૂર્જટિને તો ઉતાવળ હતી. અને રાણકી જાણે એના મનની ભાષા જામતી હોય તેમ પૂર વેગમાં ઊપડી હતી. ધૂર્જટિ આગળ જઈ રહ્યો હતો. એની પાછળ સો સાંઢણીઓ પડી હતી. દરેક સાંઢણીવાળો તેને પહોંચવા આકાશપાતાળ એક કરી રહ્યો હતો. રેતરણનાં લાખો ગજ લાંબા-પહોળાં અફાટ મેદાનો, આ દોડને જોઈ રહ્યાં હતાં.
રામકી જળના રેલાની માફક જઈ રહી હતી. એણે ક્યારે પગ મૂક્યો. ક્યારે ઉપાડ્યો, ક્યારે એ હવામાં ઊડી, ક્યારે નીચે આવી, એમાંનું કાંઈ કહેતાં કાંઈ નજરે દેખાતું જ ન હતું. દેખાતું હતું. કેવળ હવામાં જાણે હવાપંખી હોય એવું એનું ઊડતું હાડપિંજર. એ હાડપિંજર રહ્યું જ ન હતું. જાણે હવાનો ગબારો હવામાં જતો હોય એમ રા' ની રાણકી જઈ રહી હતી.
એની આ અનુપમ જીવન-મરણ દોડને જોનારો કોઈ જ સાક્ષી ત્યાં ન હતો. રાણકીની ખરી ભવ્યતા તો ત્યાં હતી.
આ પ્રમાણે એ અફાટ રણમેદાનમાં એક સો સાંઢણીવાળાઓને હંફાવનારી રાણકીની આ દોટ જો કોઈ જોઈ ગયો હતો, તો એ જીવનભરનો કવિ બની ગયો હોત. પણ રેતનાં કણોને હૃદય હોતું નથી. અને રણવગડાનાં ફૂલોને કાવ્ય મળતાં નથી.
એક તીર ફેંકી શકાય એટલા અંતરમાં જો રાણકીને આમાંની કોઈ પણ સાંઢણી પહોંચી જાય, તો એ દોટનો ત્યાં જ અંત હતો. પણ રાણકીએ જે ગતિ પકડી હતી તેમાં લેશ પણ ફેર પડ્યો ન હતો. ધૂર્જટિને ત્યાં બેઠાં, આજે પહેલી વાર જીવનમાં અનુભવ મળ્યો કે જૂનાગઢના રા' રાજ કરતાં પોતાની સાંઢણીને શા માટે વધુ મૂલ્યવાન માનતો હતો. એ રાણકીના આજના રંગમાં આવી ગયો હતો. એ પડકાર ફેંકતો ને પડકાર ઝીલતો આગળ ને આગળ વધી રહ્યો.
એવી રીતે આ દોટ ક્યાં પૂરી થાત એ કહેવું મુશ્કેલ હતું. એ કેવી રીતે પૂરી થાત એ કહેવું મુશ્કેલ હતું. પણ કુદરતની એક ખૂબી છે, એ જેમ ફૂલો સરજે છે, તેમ કાંટા પણ આપે છે. ઋતુ બે ઋતુની એની લીલા ક્યારેક કુકાવ્યો સમી હોય છે ! એને કેવળ કાવ્યો ગમતાં નથી, એને કુકાવ્યોનો પણ રસ હોય છે !
એવું એક કુકાવ્ય એણે આજે સરજ્યું હતું. આજે એ રેતમાં થોડો વરસાદ વરસી ગયો હતો. અને ઉપરવાસ ભારે વરસાદ પડ્યો જણાતો હતો. વરસાદ પડે કે તરત છલકાઈ જવા માટે

ટેવાયેલાં કેટલાંક તળાવડાં ત્યાં હતાં, તેમાં પાણી વહેતાં હતાં. એવું એક તળાવડું ત્યાં રસ્તામાં આવ્યું. તેમાં સાંઢણીના પેટને અડે એટલાં પાણી ભર્યાં હતાં. પણ ખારાં હતાં. અને નીચે કાદવથી ચીકણાં બન્યાં હતાં.

હવે કસોટી આવી. પાછળ માર માર કરતી સાંઢણીઓ આવતી હતી, ધૂર્જટિને ઘેરવા માટે. તેમાંની કેટલીકે દિશાઓ પણ બદલી હતી.

રાણકી એક પળ માત્ર થોભી અને પછી કાંઇ ન હોય તેમ તેણે પાણીમાં ઝુકાવ્યું. ઝપાટાબંધ એ આગળ વધી. પણ તળાવડામાં તે અરધે પહોંચી ન પહોંચી ત્યાં પાછળ પડેલી સાંઢણીઓ આવી ગઈ. પણ તેમાંથીજેવી એક આગળ વધી, પણ પાંચ પચીસ ડગલાં પાણીમાં મૂક્યાં કે તરત જ એ ફસકી પડી. સાંઢણી સવાર પાણીમાં જઈ પડ્યો. સાંઢણી પોતે ત્યાં ચતીપાટ થઈ ગઈ.

પાછળની બધી લંગર ત્યાં ઊભી રહી ગઈ. તળાવડામાં પગ મૂકવાની કોઈની હવે હિમત ન હતી. ધૂર્જટિને રાણકીની આ ચાલ જોતાં ખાતરી થઈ ગઈ કે એ હવે નીકળી ગયો છે.

પણ એ સામે પાર પહોંચ્યો ન પહોંચ્યો, ત્યાં સામેનાં સૂઈનાં માથાં-ઊંચા ઘાસમાંથી એક તુમુલ અવાજ ઊઠ્યો.

રામકી ચમકી ગઈ. શું હતું તે ઘડીભર ધૂર્જટિ પણ જાણી શક્યો નહિ. એની પાછળના તો ક્યાંય પડ્યા હતા.

પણ તેણે ત્યાં દૃષ્ટિ કરી અને એ સમજી ગયો. સુલતાનના થોડા પાછળ રહી ગયેલા સૈનિકો આંહીં પડ્યા હતા. તેમણે ધૂર્જટિની દોટ જોઈને જ આ કોઈ ભાગેડુ છે એ અનુમાન કર્યું હશે. અને એ પાસે આવતાં જ, મોટો અવાજ કરીને એ સામે આવી ગયા હતા. તેમના તુમુલ અને ભયંકર અવાજના પડઘાથી તળાવડાના સામે કાંઠે રહેલાઓ પણ ચોંકી ગયા. પોતાના જ કોઈ છે એ ખાતરી થતાં, એમણે મોટેથી અવાજ કર્યો ને સાંઢણી રોકી લેવા બૂમાબૂમ કરી.

ધૂર્જટિને હવે એક પળ પણ વિચારવાની વેળા ન હતી, એક જ પળ - અને એની સાંઢણી, એની રાણકી, રા'નવઘણની જીવનજ્યોત, જૂનાગઢના સિહાસનની ગૌરવગાથા, સોરઠની રાણી, કોઈકના હાથમાં પડીને, હમેંશને માટે ઇતિહાસમાં એક કલંક સમાન રહી જવાની હતી. એક જ પળની દયા, એક જ પળની નબળાઈ, એક જ પળનો અનિશ્ચય, અને એ રા'નું ગૌરવ રોળીટોળી નાખતો હતો. રાણકીના ગૌરવને ટાળી દેતો હતો. ભીમદેવ મહારાજની કીર્તિકથાને કાળી ટીલી કરતો હતો. ચૌલાદેવીની અનુપમ કલ્પનાની રાખોડી કરી નાખતો હતો.

વધુ વિચારવા માટે તે થોભ્યો જ નહિ. તેણે ઝડપથી ખંજર કાઢ્યું. નિર્દયતાથી ઊંચું કર્યું. ભયંકર ક્રૂરતાથી, રાણકીના ગળામાં ઘચ ઘોંચી દીધું. એટલી જ ભયંકર રુદ્રલીલાથી એ પાછું ખેંચ્યું. પાછું ઘોંચી દીધું. ઘચ, ઘચ, ઘચ એણે રાણકીના ગળા ઉપર સાત-આઠ ઘા મારી દીધા. રાણકી ત્યાં પાણીના છીછરા ખોબોચિયામાં ઢળી પડી. ધૂર્જટિ કૂદીને જમીન ઉપર આઘો ઊડી પડ્યો. રાણકીએ ધૂર્જટિ સામે જરાક જોયું, એમ ધૂર્જટિને લાગ્યું. પંડિતની આંખમાં અદૃશ્ય આંસુ આવી ગયાં, પણ તેણે તરત એને બે હાથ જોડીને નમવા માટે, હાથમાંનું ખંજર પણ પાણીમાં ફેંકી દીધું. તે બે હાથ જોડીને રાજની મહારાણી જેવી મહારાણીને નમી રહ્યો.

અને એ જ વખતે એના ઉપર ચારે તરફથી તીરોનો વરસાદ વરસવા માંડ્યો. એક તીર એના ગળામાં પેસી ગયું. લોહીની ધારા ઊડી. રાણકીના શોણિતને મળવા જતી હોય તેમ તે શરીર ઉપરથી નીચે રેલાઈ રહી.

ધૂર્જટિ એ જોઈ રહ્યો. એના વદન ઉપર એક અજેય સ્મિત ફરક્યું ન ફરક્યું, અને તરત એનો દેહ ત્યાં ઢળી પડ્યો.

જે વખતે પંડિત ધૂર્જટિએ, ભચ ભચ ભચ એમ નિર્દયતાથી પોતાની સાંઢણીને ગુડી નાખી ત્યારે એ દૃશ્ય જોનારો એક માણસ ત્યાં ઊભો હતો. તળાવડા અને નાળાને કાંઠે ઊગેલા ઉપરવાસના માથોડા ઊંચા સૂઈઘાસમાં એક ઠેકાણે, સુલતાનનાં આટલાં બધાં માણસોને જોઈને એ ઊભો રહી ગયો હતો. તેણે પોતાની સાંઢણી ત્યાં ઝોકારી દીધી હતી. એણે અનુમાન કર્યું કે સુલતાનનાં આ માણસો મુખ્ય સૈન્યથી ગમે તે કારણે પાછળ રહી ગયેલાં હોવાં જોઈએ. એ રસ્તો શોધી રહ્યાં હતાં ત્યાં આ ભાગેડુને જોયો. ને એની પાછળ પડેલાં પોતાનાં જ માણસો જોયાં. તે તરત સમજી ગયાં કે કોઈકે હાથતાળી દીધી છે. એમણે એને ચાળણીની માફક વીંધી નાખ્યો.

પેલા માણસે ધૂર્જટિનું શરીર ચાળણીની માફક વીંધાઈ જતું જોયું. એમાંથી લોહીની શેરો વહી રહી હતી. એકદમ દોડીને તેની વહારે જવાનું તેને મન થયું. પણ એ કોણ હોય, અને ગર્જનકનાં માણસો ઘણાં વધારે હતાં. થોડી વારમાં તો એ બધા નીચે ઢળી પડેલા ધૂર્જટિની મશ્કરી કરતા, અને તેના ઉપર ખોબો ભરી ભરીને રેત નાખતા ચાલ્યા ગયા. તળાવડું ઓળંગવાની કોઈની હિંમત હવે ચાલે તેમ ન હતી. એટલે, લાંબે પંથે નળાને ક્યાંક ઓળંગવા માટે એ આગળ વધી ગયા. દૂર દૂર સામે કાંઠે ઊભેલાં માણસો એમને હજી બોલાવી રહ્યાં હતાં. તે તેમની સાથે થઈ જવા માટે ચાલી નીકળ્યા. એ બાજુથી હજી અવાજો આવી રહ્યા હતા. પોતે રસ્તો શોધી શકશે એ આશાએ બધા મસ્તીમાં આવી ગયા. તે ગેલ કરતા ને પોતાનાં પહાડી ગીતો લલકારતા આગળ નીકળી ગયા.

એમને ઠીક ઠીક આગળ નીકળી ગયેલા જોઈને, માથોડાં ઊંચાં સૂઈઘાસમાં સંતાયેલો પેલો માણસ, સંતાતો સંતાતો બહાર આવ્યો. વીંધાયેલા ને નીચે ઢળી પડેલા ધૂર્જટિની પાસે એ આવ્યો. તેનામાં જરા જરા જીવ હોય તેમ તેને જણાયું. એણે એને ઓળખ્યો નહિ. પણ કોઈ ગુજરાતનો છે તે જોઈને. પેલા માણસે કાન પાસે મોટો અવાજ કરીને એને પૂછ્યું : 'તમારું નામ ? નામ શું ? ક્યાંના છો ?'

પંડિત ધૂર્જટિએ જરાક આંખ ઉઘાડી. પણ તે તરત પાછો આંખ મીંચી ગયો. તેણે વેદનાથી માથું એક તરફ ઢાળી દીધું. તેના શરીરમાંથી ઘણું લોહી વહી રહ્યું હતું. તે બેશુદ્ધ જેવો, અચેતન થઈ જતો હતો.

'તમારું નામ શું ? નામ તો કહો !' પેલાએ હતું તેટલું જોર કરી બૂમ પાડી.

'ધૂર્જ...."ટિ' એટલું પંડિત બોલી શક્યો નહિ. એણે બે હાથ જોડવા પ્રયત્ન કર્યો. પણ એટલામાં એના હોઠમાંથી એક 'ફૂ' થઈ ગયું. એનો જીવ ઊડી ગયો. ખાલી ખોળિયું પડ્યું રહ્યું. ગોગદેવ ચૌહાણ, પેલો માણસ ગોગદેવ ચૌહાણ જ હતો, ધૂર્જટિનું નામ સાંભળીને ધ્રૂજી ગયો. એને અરેરાટી થઈ ગઈ. તેણે આ મહાન કાશ્મીરી પંડિતની કેટલી બધી પ્રશંસા દામોદર મહેતા પાસે ગઢ બીટલીમાં સાંભળી હતી ? એ પંડિત અત્યારે આ પ્રમાણે આંહીં ઢળી પડ્યો એ જોઈને એને અપાર શોક થયો. એ જે કામ માટે નીકળ્યો હતો. તેમાં તેણે દેહ ઢાળી દીધો. ગોગદેવ એની સામે જોતો બેસી રહ્યો. એમ કેટલો વખત ગયો તે ધ્યાન રહ્યું નહિ. પણ પછી એને સાંભર્યું કે એ પોતે મહારાજ ભીમદેવ અને રા' નવઘણજીનો સાથ કરવા માટે ગઢ બીટલીથી આંહીં આવી પહોંચ્યો હતો. આંહીં આવતાં એનો પહેલવહેલાં જ આ અનુભવ થયો. પણ સુલતાનનાં વધુ માણસો આની શોધમાં હજી કદાચ આવી ચડે.

એને લાગ્યું કે એણે હવે પંડિતને ઠેકાણે પાડવાની ત્વરા કરવી જોઈએ. કોઈ રડ્યો-ખડ્યો સૈન્યનો ભાગ વળી અચાનક નીકળી આવશે તો બધું રખડી પડશે. તેણે સૂઈઘાસનાં મોટાં સૂકાં ઘડિયાં જોયાં હતાં. તે માટે એ ઊપડ્યો. બળતણ ભેગું કરવા માંડ્યો. રામબાવળ તલબાવળનાં ઠૂંઠાં પણ નાળિયાનાં ખારાં કડવાં પાણીને કાંઠેથી મળી જસે એમ એને લાગ્યું.

એ ભૂતની પેઠે લાકડાં, કરગઠિયાં, ભોથાં ભેગાં કરવા માંડ્યો.
ચિતા ખડકી એમાં પંડિતને સુવાર્યાં ! પંડિત ધૂર્જટિને શરીરે. એણે એક કપડું ઓઢાડ્યું. બે હાથ જોડીને એ પંડિતને ચરણે કેટલીયે વાર સુધી નમી રહ્યો. સગો ભાઈ મરણ પામ્યો હોય તેમ ગોગદેવની આંખમાંથી આંસુની ધારા વહી રહી. શોક કરવાનો વખત ન હતો. વખત ભયંકર હતો. તેણે દેવતા પાડવા માટે ચકમક ને લોઢું હાથમાં લીધાં. થોડી વારમાં પંડિતના શરીરની ખાખ થઇ ગઇ. ત્યાં સુધી તે ત્યાં વેદનામૂર્તિ સમો ઊભો રહ્યો. પછી ચિતામાંથી થોડી રાખોડી લીધી. એને સાચવીને બાંધી દીધી, અને પોતાની પાસે રાખી લીધી. થોડી રેત ભેગી કરી એક ધોરો રચ્યો. તેના ઉપર થોડું લીલું સૂઈઘાસ મૂક્યું. એના મનથી એણે પંડિતનો કીતિસ્તંભ રચી કાઢ્યો હતો. ત્યાંથી અદૃશ્ય થઇ ગયો. એની આંખમાંથી હજી આંસુ તો વહી જ રહ્યાં હતાં. દૂર દૂરના એક બ્રાહ્મણશ્રેષ્ઠે, સ્વજન અને સ્વદેશથી કેટલે દૂર, પોતાનું જીવન ભગવાન સોમનાથને માટે અર્પી દીધું હતું ! અને પોતે ? સાત સાત પેઢીનો સોમનાથનો ભક્ત હજી આંહીં રખડી રહ્યો હતો ! પણ હવે એને એક પળ પણ ગુમાવવી પોસાય તેમ ન હતી. તે ભીમદેવ અને રા' નવઘણની શોધમાં નીકળ્યો હતો. અને હજી એમનો પતો ન હતો. વારંવાર પ્રણામ કરીને ચિતાને ફરી ફરીને જોતો ગોગદેવ ત્યાંથી ભારે હૈયે ચાલી નીકળ્યો.
પાછળ રહ્યાં પેલા સૂઈઘાસ અને રેતરણનાં મેદાન, એમને ક્યારેક આવાં કાવ્ય મળે છે, ત્યારે તેમના આનંદનો પાર રહેતો નથી.
ગોગદેવ આગળ ગયો. રેતમેદાન-ને પવને પંડિત ધૂર્જટિનાં કીતિગાન ગવરાવવાં શરૂ કર્યાં !

Chapter 36

દામોદરે ગઢ બીટલીમાં શું કર્યું ?

દામોદર ગોગદેવ ચૌહાણ સાથે ગઢ બીટલીવાળાને મળવા ગયો હતો એ આગળ આવી ગયું. એને ખાતરી હતી કે ગઢ બીટલીવાળા પાટણને પાધર કરવામાં જેવો તેવો રસ ધરાવતા નહિ હોય. એ ત્યાં ગયો, વૃદ્ધ વાક્પતિરાજની આગેવાની નીચે તેણે ત્યાં ઘણા સામંત સરકારો અને રાજવીઓને ભેગા થયેલા જોયા. નડૂલવાળો અણહિલ ચૌહાણ ત્યાં હતો. એના મનમાં હજી દુર્લભસેનનો પક્ષ રમી રહ્યો હતો. અર્બુદપતિ ધંધૂકરાજ પોતાને સ્વતંત્ર માનતા ત્યાં આવ્યા હતા. લાટવાળાને, માલવાનું મહત્વ સમજાતું હતું. પાટણ, એને ખરી રીતે પોતાના ખંડિયા જેવું લાગતું હતું, એટલે એ પણ ત્યાં દેખાયો. કર્ણાટકને તો ભોજરાજાની મહતા ઘટાડવા પૂરતો આમાં રસ હતો. ભોજરાજ તરફથી કોઇ આવ્યું જણાતું ન હતું.
દામોદરે અત્યારે તો એક જ વાત વિચારી, સાંભર ભલે બળવાન રહ્યું. માલવા પણ ભલે બળવાન રહ્યું. પણ એ બેમાં કોણ વધારે બળવાન છે, એ સાબિત ન થાય ત્યાં સુધી પાટણ માટે કોયડો હતો. એ બેમાંથી કોને અનુસરે ?
પોતાની નબળાઈ બતાવ્યા વિના ને લડાઈમાં ઊતર્યાં વિના આ બંનેને નબળા કરવાનો આ એક રસ્તો હતો. એ બંને વખત કોણ શ્રેષ્ઠ એ સાબિત કરવા આથડે, તો જ પાટણ અત્યારે આ મોટા ઘર્ષણમાંથી બચે. નહિતર આ બધા પાટણને પીંખી નાખવાના અને પાટણ પીંખાઈ જવાનું.
સાંભરનાથ વાક્પતિરાજ એક મોટા ઊંચા રૂપેરી સિહાસન ઉપર બેઠા હતા. એની ધોળી ફરફરતી દાઢીમાં ક્ષત્રિયનો વટ હતો. તે અણનમ રહ્યા હતા. થોડે આઘે નીચે એક આસન ઉપર એનો પાટવી વીર્યરામ બેઠો હતો. એ પણ બહાદુરીમાં પિતાને ટપી જાય તેવો હતો. આસપાસ બધા રાજવીઓનું જૂથ હતું. સરદારો, સાંમતો અને ખંડિયાઓ પણ ત્યાં હતા. દામોદરને ત્યાં આવેલો જોઈને સૌએ એકબીજાના કાન કરડ્યા. દામોદરે તે જોયું ન જોયું કર્યું.

રાજવીઓએ પાટણ વિષે થોડો વ્યંગ અંદરોઅંદર કર્યો અને પછી વાક્પતિરાજ એને શું જવાબ વાળે છે, એ સાંભળવા માટે એની તરફ દૃષ્ટિ માંડી બેઠા.
એટલામાં વૃદ્ધ વાક્પતિરાજ બોલ્યો : 'તમે પાટણના મહામંત્રીશ્વર ? તમે આવ્યા પણ પાટણના ભીમદેવ તો આંહીં દેખાયા જ નહિ... એ પોતે ક્યાં છે ? ડરી ગયા છે કે શું ?'
દામોદર વાક્પતિરાજની વાણીનો અવિવેક ગળી ગયો. તે બે હાથ જોડીને બોલ્યો : 'મહારાજ તો ત્યાં થરના રણમાં ગર્જનકની પાછળ પડ્યા છે. સાથે રા' નવઘણજી છે !'
'એમ ? હવે રહી રહીને પાછળ પડ્યા ? ભગાડીને પછી તો કેડો નથી પકડ્યો નાં ? તમારું ગુજરાતીઓનું ભલું પૂછવું. સગા દીકરાનો વેપાર કરે એ જાત, કાંઈ સોમનાથને કોરો મૂકે ? કાં અણહિલ ચૌહાણ ! કેમ કાંઈ બોલ્યા નહિ ?'
'એમાં બોલવું'તું શું મહારાજ ? ગુજરાતીઓ તો બધે જાણીતા છે. એ વેપાર કરે ત્યાં તો કીતિનો પણ વેપાર થાય !'
'એમ ? અરે ! કીતિના તે કાંઈ વેપાર થતા હશે ?' ધંધૂકરાજ બોલ્યો. 'શી વાત કરો છો ?' એ તો દાન આપ્યે આવે. રણબિરદાવલિ લલકાર્યે આવે. સભામાં વિદ્વાનોને બોલાવ્યે આવે. પાટણમાં ત્રણે વાત હશે નાં ?'
'એ તો આ રહ્યા પાટણના મંત્રીશ્વર, પૂછોને એમને !' વાક્પતિરાજ બોલ્યો. બોલીને ડોસો હસી પડ્યો : 'પાટણની સભામાં ઈન મીન ને સાડા તીન. રણક્ષેત્રમાં આ, અત્યારે ભીમદેવ મહારાજ ખેડે છે તે ? પંદરસો સાંઢણીઓ લઈને બે લાખના ગર્જનકના દળનો સામનો કરવાનો. જેવી તેવી વાત છે ?'
'પણ હવે લૂંટાણા પછી ભો શેનો ? ગર્જનક, લૂંટનો માલ હોય ને થોડો લડવા માટે ઊભવાનો હતો ? એટલે પાછળ વીરની ધોડ કહેવાય ને બે ય વાત ?'
હાસ્યનું એક મોજું ફરી વળ્યું. અણહિલ ચૌહાણનો ઘા સૌથી આકરો હતો.
દામોદર થોડી વાર સુધી તો આ બધા રાજવીઓની વિડંબના મૂંગે મોંએ સહી રહ્યો. એણે દરેકના ચહેરા તરફ જોયું, દરેકના મનમાં ગુજરાતની ઈર્ષા હતી. ગુજરાતના રાજાની તુમાખી, એનું બાણાવલી બિરુદ, એની અણનમ તાકાત, એની વેપારસમૃદ્ધિ બધાને એ સાલી રહી હતી. બધાને ગુજરાતને રોળીટોળી નાખવું હતું. એ કાં તો માલવાનું. કાં સાંભરનું, બેમાંથી એકનું મંડળ. એનું વળી રાજ શું ? એ વાત બધાના મગજમાં હતી.
વાક્પતિરાજે કહ્યું : 'ભીમદેવ મહારાજ આંહીં આવ્યા હોત તો સામટો સામનો થાત કે નહિ ! આ તો ગર્જનક ભાગી ગયો. લૂંટ લેતો ગયો. અને અમને પણ બધાયને હાથતાળી દઈ ગયો. તમે કહ્યું હતું કે તમે નથી આવવાના, તો અમે સૌ ત્યાં આવત ! કાં પરમાર સાચું ના ?''સાચું છે મહારાજ ! હવે રંડાણા પછી ડહાપણ શાં કામનું ? ગર્જનક ભાગી નીકળ્યો, એ ભાગી નીકળ્યો !'
'ને એની પાછળ કોઈ પડ્યું છે ધંધૂકરાજ ! જાણો છો ?' દામોદર બોલ્યો.
'ભૈ ! જાણવાવાળા બધું જાણે છે. પણ પાછળ પડીને હવે શું ? આંહીં આવતાં. નાનમ લાગી, એ સાચી વાત કરી નાખો ને મહેતા ! મફતનાં ખોટાં ફીંફાં શું ખાંડવાં'તાં ?'
દામોદર સાંભળી રહ્યો. થોડી વાર કોઈ કાંઈ બોલ્યું નહિ.
'હવે તમે શું આવ્યા છો ? બોલો ?'
દામોદરે કડક જવાબ વાળ્યો : 'તમને બધાને ચેતવવા !'
'અમને બધાને ચેતવવા કરતાં તમે પોતે જ ચેતી ગયાં હોત તો ઘણું હતું !' વીર્યરામ પાટવીએ કાંઈક તુમાખીથી જવાબ વાળ્યો : 'અમારે કોઈની ચેતવણીની જરૂર નથી. અમે અમારું સંભાળી લેવાની તાકાત ધરાવીએ છીએ. ગર્જનક આંહીં ફરક્યો પણ નથી, ને આંહીંથી પાછો

પણ જઈ શક્યો નથી. તમે તમારું સંભાળો. હજી તો ગઈ કાલની જ વાત છે. મુંજ માલવરાજથી ભાગીને મૂલરાજદેવે મરુભૂમિ શોધી હતી ! અને પાણી પાણી કરતી એમની રાણીને એમ હતું કે મોતીના હારમાંથી પાણી મળશે ! એ વાત સંભારો મહેતા !'
આખી સભા મોટેથી હસી પડી.
લેશ પણ વર્ણભેદન* કે વિવશતા બતાવ્યા વિના જ દામોદર બોલ્યો : 'વિયૅરામજી ! આપ તો પાટવી છો. આપના ઉપર સાંભરનું રાજ નિર્ભર છે. મારી વાત આવતા જમાનાની છે. આપ જેવા માટે છે. આ ગોગદેવ ચૌહાણ ત્યાં આવ્યા હતા. તેમણે ગર્જનકનો થોડો હાથ જોયો છે. પૂછો એમને. અમે જે કર્યું છે તે ન કર્યું હોય તે ગર્જનક તમને સૌને આંહીં ઊંઘતા રાખી, અત્યારે તો ગીજની ભેગો થઈ ગયો હોત ! આ ગોગદેવ ચૌહાણ કહેશે, કેવા વીર પુરુષો સોમનાથને નામે નીકળ્યા છે !'
'કેવાક નીકળ્યા છે, ગોગદેવ ?' વાક્પતિરાજ બોલ્યા. ડોસાના શબ્દોમાં ભારોભાર મશકરી હતી.
ગોગદેવને દામોદરે જે વાત કહી હતી તેનાથી તે ડોલી ગયો હતો. ધૂર્જટિ, ધ્રુબાંગ, ધિજ્જટ જેવા નરપુંગવને વીરોના વીરની વરમાળા કંઠે શોભે. તેને એમના પ્રત્યે માન હતું. એમની અવગણના એ સહી શક્યો નહિ. તેણે બે હાથ જોડ્યા : 'પ્રભુ ! ગર્જનક પાસે અગણિત દળ છે અને...'
'અલ્યા ! હવે અગણિત ભલેને રહ્યું...' વાક્પતિરાજે એને આગળ વધવા જ દીધો નહિ. વચ્ચેથી ડાંભી દીધો : 'એવા તારા અગણિતથી તે કોણ ડરે છે ? એવાં તો કૈંક ગણિત ને અગણિત જોઈ કાઢ્યાં ! અગણિત દળ હતું. ત્યારે આ બાજુ કેમ ફરક્યા નહિ ? પાટણવાળા ભીમદેવે હાકોટો કરીને કાઢ્યો હોત તો આંહીં તારાગઢ નીચે, આ ગઢ બીટલીની પાસે, તારો આ ગર્જનક તળ રહી જાત.'
'પ્રભુ !' ગોગદેવે એને સમજાવવાનું કર્યું : 'તમે એ જોયું નથી એટલે, એની પાસે અઢી હજાર તો હાથી છે. આંહીં નહિ, ત્યાં ગીજનીમાં. આંહીં તો

----

* રંગ.

એ ત્રીસ હજારનું સાંઢણીદળ લાવ્યો છે. નાનું મોટું બધું દળ બે લાખે પહોંચે છે. એણે ગંડરાય જેવાની આંગળી કાપી લીધી છે. ત્રણસો ત્રણસો હાથી એની પાસેથી લીધા છે.
'ઓ હો હો ! તારો ગંડરાય ! એવા તો કેટલાય ગંડરાય આવ્યા ને ગયા. આંહીં સાંભર પાસેથી કોઈ નીકળે નહિ. નીકળે તો જીવતો રહે નહિ. બીજી વાતનાં ગાડાં ભરાય ! કેમ દામોદર મહેતા !'
દામોદર કળી ગયો. જમાનાજૂનો આ માણસ એના સ્વપ્નામાં જ મસ્ત હતો. એણે પોતાના જ ભીમદેવ અને રા' નવઘણને માંડ માંડ ફેરવ્યા હતા. આને ફેરવવાનું કામ એનું ન હતું. એટલામાં તો પાટવી વીયૅરામ મૂછે તા દેતો બોલ્યો : 'સાંભરને છોડીને કોઈ ગગો જીવતો જાય તેમ નથી. એ ફરક્યો આ બાજુ ?'
'આ વખતે એ આ બાજુ આવ્યો નથી. આ વખતે એ બચી ગયો...' દામોદર વાતને જે વળ આપતો હતો તે હવે આપવા મંડ્યો. આ બીજી કોઈ વાત માને તેમ ન હતા. 'પણ એ પાછો આવવાનો એ ચોક્કસ !'
'ક્યારે ?'
'એ તો દર વરસે નીકળે છે !'
'તો તો નક્કી કરો. આવતે વખતે આંહીં બધા ભેગા થાય ! ભલે એ આવતો !' વીયૅરામ

બોલ્યો.
'ને સાંભરરાજ સેન દોરે !' ધંધૂકે પથરો ગગડાવ્યો. 'આપણે તમામે આવવાનું. શપથ લઈને જ જુદા પડીએ.'
'ભલે સેન સાંભરરાજ દોરે !' દામોદરે ધંધૂક તરફ જાઈને કહ્યું : 'પણ તમે પરમારરાજ ! તમે બોલ્યા છો, તો માલવરાજ ભોજરાજનું મન જાણતા જ હશો નાં ? એમને પૂછ્યું છે ?'
'એમાં એમને શું પૂછવું 'તું ?' અણહિલે કહ્યું. 'સાંભરરાજ સૌને દોરતા આવ્યાજ છે નાં ?'
'અમારી એમાં ના નથી....' દામોદર દેખીતી રીતે ઘણો જ વિનમ્ર બની ગયો. એ જોઈને સૌનું અભિમાન સંતોષાતું લાગ્યું. 'પણ હમણાં જ સાંભરરાજે પોતે એમને એક વાત સંભળાવી. મહારાજ મૂલરાજદેવ જેવાને પણ પાણી પાણી કરતાં મરુભૂમિમાં રખડવું પડ્યું હતું એ કોના પ્રતાપ ? માલવરાજના પ્રતાપે. અમારે એ જમાનો ફરીને જોવો નથી. માલવરાજ એટલે શું. એ ધંધૂકરાજ ક્યાં જાણતા નથી ?'
દામોદરે વાક્પતિરાજને ઉશ્કેરવા માટે જ માલવાની મહતા ગાઈ હતી. અને એ પ્રમાણે જ થયું. ડોસો પોતાના સાથળ ઉપર હાથ ઠબકારતો બોલ્યો : 'માલવરાજ એટલે શું ? એ શું છે મહેતા ? તમારે મન માલવરાજ એટલે શું છે ?'
'અમારા મનને કાંઈ નથી. પણ દુનિયા જે માને છે, તેને મોંએ કાંઈ ગળણું બાંધવા જવાના છીએ ?'
'દુનિયા એટલે કોણ ? અને દુનિયા શું માને છે ?'
'પૂછો ને આ રહ્યા ધંધૂકરાજ ! એ તમને કહેશે કે આખી દુનિયા બોલે છે, પૃથ્વી પરમારની. ધંધૂકરાજ પોતે જ એમ માનતા હશે !'
ડોસો ગુસ્સે થઈ ગયો. 'ધંધૂકરાજ પોતે જ એમ માનતા હોય તો રસ્તો ખુલ્લો છે. અમે કોઈને ચોખા ચોડીને બોલવવા ગયા નથી. માલવાને પણ દેખાડી દેવાશે. પૂછો આ વીયઁરામને. કેમ બોલતો નથી, વીયઁરામ ?'
દામોદરે વિનમ્રતાથી હાથ જોડીને કહ્યું : 'પ્રભુ ! માત્ર પાટણ નહિ, બધા એમ ઇચ્છે છે, સાંભર એ સાંભર છે. એ જ આંહીં તો સૌને દોરવાની તાકાત ધરાવે છે. માલવરાજનો દાવો હોય, પૃથ્વી પરમારની, તો એક વખત એ સિદ્ધ તો કરશે નાં ?'
'હવે એ શું સિદ્ધ કરવાનો હતો ? તમે થોડા વખતમાં સાંભળશો કે સાંભરે પોતાનું સ્થાન મેળવ્યું છે.' વીયઁરામ બોલ્યો. બોલીને એણે તલવાર ઉપર હાથ મૂક્યો : 'આના બળે !'
'એ તો સૌ જાણે છે પ્રભુ ! પણ જુઓ પાટવીરાજ ! હું જેજાણું છું તે તમને કહું. આ ગજઁનકને પાછું આંહીં આવવું છે. એક વરસમાં જ આવવું છે. એ હવે આ રસ્તે જ આવવાનો. અમે ને પરમાર સૌ આંહીં સાંભરના નેતૃત્વ નીચે આવીશું. પણ તે પહેલાં જો માલવરાજ સાથે તમારો પ્રશ્ન પત્યો નહિ હોય, તો બરાબર એ કટોકટીને સમે, નાચકણામાં કુદકણું થઈ પડશે. અને તમારી અમારી સૌની આંગળી કાપીને, ગજઁનક કપૂરની કોથળીમાં ગીજની લઈ જાશે. એટલે વખત છે ત્યાં, આપણે વાતની ચોખવટ કરી લ્યો. આ તો મને જે સૂઝ્યું તે મેં કહ્યું, બાકી તો તમને સૂઝે તે ખરું.'
'એ સવાલ તો આમ પત્યો સમજો, દામોદર મંત્રી ! વીયઁરામે વિધ્યાટવીમાં હાથીદળ ઊભું કર્યું છે. તમે પાટણ પહોંચ્યા નહિ હો ત્યાં વાત સાંભળશો કે માલવાના હાથી ભાગ્યા છે !' ડોસો રંગમાં આવી ગયો. તેને પોતાના પાટવી ઉપર અચલ શ્રદ્ધા હતી, 'વીયઁરામ એનું નામ, અમારા જ્યોતિષી આનંદભટ્ટે જોઈને પાડ્યું છે, અમસ્તું નથી પાડ્યું. એ રણમાં ચડે, પછી ભલેને સામે હજાર કુંજર ઊભા હોય. માલવાનું એ માપ કાઢવા જવાનો જ છે !' દામોદર ખુશ થઈ ગયો. તે મનમાં ને મનમાં બોલ્યો : 'ત્યાં જજો તો ખરા, બેટમજી ! ત્યાં તો સામે ભોજરાજ છે. નથી

મારું ઊગતું પાટણ...' અને એ જ વખતે એને ખ્યાલ આવી ગયો કે આ પડખે બેઠો છે ગોગદેવ ચૌહામ. તે સોમનાથનો પરમ ભક્ત છે એ ખરું, પણ પરમ ભક્તને પણ આંખો હોય છે. એને રા' નવઘણજી ને મહારાજ ભીમદેવ સાથે રણમાં અથડાવવાનું મન છે. ને આંહીંથી ત્યાં એને જવા દેવાનો છે, એમ કરીને માંડ સાથે ઉપાડ્યો છે. પણ એ આંહીંનો છે. ત્યાંની આપણી બધી નબળાઈ જાણશે. કોને ખબર છે, રણમાં શું બન્યું ને શું ન બન્યું ? પાટણની બધી નબળાઈ એ આંહીં આવીને જાહેર કરે એવું શું કરવા થયા જ દેવું ? એને જો આ ભોજરાજને ત્યાં સંદેશો લઈજનાર તરીકે ગોઠવી દીધો હોય તો માથેથી વિઘ્ન જાય ને આપણે વેણ પાળ્યું કહેવાય. દામોદરે ધીમેથી કહ્યું : 'એવું છે સાંભરરાજ ! એમ ઉડસુડ તમે દોડો એ તમને શોભતું નથી. માલવરાજને ઘણી દિશાઓ સંભાળવાની છે. એટલે વખતે વગર લડાઈએ જ, આ દિશાના તમે સ્વામી, એમ સ્વીકારી લે, તો તમારે લડવું મટ્યું !'
'પણ આંહીં લડવાથી ડરે છે કોણ ?' વાક્પતિરાજ બોલ્યો : 'લડવા માટે જનમ લીધો છે !"એ વાત નથી સાંભરરાજ ! તમે સંદેશો તો મોકલો. ગર્જનક કે કોઈ આ રસ્તે નીકળે, તો તે વખતે જે સૈન્યો ભેગાં થશે, તેની સરદારી સાંભરરાજ પાસે પરાપૂર્વથી ચાલી આવે છે. આ વાત ને આ ચીત. અને આ ગોગદેવને અમે જોયા છે. એના જેવા અજબ શાંતિવાળાને સમય આવ્યે એવી જ રણહિમ્મતવાળા સંદેશવાહક હોય, તે તમારે વગર લડ્યે જ પતે ! કાં ગોગરાજ ?'
'જશે નાં ગોગરાજ ?' વીર્યરામ બોલ્યો.
ગોગરાજ તો ગભરાઈ ગયો. એ તો થરના રણપ્રદેશમાં ભગવાન સોમનાથને લૂંટી જનારાઓની પાછળ ઘૂમી રહ્યો હતો.
'હા હા, ગોગરાજ જ જશે ! બીજો કોણ જાય ?'
'અરે ! પણ મહારાજ ! મહારાજ ! હું - હું તો સોમનાથ -'
'સોમનાથ તું તારે જજે ને, તારે અન્નક્ષેત્ર શરૂ કરવું છે નાં ? આ મહેતા બંદોબસ્ત કરી દેશે, બસ ?'
'બંદોબસ્ત મારે કરી દેવો, ચૌહાણ !' દામોદરે કહ્યું. 'બાકી આ તો કામ એવું મહાન છે, એટલે મને લાગ્યું તે મેં કહ્યું. વિચારવાનું તો મહારાજને. એ જે ધારે તે !'
ગોગરાજને દામોદરનો ઉપકાર ભયંકર લાગ્યો. પણ તે કાંઈ બોલી શકે તેમ ન હતો. તરત ત્યાં નિર્ણય લેવાઈ ગયો. વીર્યરામ અને વાક્પતિરાજ સમજ્યા કે પાટણવાળો તો આપણામાં છે, પણ માળવાથી ડરે છે એટલે આવતો નથી. માળવાનું પતે પછી એ ક્યાં જવાનો હતો ? ગોગરાજને તૈયારી કરવાનું કહ્યું. દામોદરે ભીમદેવ વતી પોતાની મદદની ખાતરી આપી.
'એક વાત છે મહારાજ ! કદાચ રસ્તે એને ભયંકર યાતના નડે તો વખતે પાછો ન આવે !'
'એને શી યાતના નડવાની હતી ?' વીર્યરામે જવાબ વાળ્યો : 'સોમનાથને તમે લૂંટાઈ જવા દીધા, એટલી બધી લૂંટ ભાળી ગયો એ હવે પાછો આવ્યા વિના રહે ખરો કે ? હવે તમારું જૂનોગઢનું રા' અને પાટણનું દળ, એ તે કેટલું બળ કરવાના હતા ?'
દામોદરે આમને એમના સ્વપ્નામાં જ મસ્ત રહેવા દેવામાં સહીસલામતી જોઈ. તેણે જાણીજોઈને ધૂર્જટિની વાત ન કરી. ગોગદેવ ફરી ઉખેળવા માગતો હતો, પણદામોદરે તેને નિશાની કરી દીધી. તે ચૂપ રહી ગયો.
દામોદર સભામાંથી પાછો ફર્યો. સાંભરરાજ માલવાને સંદેશો મોકલવાની તૈયારીમાં પડ્યા હતા. ધંધૂકરાજ મૂંઝાઈ ગયો હતો. એને પરમારની મુખ્ય શાખા, ભોજરાજનું મહત્વ માન્યા વિના છૂટકો ન હતો. નડૂલને ચિંતા થઈ પડી કે વખતે માલવા સામે જ જવાનો હવે વખત આવે. લાટવાળો, જલદી ઘર સંભાળી લેવાના મતનો થઈ ગયો હતો. આ બ્રાહ્મણે આવીને ડોસાની મતિ ફેરવી નાખી હતી. ને વીર્યરામ તો હતોજ ગાંડી શૂરવીરતાનો સ્વામી. ભોજરાજ જેવા

ભોજરાજ સામે વળી કોઈ યુદ્ધ કરતું હશે ? પણ હવે શું થાય ? આંહીં તો વીર્યરામ સંદેશો ઘડી રહ્યો હતો !
પણ એ બધાના કરતાં ખરી ચિંતા તો ગોગરાજ ચૌહાણને હતી. દામોદરે તો એની મહતા વધારી હતી. એટલે એને કાંઈ કહેવું મુશ્કેલ હતું. અને આજ્ઞા પ્રમાણે તો નીકળવું પડે જ. માટે તાત્કાલિક કોઈને કહ્યા વિના એ ઊપડી જાય તો જ સંઘમાં જવાય તેમ હતું.
છેવટે એની સોમનાથભક્તિ, ધૂર્જટિ, ધ્રુબાંગ, ધિજ્જટની દામોદરે સંભળાવેલી વીરકથા, એ વધારે ડોલાવનારી નીકળી.
અરધી રાતે એ એકલો કોઈને કહ્યા વિના, દામોદરને પણ ખબર આપ્યા વિના, ધરના રણ ભણી ચાલી નીકળ્યો.
એની માન્યતા હતી. કે એ રા' નવઘણના દળને મળશે.
પણ એના ભાગ્યમાં પંડિત ધૂર્જટિને મળવાનું હતું. એ એ પ્રમાણે જ થયું. એણે સાચવેલી એની, રાખોડી, એ એને માટે મૂલ્યવાન થઈ પડી.

Chapter 37

સિંધના રણમાં

ગર્જનકનું સૈન્ય આગળ વધી રહ્યું હતું. આસપાસ ક્યાંયથી કોઈ પણ જાણકાર માણસ મળી જાય, તો જ આ રણ પાર થાય તેવું હતું. સવારથી સાંજ સુધી કૂચ કર્યાં પછી કેવળ રેતી જ રેતી દેખાતી રહે, તો બે-ચાર દિવસમાં હવે સૈન્યની જે દશા થાય, તેનો વિચાર આવતાં સુલતાન પોતે રાતે ઝબકીને જાગી જતો હતો. એને થયું કે પેલા ભોમિયાઓએ એને ગજબના ભયંકર માર્ગે દોર્યો હતો.
પણ હવે એમાંથી રસ્તો કાઢ્યે જ છૂટકો હતો.
એક દિવસ સુલતાને વહેલી પ્રભાતમાં પોતાની સાંઢણી મારી મૂકી. તે પશ્ચિમ દિશામાં આગળ ને આગળ વધતો ગયો. પણ ચારે બાજુ રેતી સિવાય બીજું કાંઈ દેખાતું જ ન હતું. એવામાં અચાનક એક પંખીને એણે આકાશમાં જતું જોયું. એને વિચાર આવ્યો કે જ્યાં પંખી જાય ત્યાં પાણી હોવું જ જોઈએ.
તેણે પંખીની દિશા પકડી. કેટલો વખત ગયો તે તેને ધ્યાન રહ્યું નહિ, પણ એનું બધું ધ્યાન પાણીની શોધમાં હતું. એ આવડા મોટા સૈન્યને દોરીને આંહીં લઈ આવ્યો હતો. સેંકડો અને હજારો જાન જોખમમાં હતા. લડાઈમાં મરવું એ જુદું હતું. પાણી વિના તરફડીને મરવું એ તો ભયંકર હતું, આ સંકટમાંથી પોતે રસ્તો કાઢી શકે તો એને માટે સૌના માનનો અને વિશ્વાસનો વિષય બનતો હતો. એમ થાય તો જ એ આ બાજુ ફરકી શકે.
રસ્તો કાપતાં કાપતાં સુલતાન એક ઠેકાણે આવી પહોંચ્યો. ત્યાં પાણીનો મહાસાગર રેલાઈ રહ્યો હતો. સુલતાનના આનંદનો પાર ન રહ્યો. તે સાંઢણીને દોડાવીને પાણીના કિનારા ઉપર પહોંચી ગયો. ચારે તરફ એણે દૃષ્ટિ કરી સામેનો કાંઠો ન દેખાય એટલે દૂર સુધી પાણી જ પાણી દેખાતાં હતાં. રેતપટમાં વહેતી નદીની કોઈ નાની શાખા પાણીથી છલકાઈ ગઈ હતી. સુલતાનને લાગ્યું કે આ જ નીલઆબ કહે છે, તેની શાખા હોવી જોઈએ.
એનાં તમામ સંકટોનો પાર આવી જતો હતો. તે ખુશ ખુશ થઈ ગયો. તેણે સાંઢણીને ઝોકારી. પોતે નીચે ઊતર્યો, પાણી ખોબામાં લીધું. પણ હોઠે અડાડતાં જ એનાથી 'યા... પરવરદિગાર !' થઈ ગયું. ભયંકર રીતે ખારું કડવું, પાણી વહી રહ્યું હતું !
પણ સુલતાને નિશ્ચય કર્યો હતો કે આજે પાણી શોધ્યે જ છૂટકો છે. તે તરત, નદીનું વહેણ જે બાજુથી આવતું હતું તે તરફ વળ્યો. થોડે દૂર આગળ જતાં એક નાનું સરખું ગામડા જેવું કાંઈક

દેખાયું. કોઈ મુસાફરો તંબુઓ ઠોકીને પડ્યા હોય તેમ લાગ્યું. તે તેમની તરફ ગયો. એના આનંદનો પાર રહ્યો નહિ. જાતભાઈઓની એક નાનકડી મંડળી આંહીં થાક લેવા રાત રહી ગઈ હોય તેમ જણાયું.

સુલતાન ત્યાં ઊતર્યો. એક જુવાન ત્યાં બેઠો હતો. સુલતાને તેને આ પાણીની પાર શી રીતે જવાય તે પૂછ્યું. પણ જુવાન ટગર ટગર તેની સામે જોઈ રહ્યો. તેને કોઈ વાતની ખબર હોય તેમ જણાયું નહિ.

પણ આ કોઈ મહાન માણસ સંકટમાં છે એમ ધારીને, જુવાન બોલ્યો : 'પાસેના ગામડામાં એક વૃદ્ધ રહે છે. તેને ઈ બધા રસ્તાઓની માહિતી છે. તે વૃદ્ધ * અલ્વીને આપણે મળીએ !

સુલતાનની સાંઢણી ઉપર જ પેલો જુવાન ચડી બેઠો. પાણી જો ઓળંગી શકાય તો સુલતાનને ખાતરી હતી કે તેને નીલઆબનાં મીઠાં પાણી મળી જાય. ગામમાં એમને આવેલા જોઈને કેટલાય માણસો ભેગાં થઈ ગયાં. સુલતાને તેમને પાણીવાળા રસ્તાનું પૂછ્યું. પણ એમાંના કોઈને કાંઈ માહિતી ન હતી. એમનાં ગામ એટલે તંબુઓના ડેરા. એ તો આજ આંહીં પડતા કાલે ત્યાંથી ઊપડી જતા !

----

* ઇલિયટ ॥ ૧૯૨. જામે-ઉલ-હિકાયત.

થોડી વારમાં વૃદ્ધ અલ્વી આવતો દેખાયો. તેના હાથમાં લાકડાનું એક ઠૂંઠું હતું. તે માંડ માંડ ચાલતો આવી રહ્યો હતો.

સુલતાને તેને પાસે બેસાર્યો. વાત કહી, પોતે ભૂલો પડ્યો હતો. નીલઆબનાં પાણી એ શોધી રહ્યો હતો. વૃદ્ધે ડોકું ધુણાવ્યું : 'નીલઆબનાં પાણી, આ રસ્તે ક્યાંયનાં ક્યાંય રહ્યાં ! ત્યાં કોઈનાથી ન પહોંચાય !'

'પણ આ પાણી દેખાય છે તે શાનાં છે ?'

'એ તો એની કુંવરી છે. નીલઆબની. પણ નીલઆબ તો મીઠો મે'રામણ છે. આ તો રાંડ ખારાં કડવાં પાણી લાવે છે !'

'આને ઓળંગાય કે નહિ ?'

વૃદ્ધ બોલ્યાચાલ્યા વિના કેટલીયે વાર સુધી બેસી રહ્યો, તે કાંઈક સંભારતો લાગ્યો : 'આને ઓળંગાય ? મેં કોઈને કોઈ દિવસ ઓળંગતો દીઠો નથી. આને શી રીતે ઓળંગાય ?'

'ક્યાંય રસ્તો નહિ હોય ?'

અલ્વી વળી વિચારમાં પડી ગયો. પછી તે ધીમેથી ઊઠ્યો. 'એક વખત એક જણે આ રસ્તો ઓળંગ્યો હતો. તે જગ્યા આંહીં ક્યાંય છે. જો ત્યાંથી ઓળંગાય તો !'

સુલતાને એને તરત સાંઢણી ઉપર લીધો. તે કોરીના કિનારા ઉપર આવ્યા. કિનારા ઉપર સૂઈઘાસ પથરાયેલું પડ્યું હતું. એમાં કોઈ છૂપાવા હોય તો પતો ન લાગે. સુલતાને તેને પૂછ્યું : 'ક્યાંથી, આંહીંથી ઓળંગાય ?'

અલ્વીએ માથું ધુણાવ્યું : 'દરિયા આઝીમ ઓળંગાય તો આંહીંથી ઓળંગાય, બીજે ક્યાંયથી નહિ.' અને પછી તે પાણીમાં આવતા અનેક પરપોટ જોઈ રહ્યો. 'આ પાણી ઓળંગાય તો આજકાલમાં, પછી તો આ પણ નહિ ઓળંગાય !'

'કેમ ?'

'પાણી વધી રહ્યાં છે. ઉપરવાસ પૂર આવતું લાગે છે. એક-બે દિવસમાં એ આંહીં આવી જશે. પછી આ પણ ઓળંગી શકાય નહિ !'

સુલતાને ચારે તરફ દૃષ્ટિ કરી. ભયંકર રણની શૂન્યતા ચારે તરફ વેરાયેલી પડી હતી. તેણે સામેના પાણીનું માપ કાઢવા પ્રયત્ન કર્યો. અતળ ઊંડાણવાળાં ખારાં પાણી એની સામે જાણે

હસતાં હસતાં દોડી રહ્યાં હતાં !
પણ તે છતાં તેણે જોયું કે ાસપાસનાં બધાં સ્થળ કરતાં આ જગ્યાએથી જ પાણી ઓળંગવાની શક્યતા હતી. તેણે અલ્વીને ઇનામ આપવા હાથ લાંબો કર્યો, પણ વૃદ્ધ ડોસાએ આકાશ સામે હાથ ઊંચો કર્યો, 'દેવાવાળો, આના કરતાં કોઈ મોટો નથી !' એવો એની નિશાનીનો અર્થ હતો.
સુલતાનને ઘણો વખત થઈ ગયો હતો, એટલે તે ઝડપથી પાછો ફર્યો.
પોતાની છાવણીથી થોડે દૂર હતો ત્યાં તેણે ચારે પાસેથી દોડતા આવત સાંઢણીવાળા જોયા. છાવણીમાંથી ચારે તરફ પાણીની શોધ માટે ઝડપી સાંઢણીવાળાઓ જતા હતા, તે જ એ હોવા જોઈએ.
સુલતાનને જોઈને એ થોભી ગયા. તેમના ચહેરા ગભરાયેલા હતા. તે ઉતાવળે કાંઇક કહેવા માટે અધીરા બની ગયા રહ્યા હતા.
'શું છે ?' સુલતાને ઉતાવળથી પૂછ્યું.
'નામદાર ! નહરવાલાનો રાય, આટલામાં ક્યાંક આવી ચડ્યો લાગે છે. તેની સાથે મજબૂત સાંઢણીદળ છે. આપણે નપાણિયા મૂલકમાં છીએ તે જોઈને હમણાં રાહ જોતો પડ્યો છે.'
'તમે કેમ જાણ્યું ?'
'એનો એક માણસ અમે આંહીં પકડી આવ્યો છે !'
થોડી વારમાં સુલતાનની સામે એક માણસ રજૂ થયો. તેનાં વસ્ત્રો ફાટી ગયાં હતાં. તેને અસંખ્ય ઉઝરડા થયા હતા. તેની આંખો ઊંડી ઊતરી ગઈ હતી.
'અલ્યા, ક્યાંથી આવ્યો ?'
'નહરવાલાથી !' પેલાએ જવાબ વાળ્યો.
'રાય ક્યાં છે ?'
'બે મુકામ દૂર !' તેણે જવાબ વાળ્યો.
'તમારા ભેગું પાણી છે ?'
તેણે ડોકું ધુણાવ્યું.
સુલતાનને સાંભર્યું કે એણે હવે વખત ગુમાવવાનો ન હતો. રાય આવ્યો હોય તોપણ હજી બે મુકામ દૂર પડ્યો હતો. પોતે ઝપાટાબંધ અત્યારે ઊપડે તો જ રાત આખી ને કાલનો આખો દિવસ એમ કરીને પેલાં ખારાં પાણી પાર કરી જાય. કદાચ અત્યારે વખત ગુમાવવાનો કાંઈ અર્થ ન હતો.
'એને જાપ્તામાં રાખો. અને આપણે નગારાં વગડાવો. આપણે હમણાં ઊપડવાનું છે. પાણી મળે તેમ છે. મીઠો મે'રામણ આપણા રસ્તામાં છે, પણ આપણે તરત ઊપડીએ તો. સિપાહસાલારને ખબર કરો. તિલકને બોલાવો. અને આને જાપ્તામાં રાખો.'
સુલતાનની આજ્ઞા પ્રમાણે સૈન્ય તરત ઊપડ્યું.
પણ સુલતાન સાથે અસંખ્ય સૈનિકો હતા. એને અત્યારે કોઈને ક્યાંય લડાઈ આપવી ન હતી. દરિયા આઝીમને ઓળંગ્યા વિના એ ક્યાંય થોભવા માગતો ન હતો. નહરવાલાનો બરમદેવ નજીક હતો, ને તેની સાથે રા' હતો. મહમૂદ અત્યારે એમની સાથે ઝઘડવા તૈયાર ન હતો. એની સાથે અપાર દોલત હતી. ગમે તે પળે ઉપરના ભાગમાં વરસાદ તૂટી પડે, તો પોતાનો રસ્તો કપાઈ જતો હતો, એણે એ અનુભવ એક વખત લીધો હતો. એમાં પણ જો આ રણ રેલાઈ જાય !
એક પળના પણ વિલંબ વિના એ દરિયા આઝીમને ઓળંગવા દોડ્યો.
દરિયા આઝીમ પાસે તેનું મહાન દળ આવીને ઊભું રહ્યું, ત્યારે તરત એ પોતે આગળ વધ્યો. જે

જગ્યા અલ્વીએ બતાવી હતી તે એણે બરાબર ધ્યાનમાં રાખી હતી.
સુલતાનની સાંઢણીને પાણીમાં જતી જોઈને સેંકડો સૈનિકો મોંમાં આંગળાં નાખી ગયા.
તિલક, સેવંતરાય, સિપાહસાલાર મસઉદ, વઝીર હઝનક બધા નામદાર સુલતાનને વારવા દોડ્યા, પણ સુલતાન સમજતો હતો. દરિયા આઝીમ કાલે ઓળંગાય કે નહિ તે કોઈ જાણતું ન હતું. એવામાં જો નહરવાલાનો રાય આવી ચડે તો મફતનું જુદ્ધ આપવું પડે. તેણે કોઈ પણ જોખમે પાણી ઓળંગવું જ રહ્યું.
સુલતાનની સાંઢણી ચાલી. સૌ જોતા રહ્યા. એક પ્રકારની સનસનાટી ફેલાઈ ગઈ. સુલતાનની જબ્બર હિંમત જોઈને સૌ છક્ક થઈ ગયા. પણ અજાણ્યાં ઊંડાં પાણીમાં પ્રવેશ કરવાની કોઈની હિંમત ચાલતી ન હતી. એટલામાં સુલતાને તેમને હાથની નિશાની આપી, મોટેથી કહ્યું : 'ખુદા જેટલો આસ્માનમાં છે, જેટલો જમીંમાં છે, તેટલો જ આંહીં છે. ચાલ્યા આવો !'
સુલતાનના શબ્દ સાંભળીને તરત જ સિપાહસાલારે ઝુકાવ્યું. વજીર, સેવંતરાય, તિલક, એક પછી એક તમામ સાંઢણીઓ ને ઘોડા અંદર પ્રવેશ કરવા માંડ્યાં.
સમૃદ્ધિ ભરેલાં ઘણાં ખરાં ઊંટ તો આગળ નીકળી ગયાં. પણ થોડાં પાછળ પણ રહ્યાં હતાં. તેમના રક્ષણ માટે ઘોડેસવારો હતા, સાંઢણીઓ હતી. બીજા માણસો પણ હતા. સુલતાનની સેનાનો આગલો ભાગ દરિયા આઝીમને સહીસલામત પસાર કરી ગયો. કેટલુંક સૈન્ય વચ્ચે હતું. છેવાડાઓ ભાગ પોતાનું રક્ષણ કરતો જાગ્રત ઊભો હતો.
એટલામાં રણરેતમાં દૂર દૂર ક્ષિતિજ ઉપર નજર ગઈ. જેમ ઘેરાં વાદળો ચઢી આવતાં હોય તેમ સાંઢણીઓની સાંઢણીઓ આવતી દેખાઈ. રાયનું સેન હોવું જોઈએ. સૌના મનમાં ધ્રાસકો બેસી ગયો. હજી આ કાંઠે ઊભેલાઓ માટે વિકટ કોયડો થઈ ગયો. સુલતાને સામે કાંઠેથી તે જોયું. એનું જે સેન દરિયા આઝીમમાં હજી વચ્ચે હતું, તેણે ત્વરાથી પાણી ઓળંગવા માંડ્યાં. કાંઠા ઉપર રહેલા સૌ એકદમ લડાઈ માટે સાવધ ને તૈયાર થઈ ગયા.
એટલામાં સાંઢની વાંઢ ઝપાટાબંધ પાસે આવી પહોંચી. અને તરત સૌ ચેતી ગયા. નહરવાલાનો રાય જ હોઈ શકે. એણે આવતાંવેંત પડકાર ફેંક્યો. રણશીંગાં ફૂંકાયાં. શંખગર્જના થઈ. એક મોટી યુદ્ધઘોષણા થતાંની સાથે જ તીરો પણ શરૂ થઈ ગયાં.
કુદરતે પણ આ દૃશ્યને વધાવવાનું કર્યું હોય તેમ પોતાના પાણીનો પુરવઠો ઝપાટાબંધ વધારી દીધો હતો.
હવે ઘોડાપુર પાણી વધતાં હતાં. ઉપરથી પાણી આવી રહ્યું હતું. પેલું કાળું પાણી ઝપાટાબંધ દરિયા આઝીમમાં ધસી આવ્યું હતું. સુલતાનનાં ત્યાં ઊભેલા માણસો સમજી ગયાં. યુદ્ધ જ અનિવાર્ય હતું. એ એકદમ વ્યવસ્થિત થઈ ગયાં. કટોકટી શરૂ થઈ. હવે એક બાજુ દરિયા આઝીમનાં પાણી હતાં, બીજી બાજુ રાય ને રા' નું સાંઢણીદળ હતું. દરિયા આઝીમમાં પસાર થવું હવે અશક્ય બની ગયું હતું. આ કાંઠે રહેલાં માણસો મરણિયાં થઈ ગયાં. સામે પાર ગયેલું સુલતાનનું સૈન્ય કેવળ પ્રેક્ષક સમું થઈ જાય, એ સ્થિતિ થઈ ગઈ. તેમણે તીરો ચલાવ્યાં. પણ દરિયા આઝીમ એ બધાને ગળી ગયો.
મહારાજ ભીમદેવ ને રા' નવઘણ પણ સુલતાનના અપરંપાર સૈન્યને જોઈ રહ્યા. ઘણુંખરું સામે પાર પહોંચી ગયું હતું. વચ્ચે દરિયા આઝીમ રેલાઈ રહ્યો હતો. પાણીનાં પૂર વધતાં હતાં. એકાદ જણાએ એનું માપ કાઢવા પ્રયત્ન કર્યો, પણ તે તરત ભયથી પાછો હઠી ગયો.
પાણી હવે ઘૂઘવાટે ચડ્યાં હતાં. રા' નવઘણે અને ભીમદેવ મહારાજે, જે સેન આ બાજુ રહી ગયું, તેની સાથે લડી લેવું રહ્યું.
નિયમિત યુદ્ધ જ ચાલ્યું. કાંઈ ન બને એવી સ્થિતિમાં સામે કાંઠેથી બધા આ યુદ્ધ જોઈ જ રહ્યા. દરિયા આઝીમનાં પાણી એ જોઈને કિલ્લોલતાં હતાં. રેતીના ધોરા આનંદ પામતા હતા.

રેતસાગર ઘેરા ગાનથી મરણનું જીવન ગાઈ રહ્યો હતો.
જીવનમરણનું એક ભયંકર યુદ્ધ ત્યાં શરૂ થઈ ગયું.

Chapter 38

નાનકડું યુદ્ધ

એ યુદ્ધ હતું નાનકડું, પણ ભયંકરતામાં મોટા યુદ્ધને ટપી જાય તેવું હતું. હોડીઓમાં ભાગનારની જે દશા સોમનાથ સમુદ્રમાં સુલતાને કરી હતી. તે જ દશા અત્યારે આંહીં ભાગનારાઓની થાય તેમ હતી, ભાગે તેમને દરિયા આઝીમ ગળી જવા માટે તૈયાર હતો. ન ભાગે તેમને રેતરણમાં મૃત્યુશય્યા ઢાળવાની હતી.

થોડી વાર તો સામસામે તીરો છૂટ્યાં, પણ પછી ભેંટભેટા થઈ ગઈ. ભાલા, ગદા, તલવારો, કુહાડીઓ, જેમ જેને ઠીક પડ્યું તેમ દરેક જણ પોતાના જીવન માટે યુદ્ધ કરવા લાગ્યો. યુદ્ધ એ એક જ સૌને માટે છેલ્લામાં છેલ્લો આનંદ બની ગયો. મરવા મારવા સિવાય બીજી કોઈ વાત ન હતી. શબ્દો યુદ્ધના પડકારારૂપે આવતા હતા. હથિયારો ઊપડતાં હતાં. અચૂક ઘા થઈ રહ્યા હતા. માથાં ફૂટતાં હતાં. છૂટા પડેલા હાથપગોએ હવામાં ઊડવાનું શરૂ કર્યું હતું. કેંક ઢળી પડતા હતા. કેંક મરતા હતા. કેંક મરવા માટે નીચે છૂંદાતા હતા, માણસ, ઘોડાં, સાંઢણીઓ, હથિયારો, બધાંની ભયંકર ભેળંભેળા થઈ ગઈ હતી. કોઈ ક્યાં છે તે જાણવાની કોઈને દરકાર ન હતી. સામે આવે તેને મારવો. પડખે હોય તેને મારવો, ભાગે તેને મારવો. હરકોઈ પ્રકારે સામાને મારવો, એ એક જ વ્યાપક જીવનવ્યવહાર બની ગયો.

રા' નવઘણે હદ કરી નાખી હતી. એ સાંઢણી ઉપરથી નીચે જ કૂદી પડ્યો હતો. એણે ભાલાની અણીથી સેંકડોને એક પછી એક વીંધવા જ માંડ્યાં. જે સામે આવ્યો તે વીંધાઈને ભોં ઉપર પડ્યો જ છે. રા' ની પાછળ ચાલ્યા આવતા અનુચરો પડનારને પૂરો કરી દેતા હતા. મહારાજ ભીમદેવે રુદ્રરૂપ ધારણ કર્યું હતું. તેણે જેમ ખેતરમાં કાપણી શરૂ કરે તેમ, માથાં વધેરવા માંડ્યાં હતાં. યુદ્ધ થોડો વખત જ ચાલ્યું. ભેળંભળા એવી ભયંકર થઈ પડી કે દુશ્મનમિત્ર વચ્ચે ભેદ પાડવા જેટલો પણ કોઈને વખત કે વિવેક ન રહ્યો. એ તો જે ભેટ્યો તે ગયો છે, એવી જ વાત ચાલી, યુદ્ધ યુદ્ધ ન રહ્યું. મૃત્યુ માટેની મહેફિલ રૂપ થઈ ગયું.

આ નાનકડા ભયંકર યુદ્ધને, સામે કાંઠેથી સુલતાન નિહાળી રહ્યો હતો. દરિયા આઝીમનાં પાણી માણસોની આ ભયાનક સંહારલીલાને અને પરવશતાને નિહાળીને કેવળ અટ્ટહાસ્ય કરી રહ્યાં હતાં !

પંડિત ધૂર્જટિ જેવો કોઈ શંકરભક્ત તો આ વાતને ભગવાન રુદ્રની એક છૂટી લટનું તાંડવ સમજીને આનંદસમાધિમાં પડી ગયો હોય !

માણસનો જીવનવ્યવહાર અદ્‌ભુત છે; પણ એણે માંડેલી મરણલીલા તો એના કરતાં પણ અદ્‌ભુત છે.

આ નાનકડું યુદ્ધ ભાગ્યે જ થોડો સમય ચાલ્યું હશે. એટલામાં તો ત્યાં માણસોનો, પશુઓનો, સરસામાનનો, ભંગરાનો અને છિન્નભિન્ન થયેલાં અવયવોનો મોટો ઢગલો થઈ ગયો. સુલતાનની સેનામાંથી જે કાંઈ થોડા બચ્યા હતા તે જેમ જેને ઠીક પડે તેમ ભાગ્યા, એમને એમના ભાગ્ય ઉપર છોડીને આંહીં જે કાંઈ રહ્યું હતું, તેની વ્યવસ્થા કરવાની હવે જરૂરિયાત હતી, આંહીં વધુ વાર ટકી શકાય તેવું તો હતું નહિ. દરિયા આઝીમનાં પાણી એમને ક્યારે ઘેરી વળે તે કહેવું મુશ્કેલ હતું.

એટલે યુદ્ધ બંધ થયું અને સામનો કરનાર કોઈ રહ્યા નહિ. કે તરત જ ઉતાવળે રા' નવઘણ અને મહારાજ ભીમદેવ રહીસહી અર્ધું જીવતી સૃષ્ટિની વ્યવસ્થામાં પડી ગયા. જે જીવતા હતા

તેમને સાંઢણીઓ ઉપર ઉપાડી લીધા. જે કાંઈ રહ્યું હતું તે બધું ફરીને વ્યવસ્થિત કર્યું.
એટલામાં ગોગદેવ ચૌહાણ દોડતો દોડતો આવ્યો. 'મહારાજ ! મહારાજ !' તે ઉતાવળે ઉતાવળે બોલી ઊઠ્યો : 'ભગવાનની કેવી લીલા છે. ત્યાં જુઓ તો ખરા, પેલી સાંઢણી ઉપર !'
'શું છે ગોગદેવજી ?'
ગોગદેવજી બોલ્યા વિના મહારાજને અને રા' ને ત્યાં દોરી ગયો.
સાંઢણી ઝોકારેલી હતી. તેના ઉપરના ખડકેલા સામાનમાં મહારાજે દૃષ્ટિ કરી. તે છક્ક થઈ ગયા. રા' ચોંકી ગયો. સુલતાનની મૂલ્યવાન લૂંટનો કેટલોક ભાગ આંહીં રહી ગયો હતો. તેમાં સોનું હતું. રૂપું હતું. હીરામાણેક ને મોતી દેખાતાં હતાં. મૂલ્યવાન વસ્ત્રો હતાં. બીજું શું હશે તે જાણવું મુશ્કેલ હતું.
ત્યાં ઝોકારેલી બે-ચાર સાંઢણીઓના સામાનમાં ગોગદેવે દૃષ્ટિ કરી. અસંખ્ય મૂલ્યાન વસ્તુઓ એમાં પડી રહી હતી. સુલતાને લૂંટેલી સમૃદ્ધિનો એક નાનકડો શેષ ભાગ આંહીં રહી ગયો હતો.
એ જોતાં રા' નવઘણ ને ભીમદેવ બંને આનંદમાં આવી ગયા. એક ભયંકર રણયુદ્ધ થઈ ગયું છે, એની પ્રતીતિ આપવા માટે, આ જેવી તેવી વાત ન હતી.
પણ એમના માથા ઉપર ભયંકર તલવારો લટકતી હતી. એમને પોતાને પણ, આ બધું આંહીં ફેંકી દઈને ચાલ્યા જવાનો વખત ન આવે, એને પાછા ફરતાં રણમાં તળ રહી ન જવાય, એ જોવાનું હતું. એમણે પળપળનો હિસાબ ગણીને તરત ભાગવાનું હતું.
રા' નવઘણ આ થર રણના પંખી હતા એ ખરું, પણ રણમાં જો ભયંકર પાણી રેલાઈ રહે, તો આંહીંથી એક ડગલું પણ ખસાય તેવું ન હતું. ઉનાળાનો પાછલો ભાગ ચાલતો હતો. ને વર્ષાંનાં મંડાણ થઈ ચૂક્યાં હતાં. એક દિવસનો શું, એક ઘડીનો વિલંબ પણ ભયંકર બની જાય તેમ હતો.
એટલે ગોગદેવ ચૌહાણની સાંઢણીની પાછળ આ બધી લંગરને લગાવી દેવાનો તાત્કાલિક નિર્ણંય લેવાયો. સાંઢણી ઉપર એક એક હોંશિયાર ઓઠી આવી ગયો. રહી સહી વસ્તુઓ ઝપાટાબંધ ભેગી કરી લીધી. ઘાયલ માણસોને તરત જ ઉપાડી લીધા. ભયંકર રીતે ઘાયલ થયેલાઓને મૂકી દીધા વિના બીજો કોઈ ઉપાય ન હતો. નાનકડું દળ થોડી વારમાં જ પાછું વ્યવસ્થિત થઈ ગયું.
સામે કાંઠે નજર કરી. તો ત્યાં પણ હવે કોઈ રહ્યું ન હતું, દરિયા આઝીમનાં પાણી ઉલ્લંઘવાં એ હવે માનવશક્તિ બહારની વાત હતી.
એક સવાલ આવીને ઊભો રહ્યો. આગળ જવું કે પાછું ફરવું ? આગળ જવું હોય તો મુકામ હવે છેક ભટ્ટીરાજાના મુલકમાં થાય તેમ હતો. સુલતાનને પણ જવા માટે એ જ રસ્તો હતો. ત્યાં ઝાઝા લોકો દરિયા આઝીમમાં હોડીઓ રાખી યુદ્ધને ખેલવા તૈયાર ઊભા હોવા જોઈએ.
રા' નવઘણે કહ્યું : 'આપણા ઉપર પાછળથી વખતે કોઈક આવી ચડે તો આપણે એની પણ તૈયારી કરવી પડશે. આ તો નપાણિયો રેત મુલક છે.'
'અત્યારે કોઈ દેખાતો ન હોય, 'બે પળ પછી મોટી લંગર આવી પડે. હમ્મુક સુમરો જાણે કે આપણે આ બાજુ છીએ તો એ આવ્યા વિના નહિ રહે.'
શું કરવું ?
નિર્ણંય તાત્કાલિક લેવાનો હતો. અને એ નિર્ણંય અતિ અગત્યનો હતો. હવે તો એમની સાથે જોખમ હતું. એ જોખમને પાટણને રસ્તે રવાના કરવાનું હતું. એનો અર્થં એ થાય કે આગળ વધવું હોય તો આ નાનકડું દળ વિભક્ત કરવું પડે !
એને વિભક્ત કરતાં બળ ઓછું થઈ જાય. એટલા નાના દળને જોઈને વખતે ભટ્ટીરાજાઓ,

પોતાની મશ્કરી કરવા માટે આ આવ્યા છે, તેમ ગણે. નામના આવવું એમ કરીને આવ્યા લાગે છે. આવી કોઈ ને કોઈ ગેરસમજૂતી ઊભી થાય.

શું કરવું ?

એક પળભર ભીમદેવ મહારાજ, ગોગદેવ ચૌહાણ વિચાર કરવા ઊભા રહ્યા. રણના કણેકણને જાણનારો રા' નવઘણ આકાશ સામે જોઈ રહ્યો હતો. હવાની લેરખીએ લેરખીને નિહાળી રહ્યો હતો.

એ સમજતો હતો કે ક્યાંક પણ વરસાદ પડશે તો આ દરિયા અઝીમ કોઈની શેહ નહિ રાખે. અથવા તો જો હમ્મુક સાંઢણીદળ લઈને આવી ચડ્યો, તો જે સ્થિતિ અત્યારે સુલતાનના સેનની થઈ, એક બાજુ દરિયા આઝીમનાં પાણી, બીજી બાજુ દુશ્મનનાં દળ, એ જ સ્થિતિ આપણી પોતાની થઈ રહેશે.

એણે હાથ જોડીને કહ્યું : 'મહારાજ ! આપણે એક વખત હમ્મુક તરફ આવવાનું તો છે જ. તે વખતે લોદરવા સુધી આંટો મારીશું ! અત્યારે તો આ આસમાની આકાશના પેટાળમાં મને મરશિયા સંભળાય છે. રેતના રણને પણ મહારાજ ! પોતાનાં અનોખાં ગીત હોય છે. આપણી ભેગું જોખમ છે. આપણે આટલું બધું કરીને, પાછા ફરીએ !'

રા' નવઘણનો રેતરણનો અનુભવ જાણીતો હતો. એમનો શબ્દ આ બાબતમાં ઘણો મૂલ્યવાન હતો. તે સમુરા સાથે કેટલીયે વાર આથડી ગયો હતો.

મહારાજ ભીમદેવ પણ આકાશ સામે જોઈ રહ્યા. એ શું કહેતું હતું એની એમને કાંઈખબર પડી નહિ. પણ રા'નો શબ્દ બરાબર હતો.

થોડી વાર પછી એ નાનકડા દળે પાછું પ્રયાણ શરૂ કર્યું.

Chapter 39

ચૌલાનો નિર્ણય

દામોદર મહેતો પાટણમાં આવી ગયો હતો. તેણે અને વિમલે હમણાં અર્બુદમંડલ તરફ વધારે બંદોબસ્ત રાખવાની અગત્ય જોઈ લીધી હતી. ધંધૂકરાજને ભોજરાજ જેવો મહાન રાજા એકદમ પોતાની અસર તળેથી ખસવા દે એ શક્ય ન હતું. વિમલનું સૈન્ય ત્યાં પડ્યું રહ્યું, એ વધારે વખત ત્યાં રહે એમ નિર્ણય થયો.

દરમ્યાન આંહીં પાટણમાં મહારાજ ભીમદેવ લૂંટનો કેટલોક ભાગ લઈને પાછા આવે છે એવી હવા પ્રગટી હતી. એવી વાત આવતાં લોકોમાં નવો ઉત્સાહ આવ્યો, મહારાજ ભીમદેવ અને રા' નવઘણ બંને ચિઘના રણમેદાનમાં જઈને ગર્જનકના સૈન્યને હેરાન કરી આવ્યા હતા. લૂંટનો કેટલોક માલ પાછો લાવ્યા હતા, અન ેગર્જનકને એ રસ્તે જવું પડ્યું હતું કે જે રસ્તે લોદ્રવાના દુસલરાજ, ભટ્ટીરાજ અને જાટોનો સમૂહ આડે હતો. નીલઆબનાં પાણીમાં હોડીઓ રાખીને જમીન ઉપર જતા સુલતાનના સૈન્યને હેરાન કરવાની જાટોને પૂરી તક મળી હતી.*

થોડા જ વખતમાં સમાચાર આવ્યા કે દુસલરાજ, વ્રજદેવ, ભટ્ટીરાજ બધાએ સુલતાનના સૈન્યને હેરાન કરવામાં મણા રાખી ન હતી.

થોડોઘણો બદલો લેવાનો સંતોષ બધે પ્રગટી નીકળ્યો પણ એથી વધુ તો એ વાતનું મહત્વ હતું કે સુલતાનને જે કડવો અનુભવ થઈ ગયો હોય. તે એને ભવિષ્યમાં આટલે લાંબે આવતાં હવે વિચાર કરાવશે.

----

* જાટલોકોના હુમલાથી સુલતાનને સારી હેરાનગતિ થયેલી તેવો ઉલ્લેખ છે. એક વ્રજદેવે કેટલીક લૂંટ પાછી મેળવવાની વાત પણ છે. જાટોને સજા કરવા મહમૂદે બીજે વર્ષે હુમલો

કરેલો, હોડીઓ દ્વારા.
એ રીતે પાટણ ઉપરનો તાત્કાલિક ભય દૂર થતો હતો.
પણ દામોદરને હજી આરામ ન હતો. પેલા ત્રણ નરપુંગવોની કથા જાણવા માટે એ આતુર હતો. એમનું શું થયું એ હજી જણાયું ન હતું.
તેમના વિષેના કાંઈ સમાચાર હજી આવ્યા ન હતા. જેમ રેતીમાં માણસ દટાઈ જાય તેમ એ ત્રણનો વાત જ દટાઈ ગઈ હતી. કોઈ કાંઈ કહેતાં કાંઈ કહેતું નહોતું.
મહારાજ ભીમદેવના આવવાની રાહ જોતો દામોદર બેઠો હતો. દેખીતી રીતે મહારાજ દુર્લભસેન હજી પાટણમાં હતા. દામોદર સોમનાથ પહોંચી ગયો હતો. મહારાજ આવે ત્યારે પહેલાં ત્યાં જ આવવાના.
પણ એના મનમાં હવે બીજા કૈંક ઘોડા ઘડાતા હતા. વિમલમંત્રીએ સ્પષ્ટ શબ્દોમાં એને કહ્યું હતું કે જો દેવનતિકાને રાજરાણીપદે સ્થાપી, તો તમારું પાટણનું કોઈ ગૌરવ કોઈ પણ રાજ્યમાં રહેશે નહિ. તમને સૌ શાપિત ગણી કાઢશે.
વિમલની વાત સાચી હતી. પણ રાજા ભીમદેવને દામોદર ઓળખતો હતો. એ ચૌલાને લાવવાનો તો રાજરાણી તરીકે. એ એને બીજે કોઈ પદે રાખે જ નહિ. એના પ્રત્યેનો એનો ઉત્કટ પ્રેમ કાં એને રાજરાણી તરીકે લાવે; અને નહિતર કાંઈ નહિ. ત્રીજી કોઈ વાત ભીમદેવ સાંભળે નહિ, કરે નહિ, માને નહિ, ગણે પણ નહિ, વિચારે જ નહિ.
જ્યારે પોતે માનતો હતો કે પાટણને માટે આ જરૂરી હતું કે સોરઠમાં હવે લડાઈઓ ન થાય. હવે જૂનાગઢ તરફતી નિરાંત ને મૈત્રી મળે ને કચ્છ સોરઠની લડાઈઓ બંધ રહે, તો લાટ, અર્બુદમંડલ, નડૂલ, માલવા, ચેદી ને સિંધના હમ્મુક જેવા સાથે ભરી માપવાની એની મહેચ્છા હતી. ગુજરાતને સમર્થ અને મહાન બનાવવા માટે, આ બધા પાસે એની ગણના થાય એ જરૂરી હતું.
ગર્જનક પાછો બે-પાંચ વરસે જ્યારે આવે ત્યારે, એનો સામનો એકલું ગુજરાત કરી શકે તેટલું બળવાન ગુજરાત, દામોદરની કલ્પનામાં રમતું હતું.
એટલે એ રા' નવઘણને પાટણ સાથે મેળવી લેવાના મતનો હતો. રા' નવઘણજી મહારાજના મિત્ર તો હતા, પણ હવે એ સંબંધી બને, તો જ આ સંબંધ સ્થાયી નીવડે. પોતે તો ક્યારની એ વાત ચલાવી હતી. મહારાજ ભીમદેવે નકાર જેવો જવાબ પણ વાળ્યો હતો.
પણ આ ચડાઈમાં બંને વધારે નિકટમાં આવ્યા હતા. એટલે જૂનાગઢ તરફની નિરાંત થઈ જાય તો ગુજરાતને પૂર્વમાં વધવાની વિકાસ કરવાની તક મળે. એવો વિકાસ જ એને મહાન બનાવે. જૂનાગઢની લડાઈમાં તો માલ કાંઈ નહિ. જીતે તો કાંઈ કિંમત નહિ કાંઈ ફાયદો નહિ. હારે તો દુનિયા આખી મશ્કરી કરે. જૂનોગઢનો રા' ગિરનારના પથરા જેવો. કોઈ દી હારે નહિ. હારે તો પગ પાછો પાંચે પંદરે ઊભો જ હોય ! એની લડાઈ એની એક સાંઢણી ઉપર ! એની આખી વાત જ અનોખી.
દામોદરને આ નિરર્થકની લડાઈમાંથી મહારાજ ભીમદેવને છૂટા કરી નાખવા હતા. તો જ એને મહાન સાગરમાં પડવાની પ્રેરણા મળે. નવઘણ રા'ની ઉદેમતી વિષે મહારાજ ભીમદેવ વિચાર કરે, એને રાજરાણી બનાવે, એ પાટણ માટે જરૂરી હતી. અનિવાર્ય હતું, લાભમાં હતું; રાજદ્વારી કુનેહની દૃષ્ટિએ કરવા જેવું હતું.
પણ દામોદરને હવે ચિંતા આ વાતની હતી. ભીમદેવ કાંઈ એ વાત માને ખરો ? ને ન માને તો શું થાય ? ચૌલાને જ રાજરાણી બનાવવાનો આગ્રહ રાખે તો શું પરિણામ આવે ? જે પાટણને પોતે મહાન બનાવવા માગતો હતો, એ એના સ્વપ્નાનું શું થાય ?
એને એક જ આશા હતી. ચૌલાના ગૌરવની ચૌલાની ગૌરવભરી રીતિ એ એની પોતાની જ

હતી. એ ગૌરવનો એક રેખામાત્ર ભંગ એ ન સહી શકે. એનામાં મહારાજ ભીમદેવ જેવાને પણ રાહ જુઓ એમ કહેવાની હિંમત હતી. અને એ હિંમતમાં જે ગૌરવ હતું, તે ચૌલાનું પોતાનું જ હતું. એ બીજે ક્યાંય જોવા ન મળે.
દામોદરને આશા હોય તો આ આશા હતી. ભીમદેવને એ ઓળખતો હતો. એના જેવો વીર મળવો મુશ્કેલ હતો. પણ એને એના માર્ગમાંથી પાછા વાળવો એ આકાશપાતાળ એક કરવા જેવું હતું.
ચૌલા મારે થઈને આખું રાજ ઘડીના છઠ્ઠા ભાગમાં ફેંકી દે એ જાતનો એ વીર હતો. એને કોઈ યોજનામાં મૂકવો એ ઘણી કુનેહ, તપશ્ચર્યા, જાતદેખરેખ માગે તેવી વાત હતી. એવામાં એક દિવસ મહારાજ ભીમદેવ, રા' નવઘણ. એમનાં સાંઢણીદળો અને સૈનિકો દેખાયાં. સોમનાથમાં ઉત્સાહ પ્રગટ્યો. લોકોને જાણ થઈ. મહારાજે ભીમદેવ ગર્જનકે હાંકીને પાછા આવ્યા છે. એ વાતની વીજળીમાં આખું સોરઠ આવી ગયું. સોરઠનો રા' નવઘણ ને મહારાજ ભીમદેવ લોકના પ્રીતિપાત્ર થઈ પડ્યા. દામોદરે જોયું. આ તક હતી. તે પ્રતીક્ષા કરી રહ્યો.
ભગવાન સોમનાથના ભગ્ન મંદિરના છિન્નભિન્ન ચોકમાં મહારાજે પાછી મેળવેલી શેષ લૂંટના ઢગલા થયા. મહારાજ ત્યાં હતાં. રા' નવઘણજી હતા. સરદારો સામંતો આવ્યા હતા. બ્રાહ્મણો હતા. મઠપતિજી પોતે હાજર થયા હતા.
એક નાનકડા યુદ્ધે પણ લોકના દિલમાં ફરી આશાનો સંચાર કર્યો હતો. મહારાજને વધારે આગળ ન વધ્યાનો વસવસો રહી ગયો હતો, પણ લૂંટના આ ભાર સાથે ને છેતરામણી ઋતુમાં આગળ જવું અશક્ય હતું. વળી હમ્મુક આવી તકની રાજ જ જોતો હોય. રા' નવઘણજી જીવનભર સિંધના હમ્મુક સાથે આથડ્યા જ કર્યા હતા. કચ્છને ને પાટણને પોતાના પડખામાં લઈ ફરી વાર એની સાથે આથડવાની મહત્વાકાંક્ષા એ સેવતા હતા. દામોદરને એથી જ અત્યારે પાટણ-જૂનોગઢનો સંબંધ શક્ય જણાતો તો.
લૂંટમાં જે માલ ભગવાન સોમનાથના મંદિરનો હતો, તે મઠપતિજીના ચરણે ધરાયો. ચારે તરફથી આવેલા લોકોએ મોટો ઘસારો કરી મૂક્યો. નવા ઊભા થનારા મંદિર માટે સોના-રૂપાના ઢગલા મહારાજ પાસે થવા માંડ્યા. સૌની નજરે એ વખતે ભીલરાજ વરહોજી ચડ્યો. બાપદાદાના જમાનાનો લૂંટનો લાખ્ખો દ્રમ્મનો સંગ્રહ એ ત્યાં લાવ્યો. ગોગદેવ ચૌહાણને સાંભરી આવ્યું. પોતે ઑહીં આવ્યો ત્યારે આ ભીલની સ્ત્રી મોતડીએ જ એને આ ખજાનો સોમનાથને ચરણે ધરી દેવા માટે બતાવ્યો હતો.
ગોગદેવ સોમનાથનો પરભક્ત હતો. એને આ બધા દૃશ્યે નવું જીવન આપ્યું હતું. એ મહારાજની સાથે આંહીં આવ્યો હતો જ એટલા માટે કે, પોતાના શરૂ થનારા અન્નક્ષેત્ર વિષે મંત્રી સાથે વાત કરી લે, હજી મંત્રીને મળવાની એને તક જ મળી ન હતી.
લોકો આ પ્રમાણે નવમંદિર નિર્માણની હવામાં આનંદી રહ્યા હતા, ત્યાં કચ્છના કીતિગઢનો વિહિયાસ મકવાણો પણ આવી ચઢ્યો. એની સાથે મોટું સાંઢણીદળ હતું. લોકોમાં આનંદની હેલી આવી ગઈ. એ વીરને બધા ઓળખતા. એ અને રા, નવઘણ જમાનાજૂના દોસ્તો હતા. બંને સિંધના હમ્મુક સાથે જીવનભર લડાઈઓ લડવાનો શોખ ધરાવતા હતા.
એ દર વર્ષે વરસોમની પેઠે જ સિંધના હમ્મુક સાથે લડવા જાય. એને ટપારે. દ્વંદ્વ યુદ્ધો થાય. સાંઢણીદળો દોડે. નામીમાં નામી સાંઢણીઓની, ત્યાં રેતના રણને પણ સજીવન થવાનું મન થાય, તેવી સ્પર્ધા જામે. લડાઈનો આનંદ ભોગવે. અને એમ ને એમ પાછા છૂટા થાય. એમની લડાઈઓનો, લૂંટોનો, એકબીજાને હાથતાળી દીધાનો, કોઈ અંત જ નહિ. એમનો અંત જીવન સાથે અને જીવન સાથે પણ શાનો ? એમને માટે આ આખી, એક અનોખી જ શૌર્યની ગાથા હતી. જીવનના અંત વખતે એમને વારસામાં આપવાની વસ્તુ હીરા-માણેક-મોતી કરતાં પણ

વધારે મૂલ્યવાન તે આ, વેરનો વારસો ! અધૂરાં રહેલાં યુદ્ધો, અપૂર્ણ રહેલી પ્રતિજ્ઞાઓ, ન પળાયેલાં વચનો. આમ આ વસ્તુ પરંપરામાં ઊતરતી જ રહે. રા'ની શૌર્યનીતિ એ પ્રકારની. મકવાણાઓની એ પ્રકારની. દામોદર જાણતો હતો, આ ભીમદેવ મહારાજના લોહીમાં પણ તનમનાટ એ પ્રકારનો જ. પણ દામોદર પોતે, મહાસમર્થ ગુજરાતના એક ચક્રવર્તી સ્વામી થવા માટે એનું નિર્માણ કરવાનું સ્વપ્નું સેવતો હતો. અને અંગત સ્વજન કરતાં પમ વધારે પ્રેમભક્તિથી એને દોરી રહ્યો હતો.
એટલે આ બધા ઉત્સવના વાતાવરણ નીચે વહેતી પોતાની ચિંતા પોતે ભોગવી રહ્યો હતો. વિહિયાસ મકવાણો આવતાં 'જય સોમનાથ'ની ઘોષણા દિગંતવ્યાપી બની ગઈ હતી. મકવાણો પણ મહારાજને ચરણે ધરવા સોનાં-રૂપાં લાવ્યો હતો.
સોમનાથની લૂંટના સમૃદ્ધ શેષ ભાગો એક પછી એક જોઈ તપાસીને ખાતરી કરી મઠપતિજીને ચરણે ધરાવા માંડ્યા. મહારાજ ભઈમદેવ પોતે એક પછી એક વસ્તુ ઉપાડતા હતા, અને પ્રેમભક્તિથી એ મઠપતિજીને પાછી સોંપતા હતા.
એના ઉપર જે કાંઈ પવિત્રતાનું આહ્વાન થવાનું હતું તે તો મંદિરના નિર્માણ વખતે થવાનું જ હતું. અત્યારે તો ભગવાન સોમનાથની શેષ વસ્તુઓ પાછી સોંપાતી હતી. લોકો એ એકી નજરે જોઈ રહ્યા હતા. ચારે તરફ ઉત્સાહ રેલાતો હતો. બધું સોમનાથને ચરણે ધરવાનું વાતાવરણ પ્રગટ્યું હતું.
એવામાં એક અનુપમ મોતીની માળા, મહારાજના હાથમાં આવી. મહારાજ પોતે પણ એનાં લંકાદ્વીપનાં પાણીભર્યાં મોટાં તેજસ્વી મોતી જોઈ રહ્યા. એનું તેજ અલૌકિક હતું. એની શુભ્રતા ચંદ્રની હરીફાઈ કરે તેવી હતી. એ એક જ માળા જો માણસના હાથમાં હોય કે એના કંઠમાં પડી હોય, તો પોતે અજર અમર થઈ ગયો છે એવી નવી જ હવા એનામાં ભરી દે. એવી એ માળા હતી !
પાટણના ગુર્જરેશ્વર જેવાને જે માળા ફરી ફરીને જોવાનું મન થાય તે માળા કેવી હશે એ એક કોયડો થઈ પડ્યો. મહારાજે માળા હાથમાં લીધી. તે ઊંચી કરી. 'મોતીની માળા'..... તે બોલ્યા, 'લ્યો, મહારાજ મઠપતિજી !'
મઠપતિજી માળાની સામે એક પળભર જોઈ રહ્યા. પછી એણે કાંઈક ન સમજાય તેવી ઉપેક્ષાથી ડોકું ધુણાવ્યું : 'એ માળા આંહીંની નથી.' એ બોલ્યા.
'ત્યારે ક્યાંની હશે ? એના માલિકને ક્યાં શોધવો ?"મહારાજે માળા હાથમાં લઈ ઊંચી કરી. પોતે બેઠા થયા. આખી મેદની સામે એ ધરી. જે કોઈની આ હોય, તે આગળ આવે !' મહારાજ બોલ્યા.
મેદની શાંત બની ગઈ. એક કાંકરો પડે તો સંભળાય તેવી શાંતિ થઈ ગઈ. આવી મૂલ્યવાન મોતીની માળા કોની હશે એ એક કુતૂહલનો વિષય થઈ પડ્યો અને જેમ એ માળા ત્યાં હવામાં લટકતી રહી, તેમ તેમ તો એ, પોતાનું આકર્ષણ જમાવતી ગઈ. કેટલાકની આંખમાં તો એ એવી રીતે ઠરી ગઈ કે જાણે એમને માટે એ જીવનભરનું સ્વપ્નું બની ગઈ.
મહારાજે ફરીને એ મેદની સામે રાખી. દામોદર પોતે ઊઠ્યો. 'આ માળા જેની હોય તે લઈ જાય. ભગવાન સોમનાથની એ નથી.'
પણ મેદનીમાંથી કોઈ આગળ આવ્યું નહિ. મોટો કુતૂહલનો વિષય થઈ પડ્યો. આ માળાનો માલિક બીજો જ કોઈ હોવો જોઈએ. કોઈ મહાન રાજવીના કઠંને શોભાવે તેવી આ માળા ખરી રીતે કોની છે. એ નિર્ણય કરવાનું મુશ્કેલ બની ગયું. માળા દામોદરના હાથમાં રહી ગઈ. અને બીજી શેષ વસ્તુઓની સોંપણી આગળ ચાલી.
સોમનાથ સમુદ્રના જળમાં રસળતી આછી સંધ્યાને જોતો દામોદર, તે દિવસે સાંજના, પોતાના

ખંડમાં બેઠો હતો. સામે સમુદ્રનું અફાટ પાણી પોતાનું સનાતન ગાન ગાઈ રહ્યું હતું. દામોદર એક પળભર કવિ બની ગયો હતો. એને થયું કે આ એક કેવી અલૌકિક જગરચના છે કે જે સમુદ્રે આંહીં વૈભવની ટોચ જોઈ હતી, તે જ સમુદ્રે આંહીં વિનાશનું તાંડવ જોયું, પણ એના હૃદયગાનમાં એક સૂર તો શોકનો હો ! એક સૂર શોકનો મળે નહિ. એ તો આનંદમાં મસ્ત હતો. આનંદમાં પોતાનું ગાન ગાઈ રહ્યો હતો. કોણ સાંભળે છે, કોણ નથી સાંભળતું એની પણ પડી ન હતી. : 'શું જીવનનું કદાચ આ જ રહસ્ય નહિ હોય કે એમાં કોણ આવે છે, કોણ જાય છે, શું થાય છે, શું નથી થતું, કેટલાં રાજ્યો આવ્યાં, કેટલાં આથમ્યાં, કેટલા રાજાઓ થયા, કેટલા પડ્યા, કેટલા મંત્રીઓ જન્મ્યા, કેટલા મર્યાં, કેટલા પ્રધાનો દોઢડાહ્યા હતા. કેટલા મૂરખના મૂરખ હતા, એનો જાણે કોઈ હિસાબ જ ન હોય, કોઈ મહતા જ ન હોય, તેમ જે કોઈ પોતાની અનોખી મસ્તીમાં બસ, એ ને હવાની લેરખી પેઠે, આનંદ આનંદ પ્રવાસ ખેડ્યા કરે, તે માણસ જીવનનું રહસ્ય મેળવે !' આ સમુદ્ર કદાચ આટલી વાત કહેવા માટે જ આ સતત ગાન કરી રહ્યો નહિ હોય ? નવી નવી મહત્વાકાંક્ષી યોજના પોતે ઘડી રહ્યો હતો, એ એને અત્યારે સુસંગત જણાયું....

દામોદરના દિલની કવિતા એને કોણ જાણે ક્યાં લઈ જાત, પણ એ જ વખતે આયુષે આવીને સમાચાર આપ્યા : 'મહારાજ પોતે આવી રહ્યા છે, પ્રભુ !'

દામોદર પોતાની સ્વપ્નસૃષ્ટિમાંથી એકદમ જ ધરતી ઉપર આવી ગયો. આજે જે એણે રા' નવઘણજી અને વિહિયાસ મકવાણાને પોતપોતાના સંબંધો વિશેષ દૃઢ થાય, એવી કાંઈક વાતમાં પડેલા જોયા હતા. સંભવિત છે કે રા' નવઘણજીએ મહારાજ ભીમદેવને વાત કરવા માટે વિહિયાસજીને પ્રેર્યાં હોય. મહારાજ ભીમદેવ ઊંચાનીચા થઈ ગયા હોય. આંહીં આવી રહ્યા છે. એનો અર્થ એ જ હોઈ શકે, એમ દામોદરને લાગ્યું.

આ જાણવા માટે એને બહુ વાર ખોટી થવું પડ્યું નહિ. મહારાજ ભીમદેવ તરત જ એના ખંડમાં દેખાયા. એ એકલા પગપાળા આવ્યા જણાતા હતી. રક્ષક સિહનાદ ત્યાં બહાર ઊભો રહી ગયો હતો.

ખંડમાં દીપક પ્રગટ્યો મહારાજ ભીમદેવ ત્યાં આવ્યા. એમનો ચહેરો જોતાં જ દામોદર પામી ગયો કે પોતાનું અનુમાન સાચું હતું. મહારાજ અસ્વસ્થ હતા, અને અવ્યવસ્થિત હતા. એમની મા લક્ષ્મીદેવીએ ને પિતા નાગદેવે, જીવનની છેક છેલ્લી ઘડીએ, જે અતિ વિરલ બહાદુર જુવાનને પોતાના આધારે છોડ્યો હતો, તે સોંપણી સમયનું વાતાવરણ પોતાની આસપાસ ફેલાઈ ગયેલું દામોદર અનુભવી રહ્યો એને આ વિરલ જુવાનને દોરવાનો હતો. એને બહાદુરી શું એ બતાવવાનું હતું. એને ચક્રવર્તી રાજપદની ભાવનામાં રાચતો થાય એમ કરવાનું હતું. દામોદર વિચાર કરતો તેની સામે જોઈ રહ્યો.

તેણે બે હાથ જોડ્યા : 'મહારાજ ! અચાનક, અત્યારે ?'

ભીમદેવ ત્યાં ગાદી ઉપર બેસી ગયો. પગ લાંબા કર્યાં. પોતાની તલવાર સંભાળી. અવાજને સંયમમાં લાવવા માટે પ્રયત્ન કરતો જણાયો, તે ધીમેથી બોલ્યો : 'દામોદર ! આ શી વાત છે રા'ની ?'

'શી વાત છે, મહારાજ ?'

'તેં એને કાંઈ કહ્યું છે ?'

'મેં તો જે કાંઈ કહ્યું છે, તે તમે જાણ્યું છે મહારાજ ! મેં તો જે કાંઈ કહ્યું છે, તે તમારી વતી કહ્યું છે. એમાં મારું કાંઈ નથી !'

'પણ એ મારે પાળવાનું છે એમ ?'

'રાજા વેણ પાળતા આવ્યા છે. તમારે પાળવું ન પાળવું એ તમે જાણો !'

ભીમદેવ વિચાર કરી રહ્યો. પછી તે દૃઢ શાંતિથી બોલ્યો : 'તારી વાત તો સમજાય છે દામોદર ! પણ હું તો પહેલાં નતિકા ચૌલાદેવીને રાજરાણીપદે સ્થાપવાનો છું. જે થવું હોય ને જે બનવું હોય તે ભલે બને !'
દામોદરે રાજાને એના અસલી રૂપમાં જતો જોયો. તેણે વાત તરત વાળી 'મહારાજ ! ત્યારે હું તમને કહીં દઉં. એ વાત તમારા હાથની પણ નથી !'
'ત્યારે કોના હાથની ?'
'ચૌલાદેવીના હાથની. એનો નિર્ણય એ છેલ્લો નિર્ણય હોઈ શકે.'
દામોદરની વાત કરવાની ઢબથી ભીમદેવ આકળો થઈ ગયો.
'દામોદર મહેતા ! તમારી વાત ન્યારી છે. હું આમાં બીજું કાંઈ સમજું નહિ. હું તો એક જ વાત સમજું !'
'શી ?'
'ચૌલા પહેલી; એ જ રાજરાણી. બીજી કોઈ વાત નહિ !'
'મહારાજ !' દામોદરનો અવાજ દૃઢ થઈ ગયો : 'તમને વાત થઈ ગઈ છે. પાટણમાં એ નહિ બને. પાટણના રાજાથી એ નહિ બને !'
'ત્યારે કોનાથી બનશે ?'
'તેં તમે વિચારો. મેં તમને આજ દિવસ સુધી ઘણી વાતો કહી છે. ભીમદેવ મહારાજ રણજોદ્ધાને, જે કરવું હોય તે કરી શકે છે. પાટણપતિથી આવું કોઈ પગલું ન લેવાય !'
'તો હું રાજ છોડી દઉં એમ ? મારે રાજ જોઈતું નથી. દુર્લભ કાકા આવ્યા છે, તે ભલે ચલાવે !'
દામોદર વિચારમાં પડી ગયો. તેમને ભીમદેવ મહારાજ પોતાના જુવાન નાના ભાઈ સમો ભાસતો હતો. તેને તેના પ્રત્યે અથાગ પ્રેમભક્તિ હતી. તે તેના હૃદયને સમજી ગયો. તેણે તરત જ દૃઢ આજ્ઞાભર્યાં, સતાવાહી, પણ પ્રેમભરપૂર અવાજ ે કહ્યું : 'મહારાજ ! તમે રાજગાદી છોડી શકતા નથી. લક્ષ્મીદેવીએ તમારો હાથ મને સોંપ્યો છે. હું એમના વચનને ઉલ્લંઘી શકતો નથી. તમારે જ રાજા તરીકે રહેવું પડશે !'
'પણ મારે રા' નવઘણ સાથે સંબંધ બાંધતો નથી. પછી ?'
'પછી આ, મારે સંબંધ બાંધવો છે !' દામોદરે એકદમ જ સીધો જવાબ વાળવામાં ડહાપણ જોયું.
'એટલે હું રાજ ન છોડી શકું, મારા ધાર્યાં પ્રમાણે સંબંધ ન બાંધી શકું. મારા મન પ્રમાણે વર્તીં ન શકું, તો પછી હું રાજા શેનો ? મારે એવું રાજ જોયઈતું નથી. રાજા રહેવું નથી. મારે રાજ કરવું નથી. મારે મને ઠીક પડે તેમ કરવું છે.'
'મહારાજ ! તમે કોણ જાણે કઈ રીતે વિચારો છો ? મને તો એ સમજાતું નથી. મેં તમને ન કહ્યું રા' નવઘણ કે વિહિયાસ મકવાણા આપણી કરતાં જુદી જ કક્ષાના શૂરવીરો છે. તમે પાટણને ચક્રવર્તીંપદે સ્થાપવા નીકળ્યા છો. તમારું એ જ જીવન છે. તમે કઈ રીતે તમારી વાત તમારા ધાર્યાં પ્રમાણે કરી શકો ? તમે તો જે જીવન સ્વીકાર્યું, તેના મેળમાં આવે, તેવી રીતે જ વાત કરી શકો. આપણે રા' નવઘણજીને આપણા પક્ષમાં સ્થાપી લેવાના છે. તો આપણે આ તરફ નજર કરવી મટી. તો જ આપણે ભારતભરમાં ગુજરાતને નામના અપાવનારી મહાન બનવાની રાજનીતિને દોરી શકીએ. આપણે નડૂલ, અર્બુદ, ચેદી, સિંધ ત્યાં સૈન્યો દોરવાનાં છે. આ એક સાંઢણીનાં જુદ્ધ. આંહીં રા' નવઘણને ને મકવાણાને મુબારક હો. આપણે આપણી રાજનીતિ ઘડી કાઢી છે. તે અપનાવી છે. તમારે તે રાજનીતિની રેખા પ્રમાણે વર્તવાનું છે. નવઘણ રા'ને આપણે સંબંધી બનાવવાના છે. એમણે આ વખતે જેવા તેવા ભોગ આપ્યા નથી. એમને આપણે આ રીતે માન ન આપીએ, તો બીજી કઈ રીતે આપીએ, મહારાજ ?'

'એ બરાબર, પણ; ભીમદેવ બોલ્યા. એ જ વખતે દામોદરને મુશ્કેલીમાંથી બચાવનારો અવાજ આવ્યો : 'મંત્રીરાજ, આવું કે ?'
દામોદર ને ભીમદેવ બંને ચમકી ગયા. અવાજ ચૌલાનો જ હતો. એટલી વારમાં તો આયુષ દોડતો આવ્યો. 'પ્રભુ ! ચૌલાદેવી આવેલ છે. એ હમણાં જ મળવા માગે છે. પાટણ જવાની તૈયારી કરીને એ આવ્યાં છે. એમની સાંઢણી બહાર ઊભી છે.'
ચૌલાદેવી તત્કાળ આવી છે, તેમાં કાંઈક રહસ્ય હોવું જોઈએ. દામોદરે રાજા સામે જોયું. સામને ઉઘાડા ખંડ તરફ દૃષ્ટિ કરી : 'મહારાજ ! ત્યાં જવાય તેમ છે !'
રાજા ભીમદેવ તત્કાળ ઊભો થઈને, પાસેના ખંડમાં ગયો. એટલી વારમાં ચૌલાદેવી આગળ આવી ગઈ હતી. પણ તે ત્યાં બહાર ઊભી રહી ગઈ હતી. દામોદરે એને આવવા દેવા માટે આયુષને અનુજ્ઞા આપી. અને તે તરત અંદર આવી. દામોદર તેને આવતી જોઈ રહ્યો. તેનું અનુમાન સાચું હતું. ચૌલાદેવીએ કાંઈક નિર્ણય લઈ લીધો લાગતો હતો. દામોદરે તેને બેસવાની સંજ્ઞા કરી. પણ તે પોતાના ગૌરવમાં ઊભી રહી. 'મંત્રીરાજ ! હું તમને કહેવા આવી હતી કે આજથી હું ભગવાન સોમનાથની દેવનતિકા રહેતી નથી !'
'અરે ! કેમ ? કેમ ? શું થયું છે ?'
દામોદર ચમકી ગયો. તેને પહેલો ભય એ લાગ્યો કે કદાચ આ ભીમદેવની પેઠે ક્યાંક આહ્વાન આપવા માટે ન આવી હોય ? તો તો બે સાચાં પ્રેમીઓની ગાંડી સ્વપ્નસૃષ્ટિ વચ્ચે એ પોતે જ ચગદાઈ જવાનો. એને ભય એ લાગી ગયો. પણ તેણે ચૌલા સામે જોયું. એના ગૌરવમાં એ હજી અદ્વિતીય જણાતી હતી. ત્યાં કોઈ ઠેકાણે નાનકડા પ્રેમનો સ્પર્શ ન હતો. પોતાની એક અનોખી અદ્વિતીયતા એ જાળવી રહેલી જણાઈ. દામોદરને પ્રતીતિ થઈ. આ નારી કોઈ દિવસ ભીમદેવ લઘુ દેખાય તેવું તો નહિ કરે. તેણે ધીમેથી કહ્યું : 'કેમ તમે એમ કહ્યું ? આ વાત તો મઠપતિજીના અધિકારની છે ?'
'એમને મેં જણાવી દીધું છે. એમણે અનુજ્ઞા આપી છે. તમને તો હું એમ કહેવા આવી છું કે હું પાટણમાં જાઉં છું !'
'પાટણમાં હરકોઈ જઈ શકે છે. તેમાં અનુજ્ઞાની જરૂર નથી !' ગૌરવભરી છટાથી ચૌલા બોલી : 'પણ હું હરકોઈ નથી. મંત્રીજી ! તમે આ જાણો છો. એટલે જ તમને એક વાત કહેવા હું આવી છું !'
'શું ?'
'આજે જે મોતીની માળા તમારા હાથમાં રહી ગઈ છે, તે કોની છે, જાણો છો ?'
દામોદરનું આશ્ચર્ય હવે વધી ગયું. તેણે નકારમાં ડોકું ધુણાવ્યું : 'કોની છે ?'
'એ મૌક્તિકમાળા મારી છે, મંત્રીશ્વર !'
'એમ ? એ અમને ખબર નહિ. તો તો હમણાં જ હું તમને એ આપી દઉં. માળા આંહીં જ છે !'
'એ માળા લેવા હું આવી નથી. હું તો તમને કહેવા આવી છું કે આ માળા....'
'ભગવાન સોમનાથને ચરણે ધરવાની છે, એમ ?'
'ના, ના ભગવાન સોમનાથ કરતાં પણ કોઈ મહાન હોય છે, એમને ચરણો !'
'હેં ? ભગવાન સોમનાથ કરતાં મહાન ? તમે દેવનતિકા થઈને આ શું બોલો છો ? ભગવાન સોમનાથ કરતાં વધારે મહાન કોઈને હું ઓળખતો નથી !'
'તમે નહિ ઓળખતા હો. હું ઓળખું છું !' ચૌલા દૃઢ શાંતિથી બોલી.
'કોણ ?' દામોદરે ગભરાટથી પૂછ્યું. એને ડર લાગી ગયો કે આ ચૌલા ક્યાંક ભીમદેવના ઉત્કટ પ્રેમથી પ્રેરાઈને, જો નામ આપી દેશે તો એની પોતાની કફોડી સ્થિતિ થઈ જશે.
ચૌલા સહેજ હસીને બોલી : 'મંત્રીરાજ ! તમે એને ઓળખો છો.'

દામોદરને હવે એક વાત લાગી આવી. એણે અનુભવ્યું હતું કે કોણ જાણે આ નારીમાં એવું શું આકર્ષણ હતું, પણ એની પાસે કોઈ પણ બે ઘડી વાત કરે, અને એને એ મહારાણીની મહારાણી જેવી દેખાય ! એના નૃત્યમાં જે મોહિની હતી, તે બધે જ વ્યાપક હતી.
પોતે પાટણનો મંત્રીશ્વર હતો. આ એક દેવનતિકા હતી. ભીમદેવને ભલે એનું આકર્ષણ હોય, પણ એને કેટલું ને કયું સ્થાન આપવું, સ્થાન આપવું કે ન આપવું, એ એની સતાની વાત હતી. છતાં અત્યારે એ એવી ઢબથી વાત કરી રહી હતી કે જાણે એ મહારાણી હોય - ને પોતે બધાના જેવો સામાન્ય હોય !
'હું એને ઓળખું છું ? તમારી ભૂલ થતી લાગે છે ?'
'મંત્રીરાજ ! આ મૌક્તિકમાળા તો હું એના કંઠમાં આરોપવાની છું, જે અભિનયકાર, પોતાની આબેહૂબ છટા વડે પંડિત ધૂર્જટિને ફરીને જિવાડે - જે એને ફરીને જિવાડે, એ અદ્‌ભુત નટ, આ માળા મેળવે !'
દામોદરે છુટકારાનો દમ ખેંચ્યો. પણ એણે જોયું કે ચૌલાની આ એક વાતે આખું વાતાવરણ ફેરવી નાખ્યું હતું. તે રાજરાણી જ રહી હતી. એણે જીવંત ચેતન શક્તિના ગૌરવને મહાન ગણ્યું હતું. મહાદેવ કરતાં પણ મહાન.
'પંડિત ધૂર્જટિનું શું કહ્યું તમે ? એને ફરી જીવંત કરે ? ક્યાં છે એ પંડિત ? તમે જાણો છો ?'
'તમને ગોગદેવ મળ્યો લાગતો નથી. એ તમને કહેશે. પણ મંત્રીશ્વર ! તમે જે કોઈક વખત હજારો જોદ્ધાઓ ન કરી શકે તે કામ, કોઈ નૃત્યનાટક દ્વારા એકાદ રંગભૂમિના મંચ ઉપરથી સિદ્ધ કરવાના છો. તમે સમજો છો, કે પંડિત ધૂર્જટિને સજીવન કરવો એટલે શું ? કોને ખબર છે મંત્રીરાજ ! આવી ઉદાત કલ્પના પ્રજામાં શું નું શું ન પ્રેરે ?'
પણ તમે શું કહ્યું પંડિત ધૂર્જટિનું ? એ પોતે ક્યાં છે ? શું આંહીં આવેલ છે ?'
ચૌલા તેની સામે જોઈ રહી. પછી ધીમેથી બોલી : 'મંત્રીરાજ પંડિત ત્યાં છે. જ્યાં રેતના કણમાં ગીત ગુંજે છે. તમને ગોગદેવ ચૌહાણ મળ્યો લાગતો નથી. મને એ મળી ગયો. મને વાત કરી ગયો. પંડિત ધૂર્જટિને ચરણે ધરવા આ માળા મારા વતી તમે રાખો. કોઈક વખતે, પંડિત ધૂર્જટિને સજીવન કરનારો, પાટણમાં કોઈક નીકળશે, ત્યારે એને કંઠે એ આરોપાશે, મહારાજ ભીમદેવના હાથે. પણ એ મહારાજ ભીમદેવ, જેણે પાટણને એકચક્રી અને વિજયવંતું બનાવ્યું હશે એ ભીમદેવ. બીજા ભીમદેવ નહિ.'
દામોદરે કહ્યંુ : 'તમારી એ ઉદાત કલ્પના ફળો...'
'એ કલ્પના ફળશે જ ફળશે પ્રધાનજી ! હું દેવનતિકા નથી ! શું કરવા ? કારણ કે હું પાટણનગરીની નતિકા બનું છું !'
'પાટણનગરીની નતિકા અરે... તો તો... પછી....'
દામોદરને શું બોલવું તે ખબર પડી નહિ. ચૌલા હસી રહી : 'તમારે શું કહેવું છે તે જાણું છું. પછી મારું સ્થાન ક્યાંય નહિ હોય એમ તમારે કહેવું છે ના ? પ્રધાનજી ! તમે ભૂલો છો. કોઈ દ્રૌપદીએ અર્જુનને નીચે ઉતાર્યોં નથી. કોઈ સાવિત્રી, કોઈ સીતા, કોઈ સુભદ્રા, કોઈ ઉતરા, કોઈ ચિત્રાંગ, કોઈ કહેતાં કોઈ નારી પુરુષને નીચે ઉતારવા માટે હતી જ નહિ, ને છે નહિ. તમારા ભીમદેવ મહારાજને પણ હું નીચે ઉતારવા માટે આવી નથી. પણ તેની સાથે જ આ એક વાત જાણી લ્યો મંત્રીરાજ ! ભીમદેવ મારા છે. તેને કોઈ જ મારી પાસેથી લઈ શકે નહિ !'
દામોદર સડક થઈ ગયો.
'એટલે ! રાજા ભીમદેવ તમારા બનશે એમ ?'
દૃઢ નિશ્ચયભર્યાં પ્રેમમધુર અવાજે ચૌલા બોલી : 'હા. નહિ કે એ રાજા છે માટે, પણ એ મારા છે માટે.'

'ક્યારે બનશે ?'
ચૌલાનો અવાજ ફરી ગયો. તેની મુખમુદ્રા બદલાઈ ગઈ. તેણે આંખો મીંચી દીધી.
'મંત્રીરાજ ! એને ઘણો વખત થશે.' તે ધીમા શાંત મનોહર અવાજે કોઈ પ્રેમની ગીત ગાતી હોય તેમ બોલી રહી : 'જ્યારે એનામાં ઉદાત કલ્પના જાગશે, જ્યારે ઉદાત શૌર્યં દેખાશે, જ્યારે એ ગુજરાતને એક સમર્થં પ્રજા કરશે, ત્યારે. કદાચ એ એનાથી સિદ્ધ થશે. કદાચ સિદ્ધ નહિ થાય. પણ હું એને મારા પ્રેમમાં દોરીને નીચે ઉતારી શકું નહિ. એના પ્રેમમાં દોરાઈને હું પણ નીચે જઈ શકું નહિ. કાં તો મંત્રીરાજ ! મુક્ત સ્વતંત્ર આનંદભરી હવામાં બે પંખી ઊડશે. અથવા તો કોઈજ નહિ ઊડે. પણ તમારા માપથી મને માપવાનો નિરર્થંક પ્રયત્ન જવા દેજો, બસ, હવે મારે જવું જોઈએ. ચાલો ત્યારે... મંત્રીરાજ !...'
'અરે પણ પંડિત ધૂર્જંટિ વિષે તમારે કહેવાનું હતું એ જ રહી ગયું. એ ક્યાં છે ? એની શી વાત છે ?'
'મંત્રીરાજ ! પંડિત ધૂર્જંટિ જ્યાં રેતરણમાં રોળાયા છે. જ્યાં ધિજ્જટ ને ધ્રુબાંગ અદૃશ્ય થયા છે. ત્યાં જે અવર્ણંનીય રેતનું ગાન રાત-દી ચાલે છે. તે સાંભળવાની કલ્પના તમારી પાસે હોવી જોઈએ. એમનું એ સમર્પંણ તો પ્રજાને ઘડે. હું એક સામાન્ય નતિકા એ કલ્પના તમને આપી શકું નહિ. હકીકત ગોગદેવ પાસે છે. ચાલો મંત્રીરાજ ! હું ખોટી થાઉં છું. મારું કામ ખોટી થાય છે !'
ચૌલા બે હાથે નમીને તરત જ ત્યાંથી અદૃશ્ય થઈ ગઈ.
એ ચાલી ગઈ ત્યારે સ્વપ્નમાંથી જાગતો હોય તેમ દામોદર જાગ્યો. એને પહેલી વખત લાગ્યું કે કોઈક મધુર સુંદર વાતાવરણ જાણે હમણાં આવીને ચાલ્યું ગયું છે. તે મનમાં બોલ્યો : 'આ નારીની કલ્પના સમજનારો પણ, આંહીં તો કોઈ જ દેખાતો નથી ! કુદરત પણ ગીતની એકાદ પંક્તિને હવામાં રસળતી મૂકવાનો ખેલ ક્યારેક કરતી હશે ? એ પંક્તિને બીજી પંક્તિ મળે જ નહિ ! કોઈ કોઈ એવી ઉદાત કલ્પના પણ શું આંહીં વિહરતી નહિ હોય, કે જેને જીવનભર કોઈ સાથી જ મળે નહિ ?'
તે થોડી વાર સુધી બેઠો રહ્યો. એટલામાં એને સાંભર્યું કે મહારાજ ભીમદેવ તો અંદર છે. તે ઉતાવળો ઉતાવળો મહારાજને બોલાવવા અંદર દોડ્યો. મહારાજ ભીમદેવની સામે દામોદરે જોયું. તે સમજી ગયો. મહારાજ ચૌલાની વાણીનો મર્મં પામી ગયા હતા. દામોદરને એ જ જોઈતું હતું. એટલામાં મહારાજ જ બોલ્યા :
'દામોદર ! આપણને ગોગદેવ ચૌહાણે તો કાંઈ કહ્યું નથી. પંડિત ધૂર્જંટિ વિષે આપણને તો હજી કાંઈ ખબર પણ નથી. ગોગદેવને હમણાં ને હમણાં બોલાવો.'
'દામોદરે તરત જ સિહનાદને બોલાવ્યો : 'ગોગદેવને બોલાવો.'
'અને... આપણે નવું મંદિર ઊભું કરવું છે, તે વખતે જ, આ ધૂર્જંટિનું નામસ્મરણ લોકના દિલમાં હંમેશને માટે અંકિત કરવાનું છે.'
'પણ એ ક્યારે બનશે, મહારાજ ?'
'ક્યારે ?'
'જો આ સિધમાર્ગંને આપણે બનાવ્યો હશે તો. આપણું બળ ગર્જંનકને ડારે તેવું હશે તો, નહિતર તો આવો જ પ્રશ્ન આવતી કાલે પાછો ફરીને ઊભો થશે. ફરીને આપણે રણમાં રખડતા હોઈશું. રા' નવઘણજી ને મકવાણાજીને આપણા બનાવવાની વાત હું અમસ્તો લાવ્યો નથી. જે ઉદાત કલ્પના ચૌલાદેવી કરે ઝે, જે ઉદાત શૌર્યંમાં મહારાજ રાચે છે તેનો પાયો આંહીં છે !'
'ક્યાં ?'
રા' નવઘણજીના સંબંધમાં. એને આપણા બનાવી દેવામાં, મકવાણાજીને મેળવી લેવામાં. એ

આપણી પડખે હશે, આપણા જ હશે, તો હમ્મુકને રણ આપણે માટે ફળિયા જેવું બની જશે. ધૂર્જટિ પંડિતના સ્થાનનું રેતગાન તો, આપણને હંમેશાં દોરતું રહેશે મહારાજ ! શરૂઆત જ ટોચ દેખાડે છે. મહારાજને મારે એ જ કહેવાનું છે !'

'એ પણ થશે દામોદર ! ... આપણે વાત -'

પણ એટલામાં ગોગદેવ ચૌહાણ આવતો દેખાયો. તેની સાથે રા' નવઘણજી હતા. વિહિયાસ મકવાણો હતો. જયપાલ અને કુમારપાલ પણ હમણાં આવી પહોંચ્યા જણાતા હતા. દામોદરે તેમની સામે જોયું.

'જયપાલજી !'

જયપાલે બે હાથ જોડ્યા : 'પ્રભુ ! દુર્લભસેન મહારાજે બધું સાંભળ્યું. પંડિત ધૂર્જટિની વાત સાંભળી. ધિજ્જટ ધ્રુબાંગનું શું થયું એ કોઈએ કહ્યું નથી, પણ અનુમાન થાય તેવું છે. એમણે એ સાંભળ્યું ને તરત જ સર્વ ત્યાગ કરી, પોતે એકલા પગપાળા, વારાણસી તરફ ચાલી નીકળ્યા !'

'રવાના થઈ ગયા ? ત્યારે ત્યાં ?'

'અમે મહારાજને બોલાવવા માટે જ આવ્યા છીએ.'

એટલામાં મહારાજે કહ્યું : 'ગોગદેવ ચૌહાણ ! તમે જે અનુપમ દૃશ્ય ત્યાં રેતરણમાં જોયું તે અમને કહી સંભળાવો.

'અરે ! હા મહારાજ ! એમની વાત તો હજી એમણે આપણને કરી જ નથી. મારી રાણકીનું શું થયું, ગોગદેવજી ?'

ગોગદેવ ચૌહાણ ત્યાં બેઠો. આખી મંડળી એની સામે બેસી ગઈ. એક દૃષ્ટિ થઈ ગઈ. ગોગદેવ જાણે હવામાં કાંઈક જોતો હોય તેમ જોઈ રહ્યો. પછી તેણે પોતાનો કંઠ સરખો કર્યો ને બે હાથ જોડીને બોલ્યો : 'મહારાજ ! મેં ત્યાં રણમાં પંડિત ધૂર્જટિનું જે મહાકાવ્ય જોયું છે, તે જ્યારે જ્યારે મને સાંભરશે, ત્યારે ત્યારે લાગશે, કે કોઈ ને કોઈ વિરલો પ્રજામાંથી હમેશાં ઊભો થતો જ રહે છે. મહાકાવ્ય અમર છે. ત્યાંની રેતીનાં મેદાનો કોઈક રસળતી ચાંદનીમાં આ ત્રણ વિરલાઓનાં અદ્ભુત ગાન, કોઈક દી રેલાવશે. જે એ સાંભળશે, તે અમૃતકૂપનો સ્વામી થઈ જશે, સાંભળો મહારાજ !' ગોગદેવ ચૌહાણે ધૂર્જટિની વાત શરૂ કરી. વાતાવરણ પ્રેમશૌર્ય અંકિત બની ગયું. આખી મંડળી એને સાંભળવા એક્કાન થઈ ગઈ. રાત્રિ જામતી ગઈ. વાત જામતી ગઈ. તેમ તેમ સૌનાં દિલ એ રેતનાં ગાન સાંભળવા માટે જાણે આતુર થઈ ગયાં.

'પંડિત ધૂર્જટિ ત્યાં રેતરણમાં લડતાં મર્યાં. પણ રા'ની રાણકીનું ગૌરવ અખંડ રાખ્યું. એ પણ ત્યાં સાથે ઢળી પડી.' ગોગદેવે વાતનો અંત આણતાં કહ્યું.

બધાનાં માથાં પંડિતને નમતાં નીચાં ઢળ્યાં.

દૂરદૂરના રેતના અદૃશ્ય કણોમાંથી જાણે હવાની લેરખી ઉપર જીવનસમર્પણનું કોઈક અદ્ભુત મધુર ગીત આવી રહ્યું હોય તેમ સૌ રેતનું ગાન જાણે સાંભળી રહ્યા.